Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા

અર્વાચીન

ચિન્તનાત્મક ગદ્ય

: વ્યાખ્યાતા :

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

મુંબઈ યુનિવર્સિટીનું પ્રકાશન
એન. એમ. ત્રિપાઠી લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ

63ગ
૬૨

રૂા. ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

rial Foundation Che

અર્વાચીન
ચિન્તનાત્મ
ગદ્ય

. ૨. ત્રિવેદી

મુંબઈ
નિવર્સિટી
પ્રકાશન

ત્રિપાઠી

in. Gurukul Kangri

મુંબઈ યુનિવર્સિટી તરફથી અપાયેલી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા

◎

ગુજરાતી પદ્યરચનાની

ઐતિહાસિક આલોચના

દી. બ. કેશવલાલ હ. ધ્રુવ

◎

ગુજરાતી કવિતાની રચનાકળા

શ્રી. અ. ફ. ખબરદાર

ઉપરનાં પુસ્તકો હવે મળતાં નથી.

◎

ત્રિપાઠી : બુકસેલર્સ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

26.29

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

26.29

स्टाक प्रमाणीकरण १९८४-१९८५





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન
ચિન્તનાત્મક ગદ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
શ્રી ઉમર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા

અર્વાચીન
ચિન્તનાત્મક ગદ્ય

વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી

પ્રકાશક
મુંબઈ યુનિવર્સિટી
૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Printed by Nathalal M. Shah : Swadhin Mudranalaya
Ranpur (S. Ry.) & Published for the University
by S. R. Dongerkery, Registrar, University
of Bombay, Fort, Bombay 1.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

ઉપોદ્‌ઘાત ૧

દુર્ગારામ તથા નર્મદ ... ... ૩—૨૦

ભૂમિકા ... ... ૩—૮

દુર્ગારામ ... ... ૮—૧૩

પૂર્વ નર્મદ ... ... ૧૪—૨૦

નર્મદ અને નવલરામ ... ... ૨૧—૫૧

ઉત્તર નર્મદ ... ... ૨૧—૩૭

નવલરામ ... ... ૩૭—૫૧

ધર્મશોધક ચિન્તનપ્રવાહ ... ... ૫૨—૧૦૧

પ્રાર્થનાસમાજ ... ... ૫૨—૫૭

ભોળાનાથ ... ... ૫૭—૬૫

મહીપતરામ... ... ... ૬૫—૬૯

રમણભાઈ ... ... ૬૯—૮૫

નરસિંહરાવ ... ... ૮૫—૯૧

કાન્ત ... ... ૯૧—૧૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાન્તી વિચારધારા ... ... ૧૦૨—૧૪૮

સુજ્ઞ ગોકુલજી ... ... ૧૦૨—૧૦૬

મનઃસુખરામ ... ... ૧૦૬—૧૧૦

મણિલાલ ... ... ૧૧૦—૧૩૯

માસ્તર સાહેબ ... ... ૧૩૯—૧૪૫

નથુરામ શર્મા ... ... ૧૪૫—૧૪૮

આનંદશંકર ... ... ૧૪૯—૧૬૭

અર્વાચીન સાહિત્ય અને વિવેચનમાં કૌતુકરાગ [પૂર્તિ]... ૧—૩૪

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્‌ઘાત

૧૯૪૪–૪૫ નાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન આપવા મુંબઈ યુનિવર્સિટી તરફથી મને આમંત્રણ મળ્યું, તે અનુસાર મેં ૧૯૪૬ ના જાન્યુઆરીમાં આપણા ચિન્તનાત્મક ગદ્ય વિશે પાંચ વ્યાખ્યાનો આપ્યાં. આ વ્યાખ્યાનો એક પૂર્તિસહિત આ પુસ્તકમાં પ્રસિદ્ધ થાય છે. વ્યાખ્યાનો આપવા મને યુનિવર્સિટીએ નિમંત્રેા તથા તે પ્રગટ કરવામાં સહાયતા કરી તે માટે યુનિવર્સિટીનો હું બહુ આભારી છું.

"અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય" એ વિષય મેં લીધો અને મૂળ તો ધારણા રાખેલી કે ૧૮૪૪ થી ૧૯૪૪ સુધીની એટલે કે દુર્ગારામ મહેતાજીથી શ્રી. મશરૂવાળા સુધીની ગુજરાતી વિચારસામગ્રી હું અવલોકી શકીશ. પણ મારે એ વિચાર છોડી દેવો પડયો છે એ વાચક તરત જોઈ શકશે.

દુર્ગારામથી આનંદશંકર સુધીનો, કાંઈક સ્થૂળ રીતે કહીએ તો ૧૮૪૪ થી ૧૯૦૫ નો ગાળો મારે મર્યાદા તરીકે સ્વીકારવો પડયો. એમાં પણ એવું બન્યું છે કે કોઈ કોઈ વિચારપ્રવાહ ૧૯૦૫ કે ૧૯૨૦ પછી બલવાન થાય છે તેનો સ્પર્શ અહીં નહિ જણાય. દાખલા તરીકે, સ્વદેશી, સ્વરાજ અને સ્વાતંત્ર્યની હિલચાલની સમાલોચનામાં હરગોવિન્દદાસ કાંટાવાળા ને અંબાલાલ સાકરલાલના કાર્યનું અનુસંધાન કરીને આધુનિક સમયની વધુ મહત્ત્વની વિચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણા વિશે લખાય એમ માનું છું. બીજી બાજુ, આનંદશંકર જેવા લેખકનું ચિંતનકાર્ય, જે ગાંધીયુગમાં પણ ખૂબ થયું ને કેટલીક બાબતમાં અસરકારક પણ નીવડયું, તેને કાંઈક સમગ્રતાથી મેં અવલોકી લીધું છે. નર્મદ ને નવલરામ પછીના વિવેચનવિચારની મેં "પૂર્તિ"માં સમીક્ષા કરી છે. ૧૯૪૯ ની મુંબઈની પ્રાચ્યવિદ્યા પરિષદ માટે 'Romantic tendencies in Gujarati literary criticism' એ નામનો અંગ્રેજી નિબંધ મેં લખ્યો હતો તે આ વ્યાખ્યાનોને ખરેખર પૂરક લાગવાથી અનુવાદ કરીને જોડયો છે. આ અનુવાદ કરવામાં પ્રો. વ્રજરાય દેસાઈએ ખૂબ સહાયતા કરી છે, તથા નામસૂચિ અધ્યાપક કુંજવિહારી મહેતાએ તૈયાર કરી આપી છે, તેથી એ બંને મિત્રોનો હું બહુ આભારી છું.

*

ગુજરાતી વિચારણાના ઘણા પ્રવાહ ગોવર્ધનરામમાં એકત્રિત થાય છે અને નવા પ્રકારના સંગમાં અવનવાં રૂપ ધારણ કરે છે. ગાંધીજી પહેલાં કોઈ ગુજરાતી વ્યક્તિએ ગુજરાતી સમાજને પર્યેષણલસિત સાહિત્યસૌન્દર્ય દ્વારા સંસ્કારવામાં અનન્યસાધારણ અર્પણ કર્યું હોય તો તે મહર્ષિ ગોવર્ધનરામે વર્તમાનની ત્રુટિઓ, ભૂતકાળની ભવ્યતા, ભવિષ્યની ઉજ્જવલ આશા; આપણા જીવનનાં પરસ્પર સંઘર્ષક બળો; તેના નીતિ અને સંસ્કારિતાની માત્રાની વિવિધતાથી પડતા અનેક સ્તરો; કલેશ અન્યાય પાપ અને જડતા વચ્ચે ટકી રહેલું, પ્રીતિ સમભાવ મર્મગામી કલ્પના અને સર્વસ્પર્શી વિદ્વત્તા જ જોઈ શકે એવું સૌન્દર્ય : એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ દાખવવામાં ગોવર્ધનરામના જેટલી સમગ્રતા કે તલ-સ્પર્શિતા ગુજરાતના કોઈ સાહિત્યકારે બતાવ્યાં નથી. કુટુંબ અને સમાજ, પ્રીતિ અને નીતિ, રાષ્ટ્ર સ્વદેશવાત્સલ્ય ને રાજકારણ, સાધુતા ભક્તિ ને યોગ, પરમતત્ત્વમીમાંસા ને ધર્મ: જીવનનાં એ બધાં અંગો ઉપર અનેક રીતે ગોવર્ધન-રામે પ્રકાશ પાથર્યો છે અને સામાજિક વૃત્તિને સૌન્દર્ય-વિમર્શ દ્વારા ઇષ્ટ પુરુષાર્થની અભિમુખ કરી છે. તેમણે લોકની સદ્‌વૃત્તિઓનાં યોગ્ય ભાજન શોધી આપ્યાં, તથા લાગણીને સંવેદનપટુ કરી ઉચિત માર્ગે વાળી.

પ્રજાના હૃદયને સુકોમળ અને ભાવનાપરાયણ કરવાનું ભગીરથ કાર્ય ગોવર્ધનરામે કર્યું. તે કાર્યને કલાપી, ખબરદાર, ઠાકોર અને સૌથી વિશેષ કવિવર નાનાલાલે પુષ્ટિ આપી. ગુજરાતી ભૂમિની રતિ સાથે તેમણે લોકની ભારતીય દૃષ્ટિ ખીલવી. દેશસમગ્રનો વિચાર કરીએ તો જે કાર્ય બંકિમચન્દ્ર, વિવે-કાનંદ, ટાગોર, રાનડે આદિએ કર્યું તે ગુજરાતમાં આ સાક્ષરો-એ કર્યું. અને તે યજ્ઞના ગરવા ઋષિ તે ગોવર્ધનરામ.

"સરસ્વતીચન્દ્ર" પૂર્વપશ્ચિમના મિલનનું, પ્રબોધકાળની સન્ધ્યાનું 'મહાકાવ્ય' છે. તેની મહાનાયિકા હિન્દી સંસ્કૃતિ છે અને નાયક છે પંડિતબુદ્ધિ પર્યેષક યુગસત્ત્વ. એ ભવ્યોજ્જવલ દેહમાં ભારતની નાડીનો ધબકાર છે. તેની વાસના-ઓનાં મૂલ સરસ્વતીને ઓળંગતા ઋષિઓ ને અટવિ વીંધતા રામ અને અર્જુનમાં છે. એના પરાક્રમનાં પગલાં સોમનાથથી હસ્તિનાપુર ને હરિદ્વારથી કન્યાકુમારી સુધી પડેલાં છે. એની દૃષ્ટિમાં યાજ્ઞવલ્કયથી વલ્લભાચાર્યનાં કિરણો છે. હજારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓથારોમાં પણ એ ગુપ્તયુગનું સુવર્ણસ્વપ્ન ભૂલે એમ નથી. સંસ્કૃતિનું ચક્રવર્તિત્વ એનું જાગ્રત સ્વપ્ન છે. કઈ જડતા આ પુરાણ પુરુષ ઓગાળે એમ નથી? એની જ સમૃદ્ધિ જગતમાં ઢોળાઈ છે ત્યાં એને નાનમ કે દૈન્ય કશું? આવી સ્થિરવૃત્તિના શિખર પર આ 'મહાકાવ્ય' ગુજરાતી માનસને મૂકી આપે છે

વાસ્તવિક અને ભાવનામય જીવનની વ્યવસ્થા ગોવર્ધનરામની કલ્પનામાં અને તેમના ઉદ્દેશમાં કેવી છે—જે સમજ્યે જ આપણે સુવર્ણપુરનું જીવન અને સુન્દરગિરિનું જીવન તથા પહેલા ભાગની અને ચોથા ભાગની સમગ્ર કલા સમજી શકીએ—તે એમણે પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં જણાવી દીધું છે. "રસના—પ્રત્યક્ષ માયાથી અંતર્તત્ત્વ સ્વાદિષ્ટ બની માનવીના અંતરમાં વધારે પચે છે; માયાની સુન્દરતા ચિત્તની રસજ્ઞતાને અતિસૂક્ષ્મ, ઉચ્ચાભિલાષી અને વેગવાળી કરી મૂકે છે; અને તેથી નવો અવતાર ધરતા મનુષ્યના જીવનનો અને અન્ય પ્રાણીઓનો ભેદ વધારે સ્પષ્ટ થતો જાય છે. પરન્તુ માયાનો લય તત્ત્વમાં થઈ જાય છે—માયા એ માત્ર તત્ત્વની સાધક છે—માયાનો લક્ષ્ય અંત તે જ તત્ત્વનો આરંભ હોવો જોઈએ—માયાનું અંતર્ધાન થતાં તત્ત્વનો આવિર્ભાવ થવો જોઇએ." "પરવશ થતાં જ સુમાર્ગે ચાલે એવા પુરુષત્વહીન ચિત્તોને સન્મૂર્તિઓની ઉચ્ચ સુન્દરતાના મોહપાશમાં નાંખી સદ્વૃત્તના ઘેનમાં ગતિમાન્ થવાનો અવકાશ આપવો."

સંસારી પુરુષ, ભલેને ઉદાત્ત હોય છતાં, બધ્ધમુક્ત પ્રોમીથિયસ જેવો છે, પ્રકૃતિ અને પ્રારબ્ધને અધીન છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહથી ન કરવાનું કરી બેસે છે, અને આખું જીવન નષ્ટ-ભ્રષ્ટ ને ભૂલ ને મંથનની એક ઘડી જેવું કરી ગાળે છે. પ્રકાશ એને મળતો નથી પણ તેની સત્યતામાં તેને શ્રદ્ધા છે અને એને હરઘડી ઝંખે છે. આ ઝંખના, આ મંથન, આ આન્તર યુદ્ધ–એટલે કે સાચા માનવનો પુરુષાર્થ–કલા-કારને આકર્ષતો ભવ્ય પદાર્થ છે. સ્ત્રી બાહ્ય દૃષ્ટિએ કોમલ અને મનોહર છે તેટલી અન્તરમાં સુકોમલ અને રમણીય બને એમાં એની વિધાતાએ નિર્મેલી ધ્યેયસિદ્ધિ છે. સખી, પત્ની, માતા ને કુટુમ્બિની આપીઆપીને સમૃદ્ધ થાય, ત્યાગમાં જ ખરી તૃપ્તિ અનુભવે, પ્રેમનો પરાગ પ્રાપ્ત સંસારમાં ફેલાવે, અને એમ સદ્‌વૃત્તિ પરાક્રમ અને સંસિ-દ્ધિની પ્રેરણા બની રહે. કુમુદ, ગુણસુંદરી અને ચન્દ્રાવલીના જીવનની કૃતાર્થતા આવી જ છે. એનાથી વિભિન્ન કલ્પવી એ સામાજિક વસ્તુસ્થિતિની વિરોધી જ નહિ, ગોવર્ધનરામની ભાવનાના વિપર્યાસરૂપ થાય. સામાજિક સ્વસ્થતા અને રૂઢિપ્રપંચ, રાષ્ટ્રોત્થાન ને દેશી રાજ્ય, પરલોકનિષ્ઠા અને ઇહસુખવાદ, વેદાન્ત સિદ્ધાન્ત અને કર્મ ઉપાસના ને યોગની વ્યવસ્થા, એ સર્વને સમ્યક્ દૃષ્ટિએ જોવાં; અલક્ષ્ય આદર્શો-ની વ્યક્ત સંસ્થાઓ કે રૂઢિઓને જડતાથી વળગવું કે જડતાથી ઉખેડવા ઉદ્યુક્ત થવું નહિ, પરંતુ સમાધાન, આઘાત પહોંચાડ્યા વિના યોગ્ય વસ્તુનો સ્વીકાર, અને સમન્વયનો વ્યાપારનિયમ શોધી કાઢી અજમાવવો. સ્મૃતિકારોએ અને પુરાણકારોએ સ્થાપેલી, ચક્રોપચક્રથી વધુ ને વધુ જડ અને કુંઠિત થતી પ્રરક્ષક સમાજવ્યવસ્થામાં ગોવર્ધનરામ ભદ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશ જ નહીં, સદ્ અંશ પણ જુએ છે. પુરાણકારનાં પ્રતિબિમ્બરૂપ નાગલોક ઉદ્‌ઘોષ કરી મૂકે છે કે સાત્ત્વિક વૃત્તિ મનુષ્યમાં વિરલ છે, અને સમાજવ્યવસ્થાએ દૃઢ અને સ્વસ્થ રહેવું હોય તો સંસારના ગળા સુધી ભરેલી રાજસી અને તામસી વૃત્તિનો પણ હિસાબ રાખવો પડે. કેવળ સાત્ત્વિક કે કેવળ તામસી દૃષ્ટિ પરિણામની ગણનાએ અદૃષ્ટિ જ છે.[૧] સામાજિક રાફડાઓને તોડવાના ઉદ્યમી સુધારકો અને સ્વદેશ-વત્સલ સદાગ્રહીઓને ગોવર્ધનરામ અનુરોધ કરે છે: "Martyrs of Truth, Righteousness and Purity! It is resultless and needlessly dangerous to delve these hollow crumbling all-absorbing hillocks. Follow rather the lights that have created them.** Bring but the rich chemicals that will melt and not destroy these sandy piles."[૨]

ગોવર્ધનરામ આપણા રાષ્ટ્રીય પ્રશ્નોને કલાની તટસ્થ દૃષ્ટિએ નિરૂપે છે. જ્યાં ઉપદેશક કે પ્રચારક પ્રશ્નને એકાન્તિક રૂપે જુએ ત્યાં કલાકાર એને અનેક પ્રશ્નો સાથે ગૂંચવાયેલો જુએ છે; જ્યાં વિચારક તેને અટપટો લેખે છે ત્યાં જીવનના સ્વાભાવિક સંદર્ભમાં મૂકી તેને સરળ ને સુસ્પષ્ટ બનાવે છે. ભાવના નિરીક્ષણ અને તટસ્થતા વડે, જડતા અને ક્રાન્તિથી નિરાળી ઉત્ક્રાંતિ અને સંવાદિતાના

---

૧ "સરસ્વતીચંદ્ર" ભાગ ૪થો– પૃ. ૫૬૭.

૨ " " – પૃ. ૫૮૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસસમર્થિત અને સ્વભાવાનુકૂલ ઘાટ ચિત્તમાં તે રચી આપે છે. વિવર્તશીલ પદાર્થોનાં સનાતન તત્ત્વો જોઈ શકનાર અને એની શક્તિમાં શ્રદ્ધા રાખનાર વાદોના, ધર્મોના, સંસ્કૃતિઓના તુમુલ સંઘર્ષોમાં પણ નિરાશ નહિ થાય; વિરુદ્ધ વસ્તુઓના વિરોધશામક અને સમન્વય સાધક બોને પિછાણી દેશના ઉન્નત ભાવિમાં તેને આસ્થા રાખશે. વ્યક્તિ, સમાજ, ધર્મ, અને રાજ્ય આવાં બળોથી સચેતન અને વેગવંત બનશે અને રાષ્ટ્રનો નવો અવતાર થશે.

વાસ્તવની એક કક્ષાનો વિલય અને ઉચ્ચતરનો ઉદય કેવો થાય છે, વ્યક્તિ કુટુંબ અને રાજ્ય પ્રત્યક્ષ જીવનસંદર્ભમાં નવા તત્ત્વના આવિર્ભાવ સારુ કેમ સહકારી થાય છે, તેનું બુદ્ધિધનના જીવનની પરાકાષ્ઠામાં સરસ નિદર્શન છે. બુદ્ધિધન પોતાને જ ઉદ્‌બોધે છેઃ "પ્રભુ, તેં મારું અભિમાન મુકાવ્યું. માતુઃશ્રીનું અપમાન–દેવીનું અપમાન–દુષ્ટરાયને હાથે થયેલું–એ અપમાનથી સળગેલા વૈરાગ્નિથી આજ શઠરાયનું કુટુંબ ભસ્મ થઈ ગયું–તે વૈરાગ્નિના પ્રચંડ તાપ અને તેજના અહંકારમાં હું મારી રંક જાત ભૂલી ગયો હતો અને એ અગ્નિના બળને મારું પોતાનું બળ માનતો હતો. તે અગ્નિ હવે શાંત થઈ ગયો....

દુષ્ટરાય! શઠરાય! તમારા કારભારરૂપ કારણના કાર્યરૂપ બંધાયલા દેહવાળો મારો કારભાર–તમારા જેવો મારો કારભાર–કાલ પ્રાતઃકાળે પૂરો થશે; તમારા જેવો હું છું તે કાલથી મટીશ. કાલથી મારા કારભારનું કારણ એક જ રહેશે. એ કારણ ઈશ્વરની સેવા, **લોકની સેવા.** મહારાણો શુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે તેટલી તેની સેવા–આ કારણથી મારા પ્રધાનપદનો દેહ કાલથી બંધાશે; બાકી હું તો હતો તેવો રંક–તસુ પૃથ્વી સૂવા જોઇએ ને કોળિયો અન્ન ખાવા જોઇએ–તેનો અધિકારી....” [૩] શુદ્ધ બુદ્ધિનો ઉદય થતાં લોકકલ્યાણની વાસના બુદ્ધિ-ધનમાં જાગે છે અને પ્રમાદધનનો ત્યાગ કરવા તે તત્પર થાય છે. શુદ્ધ પણ માથે અપવાદવાળી કુમુદને કુટુંબનો આશ્રય અને આશ્વાસન આપવા વિદ્યાચતુર તત્પર થાય છે. વિધવા કુમુદ “સરસ્વતીચન્દ્રના આશ્રયથી જ સુખી થવા ઇચ્છતી હોય તો તેમાં વિઘ્ન નાંખવું નહીં પણ સાહાય્ય આપવું એ આપણો ધર્મ છે,” એમ વિદ્યાચતુર માને છે ને ગુણિયલને તે કાર્યમાં સાથ આપવા સૂચવે છે. વિદ્યાચતુર આવા કાર્યનાં સામાજિક પરિણામ બરાબર જાણે છે. **“આપણા લોકનું બીજી રીતે કલ્યાણ** કરવાને આપણે આ કાર્યને લીધે અશક્ત થઇશું.” [૪] એ ધર્મ બજાવતાં એ પ્રધાનપદનો ત્યાગ પરમ સંતોષથી કરશે, પોતાને અધિ-કારથી દૂર કરવા સ્વયમેવ મહારાજને વીનવશે.

ત્યાગવૃત્તિમાં દૃઢતા એ મલ્લરાજનો પણ પ્રતાપી ગુણ છે. પુત્ર નહોતો ત્યારે બુદ્ધ સામંત તરફથી ફરી લગ્ન કરવાની સૂચના થઈ તેનો ઇનકાર કરવાનું પરાક્રમ એ કરી શકે છે. સામંત પોતે રાજ્યને યોગ્ય છે એવો અભિપ્રાય ચળે નહિ ત્યાં સુધી “પુનર્લગ્ન કરી મારું ક્ષત્રિયપણું, મારું રાજ–અભિમાન અને

---

૩ “સરસ્વતીચંદ્ર” ભાગ ૩ જો—પૃ. ૮૫

૪. “સરસ્વતીચંદ્ર” ભાગ ૪ થો–પૃ. ૭૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી રાણી પરની મારી પ્રીતિ—એ સર્વને કલંક બેસે એવું કામ મલ્લરાજ દેહમાં પ્રાણ છતાં કદી કરનાર નથી."[૫] અવસાન સમયે આ પ્રજાવત્સલ રાજા પ્રજાને વિશિષ્ટ રીતે સંભારે છેઃ "આ રંક **પ્રજાના કલ્યાણનો** વિચાર કરજો—હોં. પ્રજા રંક છે—બોલતી નથી—પણ મેં એને સારુ કંઈ થયું નથી—તમે ભૂલશો નહીં—પ્રજા....મણિરાજ, અન્ન પાન અને શરીર ત્યજી પ્રજાને જાળવજો."[૬] ત્યાગ અને તપમાં જ આ સ્ત્રીપુરુષોનાં સૌંદર્ય અને સિદ્ધિ છે. સૌભાગ્યદેવી અને ધર્મલક્ષ્મીનાં સત્ત્વો એ જ વાણી ઉચ્ચારે છે. ગુણસુંદરી અને કુમુદસુંદરીનો એ જ જીવનબોલ છે. સરસ્વતીચન્દ્રમાં તો મોટામાં મોટી વાસના લોકકલ્યાણની જ છે. એની યોગ્ય રીતિ અને આયોજના શોધવા તે લગ્નનો ત્યાગ કરી ભટકે છે, અને પ્રીતિ અને લગ્ન સ્વીકારી પાછો આવે છે. પણ એના જીવનનું પરમ પ્રેરક બળ લોકકલ્યાણની સદ્‌વૃત્તિ જ છે. ચિત્તની એ બલિષ્ઠ મુદ્રા એના નિદ્રામાંના ઉદ્‌ગારોમાં પૂરી પ્રકાશે છેઃ "ઓ મારા આર્ય દેશ, તારી ભયંકર અનાથતા જોઈ હું કંપું છું. હું શું કરું ? કુમુદસુન્દરી, તમારો ત્યાગ મેં ન કર્યો હત તો તમારા અદ્વૈત સહચારમાં રહી દેશની આ સ્થિતિ સુધારવા હું મથત. કુમારો પુરુષ આ દેશમાં સ્ત્રીઓમાંથી બહિષ્કાર પામે છે, અને સ્ત્રીવર્ગનું કલ્યાણ તમારા જેવી સ્ત્રીના સાધન વિના અશક્ય

---

૫. "સરસ્વતીચંદ્ર" ભાગ ૩ જો-પૃ. ૧૯૯

૬ "સરસ્વતીચન્દ્ર" ભાગ ૩ જો—પૃ. ૩૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે–પણ હવે કામવનનાં વાઘવરુ તમારા સહચારના માર્ગ વચ્ચે ઊભાં રહે છે ને મને કંપાવે છે.”[૭]

સરસ્વતીચન્દ્ર સમજ્યો હતો કે સુન્દરગિરિના સાધુઓ પણ સંસારનો ત્યાગ કરતા છતાં લોકકલ્યાણમાં પ્રવૃત્ત હતા. કોઈ ને કોઈ રીતે લોકની સેવા કરનાર યોગીઓ જીવનની અને જગતની ઉપેક્ષા કરે છે એમ કેમ કહેવાય ? કવિતા અને દર્શનથી જેઓ જગતને ભીંજવે છે, તેનો નાશ કરતા નથી પણ સાચી રીતે જીવન્ત અને ગતિમય કરે છે, તેઓ મિથ્યા જીવન ગાળે છે એમ કેમ કહેવાય ?[૮] બાપે દીધા ઘરમાં કે કુટુંબ પુરાઈ રહે તે જ જીવનધર્મી ગણવામાં મોટો દોષ છે. આ જ સાધુઓ પાસેથી કલ્યાણયજ્ઞની વિધિ સરસ્વતીચન્દ્રને મળી રહે છે. તેઓ સંસારમાં રક્ત નથી, સંસારથી વિરકત નથી, અરકત છે. જગતનો નાશ કરી લક્ષ્યનાશ તેઓ કરતા નથી, પણ વ્યવહારમાં પણ મહાન કાર્ય સાધવામાં કેટલોક ઉચ્છેદ આવશ્યક થાય છે તેમ અલખ જગાવવા તેઓ કરે છે. દરેક લક્ષ્યરૂપમાં—જીવ આદિ, રૂઢિ આદિ, ધર્મ આદિ, સંસ્થા આદિમાં—અલક્ષ્ય અનુસ્યૂત ભાવના, આત્મા પ્રગટાવવો તેનું નામ અલખ જગાવવો છે. જીવ ઈશ્વરનું ઐકય ભક્તિથી, ગાર્હસ્થ્ય ધર્મ રાજધર્મ સૈનુધર્મ આદિ જન્માદિથી પ્રાપ્ત ધર્મનું પાલન કરીને, જ્ઞાનથી ને સમાધિયોગથી સાધી શકાય છે.

---

૭ “સરસ્વતીચન્દ્ર” ભાગ ૪ થો—પૃ. ૫૪૧

૮ “સરસ્વતીચન્દ્ર” ભાગ ૩ જો—પૃ. ૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવઈશ્વરના ઐક્ય વિના અલક્ષ્ય બ્રહ્મસ્વરૂપ પામવાની કલ્પના મિથ્યા છે. "જીવઅંગ ઈશઅંગરૂપ સ્વયોનિમાં પ્રાપ્ત થઈ તે દ્વારા જ અલક્ષ્ય પરાવરરૂપ પરમ યોનિમાં પ્રાપ્ત થાય છે. પરમ લક્ષ્યાત્મા ઈશને પ્રાપ્ત કરવાનો આ એક જ માર્ગ છે–તે માર્ગ નિષ્કામ મહાયજ્ઞવિધિ વિના અન્ય સમજશો નહીં. તમને મુદ્રિત આશય પામવાની દીક્ષા છે તે લોકમુદ્રિત આશયની નહીં પણ ઈશમુદ્રિત આશયની સમજજો. લોક અજ્ઞાની છે તેમના મોદ કે અનુમોદ સાથે સાધુજનોને સંબંધ નથી, પણ તેમના કલ્યાણ સાથે ઉત્તમાધિકારીઓ સંધાય છે."[૯] વિષ્ણુદાસ દ્વારા ગોવર્ધનરામ જ સરસ્વતીચન્દ્રને સંસારમાં પાછો વળાવતાં તેને તેમ જ નવા યુગના વિધાયકો અને મહાવીરોને નીતિસંદેશ આપી જાય છે: "સંસારના કોલાહલથી ભડકશો મા, પામર અજ્ઞ જીવોની કરેલી સ્તુતિથી કે નિન્દાથી ઠગાશો મા, એકદેશીય એકકાલીન અનુભવ અને વિદ્યાથી તેમ એકમાર્ગી બુદ્ધિથી જ સંભૃત થયલા જીવોના–પવન જેવા–ઝપાટાથી તણાશો મા, સર્વ વસ્તુનો યોગ્ય આદર કરનારી સર્વાસ્તિકતા વિનાની શ્રદ્ધાથી બંધાશો મા . . સર્વથા અધ્યાત્મ બળમાં અચળ રહી, તમારા મહાયજ્ઞના વિધિમાં અખંડ સજ્જતાથી પ્રવૃત્ત રહી, એ યજ્ઞના અતિથિમાત્રનું કલ્યાણ સાધ્ય કરી, એ યજ્ઞમાં તમારા આયુષ્યના સર્વ અંશને હોમી દેજો!"[૧૦]

---

૯ "સરસ્વતીચન્દ્ર" ભાગ ૪થો–પૃ. ૮૦૨

૧૦ " " –પૃ. ૮૦૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દીક્ષામાં દુર્ગારામથી મણિલાલ સુધીના સર્વ જીવન-વિધાયક પ્રવાહ એકત્રિત થતા જણાય છે—બુદ્ધિએ પૃથક્કૃત વિચારરૂપે નહીં પણ સૌન્દર્યસર્જનરૂપે, કલ્પનાએ રચેલા નવજીવનરૂપે; એટલું જ નહીં, એમાં ઋષિની કલ્પનામાં શક્ય હોય તેટલી નવા યુગની દીપ્તિમય આગાહી છે.

આ બિન્દુથી શરૂ કરી શ્રી. મશરૂવાળા સુધીનો ચિન્તન-પ્રવાહ અને ગદ્યપ્રવાહ અવલોકવાનું કામ કઠિન પણ રસમય છે. નાનાલાલ, ઠાકોર, ઉત્તમલાલ ત્રિવેદી, મુનશી, કાલેલકર, સુખલાલજી, પાઠક, મશરૂવાળા, ચન્દ્રશંકર પંડ્યા, અતિ-સુખશંકર, મોહનલાલ દવે, ફરકાળ, વાડીલાલ, ગટુલાલ, અંબાલાલ પુરાણી આદિ અનેકનું વિવિધ મૂલ્યવત્તાવાળું અર્પણ તથા ગાંધીજીની યુગસર્જક વિચારવર્ષા અવલોકવાની નમ્ર મનીષા સેવું છું.

એમ. ટી. બી. કૉલેજ, સૂરત — **વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી**

મહાશિવરાત્રિ ૨૦૦૬...તા. ૧૫-૨-૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન પહેલું

દુર્ગારામ તથા નર્મદ

ભૂમિકા

૧૮૬૦ પહેલાંનું અંગ્રેજી માનસ હિન્દનાં દોષો તરફ દયાની નજરે જોતું. અંગ્રેજી ને દેશી ભાષા દ્વારા હિન્દનો ઉધ્ધાર કરવા, તે દ્વારા હિન્દીઓને ત્વરાથી ખ્રિસ્તી બનાવવાની તેની પ્રમાણિક અભિલાષા હતી. અમલદાર અને પાદરીઓમાંના કેટલાક અતિ ઉત્સાહી અને ધર્માંધ હતા, અને આશા સેવતા હતા કે અંગ્રેજી કેળવણીથી આપોઆપ બધા હિન્દીઓ ખ્રિસ્તી થઈ જશે. તે આશા ફળી નહીં. ઊલટું દેવેન્દ્રનાથ ટાગોરે હિન્દુ ધર્મની જ સુધારક પ્રવૃત્તિ આદરી ને પરિણામે ખ્રિસ્તી વલણવાળો બ્રહ્મસમાજ જુદો પડી ગયો. છતાં આ સમયમાં આખા દેશમાં તેમ આપણા પ્રાંતમાં કોઈ કોઈ ઉદાર, ન્યાયી, અને દેશના ખરા હિતચિન્તકો અંગ્રેજોમાંથી મળ્યા. ફોર્બ્સ તેમાંનો એક નીવડ્યો.

એ સૂચક ચિહ્ન છે કે બળવા પછી ફોર્બ્સ જેવો કોઈ અંગ્રેજ ગુજરાતને મળ્યો નથી. ત્યાર પછી અંગ્રેજોનું વલણ દયા કે નિર્ભર્ત્સનાનું મટી ઉદાસીનતા, તાટસ્થ્ય કે દ્વેષનું બન્યું. હિન્દની આધુનિક નાડ સમજવા માટે ઓગણીસમી સદીના છેલ્લા દસકાઓની અંગ્રેજ અધિકારીની મનોવૃત્તિઓ સમજવી આવશ્યક છે. અને એ મનોવૃત્તિઓએ વેરભાવે હિન્દીઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશાભિમાન અને સ્વજાતિઅભિમાન પોષ્યાં છે. સમાજના ઘડતરને અસર કરતા નીચેના પ્રવાહો વિલોકી શકાય.

૧. ખ્રિસ્તી ધર્મ અને મિશનરીઓની આક્રમક પ્રવૃત્તિઓ.

૨. બ્રિટિશ અધિકારીઓનો હિન્દી સંસ્કૃતિ અને હિન્દીઓ પ્રતિ દ્વેષ અને તિરસ્કાર.

૩. આને પરિણામે જે પ્રાન્ત કૂંળો હતો તેણે પણ દેવેન્દ્રનાથના નેતૃત્વથી પ્રતિકાર શરૂ કર્યો. કેશવચન્દ્ર સેને નવી સમાજરચના સ્થાપી પણ તે નિષ્ફળ નીવડી. કેશવ-ચન્દ્રની નિષ્ફળતાએ બે વસ્તુ સાબિત કરી કે કેળવાયેલા હિન્દી સમૂહમાં ખ્રિસ્તી થવાનો સંભવ નથી. અને બીજું, સર્વસંગ્રહની કૃત્રિમ રીતથી નવો પંથ કે ધર્મ સ્થાપી શકાશે નહીં. થિયૉસૉફી, બહાઈ વગેરે પંથોના પ્રચારકોએ આ વાત સમજી લેવા જેવી છે. ખ્રિસ્તી ધર્મ અને યુરોપી સંસ્કૃતિનો પગપેસારો ઓછો થયો તેનું એક ત્રીજું પણ ઘણું જ મહત્ત્વનું કારણ છે. ખ્રિસ્તી થયા પછી હિન્દી ખ્રિસ્તીઓએ અંગ્રેજો સાથે સમાન દરજ્જો ભોગવ્યો નથી. રણજિતસિંહના પુત્ર દિલીપસિંહની આપવીતી, અને હિન્દના કેટલાક ખ્રિસ્તી કવિઓ અને કવયિત્રીઓની કારકિર્દી આ વિષયમાં અતીવ દ્યોતક છે. સામાજિક સંબંધો કેળવવામાં બ્રિટિશ પ્રજાનું જ્ઞાતિના જેવું જડપણું હિન્દને બહુ ઉપકારક નીવડ્યું છે.

૪. બંગાળ કરતાં પશ્ચિમ અને ઉત્તર ભારત ઓછાં સુ-કુમાર નીવડ્યાં. મહારાષ્ટ્રીઓ પાસે તો જીવંત સંસ્કૃતિની જેમ રાજકાજની પણ જીવંત પ્રણાલિકા હતી. તેમના ભક્તિમાર્ગમાં ઊર્મિશીલતા ઓછી, અને કઠોર, સત્યારૂઢ વિચારણા વધારે હતી. દલીલબાજીમાં કોઇથી તે ઊતરે એમ નહોતા. સંસ્કૃત પાંડિત્ય તેમનું હતું જ, એટલે હિન્દી ધર્મસંસ્કૃતિની ખોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજૂઆત તેમને મૂંઝવે એમ નહોતું. ગુજરાતમાં પુષ્ટિમાર્ગે ત્રણ સૈકાથી સારી સફળતા મેળવી હતી; અને એના દોષોનું થોડું ઘણું નિવારણ કરનાર સ્વામીનારાયણ સંપ્રદાય, ભક્તિ ઉપર, નીતિ ઉપર, નિયમ ઉપર વિશેષ ભાર મૂકનાર, પ્રગટ થયો હતો. ઓગણીસમી સદીમાં તેનું બળ સૂરત, ખેડા, અમદાવાદ ને કાઠિયાવાડમાં સારું હતું. જ્ઞાતિબંધારણ ગુજરાત જેટલું કયાંયે પ્રબળ નહોતું. આમ સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ ગુજરાત પ્રમાણમાં સુરક્ષિત હતું, અને તેને મહારાષ્ટ્રનાં પાંડિત્ય અને બુદ્ધિનો લાભ પણ મળ્યો.

ઘણા ગુજરાતીઓની વેપારી બુદ્ધિને ભાંડવામાં આનંદ લૂંટે છે. છેક આજ સુધી એ બુદ્ધિએ બળ જમાવ્યું છે, અને ખુદ ગાંધીજીનો ઉપયોગ કરી લેવાનું એ ચૂકી નથી એમ પણ કહેવાય છે. ગુજરાતની બુદ્ધિ વ્યવહારકુશળ કે વેપારી અમુક રીતે છે ખરી. મુંબઈની મિલો કરતાં અમદાવાદની મિલો વધારે કમાય છે એટલું જ શું કામ કહીએ? અનેક ધંધા જેમાં ગુજરાતી બુદ્ધિ ફરી વળી છે તે સફળ થયા છે; વિરોધ, સ્પર્ધા વગેરે છતાં નિષ્ફળ નથી થતા. એ ગુણો નાનાસૂના નથી. પણ એ ગુણ કંઈ જડતાનું બીજું નામ નથી. એની પાછળ કે સાથે બંગાળા જેવી લાગણીઓનું જીવન જીવવાની બલવાન વૃત્તિ છે. ગુજરાતનું કૌટુમ્બિક જીવન પ્રેમથી રસાયેલું છે. વાવકૂવા, મઠમંદિર–મસીદો, શાળા કૉલેજ, ગુરુકુલો, આશ્રમો, ગોશાળાઓ, સદાવ્રતો, જંગી રાહતફંડો, આ બધાં માત્ર કીર્તિની લાલસાથી ઊભાં થયાં નથી. તેની પાછળ મૈત્રીની, દયાની, ભક્તિની ભીની અને પ્રબળ વૃત્તિઓ છે. મહાપુરુષને, ખાસ કરીને પરપ્રાન્તી મહાપુરુષને ગુજરાત આદરથી ઓછો ઓછો કરી દે છે. વલ્લભાચાર્યને, સહજાનંદને તેમ ટાગોર, ટીળક, ઍસંટ, લજપતરાય વગેરેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે આદરથી નવાજ્યાં છે. શ્રી અરવિન્દના અનુયાયીઓમાં ગુજરાતીઓની સંખ્યા મોટી છે. અને આજે પણ ગુજરાતની સાહિત્યસૃષ્ટિમાં સૌથી મહત્ત્વનું અંગ કવિતા છે. એ હિંદના કોઈપણ પ્રાન્તની કવિતા સાથે બેસી શકે તેમ છે. ગુજરાત માત્ર વહેવારુ નથી, જડ નથી. તેનું હૃદય ધબકતું છે. તેની રસવૃત્તિ કદાચિત્ વિપથગામી થઈ હશે પણ તે પ્રાસંગિક ઘટના ગણાય; સદાકાળની સ્વભાવની જડ ગણી શકાય નહીં.

અંગ્રેજી અમલ શરૂ થઈ તેની સંસ્કૃતિનો યોગ થયો ત્યારે તળ ગુજરાત પૈસેટકે સુખી* પણ બીજાઓની રાજકીય ધક્કામુક્કીમાં લાતો ખાતું હતું. ચોરીલૂંટ ચોરલૂંટારા કરે અને રાજરજવાડાં કરાવે. પણ ગામેગામ સ્વરક્ષણનું ખમીર હતું. જ્ઞાતિબંધારણ દૃઢ, પણ સવર્ણોમાં તેમ હિન્દુમુસલમાનમાં પરસ્પરના ભોજનલગ્ન સિવાયના વ્યવહારને બાધક નહોતું. વેપારી પ્રજાના દેશમાં ધનાઢય જ કે સત્તારૂઢ જ સૌથી મોટો, એટલે ધનાઢય ગુરુઓ જ પોતાનું વર્ચસ્વ જાળવી શકતા. પંડિત,

*મહીપતરામે સ્વીકાર્યું નથી પણ દાદોબા અને દુર્ગારામે છેક ૧૮૪૪ માં સ્વીકાર્યું છે કે અંગ્રેજી અમલથી પૈસેટકે દેશની ખરાબી થઈ છે. મહેતાજીએ તો જણાવેલું કે "કેટલાએક કામમાં અંગ્રેજીનું રાજ્ય સારું છે, પણ એ રાજ પરદેશનો છે, માટે એને જેટલી પ્રીતિ પોતાના દેશના લોકો ઉપર છે તેટલી આ દેશના લોકો ઉપર નથી માટે ઈહાંની પ્રજા દુઃખી છે." આગળ ચાલતાં જણાવે છે કે "એ જે થયું છે તે હિંદુ લોકોના નિર્બળપણાથી તથા વિદ્યારહિતપણાથી થયું છે.... માટે હવે તો એ જ ઉપાય છે કે વિદ્યાકલામાં જાણીતા થવું. નીતિમાન થઈને સરકાર પાસે પોતાનો ખરો હક માગવો."

[દુર્ગારામચરિત્ર પૃ. ૧૦૬-૧૦૭-૧૦૮]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડયો, પુરાણી, માણભટ્ટ, જોષી વગેરેની પૂજ્ય વ્યકિતઓ પૂરતી મર્યાદિત હતી. આખો બ્રાહ્મણસમાજ બ્રાહ્મણસમાજ તરીકે વર્ચસ્વ ભોગવતો ન હતો. તળ ગુજરાતમાં વેપારી વૃત્તિ અને કાઠિયાવાડમાં ક્ષાત્રવૃત્તિ કોઈ એક વર્ગનું વર્ચસ્વ જામતું અટકાવી શકતી. અસ્પૃશ્યો તરફ વૈષ્ણવની દૃષ્ટિ પ્રમાણમાં કૂંણી હતી અને સહજાનંદે વિશેષ કૂંણી કરી.

મહારાષ્ટ્ર બલકે આખા દક્ષિણ ભારતની સામાજિક પરિસ્થિતિથી ગુજરાતની, કેટલીક મહત્ત્વની બાબતમાં, નિરાળી હતી. એ પરિસ્થિતિમાં કવિતાને પણ સ્થાન હતું. ગુર્જર રસભૂમિ સારી કવિતાથી ભીની હતી. ખરેખર લોકજિહ્વાએ અને લોકહૃદયમાં તેનું સ્થાન હતું. પ્રેમાનંદનાં આખ્યાનો, દયારામની ભકિત અને 'પ્રણય'ની ગરબીઓ, વેદાન્તી સંતોનાં વ્યવહારજીવનમાંથી વાળી લેવા પ્રયત્ન કરતાં ઉત્સાહી ભજનો, શાન્ત રસનાં સ્વામીનારાયણી ગીતો, વલ્લભ મેવાડાના ગરબા, લોકજીવનમાં રસ પૂરતાં, ધર્મમાર્ગે દોરતાં, અને દુઃખ વિસારે પાડવામાં મદદ કરતાં. વ્રતસંસ્કારને પ્રસંગે, ઓરડે, ચોકમાં, ચકલે, મંદિરે, અપાસરે, ઉપવને, જળાશયે, યાત્રાના ધામે લોકગીત, ગરબી, ગરબા, ભજન, ટૂચકા, વાર્તા વગેરેનું નિશ્ચિત સ્થાન હતું. નવી સંસ્કૃતિનો યોગ કોરી ભૂમિ ઉપર નહોતો થયો. મહાલયો બાંધતા અને તેમાં વસતા, મંદિરો બાંધતા બંધાવતા, કારીગરી ઉપજાવતા, ખરીદતા, ખપાવતા સમાજ ઉપર, સાહિત્યની દૃષ્ટિએ વૈષ્ણવ, વેદાન્તી, ને શાકત ધર્મવાર્તા અને લલિત વાર્તા, રામલીલા અને કૃષ્ણલીલાના જીવનભરત ઉપર આ નવી સંસ્કૃતિનો યોગ, પ્રતિભાવ, સંઘર્ષ થવાનો હતો.

તેની નબળી બાજુ પણ હતી અને વિધર્મી સત્તારૂઢ પરદેશીઓ તેનો દેશ બહાર ઉપયોગ કરનાર હતા. પાશ્ચાત્ય સંસ્કા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથી અંજાઈ એ નબળી બાજુથી કલેશ પામનાર વર્ગ, તથા તેને સુધારવા મથન કરનાર વર્ગ ભણેલાઓમાંથી ઊભો થયો. અજ્ઞાન, કુરૂઢિ, વહેમ, ધંતરમંતર, જાદુ, પાખંડ, ધર્મને નામે અનાચાર, રૂઢિને નામે અત્યાચાર, વિધવા ને બાલક પ્રત્યે અનાચાર વગેરેનો સમાજ દાસ જ હતો.

'રૂઢિ ધરમ ને રાજતણા સહુ છૈયે જ નીચા દાસ
વેઠવાં બંધનદુઃખ ત્યાં લગી, ઊંચા સુખથી રહેવું નિરાશ.'

(નર્મદ–'દેશદાઝ')

દુર્ગારામ

આગળ જોયું તેમ, શિક્ષિત નેતાઓ પશ્ચિમની સંસ્કૃતિના યોગમાં એ બળથી પ્રેરાતા હતા. સ્વમાન, અને જાતને સુધારી નીતિરીતિમાં આપણા કરતાં કેટલી બાબતમાં વધુ સુઘડ અંગ્રેજોની બરોબરી કરવાની મહત્ત્વાકાંક્ષા. ખ્રિસ્તી ધર્મની અસરથી આપણા ધર્માચારના દોષો ઊડીને આંખે વળગે એવા થયા, પણ રામમોહનરાય કે રાનડેને ખ્રિસ્તી ધર્મ અપનાવવાની મુદ્દલે ઇચ્છા નહોતી. એ ધર્મસુધારકો હતા, ધર્માન્તર કરનારા નહોતા. એ જ વિચારપ્રવાહને ગુજરાતમાં વાળનાર દુર્ગારામે આ ભણેલાઓ ઉપર, સુધારકો ઉપર, વારંવાર થતા આક્ષેપનો પરિહાર કર્યો હતો.

'તમે એમ ન સમજશો કે કોઈ બીજા અભિમાની ધરમમાં જવું એ મારું મત છે.'

('દુર્ગારામ ચરિત્ર'માંની નિત્યનોંધ તા. ૬–૨–૧૮૪૩)

તા. ૨૯ જૂન ૧૮૪૪ની નિત્યનોંધમાં દુર્ગારામ લખે છે: 'આ મંડળીનો વિચાર સાંભળીને તે પ્રમાણે સર્વ ધર્મના સાક્ષી થઈને વર્તો. માણસ માત્ર ઉપર પ્રીતિ રાખો. એ સમયે એક બીજું બન્યું. તે એ કે કેટલાએક અજ્ઞાની હિંદુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને એવો સંદેહ હતો કે એ મંડળીવાળા લોકોનો અંગ્રેજનો ધર્મ વધારવાનો વિચાર છે, પણ તે વાદ સાંભળીને ત્યાંહાંના બેસનાર લોકોને નિશ્ચય થયો કે એ લોકનો વિચાર કંઈ કોઈને ખ્રિસ્તી કરવાનો નથી, પણ લોકોને બંધનમાંથી છોડાવવાનો માત્ર છે.'

સ્પષ્ટ છે કે દુર્ગારામનો ધર્મ માનવધર્મ હતો. એમનો ઉપદેશ હતોઃ માણસ માત્ર ઉપર પ્રીતિ રાખો; સર્વ ધર્મના સાક્ષી થઈને વર્તો. આનાં ફલિતકો સ્પષ્ટ હતાં. અને દુર્ગારામે તે બધાં, આચારમાં નહિ તો અભિપ્રાયમાં, મતપ્રદર્શનમાં સ્વીકાર્યાં છે. 'આ જગતમાં માણસ કોઈ ભંગિયો નથી, કર્મબળે ભંગિયો કહેવાય છે. * * જ્યારે તે કર્મથી રહીને સ્વચ્છ થઈ આપણી પાસે આવે તો આપણે અડકવાની કંઈ જ ચિંતા રાખવી નહીં.' આ માનવધર્મના સિદ્ધાન્તને અન્વયે તેણે જ્ઞાતિભેદનો વિરોધ ને વિધવાવિવાહનો આદર કર્યો છે. પણ શુષ્ક ધર્મની દૃષ્ટિએ મૂર્તિપૂજનો વિરોધ એ એક જ અંગ અગત્યનું છે. પરંતુ એ પણ નગ્નાત્મક જ અંગ કહેવાય. 'જેની ઇચ્છાથી આ જગત થયું છે એવા ભગવાનને ઠેકાણે મૂર્તિ કરીને પાલણે ઝુલાવે છે, તથા ઘૂઘરો, જાંબુડી તથા ટાચકાની રમત કરી ભગવાનને રમાડે છે, તે જોઈને મને હસવું આવે છે કે આ માણસ ભગવાનની શક્તિથી કેવાં અજાણ્યાં છે, કે બ્રહ્માંડને રમાડનાર ભગવાનને પોતે મોટું માણસ થઇ તથા ભગવાનને નાદાન છોકરાના જેવા જાણીને રમકડે રમાડે છે! માટે તમારે એવી બુધ્ધિ રાખવી નહીં. એ તો નાદાન બુધ્ધિનાં માણસોનાં કામ છે, પણ જો તમારે ભક્તિ કરવી હોય તો એમ કરજો કે હું ભગવાનને શરણ છીં. ભગવાન ઘણા સમર્થ છે. વિશ્વમાં વ્યાપક છે. તેનું કંઇક તેજ સત્પુરુષમાં છે. માટે સત્પુરુષની વાતો સાંભળજો ને ભગવાનની એકાંતિક ભક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરજો. ને કોઈના ઉપર વર્ણાશ્રમનો અભિમાન ધરી દ્વેષબુધ્ધિ રાખશો નહીં. પ્રાણી માત્ર ઉપર પ્રીતિ રાખવી એ જ ભગવાનની મુખ્ય ભક્તિ છે.'

દુર્ગારામનો ધર્મ મુખ્યત્વે નાસ્તિપક્ષે રાચે છે. અસ્તિપક્ષે તેને મતે બધા માણસ ભાઈ છે, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો જોઈએ. 'કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ છ શત્રુને જીતવા. પરમાત્માનું જ્ઞાન પામવું એનું જ નામ ધર્મ.' પરમેશ્વર વિશ્વાત્મા છે, વિશ્વવ્યાપી છે, ને પોતે પોતાના જ જેવો છે.* પરમેશ્વરને આકાર તો છે પણ સૃષ્ટિમાંના કોઈ પણ પદાર્થના જેવો તેનો આકાર નથી માટે નિરાકાર કહેવામાં આવે છે. વળી ભક્તિ એ સહજ સ્ફુરણા છે. હૈયામાં ઘણો હર્ષ થાય છે તે હર્ષોદ્‌ગાર જે મોઢામાંથી નીકળે છે તેનું જ નામ ભક્તિ.' રાત્રિદિવસ ભગવાનનાં પ્રત્યક્ષ કૃત્યો છે તેનું ચિન્તન કરવું એ જ ઉત્તમ ભક્તિ છે, એ જ ખરી પ્રેમલક્ષણા ભક્તિ છે. બીજી કોઇ ભક્તિમાં સાચો રસ નથી.

દુર્ગારામના સ્વતંત્ર ઉદ્‌ઘોષથી તેને ગુજરાતનો લ્યૂથર ગ્રીને કહ્યો હતો. પણ મહીપતરામ કહે છે, વિધવાને પરણ્યો હોત કે ભઠિયારાની દુકાનેથી રોટલી

---

* અહીં નોંધવું ઘટે કે દુર્ગારામનો આત્માપરમાત્મા વિશે મત શાંકર વેદાન્તને મળતો હતો. "અનાત્મા જે દેહાદિક, આત્મા જે જીવ અને પરમાત્મા જે બ્રહ્મ, એનો વિચાર સમજે છે, જ્યાંહાં સુધી પોતે જીવપણામાં છે ત્યાંહાં સુધી પ્રેમે કરીને પરમાત્માની ભક્તિ કરે છે, તે અંતે બ્રહ્મનિષ્ઠ થઈને પરમાત્માના સ્વરૂપને પામે છે." જીવ અને પરમાત્માની અત્યન્ત એકતા દુર્ગારામની કલ્પનામાં છે. આ વિચાર ભોળાનાથ ને નંદશંકરને પસંદ નથી આવ્યો તે તેમની નોંધ ઉપરથી સમજાય છે.

(દુર્ગારામ ચરિત્ર–પૃ. ૮૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગાવી આપી હોત તો એવા બિરુદને પાત્ર તે ગણાત. રામમોહનરાય જેવી કરી બતાવવાની હિંમત દુર્ગારામમાં નહોતી; અથવા ગુજરાતી વ્યવહારુ બુદ્ધિ, ગુજરાતી સ્વરક્ષણચિંતાનું ઊજળું રૂપ તેણે દાખવ્યું. 'આમુખા હઠ કરીને ભંગિયાને અડવું જ, એમ કરશો મા.' જ્ઞાતિબંધન તોડવામાં પણ જથ્થો થયા વિના ઉતાવળ કરવી નહિ. આ શાણપણને હું દોષ નથી ગણતો. એ શાણપણ ન હોત તોપણ વિદ્વત્તાના ભારે ફેરને લીધે રામમોહનરાયની કક્ષામાં એ આવત નહિ. વળી લ્યૂથરની સરખામણીમાં ભૂલી જવાય છે કે પ્રોટેસ્ટેન્ટિઝમનો શંખધ્વનિ કરનારે એક હાથમાં બાઈબલ રાખ્યું હતું અને બાઇબલનો અર્થ કરી તે અનુસાર વર્તવાનો હક્ક સ્વીકારાવવા તેની હાકલ હતી. દુર્ગારામની સર્વધર્મના સાક્ષી બનવાની હાકલ હતી. એમાં પરંપરાનો બૌદ્ધિક સ્વીકાર લેશ પણ નહતો. પરંપરા સાવ તોડી વા જેમણે સર્વધર્મનો સંગ્રહ કરવાનો આગ્રહ સેવ્યો તે સુધારકો ઊંડી અને વ્યાપક અસર કરી શકયા નથી. બ્રહ્મસમાજનો આખો ઇતિહાસ આ વસ્તુ સાબિત કરે છે. દુર્ગારામે શરૂઆતમાં શાસ્ત્રસ્વીકાર, પરંપરા-સ્વીકાર ઉપર જ શુદ્ધ અને હિતકર બુદ્ધિ વડે સુધારાનું ચણતર કરવાનો માર્ગ લીધો હતો અને તેટલા પૂરતી તેને સફળતા મળી. એ પદ્ધતિએ ધર્મસુધારો ભોળાનાથની પ્રાર્થનાસમાજ કરશે તે આપણે જોઇશું.

સ્વતંત્ર ચિન્તન, કોઈ ગુરુ કે શાસ્ત્રના શબ્દને પ્રમાણ માન્યા વગરનું ચિન્તન સર્વપ્રથમ દુર્ગારામની નોંધોમાં મળે છે. ચિન્તનલક્ષી ગદ્યના એવા પ્રથમ પ્રયાસમાં શૈલીની રમણીયતા, પરિચ્છેદોની વ્યવસ્થા, પદાવલિની શિષ્ટતા આદિની અપેક્ષા રાખવી વ્યર્થ છે. પરંતુ અણઘડ શબ્દોમાં અણઘડ જનતા આગળ મૂકેલી બહુશ્રુત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહી સુધારકની યુક્તિઓ, દલીલો આમાં દેખાય છે. પોતાના આવેગ અને વાદને વ્યક્ત કરવા દુર્ગારામ ગદ્ય માટે અણખેડાયેલી ભાષાને કેળવતો જાય છે અને પોતાના વાહનને અપજોગું બનાવી શકે છે.

ઈશ્વરના સર્જનનું ચિંતવન કરતાં આ સુધારકઅગ-સ્ત્યની વાણી આકર્ષક બને છે. * પણ સામાન્ય રીત અનાકર્ષક છતાં વાદ, સમજાવટ, અર્થપ્રતિપાદન આદિ માટે યોગ્ય ગદ્યની શરૂઆત દુર્ગારામ કરે છે. તેમાં ઉત્સાહને છે પણ ઉશ્કેરાટને સ્થાન નથી; તેમાં બુદ્ધિને નડતાં બંધનો તોડવાનો વ્યવસાય છે એટલે શબ્દ પ્રમાણનો તેમાં આશ્રય નથી. બુધ્ધિજન્ય વિવેક એ જ તેને મોટામાં મોટું પ્રમાણ છે. "વિવેકી

---

*"તમે વિચાર કરી જુઓ કે આ સૂર્ય કેવો અદ્‌ભુત પદાર્થ છે, એમાં ભગવાને કેટલી શક્તિ મૂકેલી છે, કે જેણે કરીને આ જગતને જીવન પ્રાપ્ત થયેલું છે. જુઓ, સૂર્યવડે તડકો પડે છે તેથી પ્રકાશ તથા ઉષ્ણતા પ્રાપ્ત થાય છે, ઉષ્ણતાથી ચેતના તથા આરોગ્યતા રહે છે, અન્ન રંધાય છે, પાણી પાતળું રહે છે, વાયુ વાય છે, તથા શ્વાસોશ્વાસ કરવા જેવો હલકો તથા પાતળો જોઈએ તેવો રહે છે. વરસાદ વરસે છે, ઝાડો ઊગે છે, ઇત્યાદિ બીજી જે જે સર્વ રચના છે તેનું મૂળ ઉષ્ણતા છે. પ્રકાશથી આખું જગત પ્રકાશિત થઈ રહ્યું છે, જાતજાતની રંગની રચના બની રહી છે, સર્વને આંખે સૂઝે છે, તેથી અનેક પ્રકારનો વ્યવહાર ચાલે છે. વળી સૂર્યમાળા કેટલાએક ગ્રહ તથા ઉપગ્રહ વડે કેવી તરેહની રચના શોભી રહી છે! ચંદ્ર જે આપણી પૃથ્વીનો ઉપગ્રહ તે રાત્રિયે કેવો શોભા આપે છે તેમ કેટલાએક સ્થિર તારાઓ છે તે પણ રાત્રિયે ઘણા જ સારા દેખાય છે. લગનની વખતે જેવો માંડવો દીવાથી શોભે છે, તેમ જ આ સૃષ્ટિરૂપ માંડવો તારાઓથી શોભા આપે છે." (દુર્ગારામ ચરિત્ર–પૃ. ૭૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ વિચાર કરે છે તેથી પાપ તે શું પુણ્ય તે શું તેના ભેદને સમજે છે...વિચારમાં જે ઘટતું હોય તે જ કરે છે...અનાત્મા જે દેહાદિક, આત્મા જે જીવ, અને પરમાત્મા જે બ્રહ્મ, એના વિચારને સમજે છે.'

સદસત્-કર્મનિર્ણયમાં સત્યાસત્યનિશ્ચયમાં. પાપપુણ્યના વિધિનિષેધમાં વિવેક જ મોટું સાધન તેણે ગણ્યું છે. આથી દુર્ગારામના લખાણમાં વિવેકની સ્વસ્થતા સામાન્યપણે જોઈ શકાય. કવચિત્ તત્કાલીન વસ્તુસ્થિતિના ચિત્ર સાથે પોતાના મતને તે બલપૂર્વક રજૂ કરે છે ત્યાં સાહિત્ય નામને પાત્ર ગદ્યના અંકુર દેખાય છેઃ—

'જેને વૈરાગ્ય થયો હોય તેને દેશ મૂકવાની જરૂર નથી, ગામ મૂકવાની જરૂર નથી, ઘર મૂકવાની જરૂર નથી, ધણિયાણીછોકરાં મૂકવાની જરૂર નથી, વેપારરોજગાર મૂકવાની જરૂર નથી, જેમ જ્યાંહાં રહેતો હોય ત્યાંહાં રહે ને શરીરને અર્થે જે જે આવશ્યક છે તે સર્વ કરે. પણ એટલું જ વિવેકે કરીને જાણે કે આત્મા સત્ય છે, જગત નાશવંત છે, માટે અસત્ય પદાર્થોમાં પોતાના મનને બાંધે નહિ, પણ એટલું જ માત્ર કરે કે અવિચારે વ્યવહારમાં વર્તે નહિ. એ વિશે જે મૂર્ખ લોકો છે તે તો એવું સમજે કે જે ધણી લૂગડાં પહેરે નહિ, કેવળ નાગો ફરે, રાખોડી ચોળે, વસ્તીમાં રહે નહિ, કંઈ અનાજ ખાય નહિ, કોઈ સાથે બોલે નહિ, માબાપ, ધણિયાણી, છોકરાં સર્વને મૂકીને રાનમાં જાય, તેને વૈરાગ્ય થયો એમ જાણવું. પણ એ વિચાર મૂર્ખ અને ઢોંગી લોકોનો છે. વૈરાગ્ય જેને થયો હોય તે તો ઘણી સારી રીતે ઊજળાવાજળા ચાલે છે, ખાય છે, પિયે છે, બેસે છે, ફરે છે, વેપાર કરે છે; રાજકારભાર કરે છે, પણ તેને નાશવંત જાણે છે માટે અનીતિ, જુલમ, ચોરી ઇત્યાદિ કરતા નથી. વૈરાગ્ય પામવાનું કારણ એ જ છે કે અનીતિએ ચાલવું નહિ.' (દુર્ગારામ ચરિત્ર પૃ. ૮૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ નર્મદ

૧૮૪૮માં 'ગુજરાત વર્નાકયુલર સોસાયટી' અમદાવાદમાં સ્થપાઈ અને ૧૮૫૧માં 'બુધ્ધિવર્ધક સભા' મુંબઈમાં સ્થપાઈ. એ બન્ને બનાવ સૂચવે છે કે અજ્ઞાન અને વહેમ અને કુરૂઢિનો નાશ કરવા માટે ધર્મ પર આક્રમણ કરવાની કિંવા વેદ ઈશ્વરપ્રણીત નથી એમ કહેવાની જરૂર નથી. મૅકૉલે આદિએ માનેલું કે અંગ્રેજી શિક્ષણથી આપોઆપ ખ્રિસ્તી ધર્મ તરફ પ્રજાનું વલણ વધશે; તો નવું ભણેલા પણ જૂના સંસ્કારમાં ઊછરેલા અને ન્યાતેજાતે જુદાજુદા સ્વભાવના બ્રાહ્મણ, વાણિયા, ભાટિયા, પારસી, દક્ષણી આદિએ સ્વાભાવિક રીતે જ માન્યું કે જનતામાં, વિશેષે કરીને સ્ત્રીઓમાં, જ્ઞાન વધશે અને તે સ્વતંત્ર બુધ્ધિ વાપરતી થશે કે આપોઆપ વહેમ, કુરૂઢિ અને અનાચાર નાશ પામશે. ધર્મની ચર્ચા બાજુએ રાખી ગુજરાતી ભાષાદ્વારા જ્ઞાનપ્રચાર અને ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ એ આદર્શ ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ પોતાનો કર્યો; બુધ્ધિવર્ધક સભાએ મુખ્યત્વે સ્ત્રીકેળવણી ઉપર ભાર મૂક્યો. સ્ત્રીકેળવણી, વૈધવ્યદશા, દેશાટન અને દેશાભિમાન એ વિષયો ઉપરથી બુધ્ધિવર્ધક સભાનો કાર્યપ્રદેશ કે વાણીપ્રદેશ સમજાશે. નર્મદાશંકર અને કરસનદાસ ઉપરાંત તેમાં મનઃસુખરામ અને રણછોડભાઇ ઉદયરામ પણ હતા એ સૂચક હકીકત છે.

"જ્યારથી બુધ્ધિવર્ધક સભા* ૧૮૫૧માં સ્થપાઇ ત્યારથી ને પછી ૧૮૫૫માં સત્યપ્રકાશ નીકળવા માંડયું ત્યારથી ગુજરાતી લોકનાં મનમાં જૂના વિચાર ને નવા વિચારનું યુધ્ધ થવા માંડયું...એ સઘળું ખરેખર એક વીશીમાં થયું છે."

---

*૧૮૫૦ માં એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓએ શરૂ કરેલ " જુવાન પુરુષોની અન્યોન્ય બુધ્ધિવર્ધક સભા " બુધ્ધિવર્ધક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ચળવળમાં પ્રેરકબળ જ્ઞાનપ્રસાર હતું. બૌદ્ધિક પરિસ્થિતિનો જે નિર્દેશ ઉપર નર્મદાશંકરનાં વચનમાં આવે છે તેમાં ધર્મશોધન, ધર્મના તત્ત્વનું શોધન આગળ પડતું નથી એ વસ્તુ અતિશય મહત્ત્વની છે. નર્મદાશંકરને આ વસ્તુ યથાર્થ નહોતી લાગતી અને દેશના સર્વાંગી વિકાસમાં ધર્મસુધારાને, ધર્મની તાત્ત્વિક ચર્ચાને સ્થાન હોવું જોઈએ એમ એ માનતો. બુદ્ધિવર્ધક સભા ધર્મચર્ચા નહોતી કરતી તેથી નર્મદાશંકરને તત્ત્વશોધક સભા મુંબઈમાં સ્થાપવી પડી હતી. પણ એ સભાને કશો યશ મળ્યો નહિ. 'મરાઠી જ્ઞાન પ્રચારક સભા'. 'બુધ્ધિવર્ધક હિંદુ સભા,' પારસીઓની 'જ્ઞાનપ્રચારક મંડલી' બે દસકા પછી સ્થપાયેલી 'જ્ઞાનેચ્છુ હિંદુ સભા' એ બધાં નામો જ સૂચવે છે કે વિદ્યાનો પ્રસાર જ દેશના ઉદ્ધારનો મંત્ર છે એમ સર્વત્ર મનાતું. ગુજરાત વર્નાકયુલર સોસાયટી પણ વહેમખંડન અને વિજ્ઞાનપ્રચાર કરતી; ગુજરાતી ભાષાને કેળવવા પ્રયત્ન કરતી.

સ્પષ્ટ છે કે ગુજરાતની વ્યવહારુ બુધ્ધિએ કે કાયરતાએ કે સ્વરક્ષણની વૃત્તિએ હિંદુધર્મતત્ત્વ કે ધાર્મિક આચારો ઉપર સીધું આક્રમણ કરવાનું યોગ્ય ધાર્યું નહોતું. નર્મદની માનસિક ઊંડળમાં દેશના સાર્વત્રિક હિતના સર્વ ચિન્તનવિષય સમાતા. સ્વતંત્રતા ને ઉદ્યોગ, કવિતા ને કોશ, પત્રકારત્વ ને ઇતિહાસપરામર્શ, કેળવણી ને વિદ્યાવૃદ્ધિ, સંસારસુધારો ને ધાર્મિક સુધારો, એ બધા વિશે તેને કાંઈ ને કાંઈ કહેવાનું અને કરી નાખવાનું હતું. અને તેણે જે કહ્યું તેમાં જ્ઞાન અને

હિંદુ સભા તરીકે ૧૮૫૧ ના માર્ચમાં સ્થપાઈ અને 'બુદ્ધિવર્ધક સભા'ને નામે ઓળખાઈ.

[આ પરિચ્છેદ 'વીર નર્મદ' પૃ. ૧૦૨–૩માં છે. મૂળ 'નર્મગદ્ય' (સરકારી) પૃ. ૬૪–૬૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશહિતચિન્તા હતી, દાઝ હતી, બળાપો હતો, હિંમત હતી; પણ હિંમત અને દાઝ અને નિખાલસતા જેટલી તર્કબધ્ધતા નહોતી. પરંપરા પર જ તેનો ઉગ્ર આઘાત હતો. વિચારમાં યુક્ત તેનો જ સ્વીકાર કરવાનો દુર્ગારામે ઉપદેશ કર્યો હતો. નર્મદે પણ એવો જ ઉદ્‌ઘોષ કર્યોઃ 'વિદ્યા, જ્ઞાન, અનુભવ અને બુધ્ધિ જેની સૂચના કરે તે તે વાતો સ્વીકારતા રહો.' પણ એવી વિચારણામાં ૧૮૭૦ સુધી મધ્યવર્તી બીજ ન હોવાથી એક જ વૃક્ષનાં ડાળપાંદડાં છે એવું ભાન થતું નથી. એક જ વ્યકિતની ભાષા અને ઊર્મિ અને નિખાલસતા હોવા છતાં વિચારમોજાંઓમાં પિંડના અંગોનો પરસ્પર સંબન્ધ જોઈ શકાતો નથી. ગોવર્ધનરામ, આનંદશંકર, ગાંધીજી વગેરેએ સળંગ પ્રકરણબધ્ધ મીમાંસાના ગ્રંથ થોડા જ લખ્યા છે, છતાં તેમની અભિવ્યક્ત વિચારણામાં વૈયકિતક અપૂર્વતા અને સંગતિ છે. ૧૮૭૦ પહેલાંના નર્મદના વિચારધોધે સર્વત્ર નર્મદ નર્મદ કરી મૂકયું, પણ તેમાંનું ઘણું પુસ્તકિયા અને નહિ પચાવેલું; ઘણું બિનઅનુભવી અને અપકવ બુધ્ધિના લેખકનું; ઘણું દેખાદેખીથી નામ મેળવવાના મોહનું પરિણામ હતું. બીજું, કવિપણું એ નર્મદની પ્રકૃતિમાંનો એક દઢ અંશ છે. ઉત્કટ આવેગની મૂર્છા, અને વિચારને વિચાર તરીકે રજૂ કરવાને બદલે ચિત્રના રૂપમાં રજૂ કરવાની ટેવ, સત્યશોધ કરતાં સત્યની જે ઝાંખી થઇ—ઇન્સ્પા- એને બળે કે સહજ સ્ફુર્તિથી થઈ—તેને તરત પ્રગટ કરવાની આકાંક્ષા, અને પ્રચારકની જેમ તેની ભાષણિયા રજૂઆત-દ્વારા તત્કાલ કાંઈ પરિણામ ઉપજાવવાની આવેશ, એ બધાંને લીધે નર્મદના વિચારમંડળમાં પાયાના એકાકાર વિચાર નથી જણાતા, એટલું જ નહિ, એ વિચારનું પ્રતિપાદન અલંકારમાં, ચિત્રણમાં, આવેગસમાધિ (rhapsody)માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્કાલ તો ચમત્કારકતાવાળું થયું હશે, છતાં આજે અચોટ ને પાંખું લાગે છે.

"વિદ્યારાણી એ લોકના મન ઉપર રાજ્ય કરવાને અને સુધારો દાખલ કરવાને જાતે શક્તિમાન છે તોપણ તેને બે પ્રધાનની જરૂર છે. જમણી ખુરસીનો બેસનાર પ્રધાન ધર્મ અને ડાબી ખુરશીએ બેસનાર પ્રધાન રાજ્યસત્તા છે. એ બે પ્રધાન અને ત્રીજી રાણી એકમત થઈ કામ કરે, તો દેશસુધારો વહેલો અને પાકો અને બહોળો થાય, એમાં કંઈ શક નહિ. પણ આજકાલ એ બન્ને પ્રધાનોની ગેરહાજરી છે. એ વના રાણી ઘણી મૂંઝાય છે. હવે હિંદુ રાજ્યસત્તા પ્રધાનનું થોડા વરસમાં દર્શન થાય તેવું બિલકુલ લાગતું નથી ને કદાપિ આ વખતમાં તેમ થયું તો તે ઊલટી નઠારી સલાહ આપશે, માટે એ પ્રધાનની આશા અને વાત છોડી દેવી. બીજો ધર્મ પ્રધાન છે તે માંદો પડેલો છે. માનું દૂધ તો જબ્બર પીધેલું છે, તેથી જોરાવર તો છે, પણ ઘણા પ્રસંગે માર ખાધાથી અને અધીરાઈમાં તથા બાવરાપણામાં જેમ લોકોએ સલાહ આપી તેમ કીધાથી, જે પ્રમાણે વાંઝિયણ બૈરાં છોકરાંને માટે તરફડી પીપળા વગેરેને સેવી રોગ હોરી લે છે તે પ્રમાણે ધર્મ ઘણા રોગોથી ઘણો અશક્ત થઈ ગયો છે ને પથારીમાં બિછાયાં કરે છે. એ મહેનત લીધે સારો થઈને કામ આવે તેવો છે ખરો. માટે એ સારો થાય અને પછી રાણી અને પ્રધાન બે મળ્યાં કે કામ ધોકારે ચાલવાનું–અને સુધારો મજબૂત પાયા ઉપર આવીને બહોળો ફેલાશે. હવે રાણી તો છે જ, પણ માંદા ધર્મને ઓસડ ખવરાવી હોંશિયાર કરવો જોઈએ."

નર્મદનું મંદિરઃ ગદ્યવિભાગ–પૃ. ૧૦૩–૧૦૪

"બ્રહ્મતૃષા" ઉપરના ૧૮૬૧ના લખાણમાં કવિ લાંબી સાબરની તૃષાની વાત કરી "ઓ મા ! ઓ મા" કરતા ભૂલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલ છોકરાની વાત કરે છે અને તેથી સંતુષ્ટ ના થતાં પાંજરામાં પડેલા પોપટની વાત કરે છે. અને વિષયની તાત્ત્વિક ચર્ચા કરતાં બ્રહ્મપાનની જરૂરિયાત અને બ્રહ્મપાનની ઇચ્છા થવાનાં કારણો સમજાવતાં કેવળ ઉપયોગિતાવાદ જેવી વાત કરે છેઃ ''જ્યારે ખુલ્લી રીતે નિરાધાર અને તેની મદદના ગરજાઉ છો, ત્યારે તો તમારી ફરજ છે કે બ્રહ્મના ઠંડા પુવારામાંથી જળ પીને ભ્રમ ધોઈ નાખો.' પરમાત્માના સાકાર સ્વરૂપ વિશેની વિચારણામાં ભાષામાં અલંકારના સ્થાનનું મહત્ત્વ બતાવી પ્રતિયોગી મહત્ત્વ ઈશ્વરના સાકાર સ્વરૂપના ખ્યાલનું છે એમ સમજાવે છે. ભોળાં અજ્ઞાન લોકમાં ઈશ્વર સંબંધી ઓળખ ઠસે નહિ તેથી સાકાર-સ્વરૂપની કલ્પના તો કેવળ યુક્તિ છે. ઈશ્વરી શક્તિઓને કંઈ રૂપ નથી પણ વારંવાર તે તે શક્તિઓનાં વર્ણન કરવાં પડે તેથી તેમને બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે નામો અને આકૃતિ આપીએ છીએ. તે તે શક્તિનું સ્મરણ કરાવવા પૂરતી મૂર્તિની ઉપયોગિતા છે, પરંતુ કેવળ કરતાં તેની ઉપયોગિતા ઓછી છે.—ગહન વિષયના આવા નિરૂપણને ઉપરછલું જ કહી શકાય.

૬૮૭૦નો નર્મદ સુધારકની ઘેલછા વિનાનો અને 'ધર્મ વિચાર'ના સરંક્ષકની નીતિને વળગેલા નર્મદથી જુદો છે. એનાં વિચારશૈલી ઘણા વિષયમાં પરિપકવ થયાં છે. આ સમયનો 'આપણી દેશજનતા'નો નિબંધ સમર્થ અને હજી પણ માર્ગદર્શક કહી શકાય એવો છે. અહીં તેના આ સમયના ધર્મવિચારનું છીછરું પણ સર્વગ્રાહી રેખાદર્શન છે. ધર્મની મીમાંસામાં તે ઊંડો ઊતરતો નથી, સિદ્ધાંતનાં મૂળ તે શોધતો નથી, પરસ્પર વિરુદ્ધ મતોને તે બુદ્ધિ અને જ્ઞાનથી તપાસતો નથી, પણ વિરુદ્ધ મતોના આક્રમણોમાં મૂંઝાઈ ઉપયોગિતાવાદની દૃષ્ટિએ જાણે તોડ કાઢે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણમાં રાખવું જોઈએ કે બ્રહ્મસમાજની અસર નર્મદાશંકર ઉપર પડેલી છે. ૧૮૬૫-૬૮ થી કેશવચંદ્ર સેને બ્રહ્મસમાજ જુદો સ્થાપ્યો હતો અને તેનું વલણ સર્વમતસંગ્રહ (eclecticism) અને ખ્રિસ્તી ધર્મ તરફ વધારે હતું. એ વલણને પરિણામે દેવેન્દ્રનાથના આદિબ્રહ્મસમાજથી કેશવચન્દ્રનો માર્ગ New Dispensation જુદો પડયો હતો. ૧૮૬૮ થી ૧૮૭૮ સુધી કેશવચન્દ્ર સેનની પ્રતિષ્ઠાનો સૂર્ય મધ્યાકાશે હતો. ૧૮૬૮માં એટલે પ્રસ્તુત લખાણ પહેલાં કેશવચન્દ્ર મુંબઈ આવી ગયેલા અને તેમના પ્રાન્તમાં તો ચૈતન્ય માફક પૂજાવાની પણ શરૂઆત થઈ હતી.

શુદ્ધ ધર્મ કરતાં નીતિ ને સદાચાર વિશેના વિચારમાં નર્મદ વધારે ઊંડાણ દાખવે છે, જોકે એમાં પણ વિચારસરણિ એની આગવી નથી, યુરોપી નીતિવિચારની લાગે છે. સામાન્ય નીતિ અને પ્રતાપી નીતિ એવા ભેદ નર્મદાશંકર સ્વીકારે છે. મનુષ્યની ઉદ્ધત, ફૂવડ અને દુઃખદાયક લાગણીને વિચારથી અંકુશમાં રાખી કરાતા કર્મને અનુલક્ષતા નિયમ તે સામાન્ય નીતિ. લાગણીને વિચારના અંકુશમાં રાખ્યા વિના આચરણ થાય છે જેનો અસર સમાજ ઉપર અખંડ રહે છે, તે પણ નીતિ છે. તે પ્રતાપી નીતિ છે. 'મહાત્મતાના રાજવર્ગની નીતિમાં ઔદાર્ય, પ્રેમ, શૌર્ય, સ્વતંત્રતા, દેશાભિમાન, ટેક વગેરે યશસ્વી અને પ્રતાપી નીતિઓ છે.' વળી વધારે સૂક્ષ્મતા દાખવી જણાવે છેઃ 'સામાન્ય નીતિમાં ઊંચો પુરુષ પ્રતાપી નીતિમાંની થોડી પણ ન રાખતો હોય તો તે ખરો ને ઊંચો નીતિમાન નથી.' પ્રતાપી નીતિના વિચારને નર્મદે ખૂબ સેવ્યો લાગે છે, અને એની એ ભાવના એનું જીવનરહસ્ય અને મહત્તા ખૂબ સ્પુટ કરે છે. સુખસગવડમાં રાચવું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાન તરીકે પંકાવું એ એનો જીવનમર્મ નથી. પ્રસંગ ખોળીને પણ પ્રતાપી નીતિ આદરવી એ એની સતત કાર્યપ્રેરક ભાવના છે. એને લીધે નર્મદ ક્ષત્રિય છે, કેવળ બ્રાહ્મણ નથી; માત્ર સાક્ષર નથી, સાક્ષરવીર છે; માત્ર સુધારક નથી પણ સેનાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન બીજું

નર્મદ અને નવલરામ

ઉત્તર નર્મદ

નીતિ અને સદાચારની વ્યવસ્થા માટે બે મજબૂત સિદ્ધાન્તોનો આશ્રય નર્મદ લે છે—आत्मवत् सर्वभूतेषु અને कस्यचित् किमपि नो हरणीयम् નો—પણ બે બેને નિષેધાત્મક અને અપર્યાપ્ત લાગ્યા, ક્રિયાપ્રેરક ન લાગ્યા; તેથી સૌ જનની સામાન્ય નીતિવ્યવસ્થા માટે જ તેને બપના ગણ્યા છે. પાછળથી મણિલાલ આનંદશંકર આદિએ વેદાન્તના બ્રહ્મવાદના સિદ્ધાન્ત ઉપર નીતિવ્યવસ્થાનું સમગ્ર ચણતર સ્વીકાર્યું છે, બે જોતાં નર્મદાશંકરનો આ વિચાર બાસ ધ્યાન બેંચે છે. વળી છેક વાડીલાલ સુધી કોઈ ગુજરાતી વિચારકે વિશિષ્ટ પ્રકારની પ્રતાપી નીતિનો પુરસ્કાર કર્યો નથી, બે નર્મદની આ વિષયમાંની અપૂર્વતા મનનીય છે.

નર્મદની વિચારણામાં 'પ્રતાપી' નીતિનો સ્વીકાર બે બેક મૌલિક અંશ કહી શકાય. બેવી નીતિની માત્રા હરેકમાં હોય તો આપણું 'ઠંડુ લોહી' જરા ગરમ થાય, જોસ્સાવાળું થાય. વિદ્યારહિતત્વ અને ઠંડું લોહી આપણા દેશજનોની, ગુજરાતીબોની વિશેષે કરીને, સૌથી મોટી બામી છે, અને બેથી કાયરપણું અને બુશામતબોરી જેવા દુર્ગુણો ઘર ઘાલે છે. વિચાર અને આચારમાં શૌર્ય, વૃત્તિબોની પારદર્શકતા, મનની નિબાલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સતા એ બધાંને લીધે નર્મદ ઉત્કટ પ્રેમી, ઉગ્ર સુધારક, નિષ્ઠાવાન સાક્ષર, અને દૃઢ સંરક્ષક થયો હતો. સુધારાના આંદોલનમાં મધ્યબિન્દુએ સ્ત્રીનું સ્થાન હતું, પરંતુ સ્ત્રી સંબંધી નર્મદના ચિંતનમાં કશી નવીનતા નથી. "માણસ શબ્દમાં પુરુષ ને સ્ત્રી બન્ને છે. બંને આકાર, સ્વભાવ, લાગણી ને સમજણમાં ઘણુંખરાં સરખાં છે. પરણ્યા પછી એકમેકના સહવાસથી, એકમેકની પ્રીતિથી, એકમેકની પતીજથી પુરુષ કેળવાઈને સુઘડ થાય છે; તે કેવળ જુદો જ માણસ બની રહે છે."*

"ખાવેપીવે, પહેરવેઓઢવે, દુઃખ દૂર કરવે ને સુખ ભોગવવે બંનેના કુદરતી હક્ક સરખા છે."* આથી ખાસ આગળ એ વધ્યો નથી, પણ સ્ત્રીનું દુઃખ જોઈ તેનું અંતઃકરણ ચીસ પાડી ઊઠતું. વિધવાનું દુઃખ અને તે વિષયમાં સમાજની નઠોરતા તેના હૃદયને વીંધી નાખતાં. અને શુદ્ધ યુક્તિ કરતાં ઉદ્બોધકની યથાર્થનિરૂપક ચિત્રણ-શક્તિથી તે શ્રોતા-વાચકમાં દાઝ જગાવી શકતો. સંસાર-સુધારા માટે માનસિક વલણ તૈયાર કરવામાં નર્મદના જોસ્સા-દાર વાણીધોધે, તેની અમોઘ ચિત્રણશક્તિએ કોઈ પણ સાહિત્યકાર આપી શકે તેટલો ફાળો આપ્યો છે. 'પુનર્વિવાહ' ના નિબંધમાં વિધવાની દશાનું ચિત્ર રૂવાં ઊભાં કરે છે : 'રે ભાઈઓ, વિધવા કુકર્મ કરે છે તે જોવાં, તેઓને ગર્ભ રહે છે તે જોતાં, તેઓ ગર્ભપાત કરે છે તે જોવા— આવી આવી રીતે કે ધગધગતા અંગારા બચ્ચાંઓના મોઢામાં મૂકે છે; કુમળું ડોકું મરડી નાખે છે, રઝળતું રસ્તામાં ફેંકી દે છે, તેના પર છરી મૂકે છે, તેના પર તરતની ઓર ઢાંકીને ગૂંગળાવે છે, એ જોવાં, તેઓની અને તેઓનાં સગાંઓની

* 'સ્ત્રી કેળવણી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમાં લાજ જાય છે એ જોવાં એ સૌ શું માણસજાતની કુમળી છાતીને ફાડી નાખનાર તોપના ઘણુંઘણુંતા ગોળા અને તલવારના તીખા ઝટકા નથી? તેમાં વેળાએ પોતાના ઘરમાં ગોદા લાગ્યા હોય ત્યારે તો માબાપનાં દુઃખની, તેઓના ગભરાટની અને તેઓના આત્મઘાત કરવાની હાલત જોવી તે શું કમકમાટો ઉપજાવે તેવું નથી? એઓએ વિધવાને ફરીથી પરણાવવાથી જે પાપો થાય છે તેટલાં જ પાપો (બીજાં પાપો તો હાલ ગણવાં મૂકી દઈએ) પૃથ્વી ઉપર પ્રલય વહેલો આણવાને અને બ્રહ્માંડમાં અંધારું કરવાને બસ છે, પણ હિંદુઓમાં જ એ પાપો થાય છે અને બીજા લોકોમાં નથી માટે જ વાર લાગે છે. એવાં પાપ પૃથ્વી ઉપર સઘળે ઠેકાણે થાય તો દુનિયાની અવધ આવવાને કંઈ જ વાર નથી. જે જે દુઃખ અને જે જે પાપ વિધવા પર ગુજરે છે તે તેઓ જ સારી પેઠે જાણે છે.

'વીતે તે તો જાણે વિધવાપણું તે ખરેખરું કસાઈ.'

૧૮૬૦માં લખેલ 'લગ્ન' ઉપરના નિબંધમાં પુખ્ત વિચાર છે પણ ઊંડાણ નથી. બાળપણમાં પરણાવવાથી અનેકવિધ ગેરફાયદા છે તે નર્મદાશંકરે સારી રીતે બતાવ્યું છે; પણ લગ્નના ગંભીર વિષયની મીમાંસામાં સ્વયંવરની રીતમાં એ આટલું જ કહી શકે છે; એ સ્પુટ છે અને ઠાવકા વ્યવહારુ રૂપનું સાદી ઈબારતમાં છે, પણ મીમાંસા તરીકે તેમાં નવીનતા કે ઊંડાણ નથી.—

'જ્યાં અમુક પુરુષ અમુક સ્ત્રીને અને તે સ્ત્રી તે પુરુષને ઉમળકાથી જોઈ સ્નેહાતુર થઈ જોડાયાં ત્યાં પછી તેઓના કારભારમાં વિક્ષેપ પડવાનો નહિ. ને તે કરતાં કદી કોઈ કારણથી વિક્ષેપ પડવાનો પ્રસંગ આવ્યો તો રાજ્યની ખરાબી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે એમ જાણી બંને પાછાં સંપથી ચાલશે. તેવો જ પ્રસંગ આવ્યો તો પરસ્પરના કોલકરાર સામું જોશે ને લોકલાજથી ડરશે ને તેમ કરતાં છેક જ વાત બગડી હશે તો હાવકી રીતે જુદાં પડશે. તેઓ પ્રથમ બહારના રંગથી એકમેકને મળવાની ઇચ્છા કરશે. પછી થોડા દહાડા ઉપલક પ્રસંગ રાખી એકમેકના સ્વભાવ મળતા આવે છે કે નહિ તે જોશે ને પછી દિલ કહેશે તો એકમેક સાથે પરણશે. એ રીત જેને સ્વયંવરની રીત કહે છે તે ઉત્તમ છે એવું પૂર્વે આપણામાં હતું ને આજ કેટલાક સુધરેલા દેશોમાં છે ને જે દેશોમાં નથી ત્યાં ઘરસંસારની ખરાબી જોવામાં આવે છે.'

સમગ્ર સમાજને સુધારવા સારુ કેળવણીના પ્રસારને નર્મદાશંકર ખૂબ મહત્ત્વ આપે છે. તેના શિક્ષણવિચારમાં નવીનતા નથી પણ મૂળ વસ્તુની પકડ છે, જે આજે દરેક શાળાનો દરેક શિક્ષક કદાચ જાણે છે. 'અનુભવ, તે ઉપર કરેલા વિચાર, ને એ ઉપરથી પાછો નવો અનુભવ કરવાની જુક્તિઓ એ ત્રણ વાતથી બુદ્ધિનો ઉદય થાય છે, ને એ ત્રણ વાતનો અભ્યાસ જારી રાખવાથી બુદ્ધિમાં વધારો થયા કરે છે.'* બુદ્ધિના વિકાસની જરૂર છે કેમકે માણસ સ્વભાવ ઉપરાંત બુદ્ધિથી જીવનવ્યવહાર ચલાવે છે. નીતિવૃત્તિને દૃઢ કરવાનું કામ પણ બુદ્ધિની કેળવણીનું અંગ છે. જો કુદરતી જોસ્સાઓ કાબૂમાં ન રહી શકે તો બુદ્ધિ અંગ રહી જાય છે, બુદ્ધિભ્રંશ થાય છે. કેળવણીના તંત્રનું ત્રીજું કામ સુઘડતા આણવાનું છે, જેથી શૌર્ય ઘાતકીપણું ન બને, જ્ઞાન દોઢડહાપણ ન લાગે, ને વિનોદ અશ્લીલ ન થાય.

સ્વતંત્રતાની બગશ સાથે તેના સ્વરૂપ અને આવશ્યકતાનો

* નર્મદનું મંદિર: ગદ્ય વિભાગ–પૃ. ૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પષ્ટ ખ્યાલ નર્મદને હતો, પણ ૧૮૬૦–૭૦માં મુસલમાનો હિન્દુની સરખામણીમાં સંખ્યામાં ઓછા અને સંસ્કાર કેળવણી આદિમાં પછાત, તેથી નર્મદના રાજકારણના વિચારો ને કલ્પના હિન્દુઓના વર્ચસ્વમાં રાચે છે.' 'પારસી ને મુસલમાન હિંદુસ્તાનની ભૂમિને શરણે છે. હિન્દુસ્તાનની ભૂમિ તેમનું ભરણપોષણ કરે છે. એઓ હિન્દુઓના ભાઇઓ છે. એઓએ પણ હિન્દુની સાથે દેશના કલ્યાણને અર્થે પરિશ્રમ કરવામાં અંતથી સામેલ થવું જોઇએ'* આમ નમદ તેમને ઉદ્બોધે છે; પણ દેશનું દેશજનત્વ હિન્દુત્વ જોડે સંયુક્ત છે, માટે દેશજનપણું અર્થાત્ હિન્દુપણું કોઈ પણ સંજોગોમાં જવું ન જોઈએ. "રાજ્ય સંબંધી હક ને સ્વતંત્રતાના હક થોડા મળે, મોડા મળે અથવા ન મળે તો ચાલે પણ દેશજનતા ગઈ-આપણી ભાષા, આપણું હિન્દુપણું, આપણું હિંદુ લોહી ગયું એટલે પછી આપણે જ નહિ" દેશજનત્વ, દેશપણું 'નેશનહૂડ' એણે સમજાવ્યું. 'દેશીપણું એટલે એક દેશના હોવું એટલું જ નહિ પણ એક દેશના છૈએ એવું જે અભિમાન રાખવું તે પણ.' 'એ જાતિસ્થિતિ બતાવે છે તેમ વટઅભિમાન પણ બતાવે છે' એક દેશની પ્રજાની તેને પોતાને અનુલક્ષતાં એક સામાન્ય સ્થિતિ હોય છે જે બીજી પ્રજાઓને મુકાબલે વિશેષ સ્થિતિ ગણી શકાય. આ દેશજનની સામાન્ય વિશેષતા એ દેશજન-તા. દેશ, ભાષા, ધર્મ અને રાજ્ય એ બધાં દેશજન-તાનાં મહત્ત્વનાં અંગ છે; અને આપણી પ્રજાનાં એ બધાં અંગ ઓછાંવધતાં નિર્બળ છે. આમ છતાં દેશજનતા ટકી, તો નિરાશ થવાનું કારણ નથી. દેશમાં બધાનું બધી જાતનું સુખ, સંસારસુખ, સમૃદ્ધિસુખ, વિદ્યાસુખ, ધર્મનીતિસુખ વગેરે વધે એને માટે આપણે બધાંએ ઇચ્છા સેવવી જોઈએ

*આપણી દેશજનતા (૧૮૬૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અંતે પરિશ્રમ કરવો જોઇએ. આપણે સંતોષપરાયણ થવાને બદલે પ્રવૃત્તિપરાયણ થવું જોઇએ. સંતોષનું સુખ નિસ્તેજ છે, આશા ઉદ્યોગનું સતેજ છે. 'વૃધ્ધિ' progress આપણો સ્વભાવધર્મ છે; જગતનો નિયમ છે; માટે સર્વ દેશ-જનના જ્ઞાન, ચાંચલ્ય અને શૌર્ય વધવાં જોઇએ.

ધર્મ, સંસારસુધારો, પ્રવૃત્તિનિવૃત્તિનું તારતમ્ય વગેરે વિશે નર્મદના વિચારોમાં પરિવર્તન થયું તેનું એક કારણ એ કે નર્મદને સુધારકો તરફથી નિરાશા મળવા માંડી. કેટલાક સુધારકો પૈસા કમાવાના નાદે ચઢી ગયા. કેટલાક સચ્ચાઇ અને શૌર્ય વિનાના સમજાયા. જુવાનિયા તેનાં વીર કરતાં શૃંગારનાં કાવ્યો વાંચે છે જાણી તેમની ખરી મનોવૃત્તિ વિલાસની છે, ત્યાગ અને શૌર્યની નથી એમ તેને લાગી આવ્યું. આમ તેનો ઉત્સાહ ઓસરતો ગયો. ઇતિહાસના અભ્યાસે તેની દૃષ્ટિ વધારે સ્થિર થતી ચાલી હતી. પણ આ આત્મલક્ષી બાબતો કરતાં બહાર દેશમાં જે બની રહ્યું હતું તે વધારે મહત્ત્વનું મને લાગે છે. હિન્દુસ્થાન અને હિન્દુધર્મ માટે ૧૮૭૫ ની આસપાસનો સમય અસાધારણ મહત્ત્વનો છે. હિન્દુધર્મ ઉપર કુઠારાઘાત થયો હતો. દુર્ગારામ કે નર્મદાશંકર ધર્મના વિષયમાં ગુજરાત માટે પણ નવવિધાયકો થઇ શકયા નહોતા. અને ખરું નવવિધાન ૧૮૭૫ પહેલાં થવા માંડયું હતું. ૧૮૬૮ માં આદિબ્રહ્મસમાજ કેશવ-ચન્દ્રથી જુદો પડયો. ૧૮૭૨ માં દેવેન્દ્રનાથના આદિબ્રહ્મ-સમાજે બ્રહ્મલગ્નના ખરડાનો વિરોધ કર્યો, કેમકે તેને લાગ્યું કે એ જો કાયદો થાય તો હિંદુ મંડળમાંથી બ્રહ્મસમાજ ફીટી જાય. આ તરફ મુંબઇ ઇલાકામાં ૧૮૬૭માં પ્રાર્થનાસમાજ સ્થપાઇ, પણ હિન્દુસમાજથી અલગ પડી જવાની નીતિ તેણે ન સ્વીકારી અને બ્રહ્મસમાજની ભૂલો તેણે ન કરી. ખ્રિસ્તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ અપનાવવાનો તેણે ડોળ કર્યો નહિ, બલકે પ્રાચીન ભાગવત ધર્મ અને મહારાષ્ટ્રના સંતોના ધર્મ સાથે તેણે અનુસંધાન કર્યું. ધાર્મિક માન્યતાઓની અતિનિશ્ચિત શિક્ષાપત્રી તેણે ન રચી. એ માન્યતાઓનો અબાધિત સ્વીકારનો તેણે આગ્રહ ન રાખ્યો. તેની ધર્મની ભૂમિકા તો હતી સાધારણ બ્રહ્મસમાજની, પણ બ્રહ્મસમાજની કોઈ શાખા સાથે તે ભળી ન ગઈ સાધારણ બ્રહ્મસમાજના પ્રયત્ન છતાં તેણે નામ ન બદલ્યું. પ્રાર્થનાસમાજના સભ્યો પોતપોતાની જ્ઞાતિમાં રહ્યા. તેમણે ભૂતકાળમાં પગ માંડીને ભવિષ્યનું સ્વપ્ન રચ્યું. રાનડેને મતે—

"The Hindu community is not a festering mass of decay and corruption. It is no doubt conservative to a degree, but that conservatism is its strength. No nation has any destined place in history which changes its creeds and morals, its customs and its social policy with the facility of fashions. At the same time, our conservatism does not prevent the slow absorption of new ideas and the gradual assimilation of new practices."*

હિંદુ સમાજની સંરક્ષક વૃત્તિનો આ વિજય હતો. એ સંરક્ષક વૃત્તિ માટે આદર આ દસકામાં હવામાં હતો. ૧૮૭૫માં થિયોસૉફિકલ સોસાયટી સ્થપાઇ અને તેજ વર્ષમાં ભારતમાં આર્યસમાજ સ્થપાયો. થિયોસૉફિકલ સોસાયટીએ આર્યસમાજનો સહકાર સાધ્યો. ૧૮૭૯માં કર્નલ ઑલકૉટ અને મદામ

*D. S. Sarma: 'The Renaissance of Hinduism' પૃ. ૧૪૫-૧૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્લાવાટ્સ્કી હિંદ આવ્યાં અને મુંબઇના આર્યસમાજે તેમનો સત્કાર કર્યો. એક સત્કારસમારંભમાં નર્મદાશંકર હાજર હતા એમ બાપર્ડે જણાવે છે.* થિયોસોફિકલ સોસાયટીના હેતુઓ અને પ્રજ્ઞપ્રવૃત્તિઓ હિન્દુધર્મ, હિન્દુસમાજ અને હિન્દુ સંસ્કૃતિને પ્રરક્ષક હતા :

"The society teaches and expects its fellows to personally exemplify the highest morality and religious aspiration; to oppose the materialism of science and every form of dogmatic theology ...to make known among Western Nations the long suppressed facts about oriental religious philosophies, their ethics, chronology, esoterism, symbolism; to counteract as far as possible the efforts of missionaries to delude the so-called 'Heathen' and 'Pagans' as to the real origin and dogmas of Christianity...; to disseminate a knowledge of the sublime teachings of that pure esoteric system of the archaic period which are mirrored in the oldest Vedas, and in the philosophy of Gautama Buddha, Zoroaster and Confucius; finally and chiefly, to aid in the institution of a brotherhood of humanity, wherein all good and pure men, of every race, shall recognize each other as the equal effects (upon this planet) of one Uncreate, Universal, Infinite and Everlasting Cause."

(Renaissance of Hinduism)

*નર્મદ શતાબ્દી ગ્રંથ પૃ. ૧૬૯ (શતાબ્દી અર્ધ્ય વિભાગ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેત્રણ વર્ષ આ બંને સમાજોએ સાથે રહી કામ કર્યું, પણ ૧૮૮૧માં એ છૂટા પડ્યા. પણ તેથી દેશના પ્રરક્ષક વલણમાં કશો ફેર પડ્યો નહિ. આ સમયની આધ્યાત્મિક કે માનસિક સ્થિતિનો યથાર્થ ચિતાર નર્મદાશંકર 'ધર્મવિચાર'માં આપે છે.

'હિંદુ પ્રજાની સંખ્યાના પ્રમાણમાં સુધારાવાળાની સંખ્યા હજી કંઈ જ નથી. અગ્રેસર કેવા છે? સનાતન ધર્મમાં આચાર્ય તથા ધર્મગુરુ ને શિક્ષક બ્રાહ્મણ એ સ્થિતિભ્રષ્ટ છે. સાત્ત્વિક તે સમય નથી એમ માની ટકટક જોયાં કરે છે, રાજસી તે વિલાસમાં મગ્ન છે, ને તામસી તે અર્થ સાધવે પ્રપંચ રમે છે. કેટલાક પંડિત નવા વિચારની સામા પણ થાય છે–કેટલાક પુનર્વિવાહ પ્રકરણમાં ને કોઈકોઈ સ્વામી દયાનંદના ધર્મકથનની. પ્રજાનો મોટો ભાગ સુધારાના બકવાદને ન લેખવતાં સ્વધર્માચરણ ઘરડા કરતા આવ્યા તેમ કર્યા જાય છે ને એમાંના કેટલાક જેને સુધારાનો વાસ લાગ્યો છે તેઓ ઘરમાં ને જ્ઞાતિમાં જૂની રીતિ રાખી રહી કે કાંઈક બદલી સુધારાને વખાણે છે પણ તે પક્ષમાં જતા નથી. સુધારાવાળામાં સેન તો દિનપરદિન વધારે વધારે ખ્રિસ્તી સાધુના સ્વપ્નરંગમાં રમે છે. સ્વામી વેદની સંહિતાને જ મનાવે છે ને તે પણ તેમાંની હિરણ્યગર્ભ સૃષ્ટિની દેવતાઓને કાઢી નાખીને. તે હમણાં મુંબઈ ઇલાકાની આશા છોડી ઉત્તર હિંદુસ્થાનના તથા પંજાબના પ્રદેશમાં ઘૂમે છે પ્રાર્થનાસમાજના અગ્રેસર તો દયામણા છે. સાધક સુધારાવાળામાં હવે પછી કોઈ ગાદી ચલાવે તેવા હજી લગી તો જણાતા નથી. પ્રજામાં વેદોક્ત જ્ઞાન વિશેષ સતેજ થતું જાય છે, ને જ્ઞાતિ આચાર કર્મ વિષયમાં તેણે કાંઈ કાંઈ હઠ મૂકી છે. રાજ્યનીતિ, દેશસમૃદ્ધિ, વિદ્યાકળા, વ્યવહારચાતુર્ય એ વિષયમાં સુધારાવાળાનાં વખાણ કરે છે, પણ નિવૃત્તિધર્મના વિષયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હાથ ઘાલે છે તે તેને પ્રિય નથી. સુધારાવાળાના પ્રયત્નમાં આર્યસમાજે કેટલાક અંગ્રેજી ભણેલાને વેદ માનતા કીધા છે; સૌ સુધારાવાળાએ ખ્રિસ્તી ઉપદેશકોનું ફાવવા દીધું નથી પણ પ્રજામાં કુસંપ કીધો છે; કેટલાકને સંશયી કીધા છે; તેઓ બહુબોલા છે; કહેણી પ્રમાણે રહેણી રાખતા નથી; વિષયસેવન યથેચ્છ કરે છે; અસત્ય, અમર્યાદા, વ્યભિચાર, મદ્યપાન, સ્વાર્થબુદ્ધિ, સંકોચવૃત્તિ એ આદિ દુર્ગુણ પ્રજામાં વધ્યા છે, તે જડ શક્તિને વખાણનારા ને નીતિ વિશે નિઃસ્પૃહ રહેનારા સુધારાવાળાની સંગતિએ. કેટલાક પંડિતો બંગાળી તથા દક્ષણી પુનર્વિવાહના પક્ષમાં ગયા છે ને સૂરતનો એક દક્ષણી શાસ્ત્રી દેશાટનને પુષ્ટિ કરનારો હતો. થિઑસૉફિસ્ટ અગ્રેસરોએ યોગ તથા મંત્રની સિદ્ધિ સત્ય માની એની વિરુદ્ધ જે સુધારાવાળા તેને ઝાંખા પાડયા છે અને સનાતન ધર્મનો આદર કરવા ભણી કેટલાકની મતિ કરી છે.' *

'સુધારાવાળામાં સેન તો દિનપરદિન વધારે વધારે ખ્રિસ્તિ સાધુના સ્વપ્નરંગમાં રમે છે;' 'પ્રાર્થનાસમાજના અગ્રેસરો તો દયામણા છે;' 'આર્યસમાજે કેટલાક અંગ્રેજી ભણેલાને વેદ માનતા કીધા છે;' 'થિયૉસૉફિસ્ટ અગ્રેસરોએ ....સુધારાવાળાને ઝાંખા પાડયા છે;'–આ વચનો પ્રજાની તત્કાલીન નાડ બતાવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની અથડામણમાં પ્રત્યાઘાતનું મોજું શરૂ થયું હતું, અને એ મોજામાં સમયમૂર્તિ નર્મદ નાનું મોજું બની રહ્યો હતો. સ્પષ્ટ સમજવું જોઈએ કે દુર્ગારામ કે નર્મદે ધર્મમાં નવવિધાન કર્યું નથી; તેમનામાં તે શક્તિ નહોતી. તેમના પ્રયત્નો તે ઉત્સાહી બુદ્ધિનાં સત્યાસત્ય-વિવેક અને રૂઢિ અને વહેમના ખંડન માટે ઉદ્‌બોધનો છે.

---

* 'નર્મદનું મંદિરઃ ગદ્યવિભાગ'–પૃ. ૫૦૮–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની પ્રવૃત્તિનું પરિણામ ધર્મવિષયમાં તો ખસૂસ ખંડનાત્મક હતું, મંડનાત્મક નહોતું. ધર્મમાં સાચું નવવિધાન પશ્ચિમ હિંદુસ્તાનમાં પ્રાર્થનાસમાજ, આર્યસમાજ અને થિયૉસૉફિકલ સોસાયટીથી થાય છે. તેમાં ગુજરાત પૂરતી માત્ર પ્રાર્થનાસમાજ અને થિયૉસૉફિકલ સોસાયટીની ગણના કરવી જોઈએ, કેમકે આર્યસમાજને પંજાબે આશ્રય આપ્યો તેટલો ગુજરાત કે મહારાષ્ટ્રે આપ્યો નહિ.

અહું જોતાં નર્મદાશંકરનું લક્ષ દેશના અભ્યુદયના ધ્યેય પરથી ચસ્યું નહોતું. રાજકીય સ્વતંત્રતા એ સર્વ અભ્યુદયની ચાવી હતી. એ સ્વતંત્રતા લાવવા એવી પ્રજાકીય શક્તિ જોઈએ જેનો સરકાર વિરોધ ન કરી શકે. એ શક્તિ જન્માવવા દેશાભિમાન જોઈએ. અને દેશાભિમાન એ ભૂગોળના એક ભાગ ઉપર, નકશાના વિભાગ ઉપર ઉછેરી શકાતું નથી. દેશતાથી જે ધર્મ નીતિ રીતિ સૂચવાય તેનો પ્રેમ કેળવ્યે દેશાભિમાન કેળવાય છે. આ કુદરતી અભિમાનને નિંદી સુધારકો દેશનું શું હિત સાધી શકે? આવો વિચાર નર્મદાશંકરે કરવા માંડ્યો અને એ વિશે નિશ્ચય થતાં તેના નિખાલસ શૂરા અને શૌર્યદર્શક સ્વભાવે 'ધર્મવિચાર'માં વ્યક્ત કર્યો. અલબત્ત, આ વિચારમાળા તર્કશુદ્ધ નથી, પરંતુ ધીમે ધીમે નર્મદાશંકરનું માનસ દેશના અભ્યુદયના પ્રશ્ન અંગે સમયાનુસાર અને પોતાના વીતકથી બદલાયું એનું એ વિચારમાળા સૂચક છે. રાજકારણમાં ઉદ્દામ અને ધર્મ તથા સમાજના પ્રશ્નોમાં સંરક્ષક નીતિનો પ્રવાહ શિક્ષિતોમાં શરૂ થઈ ગયો હતો. એ પ્રવાહ ઉપર તરતા રહેવાનો નર્મદાશંકરનો આ પ્રયત્ન અસમર્થ જ કહી શકાશે. તેના ખરા ક્ષાત્ર સ્વભાવને–જે સ્વભાવ તેણે વીસપચીસ વર્ષ દાખવ્યો–તેને આ આખો પ્રયત્ન પ્રતિકૂળ હતો. ધર્મવિચારની શૈલીમાં ઉત્સાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, ધમક નથી, વેગ નથી. કેવળ શરૂઆતના શાબ્દિક બિન-અનુભવીના બળાપાની વાત બાજુએ રાખીએ; ૧૮૭૦ના પાકટ નર્મદના ગદ્યમાં જોમ, વેધક દૃષ્ટિ, કુદરતી લાગતી વ્યવસ્થા અને આકર્ષણ છે તે 'ધર્મવિચાર'ના ટાંચણિયા કે ગાદીપતિ મહારાજની ધાટીના ગદ્યમાં લાગતાં નથી.

વિચારપરિવર્તન થતાં મુદ્દાના થોડાક નવીન ખ્યાલો નર્મદના ચિન્તનમાં ભળે છે. તેમાંનો મુખ્ય આ કે દેશનાં આધ્યાત્મિક વલણો અને સમૃદ્ધિને નબળી પાડી સુખસંપત્તિની પ્રવૃત્તિઓ સબળી થવાની નથી. આધ્યાત્મિક સમૃદ્ધિ એ પાયાની સમૃદ્ધિ છે. બીજો એ કે દેશની પરતંત્રતા કે હિંદુઓની વર્તમાન દશાને વિચારી દૈન્ય ધરવાની કે આત્મ-અવગણના કરવાની જરૂર નથી, કારણ કે મનુષ્યનો તેમ પ્રજાની ચઢતીપડતીમાં કાળબળ, કોઈ અદૃષ્ટ તત્ત્વ પણ કામ કરતું હોય છે. પ્રજાઓના પણ વારાફેરા છે, સર્વ લોક, જનમંડળો, પોતાનાં પૂર્વ અને વર્તમાન કર્મને તેમ કાળને અને ઉત્પત્તિ-સ્થિતિ-લયરૂપ જગતના સ્વભાવને વશ છે. (કાળ અને જગતસ્વભાવનો ભેદ નર્મદે કર્યો નથી. ખરું જોતાં જગતસ્વભાવનો સમાવેશ કાળમાં જ કરવો જોઈએ.) સુધારાએ બુદ્ધિચાંચલ્ય, પૃચ્છકશક્તિ અને સાહસવૃત્તિ દેખાડયાં છે. તેના સત્ત્વનો ઘટતો ઉપયોગ થાય તો જનમંડળને લાભ થાય, પણ સુધારકોની દેશાભિમાનની નીતિથી હિંદુ ધર્મનુ નખોદ જશે. ૧૮૮૨માં ગુરુમહારાજની ઢબે નર્મદ આર્યોદ્બોધન કરે છે ત્યારે લાગે છે કે એક બાજુ સ્વામી દયાનંદ અને બીજી બાજુ માદામ બ્લાવાટ્સ્કીની વાણીનું અનુકરણ કરતી શિક્ષાપત્રીના કે પયગમ્બરી ડોળવાળી વાણી ઉચ્ચારવાનું નર્મદને હવે ગમે છે:

'લો આર્ય ! ઉત્તમ તત્ત્વજ્ઞાન, ઉત્તમ રાજનીતિ, ઉત્તમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારનીતિ, મહાત્મતા, ઔદાર્ય, ત્યાગ, તપ, ધૈર્ય, પરાક્રમ, એ તારાં જ છે, પણ હમણાં કાળવશાત્ મોહવશાત્ પરાધીન પતિત છે. તેથી તું ને વિસ્મરણ છે. તું પાછો સબળ સતેજ થઈશ પણ હવે જાગ, ઊઠ, શુધ્ધ થઈ નિશ્ચયે તથા નિયમે કર્તવ્ય કર'

'ભો આર્ય ! સ્મરણ કર, અનેક જન્માંતરનો પ્રવાસ કરી તારે મૂળ ધામે જવું છે; સ્મરણ કર, તે ધામે જવાને આત્મ-સ્વરૂપનું જ્ઞાન પાળવું અવશ્ય છે; સ્મરણ કર, તે જ્ઞાન પામ-વાને વેદવિહિત નિત્ય નૈમિત્તિક કર્મ તારે કરવાં છે. સંસારી અર્થકામનામાં તારું કલ્યાણ નથી, પણ સ્વધર્મવિષયમાં ને સ્વધર્મપાલણે જ છે; વૈરાગ્ય, ભક્તિ, કર્મ-ઉપાસના ને જ્ઞાન એ સાધને છે; પ્રવૃત્તિની અશાંતિમાં નહિ, પણ નિવૃત્તિની શાંતિમાં જ પરમ કલ્યાણ છે.*

નર્મદાશંકર અનેક ક્ષેત્રમાં અર્વાચીન ગુજરાતી સંસ્કારિ-તાનો અગ્રણી વિધાયક હતો. સામાન્ય રીતે આપણે નવલરામને ગુજરાતનો પ્રથમ વિવેચક ગણીએ છીએ પણ ખરી રીતે જેમ નવી કવિતાનો પ્રથમ કવિ નર્મદ, તેમ નવી પધ્ધતિનો પ્રથમ વિવેચક, દૃષ્ટિ અપકવ અને લખાણ આછું છતાં પ્રથમ વિવેચક છે. થૉમસન આદિ અંગ્રેજી પ્રકૃતિકવિઓની કવિતાનો, હેઝ્લિ-ટના કાવ્યવિવેચનનો અને સંસ્કૃત રસશાસ્ત્રનો પ્રતિધ્વનિ નર્મદમાં સંભળાય છે. તે લખે છે: 'કુદરતના દેખાવની છાપ મારા મન ઉપર મારા બાળપણમાંથી જ સારી પેઠે પડી હતી; અલબત્ત આંખી તો ખરી. એ આંખી છાપો જ્યારે હું સૂરતમાં ત્રણ વરસ રહ્યો હતો ને ગામડાંઓમાં ફરતો હતો ત્યારે ચિત્રરૂપે થવા આવી હતી, તે કવિતા શરૂ કર્યા પછી

* 'નર્મદનું મંદિર' : ગદ્યવિભાગ પૃ. ૫૨૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગ તથા વિચારને જોરે આપોઆપ આખેહુબ ચિત્રરૂપે બહાર નીકળી પડી છે.'

અનુભવ ઉત્કટ હોય તો તે અનાયાસે કાવ્યદેહ ધરે એ એક વાતની આછી આગાહી ઉપરનાં વચનોમાં છે. એમાં હેઝ્લિટનો સંસ્કાર છે, અને તે અંગ્રેજી વિવેચનનો આપણા સાહિત્યમાં સંચાર સ્પષ્ટ કરે છે. કવિત્વશક્તિનાં લક્ષણોમાં હેઝ્લિટ પાસેથી જોસ્સો (Passion) અને 'ચિત્ર પાડવાની શક્તિ' (Imagination) નર્મદે લીધાં. અહીં સર્ગશક્તિના અર્થમાં આ 'ઇમેજિનેશન' શબ્દ તેણે નથી વાપર્યો, પણ ચિત્ર પાડવાની શક્તિ માટે યોજ્યો છે. આ અભિપ્રાય અનુસાર તેને દયારામમાં જોસ્સો જણાયો પણ ચિત્ર પાડવાની શક્તિ ન જણાઈ; શામળમાં તેને જોસ્સો ન જણાયો. પરંતુ 'કવિ અને કવિતા' નિબંધમાં 'ઇમેજિનેશન'નો અનુવાદ 'તર્કબુદ્ધિ'થી તે કરે છે. હેઝ્લિટ કહે છે :

It (poetry) is strictly the language of the imagination; and the imagination is that faculty which represents objects, not as they are in themselves, but as they are moulded by other thoughts and feelings, into an infinite variety of shapes and combinations of power."

નર્મદ આનું રૂપાન્તર કરે છે : 'એક વિચારને બીજા વિચાર સાથે કેટલો સંબંધ છે અને તેમાં ખરો ખોટો કીયો છે એ વાતની તપાસ કરનાર જે આપણી મનશક્તિ તે વિવેકબુદ્ધિ કહેવાય છે, અને બે અથવા વધારે વિચારોને પોતાની તરફનો પ્રકાશ આપી રંગનાર અને તેને તેજી આપનાર અને તેમ કરી નવો વિચાર ઉત્પન્ન કરનાર એવી જે મનની શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તર્કબુદ્ધિ કહેવાય છે.' અંગ્રેજી સાહિત્યમાં આ શક્તિને માટે પહેલાં 'ફેન્સી' શબ્દ વપરાતો તેથી કદાચ તર્કબુદ્ધિ શબ્દ નર્મદે યોજ્યો હશે, પણ તર્કબુદ્ધિ શબ્દથી તેને સર્જકશક્તિ અભિપ્રેત છે તે વિશે શંકા નથી. આ સર્જકશક્તિ નવનવોન્મેષ-શાલિની પ્રજ્ઞા પ્રતિભા આપણા આલંકારિકોએ કલ્પેલી તે જ છે. Poetry represents forms chiefly as they suggest other forms; feelings, as they suggest forms or other feelings. (Hazlitt) પ્રેમાનંદમાં વ્યંજના નથી એમ નર્મદ કહે છે ત્યારે તેને આ વ્યંજના અભિપ્રેત હશે. સંસ્કૃત આલંકારિકો પાસેથી કાવ્યનું રસતત્ત્વ પણ તેણે સ્વીકાર્યું. એ રસ અને અંગ્રેજી passion જોસ્સાનો મેળ તે ન કરી શકયો, પણ રસતત્ત્વનું મહત્ત્વ સ્વીકારવાથી તે શુદ્ધ કવિતાને પદ્યરમત, જોડકણાંથી જુદી પાડી શકયો, એટલું જ નહિ, કવિતાકલાને વર્ણ્યમાધુર્ય અને સંગીતથી અલગ કલા તરીકે પિછાણી શકયો. "આવી (દયારામના જેવી) રચનાની કવિતા ગાયનમાં ગવાય ત્યારે તેની અસર કંઈ થોડી નહિ. પણ લોકો રાગડા ઉપરથી જ કવિતાની પરીક્ષા કરે છે તે કેવળ ખોટું છે. રાગડાને ને કવિતાને કંઈ જ સંબંધ નથી. જેમ બીજા સાધારણ લોકો દયારામને મોટો કવિ સમજે છે તેમ હું પણ સમજતો. પણ જેમ જેમ તેનું કવન હું વાંચતો જાઉં છું અને રાગડા અને શબ્દરચનાનો વિચાર દૂર રાખી ફક્ત રસાલંકારયુક્ત કવિત્વશક્તિનો જ વિચાર કરું છું અને બીજા કવિઓની કવિત્વશક્તિ સાથે સરખાવું છું તેમ મારા વિચારમાં તેનું શ્રેષ્ઠપણું ઓછું થતું જાય છે.'

---

* 'રસ એટલે અંદરની મજા'. નર્મદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ ઉપરાંત નર્મદને મતે વિચાર વિદ્યા અને (રસથી ભિન્ન) વ્યંજના જોઈએ, અને એ પ્રેમાનન્દમાં ઓછાં છે એટલે પ્રેમાનન્દ પણ ઉચ્ચતમ કવિઓની કક્ષામાં આવી શકે નહીં. ઉત્તમ કવિ માટે હૅઝલિટે બાંધેલું લક્ષણ નર્મદ સ્વીકારે છે. જગતનાં સર્વ પાત્ર, સર્વ લાગણીઓ, સર્વ સંજોગોમાં સર્વ પાત્ર સાથે અને લાગણીઓની સર્વ કક્ષાઓ સાથે તદાકાર થઈ શકે, પાત્ર પોતે જ હોય, લાગણી પોતાની જ હોય, એવી પ્રતીતિ ઉપજાવતું લખી શકે તે ઉત્તમ કવિ. તદાકાર થવાની અસાધારણ શક્તિ એ ઉત્તમ કવિનું લક્ષણ છે. જીવનવસ્તુના ગર્ભમાં જવાની શક્તિ, જાણે પ્રકૃતિની સર્વ લીલાનો પોતે સાક્ષી હોય 'જાણે કે કુદરતના જીવ જોડે જ વ્યવહાર રાખતો હોય' એમ વાણી ઉચ્ચરવાની પ્રતિભા કવિમાં હોય છે.

બીજી કલાઓથી કવિતાને જુદી પાડતાં તેની ઉચ્ચતા પણ હૅઝલિટને અનુસરી નર્મદ સ્વીકારે છે. 'ભાષાનો કવિતાશક્તિ જોડે પાસેનો ને સીધો સંબન્ધ છે, તેથી ભાષા તેનું કહ્યું તરત ને ઘણું કરે છે.' કવિનું મન અને ભાષા વચ્ચે લગભગ સાક્ષાત્ સંબંધ હોય એમ લાગે છે, જે બીજા કલાકારોને તેમનાં ઉપાદાન સાથે નથી.

વિવેચન માટે નર્મદને દૃઢ ગજ મળ્યા નથી. આપણે હજી સુધી કરી શકયા નથી તો સંસ્કૃત અને યુરોપી કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તોનો એ સમન્વય તો કયાંથી જ કરી શકે? એવી અસાધારણ સમન્વયની શક્તિ તેના કોઈ પણ ચિન્તનપ્રકારમાં નથી જણાતી. છતાં તેણે વિવેચનમાં સાચી દિશા લીધી હતી. જે કસોટીઓ મળી તે તેના જમાના માટે આકરી ગણી શકાય એવી હતી. વળી નર્મદને મતે ટીકાકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારું નરસું બતાવવું, એટલું જ નહિ, 'વિશેષે નરસું બતાવવું કે જે જલદીથી દૂર કરવું જરૂરનું છે.' એ ધ્યેય જોતાં પણ એ આકરો ટીકાકાર ગણાય. અહીં ય શૂરવીરની ઢબે, ભાષાશક્તિમાં ન તણાઈ, સાચું લાગ્યું તે તેણે આખાબોલી નિર્ભીક સ્પષ્ટતાથી કહ્યું છે. કોઈ પણ કવિનો એ ભાટ નથી. પોતાના કે પારકા, દેશના કે વિદેશના છિદ્રને ઢાંકવાનું તેને કદાપિ મન જ થતું નહિ. સત્યશોધન માટે વિજ્ઞાનીની અને હેતુવાદીની દૃષ્ટિ રાખવા પ્રયત્ન કરનાર આપણો પ્રથમ સાહિત્યકાર અને વિવેચક નર્મદ છે. નિખાલસ માનવ; નિખાલસ વિવેચક.

નવલરામ

શૈલીમાં સમત્વ, વિચારમાં વધારે સમન્વય, પદ્ધતિમાં વધારે તટસ્થતા, અને સિદ્ધિમાં વધારે સ્થિરદ્યુતિત્વ એ લક્ષણો નવલરામને નર્મદથી ગદ્યકાર અને વિવેચક તરીકે જુદા પાડે છે. અને નવલરામની ખરી સિદ્ધિ વિવેચક ગદ્યકાર તરીકે જ છે તેથી અહીં વિવેચક નર્મદ સાથે જ તેની ગણના કરી લઈશું.

વિવેચક નવલરામની બે મર્યાદાઓ જોઈ શકાય. એક નર્મદના પ્રશંસક અને અનુગામી હોવાથી ઉદ્ભવેલી; અને બીજી શાળા, શિક્ષણ અને શાળાપત્રના સંબંધમાંથી ઉદ્ભવેલી. પહેલીને કેટલેક અંશે તેણે વટાવેલી; બીજી કેવળ મર્યાદા નહોતી. પોતે શિક્ષક છે, વસ્તુનું નિરૂપણ અર્થલક્ષી અને સરળ થવું જોઈએ એટલું જ નહિ, નીતિનાં ધોરણોનો પોતે ચોકીદાર છે એવી ધર્મભાવના નવલરામ વીસરી શકે નહિ. વિવેચન અને શિક્ષણના ઊગમકાળે આ લાભ હતો અને કદાચ એ પરિસ્થિતિમાંથી ગેરલાભ સંભવત તો સ્વકીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યવૃત્તિ અને સૂરતી સંસ્કારથી તે દૂર થયો હતો. આ ધ્યેય અને પદ્ધતિનો નવલરામનો વારસો નરસિંહરાવને મળ્યો.

નર્મદની કવિતાથી નવલરામ પ્રથમ અંજાઈ ગયેલા, પણ પછી તેને વિશે મત ફેરવી યોગ્ય મૂલ્ય આંકયું. "રસ એટલે અંદરની મજા' અને 'રસ એટલે ખરો જોસ્સો' એમ નર્મદનાં વિધાન અને વલણ લઈ એમણે જોસ્સો-મનોવિકાર -ઊર્મિ અને તેના યથોચિત વર્ણનથી થતો આસ્વાદ કારણ-કાર્ય રૂપે જોઈ લીધાં. 'ગમે તે મનોવિકારના (અર્થાત્ જોસ્સાના) પૂર્ણ બળનું (કુદરતી સચ્ચાઈથી) પ્રગટ થવું (એટલે કે આસ્વાદ્ય રૂપ થવું') તે રસ.' રસ એટલે 'delineation of passions'. પરંતુ નર્મદની જેમ નવલરામ પણ કવચિત્ આ જોસ્સાને મનોવિકાર કે ભાવ તરીકે સમજવાને બદલે જોશ, ઉત્કટતા, (vigour)* કે બળના પ્રતિપાદક શબ્દ તરીકે લેતા અને "સુબોધચિંતામણિ" જેવા ગ્રંથવિવેચનમાં આવેગ કે આવેગડ બરથી છેતરાતા પણ ખરા.

'જુસ્સો-સાચા અંતઃકરણનો જુસ્સો-ઊભરાતો ઊછળતો જુસ્સો-જે પોતાના સત્ય સ્વરૂપમાં તલ્લીન થઈ ગયેલો છે, અને બીજાને કેમ લાગશે તેનો કાંઈ પણ પરવાહ રાખતો નથી, એવો સ્વયંપ્રકાશ સાચા દિલનો જુસ્સો, એ કવિતાનો અને તેમાં વિશેષે કરીને સંગીત-કવિતાનો તો અવશ્ય આત્મા જ છે. એ વિના સઘળો પદ્યબંધ શબવત્ છે, અને જ્યાં આવો સાચો ઊભરાતો જુસ્સો છે, ત્યાં બીજા ગમે એવા ને ગમે એટલા દોષ હોય, તો પણ કવિત્વ-મનોહર કવિત્વ-અવશ્યે જ

*"સૂરનો કેવળ ત્યાગ કરી માત્ર તાલ સંભાળી અર્થને આધારે જ જુસ્સો લાવી વાંચવું તેને કવિતા બોલવી એમ કહે છે."

નવલગ્રંથાવલિ (તારણ) પૃ. ૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલું છે. ભાઈ વલ્લભદાસના કાવ્યની સઘળી મોહની આ જુસ્સામાં જ રહેલી છે." અને દાખલામાં નવલરામ ટાંકે છે: 'અણસમજુ, અર્ધમૂઆને મારી કાં પૂરો કરો! છાતી પર ચડી ઘોંચો શું કંઠે છરો?'*

આ અવતરણમાંનું જુસ્સાના ગુણ વિશે વિધાન કે 'બીજાને કેમ લાગશે તેની કાંઈ પણ પરવાહ રાખતો નથી.' તેમજ એ જુસ્સાનું ઉદાહરણ વાચકને શંકામાં નાખી દે છે. કોઈ પણ રસના સ્થાયિભાવ કરતાં કેવળ વીરના સ્થાયિ-ભાવ ઉત્સાહની અપેક્ષા નર્મદની માફક નવલરામ રાખી બેસતા. એટલું તો ખરું જ કે કોઈ ભાવની ઉત્કટતા અને સામાન્ય ઉત્સાહ અને ઓજસ્ એ બે પદાર્થો નવલરામના વિવેચનમાં ગૂંચાઈ ગયા છે.

શિક્ષકના વ્યવસાયની અને શાળાપત્રની નીતિની મર્યાદા 'કલાન્ત કવિ'ની તોછડી નોંધમાં જણાઈ આવે છે. 'એમાં ઠેકાણે ઠેકાણે ઉઘાડો શૃંગાર અને પરકીયા ભાવ હોવાથી અમે તેનું વિશેષ વિવેચન જ લખવા રાજી નથી.' આમાં નર્મદને અનુયાયી સૂરતી રસિયો શિક્ષક નવલરામથી પરા-ભવ પામે છે. 'રામારત્નનિરૂપણ'માં નવલરામ રોષપૂર્વક ઉદ્‌ગાર કાઢે છે: 'આ કવિતામાં જે શુદ્ધ ઊંચો પ્રેમ તમે વર્ણવ્યો છે તે કયાં અને મલ્હારરાવ કયાં? એ વિષયાસક્ત પશુનું નામ એક જ સમે પણ મુખમાંથી કાઢીને શા માટે પ્રેમના પવિત્ર શબ્દને અભડાવો છો?'

પરંતુ એકંદરે અને પ્રધાનપણે નવલરામનું દૃષ્ટિબિન્દુ કલારસિકનું–રસનિષ્ઠ ને સૌંદર્યપરાયણ છે. એ સિદ્ધિમાં આપણા ગદ્યલેખકોમાં એ પ્રથમ છે. વિવેચક તરીકે એ

* નવલગ્રંથાવલિ (તારણ) પૃ. ૧૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની મોટી કીર્તિ છે. 'અમારો હેતુ એમ નથી કે નાટકો બોધપ્રધાન હોવાં જોઈએ. નાટક લખનારે બોધ કરવા ઉપર લક્ષ રાખવું જોઈએ, એમ પણ અમે કહેતા નથી. અમારા વિચારમાં તો બોધ કરવો છે એ વાત જ ભૂલી જાય તો સૌથી સારું છે.' * 'રસ જે કાવ્યનાટકોનું લક્ષણ, તે જેણે છોડ્યું, તે કાવ્યનાટકે તો પોતાનો સ્વધર્મ જ છોડ્યો, અને તેમ થયું એટલે ત કશા કામનું રહ્યું નહિ. સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી.'÷ ધર્મ, રાજકારણ, નીતિ, રીત-રિવાજ આદિમાં નવલરામને અમુક અમુક ચોકસ મત હતા તથાપિ કોઈ મત વિશે દુરાગ્રહ ન હતો. ભિન્ન ભિન્ન મતોની તુલનામાં તથા વ્યક્તિવિશેષોના તોલમાં તે પ્રશસ્ય સમદૃષ્ટિ રાખી શકતા. 'પક્ષાપક્ષી વગર સર્વ પક્ષમાંથી સારાસાર શોધનારા મહા ઊંચી બુદ્ધિના શાન્ત પુરુષોનો' પુરસ્કાર કરી એકપક્ષી ગ્રંથની ઉત્સાહવૃદ્ધિ અર્થે ઉપયોગિતા પણ નવલરામ સ્વીકારે છે; એટલું જ નહિ, કોઈ મતનો લાગણીપૂર્વક આગ્રહ એ કલાને બાધક નથી એવું વલણ પણ નવલરામનું તરી આવે છે. તે જ રીતે સૌન્દર્યપરિશીલનમાં ઉદાર દૃષ્ટિ તેમના ભાષાશૈલી વિશેના વિચારોમાં પણ જણાય છે. એકાગ્ર અને સર્વાંગ, સંક્ષિપ્ત અને વ્યસ્ત, બંને શૈલી નવલરામને મતે સારી છે. 'અને જેની બુદ્ધિ જે શૈલીને અનુકૂળ હોય તેને અનુસરી તે પ્રમાણે લખે, તો બંને શૈલીના ગ્રંથ સમાન જ રસ આપે છે.'× નવલરામની વિવેચનદૃષ્ટિ પ્રૌઢ ભાષાથી તેટલી જ વ્યવહારી

* નવલગ્રંથાવલિ પૃ. ૬૧ ÷ નવલગ્રંથાવલિ પૃ. ૬૧

× નવલગ્રંથાવલિઃ સુબોધચિંતામણિ પૃ. ૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાથી રાજી થાય છે, જો વિષયને અનુકૂળ હોય તો.*

રસ, તર્ક (સર્ગશક્તિ, કલ્પના, imagination) અને ચિત્રણશક્તિ, કાવ્યનાં એ ત્રણ તત્ત્વો ઉપર અવ્યગ્ર લક્ષ રાખવાથી નવલરામ ઉત્તમ વિવેચક થઈ શક્યા છે. વળી રસની પરીક્ષામાં પરંપરાના એ દાસ નથી. પ્રેમાનંદમાં વીરરસ ઘણો છે એમ જણાવી તેઓ ઉમેરે છે: "કલ્પિત શસ્ત્રો વડે કીધેલાં અસંભવિત પરાક્રમોનાં વર્ણનથી હાલના અગ્નિરથ અને વીજળીયંત્રના કુદરતી ચમત્કારથી ચમકી રહેલા ઓગણીસમા સૈકાના વિદ્વાનો રસમગ્ન થઈ જાય એ તો મુશ્કેલ જ તો અદ્‌ભુત સાથે વીરરસ ઊડી ગયો—એ બંને વચ્ચે આત્મા ને શ્વાસનો સંબંધ છે.'× સામે પક્ષે પરંપરામાં દોષ હોય છતાં પરંપરા એ વાસ્તવિક, જીવનસ્પર્શી હકીકત હોય તો તેનો સ્વીકાર પણ નવલરામમાં છે. મતલબ કે નવલરામનું વિવેચન તાત્ત્વિક બનતાં હવાઈ બનતું નથી; વસ્તુસ્થિતિની પકડ હંમેશ રાખે છે. ભવિષ્યની છંદોબદ્ધ ગુજરાતી કવિતાનો નિર્દેશ કરતાં કહે છે: 'છંદોબધ્ધ કવિતામાં પણ એક વૃત્તના કાવ્યોવાળી ભાષાની પદવીએ પહોંચતાં હજી ગુજરાતીને વાર છે. અને તે વખત આવવા પહેલાં અવશ્યનું એ છે કે કવિતા ગાવાની રીત જઈ આપણામાં તે બોલવાની રીત પડવી જોઈએ.÷ છતાં હાલ તો, અર્થાત્ નવલરામના સમયની વસ્તુસ્થિતિ જોતાં, 'જ્યાં સુધી આપણી કવિતા રાગની સાથે સંલગ્ન પામેલી છે, ત્યાં સુધી તેને અનુસરી વર્તવામાં જ બંનેની શોભા છે.' આમ સમદૃષ્ટિ, વિવેચન વિષયમાં કલાલક્ષિતા,

* નવલગ્રંથાવલિ–પૃ. ૧૬૪
× નવલગ્રંથાવલિ 'કવિ નર્મદાશંકરની કવિતા' પૃ. ૧૬૪
÷ નવલગ્રંથાવલિ–પૃ. ૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વસ્તુનિષ્ઠા એ સામાન્ય ગુણો નવલરામના વિવેચનાત્મક ચિન્તનના જોઈ શકાય છે.

ઉપર જોયું કે 'જોસ્સો' શબ્દે નવલરામની ચિન્તનસામગ્રીમાં ખામી અને ગૂંચ આણી છે. પણ તે આપણે અળગી કરી શકીએ. ૧૮૮૨માં લખેલા 'કાન્તા' વિવેચનલેખમાં રસનું મૂળ સ્વભાવમાં છે એમ જણાવી 'રસસાધકે દોઢડાહ્યું કે ડોળ કરવું નહિ' એવી શિખામણ તે આપે છે; 'કેમકે ડોળ એ જેટલું ધર્મપક્ષે તેટલું જ રસપક્ષે પણ વિનાશકારી છે.' સાહિત્યકારે પોતાના અનુભવને, રસાનુભવને વફાદાર રહેવું એ પૂરતું આ મન્તવ્ય શુદ્ધ છે. પરંતુ ભારતીય રસસિદ્ધાંત અને યુરોપી અનુકરણાદિના સિદ્ધાંતનો મેળ ઘટાવવો નવલરામને બહુ દુષ્કર લાગ્યો છે. રસનું મૂળ સ્વભાવમાં છે એમ કહેવામાં નવલરામને રસબુદ્ધિ જ અભિપ્રેત છે. 'રસબુદ્ધિનું માણસ હશે તો તેની વાણીમાં સ્વાભાવિક રીતે જ રસ આવ્યા વિના રહેશે નહિ.'* પરંતુ રસતત્ત્વ મનુષ્યમાં નહિ પણ કુદરતમાં છે એમ તે જણાવે છે. ૧૮૬૭માં આ ગૂંચ ઉપર એમણે ઘણો વિચાર કર્યો જણાય છે. 'માયા એટલે કુદરતના સ્વરૂપનું ખરેખરું ચિત્ર તે કવિતા,"÷ એમ શરૂ કરી માયા પદ સ્પષ્ટ કરે છે. 'સૃષ્ટિને આરંભે સૃષ્ટિ ચલાવવાને માટે જે ધોરણ, જે ગોઠવણ, જે યુક્તિ કરી મૂકી છે, અને જે ગોઠવણ પ્રમાણે સંસાર ચાલ્યો જાય છે તે 'ગોઠવણનું નામ તે કુદરત (Scheme of Providence) એવો અર્થ કરીએ તો થાય, અને એ અર્થથી nature કરતાં વધારે સ્પષ્ટ જ્ઞાન થાય છે. માયાનો અર્થ એવો જ છે, પરંતુ વેદાન્તશાસ્ત્રના

---

* નવલગ્રંથાવલિ 'કાન્તા'–પૃ, ૩૪

÷ નવલગ્રંથાવલિ 'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો'–પૃ. ૨૭૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતને અનુસરતાં કેટલાંક વિશેષણો-જૂઠી, ઠગનારી-નો એમાં સમાવેશ થયેલો છે. એ વિશેષાર્થ લેવાની કાવ્યશાસ્ત્રમાં કાંઈ જરૂર નથી.' આમ માયામાં સમગ્ર જીવન, સંસાર અને ઋતનો સમાવેશ થયો. પણ આમાં એરિસ્ટોટલનો 'ઇમિટેશન' અનુકરણનો સિદ્ધાન્ત કેમ આવે ? તેથી નવલરામ ઉપરની વ્યાખ્યામાં કવિતા એટલે poem, વિશિષ્ટ કાવ્યપુદ્‌ગલ,* અને કવિતાતત્ત્વ-રસ-તે તો કુદરતસ્વરૂપ જ છે, એમ કહે છે. કુદરતનું સ્વરૂપ, માયા, તે કવિતા-poetry; તે સ્વરૂપનું ચિત્ર-imitation તે કાવ્ય, અને ચીતરનાર તે કવિ. 'નર્મદાશંકરની કવિતા'માં એ જ વિચારનું સ્પષ્ટીકરણ છે. 'જે અર્થ આપણા મનમાં ચિત્ર પાડી નાના પ્રકારની લાગણીઓ ઉપર અસર કરે છે તે કવિતા અને એ ચિત્રની સાચાઇ અને સંપૂર્ણતા ઉપરથી કવિતાના ક્રમ બંધાય છે. કુદરત અથવા માયાના સ્વરૂપનું બરેબરું પૂર્ણ ચિત્ર તે ઉત્તમ કવિતા.' એરિસ્ટોટલ અને બેકનનો સિદ્ધાન્ત સમન્વિત કરીને રસસિદ્ધાંત સાથે ઘટાવવાનો પ્રયત્ન પણ નવલરામ 'હાસ્ય અને અદ્‌ભુત રસ'ના લેખમાં કરે છે. 'ગમે તે મનોવિકારનું પૂર્ણ બળથી પ્રગટ થવું તે રસ. સંસારમાં તે મનોવિકાર વિવેકથી, રીતભાતથી, પ્રસંગની ખામીથી, અથવા બીજા મનોવિકારથી બરાબર પુષ્ટિ પામતો નથી. કાવ્યસૃષ્ટિ (Poetic world) તે એ જ. દરેક મનોવિકારનું બરેબરું કેટલું જોર છે તે માણસ પોતાના મનમાં જ જાણે છે-બારણે પ્રગટ કરવાને ચાહતો નથી, અને તેથી તે

---

* આવી કવિતા, વાઙ્મયી કવિતા, વિશે નવલરામનો નિશ્ચય છે કે કવિતાનો સંપૂર્ણ સમાવેશ પદ્ય વિના બીજા રૂપમાં થઈ શકતો નથી. નવલગ્રંથાવલિ : 'દેશી પિંગળ'-પૃ. ૨૯૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં જોવામાં આવતું નથી, પણ પ્રકૃતિમાં છે. તેથી જ્યારે કોઈ માણસ તેનાં પરાક્રમ કવિકલ્પિત વર્ણનોમાં વાંચે છે ત્યારે તેનું અંતઃકરણ અંદરથી સાક્ષી આપે છે અને એ વર્ણન જ ખરું છે, તથા સંસાર જૂઠો છે એવો ભાસ થાય છે.' આ વિચાર તો જાણે બેકનના વિચારનો ગુજરાતી ગદ્યમાં અન્વય કરીને મૂકયો હોય એવો છે.

"Poetry...raises the mind and hurries it into sublimity, by conforming the shows of things to the desires of the soul, instead of subjecting the soul to external things."

નવલરામ આમ કવિતાના તત્ત્વ સંબંધી મંથન કરે છે પરંતુ તેમાંથી પરિપકવ સુસંગત સિદ્ધાન્ત તેમને પ્રાપ્ત થતો નથી. તેમને ય એ વાતનું ભાન છે. ભાવનામય સ્થાયિ-ભાવોનું કવિદ્વારા ભાષામાં અનુકરણ એમ સિદ્ધાન્ત સ્થાપીએ તોપણ રસનું સમીકરણ કેવળ કુદરત સાથે નહિ થઈ શકે, કેમકે લાગણીઓને મનુષ્યના ચિત્ત-તંત્ર સાથે અવ્યભિચારી સંબંધ છે અને મનુષ્યવ્યતિરિક્ત કુદરતને રસનું અધિષ્ઠાન ગણવું અકલ્પ્ય છે. આ વસ્તુના આછા ભાનથી તેમને લાગે છે કે 'કુદરતની હદ વધારવી પડશે. બેકન કરતાં પણ વધારે ઝીણી રીતે કુદરતને જોવી જોઈએ'* એરિસ્ટૉટલ અને બેકન બન્નેના કવિતા વિષયક સિદ્ધાન્તોને સમાવે અને ટપી જાય એવો નવો રસશાસ્ત્રનો

* નવલગ્રંથાવલિ : 'મનના વિચાર'–પૃ. ૨૮૫. સરખાવો:–

"Poetry then is an imitation of nature, but the imagination and the passions are a part of man's nature." Hazlitt.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિધ્ધાંત રચવો જોઈએ. આ નવલરામની માત્ર અભિલાષા છે; તેમની સિધ્ધિ કે સ્થિર સાધના નથી.

રસ અને કુદરતનું સમીકરણ કરતાં હાસ્ય અને અદ્‌ભુત રસની ચર્ચામાં દોષ આવે છે. બીજા સઘળા રસમાં કુદરતની નકલ હોય છે પણ હાસ્યરસમાં, નવલરામના ઊહરૂપ ધરેલા મતે, કુદરતની વિકૃતિરૂપ [distorted] નકલ હોય છે.

'સૃષ્ટિસૌંન્દર્યમાં હાસ્યરસ હોય જ નહિ'* અને અદ્‌ભુતનું મૂળ કુદરતની નકલ હોઈ શકે નહિ એમ નવલરામ સ્પષ્ટ જણાવે છે. 'નકલ' સિધ્ધાન્તને સાહિત્યના સર્વ અંગમાં ઘટાવવા જતાં કવિનું વ્યકિતત્વ, તેનો પોતાનો પ્રતિભાવ, તેનું પોતાનું અનુભવ ઉપરથી કરેલું કલ્પન કાવ્યમીમાંસામાં અપરિહાર્ય બને છે. અને એ અપરિહાર્ય છે જ.

શુધ્ધ હાસ્ય અને શુધ્ધ અદ્‌ભુતના ચિંતનમાં નવલરામની અપૂર્વતા થોડીઘણી છે. આ વિષયમાં અને નાટકની ચર્ચામાં સામાન્ય વ્યવહારુ બુધ્ધિનો નિખાલસ વિચાર અને કુદરતી અને કૃત્રિમના ભેદ ઉપર ઠરેલ દૃષ્ટિ નવલરામની જોઈ શકાય છે. હાસ્ય વિશે એ જણાવે છે કે કિયાનાં કારણ અને પરિણામ એ બંને ઉપર હાસ્યરસ અને તેની સ્થૂળતાસૂક્ષ્મતાનો આધાર છે. અજ્ઞાનને અથવા નિર્દયને જેમાં હાસ્યરસ લાગે તે કોમળ અથવા ઊંડી લાગણીવાળાને ભયરૂપ દેખાય.' વળી હાસ્યનિરૂપણમાં અસંભવ તો હોય, અસંભવ છે માટે જ દોષ નથી; પણ તે સીમા વટાવે તો દોષ બને. હાસ્યનો રૌદ્ર અને ભયાનક સાથેનો સંબંધ નવલરામે ઊંડી સમજથી અને આગ્રહ વિના તપાસ્યો છે. જુગતીથી ઊભો કરેલો અદ્‌ભુત ખરો અદ્‌ભુત ન કહેવાય. 'કરણઘેલો'માં કૃત્રિમ અદ્‌ભુત છે, કેમકે હરપાળની

* સૃષ્ટિસૌન્દર્યમાં હાસ્યરસ નથી એ મત મને વાસ્તવિક લાગતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધના જેવા પ્રસંગમાં જગતના સાધારણ નિયમનું અનુસરણ છે પણ તે એકદમ કળાતું નથી. છેતરતો અદ્‌ભુત અદ્‌ભુત નથી : આપણું ભોળપણ જણાઈ આવતાં આપણામાં શરમ અને કોપના ભાવ ઊપજે છે અને અદ્‌ભુત ઓસરી જાય છે. નાટકવિચારમાં પણ આવી જ આધુનિક દૃષ્ટિ છે. સંસ્કૃત કવિઓ પરંપરાના અને શાસ્ત્રના દાસ બની ક્રિયા કરતાં રસનું પ્રાધાન્ય વધારે ગણે છે, પરંતુ રસનાં બધાં અંગ શાસ્ત્રીય ચીવટથી લાવતાં જ રસહાનિ થવા દે છે. ભજવાતાં નાટકમાં ક્રિયાનું પ્રાધાન્ય હોવું જ જોઈએ, તેમાં કથન અને વર્ણનનું સ્થાન ગૌણ છે. રસની, શૈલીની, ભાષાની, નાટકની, હરકોઈ વસ્તુની ચર્ચામાં નવલરામ સામાન્ય સાહિત્ય અને સાહિત્યના વિશિષ્ટ પ્રકારને અનુલક્ષી પ્રયોજન દૃષ્ટિ અચળ રાખે છે. મુદ્દાની વાતને વળગો, આડાઅવળા જશો નહિ, એ જાણે તેમની સમગ્ર વિચારણાનું સૂત્ર છે...

અંગ્રેજી કેળવણી વધવા છતાં હિંદની દેશભાષા અંગ્રેજી કદાપિ નહિ થાય. વિદ્વાનોની થાય, પણ ઘરની ભાષા એ બનનાર નથી. એટલે આન્તરપ્રાન્તીય વ્યવહાર માટે હિંદુસ્તાનીનો પુરસ્કાર નવલરામ કરે છે. વળી 'અમને સંસ્કૃત શબ્દનો અનાદર નથી. અમે બજારની કે બીજી ભાષાનો પક્ષ કરનારા નથી. અમને ગામડિયા ભાષાનો તો તિરસ્કાર જ છે. અમને ભાષાપ્રૌઢિ કેટલેક દરજ્જે ગમે પણ છે.'* એમ સ્વીકારીને પણ સંસ્કૃતમય ગુજરાતીનો નવલરામ વિરોધ કરે છે. એ વિરોધનો સંપ્રદાય અંબાલાલ સાકરલાલ, બબરદાર, ગાંધીજી આદિમાં ચાલુ રહ્યો છે. 'લોક તો અભણ મૂર્ખા છે' એવા મદમાં તણાયા વિના ગ્રંથકારે ખાસ કરીને અંગ્રેજી

* નવલગ્રંથાવલિ-પૃ. ૧૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગ પહેલાંનાં પુસ્તકો **પ્રેમશ્રદ્ધાથી** વાંચ્યાં. પ્રેમશ્રધ્ધાથી, કેમકે 'કોઈપણ ગ્રંથકારની શૈલી ઉપર આસકત થયા વિના તેની છાપ આપણી શૈલી ઉપર પડતી નથી.'*

નવલરામની ગદ્યશૈલી સુગમ અને સરળ છે; અર્થલક્ષી છે, સૌન્દર્યલક્ષી નથી; ભારક્ષમ છે, આડંબરી નથી. સૂક્ષ્મ મનન, વીગતપ્રચુર વર્ણન, સળંગ વૃત્તકથન, મર્મનર્મયુક્ત વિનોદ, અને પ્રબળ લાગણી એ સર્વને પહોંચી શકે અને છતાં ઋજુતા ન છાંડે એવું લાક્ષણિક સામર્થ્ય તેમાં છે.+ પદ, પદમંડળ, વાકયરચના, વાકયકલાપ, કશામાં ઓહોજનક નવીનતા લાવ્યા વિના, ભાષાની પોતાની શક્તિને પ્રકાશિત કરી, તેના સ્વભાવને અવિરુધ્ધ રહીને તેના

---

* નવલગ્રંથાવલિ–પૃ. ૧૬૭

+ વાદપ્રતિવાદની ઝીણી સયુક્તિક સદાગ્રહી ચર્ચાનું ઉત્તમ ઉદાહરણ 'સુધારાનું ઇતિહાસ રૂપે વિવેચન'માં મળી રહે છે. સુધારાનાં કારણો ગણાવતાં નવલરામની બુદ્ધિ તટસ્થ રહી છે, તેથી તેમને વહેમ રહે છે કે, 'મારા વિચાર ઉભયપક્ષને વખતે વસમાં લાગશે.' પણ તટસ્થતા કરતાં તત્ત્વશોધ, તત્ત્વનિષ્ઠાનો મોટો ગુણ એમાં જણાય છે. કારણને કારણરૂપે અને કાર્યને કાર્યરૂપે જોઈ, 'અંગ્રેજી કેળવણીથી જે જ્ઞાન તથા વૃત્તિઓ ઉત્પન્ન થાય છે તે જ સુધારાનું આદિકરણ છે,' સરકાર, સભાઓ કે સુધારાવાળાઓ નહિ, એમ નવલરામ સિદ્ધ કરે છે. અંગ્રેજી કેળવણી છે, તો નર્મદ 'સુધારો પડી ભાગ્યો' એમ ભલે રટે પણ એ મિથ્યા છે. 'કરસનદાસ મરી ગયા, કવિરાજ ફરી ગયા, ને (માનો કે) મહીપતરામ ડરી ગયા, તો પણ થયું શું?' મૂળ શક્તિ, અંગ્રેજી કેળવણી પ્રત્યક્ષ જીવતી છે, તો સુધારો પણ 'જીવતો, જાગતો, ને ટટાર' જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવર્ધનને ધ્યાન એવી નવીનતા પૂરી, નવલરામ લખે છે. રચનાનો મરોડ એવો દૃઢ અને સ્વાભાવિક, પદાવલિ એવી પરિચિત ને શિષ્ટ કે નવા સંસ્કૃત શબ્દોનું ભારણ પણ એમાં સમાઈ જાય છે અને સરળતાની એની સમગ્ર છાપમાં વિક્ષેપ આણતું નથી, એના પરિપાકવિશેષમાં કલેશકર નીવડતું નથી.*

શબ્દો પરિચિત અને વાકયો ટૂંકાં છતાં શૈલીમાં અવજ્ઞા-પ્રેરક બજારીપણું નથી. નવલરામની ભાષા સુઘડ છે અને એમનાં વાકયો ટૂંકાં છતાં ગાંધીજીમાં થાય છે તેમ લયમાં તદ્દેવતા લાવતાં નથી. વાકયોનો બંધ દૃઢ અને વૃથા પથરાટ વિનાનો, સંક્ષેપમાં રાચતો છે. તેથી ગદ્યશૈલી રમણીય નહિ પણ સુઘડ તો થાય છે જ.

અર્વાચીનોમાં નવલરામની જ શૈલી પણ વધારે વિકસિત સ્વરૂપની અને પરિભાષા પૂરતી સંસ્કૃતનો વિશેષ આદર કરનારી શૈલી, રામનારાયણમાં જોવામાં આવે છે,–પારદર્શક, તર્કાનુકૂલ અને સુઘડ. સમકાલીનોમાં નર્મદની–લય, ઢાળાની દૃષ્ટિએ–ડર્માણુયા પ્રકારની શૈલીનો સંસ્કાર ઠેઠ સુધી નવલરામમાં રહ્યો છે. પ્રત્યક્ષ બોધ સારુ કે ઉદ્બોધનને પ્રસંગે નવલરામનો ગદ્યઢાળો નર્મદાશંકરને વારંવાર અનુસરે છે.+

---

*રમણભાઈ, નરસિંહરાવ, આનંદશંકરની શૈલીની સમગ્રતાના પ્રત્યયમાં અંગ્રેજી સંસ્કૃત અવતરણોનું વ્યવધાન નડે છે.

+ઉ. ત. 'નવું તેટલું બધું સારું જ, જૂનું તે ખોટું જ–જો વિજ્ઞાયતી મતને મળતું આવે નહિ તો, બ્રાહ્મણો પર ગાળોનો વરસાદ, તેમણે પોતાના સ્વાર્થને માટે જ શાસ્ત્રો બાંધ્યાં છે એવો આરોપ, ને કદાપિ તેઓ ગમે એવા વિદ્વાન તે કાળે હશે પણ હાલ હું જે સમજું છું અને બોધું છું તે કરતાં તો બેહદ ઊતરતા જ એવો અંતરનો ભાવ, વગેરે કેટલીક વાતો તો આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ, સામાન્ય રીતે, નવલરામના ઢાળામાં મેળ, સંવાદ, સમતત્વ, સમથળપણું રહે છે. પરિચ્છેદોમાં વાકયોના લઘુતા-દીર્ઘતા, શબ્દોની રૂઢારૂઢતા, સમસ્ત લયની એકતાને અનુકૂલ હોય છે; વાકયો વાકયઢગ બનવાને બદલે વાકયમંડળ બને છે અને રુચિરતા સાધે છે. અભિપ્રાયમાં મક્કમપણું, ઉપદેશમાં આર્જવ અને લાગણીમાં ઉત્કટતા આવતાં નીચેના પરિચ્છેદના જેવી મનોરમ શૈલી પણ નવલરામની થાય છે.

'અમે કહીએ છીએ કે ગુજરાતી ભાષા બિનખેડાયેલી નથી. વિદ્યાદિક વિષયના વિચારને માટે શબ્દો નથી. પણ એ તો દરેક ભાષામાં નવી વિદ્યા દાખલ થાય છે ત્યારે હરકત નડે છે, અને ત્યાં જેમ થતું આવ્યું છે તેમ અહીં પણ થવું

ગ્રંથમાં હશે એમ આપણે અગાઉથી જાણવું જ જોઈએ, અને એવાં વેણો તો સુધારાવાળાનું મન ધરાય ને વળી વધે એટલે સુધી બોલતાં આ જુવાનિયાએ જરા પણ આચકો ખાધો નથી. મુખપૃષ્ઠ ઉપર જ જે શ્લોક મૂકયો છે તેમાં વાંચનારને સાફ કહે છે કે આવો, મારા હાથનો (ગાળોરૂપી) તમાચો ખાઓ કે તેથી તમારું કલ્યાણ થાય. શી ફક્કડાઈ! શેઠ વલ્લભદાસ તો પૂર્વ કાળના નર્મદાશંકરને પણ એક કોરે બેસાડે એવા જણાય છે.'

ન. ગ્રં. 'સુબોધચિંતામણી'–પૃ. ૮૭

"ભાઈઓ, તમે આવાં છેક લોકવિરુદ્ધ કડવાં જ લખાણથી શો સાર કાઢવાની આશા રાખો છો? શું આવાં લખાણથી લોકો સુધારામાં દોડયા આવશે એમ તમે ધારો છો? પવન ને સૂરજની વાતનો સાર કેમ ભૂલી જાઓ છો? જો લોકોને હસ્તે તમે સુધારો કરાવવા ચાહતા હો, તો તો તેમને મીઠાશથી રીતસર બોધ કરવો જોઈએ, ને જો તમારે તેમની કાંઈ પરવા ન હોય અને તમારે એકલા જાતે જ સુધારા કરવા હોય તો તો આ બધા બકઝકાટનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. જૂના શબ્દોની મેળવણીથી તથા ભાષાના વલણને અનુસરી નવા શબ્દ યોજવામાં આવ્યા હોય તો તે ભાષામાં ચાલી શકે છે, અને તે માટે કોઈ દોષ કાઢતું નથી. વિના કારણ એક શબ્દ પણ નવો ન જ લખવો જોઈએ. તેમાં કવિતાના વિષયમાં તો જે માણસ ગુજરાતી ભાષાને અપૂર્ણ સમજતો હોય તે ભૂલ જ કરે છે. જો ગુજરાતી ભાષામાં પ્રેમાનંદ જેવા મહાકવિના સર્વ રસના સઘન વિચારો સમાઈ શકયા, જો શામળભટ્ટની પોતાના સમયને ચીતરતી તથા સંસારને અવડોકતી પ્રબોધતી કલમને ગુજરાતી ભાષાથી કાંઈ આંચકો પડયો નહિ, જો દયારામની અતિ સૂક્ષ્મ લાગણીઓ સ્વચ્છંદપણે પોતાનો પ્રકાશ કરી શકી, જો મુક્તાનંદ બ્રહ્માનંદ વગેરે નવા ધર્મનો ગંભીર તથા ઊછળતો જુસ્સો તડાકાની

શું કારણ છે? કહો છો તેમ તમારી મેળે કરો, અને નાતજાતને તેની મરજીમાં આવે તેમ કરવા દો. તેને ગાળો ભાંડી કે દબાવી તમારા વિચાર તેના પાસે મનાવવા પ્રયત્ન કરવાનો તમને શો હક છે? જો તમને તેમ કરવાનો હક છે તો તે લોક પણ તમને તેમના વિચારને તાબે કરવા શા માટે ગાળો નહિ ભાંડે કે દબાણ નહિ વાપરે? તેનું તો જૂથ મોટું તેથી ફાવશે પણ ખરા, અને થાય છે પણ તેમ જ. માટે આવા ઉચ્છૃંખલપણામાં કાંઈ સાર નથી, ને તે વાજબી પણ નથી. ને જેને દેશની ખરી દાઝ છે તેણે એમ કરવું પણ નહિ જોઈએ. એ દેશદાઝનો નાહ પણ પોતાના લખાણની નાદાની ભરેલી ફક્કડાઈ બતાવવાનો જ રસ્તો છે. મહેતાજીએ તો આ બાબત ખાસ સંભાળ રાખવાની જરૂર છે, કેમકે આવી બોલી-ચાલીથી નિશાળ પરથા લોકોની પ્રીતિ ઊઠી જાય છે, અને જે કામ કરવાને સારુ સરકાર પગાર આપે છે તે તૂટી પડે છે.'

ન. ગ્રં. (તારણ): 'વિધવાનો વકીલ'–પૃ. ૧૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે બીજાને દર્શાવી શકયા, જો નિષ્કુલાનંદનો તીવ્ર વૈરાગ્ય તેની દરેક લીટીમાં સંપૂર્ણ સમાઈ રહ્યો છે, તથા ધીરો, દેવાનંદ, ભોજો ભગત વગેરે કેટલેક દરજ્જે અભણ હતા તો પણ તેમણે તપીને ભૂલમાં અથડાતા જગતને જે વેણ સંભળાવ્યાં તે તેનાં સફળ સ્પષ્ટવકતાપણાને માટે અદ્યાપિ મશહૂર છે; તો એવી જે સબળ ગુજરાતી ભાષા તેને કવિતા કે સદુપદેશને માટે નબળી ગણવી એ કેવો અનાહુત અન્યાય છે? એ માત્ર બોલનારનું એ ભાષા સંબંધી અજ્ઞાન કે અશકિત જ પ્રગટ કરે છે. ઉપર લખેલા સઘળા કવિઓને નવા જ વિચાર કે ગુજરાતી કાવ્યમાં નવો જ પ્રદેશ દેખાડવાનો હતો, પણ તેમનામાં ભાષાબળ જોઇએ તેવું હોવાથી તે કામ તેઓને હાથ કેવું સફળ થયું તે ગુજરાતની તમામ પ્રજા જાણે છે. પ્રયાસ, અભ્યાસ ને સૂક્ષ્મ બુધ્ધિ, એ તેમને બેશક બહુ જ વાપરવાં પડયાં હશે, અને તે પ્રમાણે જો હાલના લખનાર કરે તો તેમને પણ માલૂમ પડે કે ગુજરાતી ભાષા મનના ધાર્યા વિચાર બહાર પાડવાને કેવી બળવાન છે. આ તો રેવરંડ ટેલર એ બાબત કહે છે તેવું જ થાય છે. 'અંગ્રેજીમાં કહેવત છે કે મૂઢ સુથાર વાંસલા વીંધણાંનો વાંક કાઢે.' એ સ્વર્ગવાસી વિદ્વાન પરદેશી હતો. તે પરધર્મનો પ્રસારક છતાં એને ગુર્જરી ભાષાનું સમજની સાથે સારું અભિમાન હતું, અને તેના જ જુસ્સા ભરેલા શબ્દમાં અમે આ વિષય પૂરો કરીએ છીએ. "ગુજરાતી —આર્યકુળની, સંસ્કૃતની, ઘણી ઉત્કૃષ્ટ ભાષાઓની શાખા!— તેને કોણ કદી અધમ કહે?' આવાં વચન પરદેશીના મુખથી સાંભળી કયો ગુજરાતી પોતાની જન્મભાષાને જંગલી કહેતાં નહિ લાજી મરે એ સવાલ અમે અમારા વાંચનારાને પૂછીએ છીએ.'

નવલગ્રંથાવલિ (તારણ) : 'સંસ્કૃતમય ગુજરાતી' પૃ. ૧૯૮-૧૯૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન ત્રીજું

ધર્મશોધક ચિન્તનપ્રવાહ

પ્રાર્થનાસમાજ

નવલરામના અપૂર્ણ પણ મનનીય નિબંધ 'સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન'માં અંગ્રેજી સુધારાનું સ્વરૂપ શું છે અને સુધારો નમટે કહ્યું તેમ ખરેખર પડી ભાંગ્યો એ બે પ્રશ્નની મર્મગામી ચર્ચા કરી છે. સુધારાની જીવનશક્તિ અંગ્રેજી કેળવણી છે અને તેને પ્રતાપે, તેની અસર તરીકે, જગતનું સામાન્ય જ્ઞાન, બુદ્ધિવાદ, જનસામાન્યભાવ, સ્વાતંત્ર્યભાવ, રાગવૃત્તિ અને ઉદ્યોગપ્રતીતિ એ લક્ષણો વધતાં ચાલ્યાં છે. અને આ નવાં જ્ઞાન, બુદ્ધિ, વૃત્તિ, ભાવ, પ્રતીતિ સઘળાં આપણી જૂની બુદ્ધિ નીતિ અને વૃત્તિથી વિરુદ્ધ. સુધારાની વૃત્તિ પ્રગટે તે સ્વાભાવિક, એટલું જ નહિ, અંગ્રેજી કેળવણીરૂપ જીવનશક્તિ ચાલુ રહે તો સુધારો પડી ભાંગે જ નહીં. સભાઓ ઓછી થાય કે સુધારકો મરી પરવારે તેથી સુધારાની આન્તર અને બાહ્ય પ્રવૃત્તિ બંધ પડે એ અશક્ય છે. હા, ઉચ્છેદક સુધારો ફીટી જાય ખરો. ધર્મખંડન કરતો, મદ્યપાનથી નવધર્મસંબંધ બાંધતો નવો ઉચ્છૃંખલ સુધારો દાઢીયો સુધારો કહેવાયો અને એના નાશથી સાચો સુધારો નાશ ન પામે. દલપતરામ અને દુર્ગારામની રીતનો સાચો સુધારો મંદમંદ પણ સતત ચાલ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેશે, કેમકે, નવલરામને મતે, તેની જીવનશક્તિને આંચ આવી નથી.

આ વિચારો આપણા ધર્મ અને સમાજનું, નીતિરીતિનું, જ્ઞાન અને વૃત્તિઓનું સારું તેટલું જાળવી રાખવા ઇચ્છનાર, દેશને સમગ્રપણે ઊંચો લાવવા ઇચ્છનાર પ્રરક્ષક સુધારકના છે. એ ૧૮૮૨માં આ સરવૈયું કાઢે છે પણ એનું વલણ પહેલેથી જ અનાક્રમક સુધારકનું છે. આપણે જોયું છે કે હિંદુ સમાજનાં પ્રરક્ષક બળો આ દસકામાં એકત્રિત થઈ સક્રિય થવા માંડયાં હતાં. દેવેન્દ્રનાથ અને રાનડેનાં વલણ શાન્ત સુધારકનાં હતાં. વિરાટકાય હિન્દુસમાજથી અળગા પડી જવાનું એમને ગમ્યું નથી. મુંબઈ ને અમદાવાદની પ્રાર્થના-સમાજની પાછળ ભારતીય સંસ્કૃતિને તિરસ્કારતું બળ નહોતું પણ તેને પ્રશંસતું, યુગાનુસાર તેના તત્કાલીન રોગનિવારણ માટે મથતું બળ હતું. નર્મદનું પરિવર્તન આ વાતાવરણને લક્ષમાં લઈ સમજવું જોઈએ. અલબત્ત, એની પ્રકૃતિ એવી ઊર્મિલ, ચંચળ ને નિખાલસ કે સુધારક થયો ત્યારે ઉછાંછળો, અને પ્રત્યાઘાતી થયો ત્યારે સામે છેડે બેઠો. આર્યસમાજ અને થિયૉસૉફીમાં જે પ્રત્યાઘાત ઓછોવત્તો મૂર્ત થતો જણાય છે તેનું જ એક ઉગ્ર સ્વરૂપ ઉત્તર નર્મદમાં જોઈ શકાય. પણ એ ઘટના બાદ કરતાં ૧૮૭૦ થી ૧૮૮૦ ના ગાળામાં પ્રરક્ષક શાંત દેશહિતચિન્તકના સ્થિર સુધારાનો વિજય જણાવા લાગ્યો.

નવલરામે જણાવ્યું છે કે ધાર્મિક અને સાંસારિક સુધારાનો ભેદ આપણા સુધારકોએ રાખવો જોઈતો હતો, પણ નવા વિચારના ઘોડાપૂરમાં એવો ભેદ કરવો અશક્ય હતો. સુધારકોએ પોતાની શક્તિનો તાગ કાઢયા વિના સર્વ ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને તેમની પ્રવૃત્તિ બુદ્ધિવાદ ઉપર નિર્ભર રહી ખંડનાત્મક થઈ. દુર્ગારામ કે નર્મદાશંકરે ધર્મવિષયમાં નવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વિધાન કર્યું નથી. નવવિધાન કર્યું પ્રાર્થનાસમાજે, પણ તેની ખરી પ્રેરણા બંગાળ અને મુંબઈમાંથી મળી હતી. અલબત્ત, તેની જીવનશક્તિ અંગ્રેજી કેળવણીનો પરિપાક—બુદ્ધિવાદ, વ્યક્તિસ્વાતંત્ર્યવાદ અને દેશહિતચિન્તા—હતો. પણ ધર્મ વિષયમાં એ શક્તિને અમુક ચોક્કસ વિધાયક પંથમાં વાળનાર પ્રેરણા દેવેન્દ્રનાથ, કેશવચન્દ્ર અને રાનડેની હતી. ભોળાનાથ, મહીપતરામ, રણછોડલાલ, નંદશંકર, એમાંથી કોનામાં નવો પંથ સ્થાપવાનું ખરું સામર્થ્ય-ઊંડી વિદ્વત્તા, ત્યાગ, અને જન-સામાન્યને હૃદયપલટો કરાવવાની આવડત-હતી ? ભણેલા ખરા, સંસ્કૃત ઠીક ભણેલા,* પણ કોઈ પંડિત કહેવાય નહિ.+ એમનાં માનસ અમલદારી અને અભિમાની. સંસારસુધારામાં નાતજાતનાં કડવાં વેણ સાંભળવાં પડયાં અને જ્ઞાતિબહાર રહેવું પડયું એ મોટી આધિ ખરી પણ ધર્મસ્થાપકને કે ધર્મસુધારકને સહન કરવી પડે તેવી યાતના કે તિતિક્ષા એ ન કહેવાય. એવા દુઃખને "વનવાસ"નું નામ આપવું એ શબ્દનો દુરુપયોગ છે. એમનો સુધારો ભણેલાઓનો સુધારો, ખુરશીનશીનનો સુધારો હતો. ઘેર ઘેર, ફળિયે ફળિયે, ગામડે ગામડે પોતાના વિચાર પ્રગટ કરવાનો મિશનરીનો ઉત્સાહ થોડો ઘણો દુર્ગારામે દાખવ્યો, તેવો આ મંડળીમાંથી કોઇએ દાખવ્યો નથી.

તથાપિ ગુજરાતમાં ધાર્મિક નવવિધાન પ્રાર્થનાસમાજે કર્યું એમ ગણવું જોઇએ.× મંથન કરી કરી આ અગ્રણી-

* મહીપતરામનું સંસ્કૃતનું જ્ઞાન સાવ સાધારણ.

+ આ પછીના સમયનો આપણો એક પંડિત, દેશહિતચિંતક લેખક મણિલાલ ગુજરાતી સંકુચિતતામાં અને કુટુંબકલહમાં રોગનો ભોગ થઈ અટવાઈ ગયો.

× ભોળાનાથનું જીવનચરિત્ર-પૃ. ૧૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓએ પોતાનો ધર્મમાર્ગ શોધ્યો અને શોધ્યા પછી તેને નિષ્ઠાથી અને દૃઢતાથી વળગી રહ્યા. ધર્મમાન્યતાઓ તેમણે ચોક્કસ કરી; અને તેને મૂર્ત કરવા, તેનો પ્રવાહ ચાલુ રાખવા, તેને સંસ્થાનું સ્વરૂપ આપ્યું. અમદાવાદ એ ગુજરાતની પ્રાથમિક કેળવણીનું હૃદય હતું. મહીપતરામ ટ્રેઇનિંગ કૉલેજના એક આખી પેઢી આચાર્ય રહ્યા. ત્યાંથી ટ્રેઇન્ડ શિક્ષકો આખા ગુજરાતમાં પ્રાર્થનાસમાજનો સંદેશ અજાણતાં પણ લેતા ગયા. પ્રાર્થનામાળા તો શિક્ષક સાથે ગામડે ગામડે ગઈ. તેની ભાષા, તેની પ્રૌઢિ, તેનો ગેયતા, તેનો બોધ અને તત્ત્વવિચાર અને સૌથી વધુ તેનું આર્જવ—પ્રભુ આગળ ભક્તનું અલ્પપણું અને દીનતા—સચ્ચાઈના સૂરથી અને અભિનવતાના તેજથી લોકને ગમી ગયાં. લોકને તેનો ભક્તિની રીતમાં પોતાની ભક્તિ- કે ઉપાસનાપરંપરાને આઘાતક લાગે એવું કાંઈ ન લાગ્યું. નવા ધર્મવિચારના સંચારમાં પ્રાર્થનામાળા અને પ્રાથમિક શિક્ષકોનો ફાળો જેવો તેવો નથી.

દુર્ગારામે ઉપદેશ શરૂ કર્યો અને ૧૮૭૨માં પ્રાર્થનાસમાજ સ્થપાઈ એ સમયનુ ગુજરાતી સમાજનું ધાર્મિક કઠોડું ભોળાનાથ આદિમાંથી કોઇને ફાવે તેમ નહોતું. એકેશ્વરવાદ, અનન્યાશ્રય, ભક્તિ, ઈશ્વરકૃપા વગેરે સિદ્ધાન્તો શુદ્ધાદ્વૈતના, વલ્લભસંપ્રદાયના હતા. પણ તેની ઉપાસનાવિધિ અને મૂર્તિપૂજા આ સુધારકોને ફાવે તેવી નહોતી. ઉપરાંત, લાઇબેલ કેસથી અને તે પહેલાંથી પણ કેટલાક મહારાજાએ પોતાની અનીતિથી પંથને એબ લગાડી હતી. તેમનાં ધર્મપુસ્તકોનો તેમનો જ અભ્યાસ ગયો. અને રૂપકોના શબ્દને વળગી મનગમતી રીતિઓ તેમણે યોજી. વળી વિલાસનો બાહ્ય દેખાવ ગમે તેટલો હશે, સિદ્ધાંત દૃષ્ટિએ એ ધર્મ જીવનઅભિમુખ ઓછો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. વલ્લભસંપ્રદાયનું વર્ચસ્વ ગુજરાત ઉપર, ગુજરાતની વધારેમાં વધારે વગ ધરાવતી જનતા ઉપર, ધનસંપત્તિએ આગળ વધતી જનતા ઉપર, સૌથી વિશેષ હતું. અને એ જનતાના જીવનવ્યવહાર ઉપર સદ્‌વર્તનની દૃષ્ટિએ એ માર્ગની અસર ખાસ જણાઈ નહોતી, અને વણિકમતિ અને વણિક-વૃત્તિમાં એ સમાજ પડેલો હતો.

બીજો ભક્તિમાર્ગ સ્વામીનારાયણનો હતો. એમાં શુદ્ધ ધર્મતત્ત્વ અને સદાચારનો આગ્રહ બહુ આકર્ષક અંગ હતાં. એના કવિઓએ શીલનાં અને દીનતાપૂર્વક ભક્તિનાં ઘુષ્કળ સુંદર ભજનો ગાયાં હતાં. એની અસર અશિષ્ટ કહેવાય એવા સમાજ ઉપર ભારે હતી, પરંતુ તેમાં ય પ્રતીકપૂજા હતી, ઉપાસના-થાળવિશિષ્ટ ઉપાસના,—અટપટી હતી; બીજા દેવોની પૂજાની મનાઈ નહોતી; અને, સૌથી વિશેષ અણગમો ઉપજાવનારું તત્ત્વ ગાદીપતિ મહારાજની દેવ જેમ થતી વંદના હતી.

આ બન્ને સંપ્રદાયનાં ભજનોનો ઉપયોગ પ્રાર્થનાસમાજ કરી શકત; તેનું ફળ સારું આવત; પણ ગુજરાતના પ્રાર્થના-સમાજે લોકજીભે રમતાં ભજનોને અપનાવી લીધાં નહિ. આ વિષયમાં 'પ્રાર્થનાસમાજે' તેની પુરોગામી 'ધર્મસભા' કરતાં જુદો જ માર્ગ ગ્રહણ કર્યો. 'ધર્મસભા'એ ભક્તિપોષક જૂનાં પદ્યોના સંગ્રહ પ્રગટ કર્યા હતા.

મૂર્તિપૂજા, વ્યક્તિપૂજા, અને ઉપાસનાનો આડંબર આ ભક્તિસંપ્રદાયના સુધારકોને ગમ્યાં નહિ, ત્યારે શાંકર વેદાન્ત જેમાં તર્કની ઠીક પ્રતિષ્ઠા હતી, જે જિજ્ઞાસુની બુદ્ધિને કસે અને સંતોષે એમ હતું, તેનું શુદ્ધ જ્ઞાન કોઈને હોય એમ જણાતું નથી. બ્રાહ્મણો માતાની પૂજામાં રાચતા અને વેદાન્તનાં ગપ્પાં હાંકતા. વેદાન્તની સાચી સમજ આ વિદ્વાનોને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલી ઓછી હતી તે દુર્ગારામના વિધાન ઉપર ભોળાનાથ અને નંદશંકરે મારેલી ટીપ ઉપરથી જણાય છે.* દુર્ગારામે કહેલું, 'અનાત્મા જે દેહાદિક, આત્મા જે જીવ અને પરમાત્મા જે બ્રહ્મ એના વિચારને સમજે છે. જ્યાં સુધી પોતે જીવપણામાં છે ત્યાં સુધી પ્રેમે કરીને પરમાત્માની ભક્તિ કરે છે અને અંતે બ્રહ્મનિષ્ઠ થઇને પરમાત્માના સ્વરૂપને પામે છે.' મહીપતરામે આ બાબત ભોળાનાથનો અભિપ્રાય માગ્યો. ભોળાનાથે જણાવ્યુ: 'જ્યાં સુધી જીવપણામાં છે' આ વાકયમાં સંદેહ છે. મારા વિચારમાં જીવ પૃથક છે. ઈશ્વર જીવંત છે. બ્રહ્મનિષ્ઠ થવું તે વેદાંતપક્ષે એમ માનવું કે પરમેશ્વર ને હું એક જ છે. આ કેવળ નાસ્તિક મત છે, માટે માનવા લાયક નથી.' નંદશંકરે મતું માર્યું, 'હું ઉપલા મતને સંમત થાઉં છું'. થયું. ભારતની ફિલસૂફીની પરાકાષ્ઠાને, મહીપતરામને નાત બહાર મૂકયા હતા તેથી ય વધારે સરળતાથી, નાસ્તિક ગણાવી દીધી. ખ્રિસ્તી મિશનરીઓને પણ ટપી જાય એવી સન્દ ફરમાવી દીધી. આ હતી ભોળાનાથ આદિની નવાખી વિદ્વત્તા.

ભોળાનાથ

મહીપતરામ સૂરતમાં ભણ્યા દાદોબા પાંડુરંગના હાથ નીચે, અને પોતે કુમાર ત્યારે દુર્ગારામનાં ભાષણો સાંભળતા. સમજ ઓછી પડતી હશે પણ ભણીગણીને દુર્ગારામ જેમ સંસારસુધારો કરી નામના મેળવવાની મહત્ત્વાકાંક્ષા તો તે સમયે જાગી હશે. મુંબઈમાં તેમને ગુજરાતી જ્ઞાનપ્રસારક

* શાંકર વેદાન્ત સંબંધી અમુક ગેરસમજ કે પૂર્વગ્રહ રમણભાઈ નરસિંહરાવ વગેરેમાં પણ હતો એ તેમનાં લખાણ અને આનંદશંકરના તદ્વિષયક લેખો પરથી જોઈ શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મંડળી અને બુદ્ધિવર્ધક હિંદુ સભાના કરસનદાસ આદિ કાર્યકર્તાઓની મૈત્રી થઈ. (૧૮૫૨ થી ૧૮૫૭) ૧૮૫૭માં મહીપતરામ સરકારી નોકરી અંગે અમદાવાદ ગયા, પ્રથમ હાઈસ્કુલના હેડમાસ્તર તરીકે, પછી ડેપ્યુટી એડયુકેશનલ ઈન્સ્પેકટર તરીકે.

૧૮૫૭થી ૧૮૬૦માં વિલાયત જતાં સુધી મહીપતરામ અમદાવાદ હતા. તેમના વિચારો સાર્વત્રિક સુધારાના હતા છતાં આ વર્ષોમાં અમદાવાદના નવા ધાર્મિક સંચલનમાં તેમણે આગળ પડતો ભાગ લીધો હોય તેમ જણાતું નથી. એ સંચલનના અગ્રેસર ભોળાનાથ હતા અને રણછોડલાલ છોટાલાલ તેમના સહાયક હતા.

'વહેમી' ભોળાનાથમાંથી પ્રાર્થનાસમાજી ભોળાનાથનો ક્રમિક વિકાસ જાણીતો છે. ભસ્મ, ત્રિપુંડ્ર, રુદ્રાક્ષનો માળા, આચમની પવાલું ત્રાંબટ સાથે મહાદેવની પૂજા કરનાર અને લગ્નપ્રસંગે અંબામાતાને કંકોત્રી પાઠવનાર ભોળાનાથ ૧૮૫૫માં બાધાઆખડીની વિરુદ્ધ લખે છેઃ Foolish people do not know that God is everywhere.* તેમના ધાર્મિક વિચાર આ વખતે સરળ અને મૂળને વળગનારા હતા. 'ઈશ્વર આપણો કર્તા છે. તે સર્વ ઠેકાણે વ્યાપક છે. તેનો ભય રાખવો. નિરંતર સદ્‌ગુણે ચાલવું. કોઈને પીડા કરવી નહીં. શક્તિ પ્રમાણે લોકોને ઉપકાર કરવો. ઈશ્વરની ભક્તિ કરવી તે તેના ઉપર લક્ષ રહે એવી કરવી. બહારની ક્રિયા ઈશ્વરને કબૂલ નથી. મનુષ્યનું દિલ કેવું છે તે ઈશ્વર જુએ છે.'× આ રીતે આ

---

* અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન : ભાગ ૧–પૃ. ૧૧૮

× ભોળાનાથ સારાભાઈનું જીવનચરિત્ર–પૃ. ૯૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વખતે ભોળાનાથનાં ધર્મવિચારણામાં ઈશ્વરનું એકત્વ, ભક્તિ, સદાચાર અને પરોપકાર એ ચાર બિન્દુઓ સ્પષ્ટ દેખાય છે.

આ અરસામાં સુજ્ઞ ગોકુલજી ઝાલાના મિત્ર પંડા દોલતરામ અમદાવાદ હતા અને શુકદેવ શાસ્ત્રી પાસે સિદ્ધાન્તકૌમુદીનું અધ્યયન કરતા હતા. કોઈ પ્રકારે ધર્મસંબંધી લોકને જ્ઞાન મળે તો સારું એવી તેમની તીવ્ર ઇચ્છા હતી અને તે ઈચ્છાને અનુસરનાર મિત્રો મળી આવતાં ૧૮૫૭માં (૧૮૫૮માં નહીં), સંવત ૧૯૧૩ના આષાઢ શુકલ ૧૩ રવિવારને દિને, ધર્મસભા નામની એક મંડળી સ્થાપી. "ત્યાં નાગર આદિ જ્ઞાતિના લોકો એકત્ર થઈ ધર્મવિષયક પ્રકરણોના સંવાદ સાંભળતા, અને બાળકોને સંધ્યાવંદનાદિ શીખવવામાં આવતું. એ વાર્તા પ્રસિધ્ધ થતાં અન્ય ગૃહસ્થોની રુચિ પણ તેમાં થશે. સંવંત ૧૯૧૫માં ધર્મનિષ્ઠ રા. રા. ભોળાનાથ સારાભાઈ તથા રા. રા. રણછોડલાલ છોટાલાલ આદિ ગૃહસ્થો તેમાં સામીલ થયા, અને ધર્મસભાનું કાર્ય બહુ સારું ચાલવા માંડયું. ત્યાં શાસ્ત્ર વંચાય, ઉપદેશ થાય, ભલામણો કરાય, અને તે ઉપર પ્રશ્નોત્તર તથા ચર્ચા પણ થાય. એમ કરતાં કરતાં સંવત ૧૯૧૫ના માઘ વદિ ૧૦ ની સભામાં આપણા પ્રખ્યાત પ્રિય ગ્રંથકર્તા રા. રા. રણછોડભાઇ ઉદયરામની સૂચના ઉપરથી 'ધર્મપ્રકાશ' નામે માસિકપત્ર પ્રવર્તાવવાનો વિચાર થયો. તેના તંત્રી આપણા શુદ્ધ સુંદર ગુજરાતી લેખક શાસ્ત્રી વ્રજલાલ કાલીદાસ અને ઉપતંત્રી આ લેખક (મનઃસુખરામ સૂર્યરામ) નિયોજાયા. ધર્મસભાના મંત્રી પંડાજી જ રહ્યા.

એ ધર્મસભાના 'ધર્મપ્રકાશ' નામના પત્રના મુખપત્ર ઉપરિ જે નીચેનો દુહરો છે તે આ લેખકરચિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મનુષ્યવૃક્ષનું ધર્મ મૂલ થઇ નીતિ સત્ ડાલ,
પત્ર પુણ્ય ફૂલ મુકિત છે, મૂલ સીંચો વૃદ્ધ બાલ.'

તેનો શોધિત પાઠ આ છેઃ–

'મનુષ્યવૃક્ષનું ધર્મ મૂલ, સ્કંધ સત્ય, નીતિ ડાલ,
જ્ઞાન પુષ્પ, ફૂલ મુકિત છે; મૂલ સીંચો આબાલ." *

એના કાર્ય પ્રદેશનું એક અંગ એ હતું કે 'નહિ–સમજાય એવી ભાષામાં જે જરૂરિયાતનાં પુસ્તકો હોય તે સર્વને સમજાય એવી ભાષામાં લખાવવાં.' તેનું આખું નામ 'વર્ણાશ્રમ ધર્મસભા' હતું અને તે નામથી તેની નીતિરીતિ વિશેષ સ્પષ્ટ થશે.

ત્યાં પ્રથમ તો ઈશ્વરભક્તિ થતી નહિ, પરંતુ પાછળથી ભજન વાંચવા માંડયાં, અને તેથી એ સભાનું નામ 'ભક્તિસભા' પાડયું. આ ગાળામાં ભોળાનાથનું ધાર્મિક વિચારમંથન પૂરું થયું. ધીમે ધીમે ધર્મસભાની ચર્ચા તેમને શુષ્ક અને નિષ્ફળ લાગવા માંડી હશે. ઉપરાંત, 'પ્રભુ જોડે નિકટ સંબંધ રાખનારી ભક્તિની ભૂખ' તેમનામાં પ્રગટ થઈ. રણછોડલાલના સૂચનથી બ્લેર (Blair)નાં ધાર્મિક પ્રવચનો વાંચ્યાં. મહીપત-

---

* 'સુજ્ઞ ગોકુલજી ઝાલા તથા વેદાન્ત'–મ. સૂ. ત્રિપાઠી, પૃ. ૬૩

'બુદ્ધિપ્રકાશ' ૧૮૭૬માંથી 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' માં (ખંડ ૨, પૃ ૧૧૭) નીચેની મતલબનો હેવાલ લીધો છે, પણ તે ચોક્કસ જણાતો નથી. મનઃસુખરામનો વિશેષ ચોક્કસ ને વિશ્વસ્ય છે.

૧૮૫૮માં 'ધર્મ સંબંધી શોધ કરવાને, ધર્મની ચર્ચા કરવાને, ઊગતા તરુણોનું લક્ષ ધર્મ ભણી ખેંચવાને અને પરમેશ્વર પ્રત્યે લોકની આસ્થા અને પ્રીતિ વધારવાને તથા સુનીતિનો પ્રચાર અને અનીતિનો નાશ કરવાને' ભોળાનાથ અને રણછોડલાલે 'વર્ણાશ્રમ ધર્મસભા' સ્થાપી. આ હેતુથી એક કાર્યદિશા કલ્પી હતી–'નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનો સમાગમ થતાં ધર્મવિષયક સમાન વિચારોથી પોતાની માન્યતાઓમાં શ્રદ્ધા દૃઢ થતી ગઈ. બંનેએ બ્રહ્મસમાજનાં અને વિશેષે કરીને કેશવચંદ્રના પુસ્તકો વાંચ્યાં. આ વાચન મનન અને સમાગમથી ખ્રિસ્તી ધર્મ તરફ 'અણુ માત્ર એ ન વળ્યા; પરંતુ ઈશ્વરના સત્ય સ્વરૂપ તરફ એમની જ્ઞાનદૃષ્ટિ ઊઘડી.' ૧૮૬૪-૬૫માં નવા બુદ્ધિસંસ્કાર ભોળાનાથને મળ્યા એમ કહી શકીએ.* ૧૮૬૭માં મુંબઈમાં પ્રાર્થનાસમાજ સ્થપાઈ. ભોળાનાથ અને મહીપતરામને લાગ્યું કે ધર્મના વિષયમાં ગુજરાતમાં પણ કોઇ મહા પ્રયત્નની જરૂર છે અને તેમની માન્યતાઓને મૂર્ત કરે એવી સંસ્થા સ્થપાવી જોઇએ. છેવટે, ૧૮૭૧ના ડિસેમ્બરમાં "સ્વદેશી બંધુઓને ખોટે રસ્તેથી સત્ય માર્ગે ચઢાવવા, વહેમ તથા ઠગાઇને દૂર કરી ખરો શ્રદ્ધા ઉત્પન્ન કરવા, મૂર્તિ-પૂજા જેવી અધર્મ ઉપાસનાને સ્થળે અમૂર્ત ઈશ્વરની માનસિક ભક્તિનો માર્ગ ફેલાવવા, ટૂંકામાં સર્વ વાતે અધર્મને સ્થળે સદ્ધર્મને ઉત્તમ પદ આપવાના શ્રેષ્ઠ ઉદાર હેતુથી," 'અમ-

---

સમજાય એવી ભાષામાં જે જરૂરિયાતનાં પુસ્તકો હોય તે સર્વને સમજાય એવી ભાષામાં લખાવવાં.' 'વર્ણાશ્રમ ધર્મસભા' એ આખા નામથી એ સભાની નીતિરીતિ વિશેષ સ્પષ્ટ થશે અને બીજું પણ એના કાર્યક્ષેત્રનું સૂચક એ છે કે એની અધિકારીસભામાં મનઃસુખરામ સૂર્યરામ, રણછોડભાઈ ઉદયરામ તેમ જ થોડા શાસ્ત્રીઓ પણ હતા. રણછોડભાઇ ઉદયરામના તંત્રીત્વે નીકળતા 'ધર્મપ્રકાશ' માં મુખપૃષ્ઠ ઉપર આ ધ્યાનમંત્ર સૂચક હતો.

'મનુષ્યવૃક્ષનું ધર્મ મૂળ, થડ નીતિ, સત ડાળ;
પત્ર પુણ્ય, ફળ મુક્તિ છે, મૂળ શીંચો વૃદ્ધબાળ.'

* ભોળાનાથનું જીવનચરિત્ર-પૃ. ૧૦૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાવાદ પ્રાર્થના સમાજ' સ્થપાઈ. ૧૮૭૪માં પ્રાર્થનામંદિરનું ખાતમુહૂર્ત કર્યું ત્યારે મહીપતરામે પ્રાર્થનાસમાજના ચાર મુખ્ય સિદ્ધાંતો રજૂ કર્યા હતાઃ (૧) ઈશ્વર એક છે, અને તે જ પૂજ્ય છે; (૨) નીતિપૂર્વક પ્રેમ સહિત ઈશ્વરભક્તિ એ જ ધર્મ; (૩) ભક્તિ એટલે શ્રદ્ધા, ઉપાસના, સ્તુતિ, પ્રાર્થના, અને સદાચાર; (૪) ભક્તિ વડે ઈશ્વર પ્રસન્ન થાય છે અને આત્માનું કલ્યાણ થાય છે. આ સિધ્ધાન્તોમાં મૂર્તિપૂજનો નિષેધ નથી, પરંતુ મૂર્તિપૂજા વિરુધ્ધ મહીપતરામાદિ કટાક્ષ કરતા. રણછોડલાલ મૂર્તિપૂજાની વિરુદ્ધ નહોતા. એ વિષયમાં રણછોડલાલ અને ભોળાનાથ એકમત થઈ શકયા નહિ. એટલે સુધી વાત જતી કે, એક રવિવારે રણછોડલાલ મૂર્તિપૂજા પક્ષનું મંડન કરે તો બીજે રવિવારે ભોળાનાથ ખંડન કરે. રણછોડલાલ પ્રાર્થનાસમાજ પુરતા હાર્યા, કેમકે ૧૮૭૭માં સભાસદોને, ઇચ્છા હોય તેમને, પ્રતિજ્ઞા લેવાની સૂચના થઈ કે 'નિત્યોપાસનામાં ઈશ્વરની પ્રતિમા અથવા સૃષ્ટિવસ્તુની આરાધના કરીશ નહીં.'

ભોળાનાથ કુટુંબવત્સલ વડીલ, ઉદાર, દયાળુ ને નિષ્કપટ સજ્જન, દૃઢ સુધારક અને શુધ્ધ સદ્ધર્મ અને નીતિનું અહર્નિશ ચિંતવન કરનાર અને અમૂર્ત ઈશ્વરની કૃપા માટે આર્જવથી પ્રાર્થના કરનાર સુભક્ત. નવીન કેળવણીના પરિપાકમાંના એ પ્રથમ નવીન શુધ્ધ ભક્ત. એમની ભાવનામાં સત્યાન્વેષણને કોઈ બાધ નહોતો, કૃત્રિમ અર્થપ્રકાશ કે કેવળ પરંપરાબુધ્ધિને સ્થાન નહોતું, તેમજ દેશભક્તિથી પ્રેરાઈ પોકળ આધ્યાત્મિક વાતોનો સ્વીકાર ન હતો. આથી જ પ્રાર્થનાસમાજ આર્યસમાજમાં ન ભળી ગઈ, 'ધર્મરાજ ખટપટી' દયાનંદની ભેળવવા મહેનત છતાં. આથી જ છેક ૧૮૭૯માં મારહામ ખ્લાવાટસ્કીની વાતોમાં તેમને પોકળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાયેલું. 'ધીમે ધીમે પોલાણ બહાર પડશે' એમ દૂર દૃષ્ટિથી તેમણે કહેલું. ધીમે ધીમે પણ ચોક્કસ નિર્ણયો ભોળાનાથ કરતા ગયા અને તેને વળગી રહ્યા. ૧૮૬૩ માં તેમણે નોંધ કરી છે કે 'કૃષ્ણને ઈશ્વર માનવા એ ઈશ્વરી નિયમથી ઊલટું છે માટે હું તો એમને ઈશ્વર માનતો નથી.' બ્રહ્મસમાજ, મુંબઈની પ્રાર્થનાસમાજ, અમદાવાદની પ્રાર્થનાસમાજ એ એક જ આંદોલનનાં પરિણામ છે અને તે રીતે આપણે તેમને અવલોકીએ છીએ; અંગ્રેજી કેળવણીનાં એ સુફળ અનિવાર્ય હતાં એમ સમજીએ છીએ; છતાં આપણે ગણવા લલચાઈએ તેવો કારણ-કાર્યનો સંબંધ આ સંસ્થાઓનો પરસ્પર નથી. કૃષ્ણરાવ કહે છે : 'ગુજરાતમાં પ્રાર્થનાસમાજના બળના પ્રચારનું દૂર દૂરતમ મૂળ બંગાળાની બ્રહ્મસમાજ અથવા મુંબઈની પ્રાર્થનાસમાજમાં કદાચિત્ હશે. પણ તે અલક્ષ્ય દૂર દૂરતમ જ; વાસ્તવિક એ ધર્મપુનરુજ્જિવનની મધ્યમૂર્તિ ભોળાનાથ જ છે; એ નવીન વિચારસંચલનનો પ્રચાર કરનાર, પછી દિનપ્રતિદિન વૃધ્ધિંગત કરનાર, ભોળાનાથ અંતે એ પ્રાર્થનાસમાજને એક જ્વલંત જીવંત બળ બનાવી ગયા છે.'* દૂરગામી દૃષ્ટિથી તેમણે જોયું કે જાતિબંધન તોડવું જોઈએ પણ તે સહેજે તૂટે એમ નથી; પણ ધર્મનું એક પ્રાણભૂત તત્ત્વ કે 'સત્ય નિરાકાર અમૂર્ત ઈશ્વરની ભક્તિ કરવી' તે તેનાં સર્વ ફલિતો સાથે જીવનમાં ઉતારી શકાય તેમ છે. "મૂર્તિપૂજાનો ત્યાગ કરી નિત્ય નિયમસર કોઈની માધ્યસ્થી વિના નિરાકાર પ્રભુની સ્તુતિ પ્રાર્થના કરવામાં, તથા અવતાર ન માનવામાં, અથવા ગુરુપૂજા કે તત્ત્વપૂજાનો ત્યાગ કરવામાં, જાતિબંધન હરકત કરનાર નથી

* આજે એ સંસ્થા તરીકે જ્વલંત જીવંત બળ નથી એ સખેદ કહેવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ એમના વિચારમાં આવ્યું.' * આને આપણે પશ્ચિમ હિન્દની વ્યવહારી બુદ્ધિ ગણીએ; એની ગુણગ્રાહી શક્તિ અને આત્મરક્ષણની વૃત્તિ ગણીએ. પ્રાર્થનાસમાજની ઘણી મર્યાદાઓ હશે પણ તેની ધાર્મિક સુવાસ બંધિયાર પડી નથી રહી, આખા ગુજરાતે સત્કારી છે.

ભોળાનાથની ગદ્યશૈલી નર્મદની શૈલીથી આગળ વધી નથી. એનું જોમ, એની આક્રમકતા, તેમ જ એની અશિષ્ટતા પણ એમનામાં નથી. મહીપતરામની શૈલી વિશેષ રોચક, છટાદાર ને પ્રવાહી છે. ભોળાનાથ સારા કવિ છે, સબળ ગદ્યકાર નથી. પણ રમણભાઇ અને નરસિંહરાવના સમર્થ ગદ્યને ભોળાનાથ અને મહીપતરામમાંથી પ્રેરણા મળી છે એ નિઃસંશય છે. નીચેની કંડિકા ઠાઠમાં નર્મદ જેવી છે, પણ પદાવલિમાં વિશેષ સમત્વવાળી અને અનુદ્વેગકર લાગશે. નર્મદ, નવલ, મહીપતરામ જેવી પ્રત્યક્ષ ભાષણરીતિ પણ ભોળાનાથમાં જોવામાં આવે છે.

'વિદ્વાન અને અવિદ્વાનમાં કેટલો અંતર છે પણ હમડાંના લોકોની સ્થિતિ જોઈ ઘણું જ દુઃખ લાગે છે. ગૃહસ્થ તથા ભિક્ષુકોમાં પરસ્પર ચાલવાનો ધર્મ તથા મર્યાદા છે તે વિવેક હમડાં રહ્યો નથી. વિદ્વાન બ્રાહ્મણોને ગૃહસ્થોએ પોતાના પૂજ્ય ગણવા એ ગૃહસ્થધર્મ છે. બ્રાહ્મણોએ પોતે સદાચરણથી ચાલી ગૃહસ્થોને ઉપદેશ કરવો એ જ તેમનો ધર્મ છે. આ સમયમાં એ ધર્મનો લોપ થઈ ગયો, અવિચાર તથા અવિવેકનું બળ વધી ગયું, બ્રહ્માક્ષર ન જાણે એવા ભિક્ષુકો ગૃહસ્થોના ઉપરી થઈ બેઠા, શાસ્ત્રના પુસ્તકની એક પંકિત વાંચી શકે નહિ તેમની પાસે ગૃહસ્થો ધર્મશાસ્ત્રનો

---

* ભોળાનાથનું જીવનચરિત્ર–પૃ. ૧૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણય પૂછવા જાય અને તે ખોટું કહે તોપણ ગૃહસ્થો તેમને આધીન થાય છે.' *

મહીપતરામ

મહીપતરામનો સંસ્કૃતનો કે સંસ્કૃત શાસ્ત્રનો અભ્યાસ ઠીકઠીક જ હતો. તેમના નિર્ણયો જેટલા પરંપરાવિરોધી અને મક્કમ તેટલા સાત્ત્વિક અને મર્મગ્રાહી નહોતા. સુધારા માટે આગ્રહ અને ઉત્સાહ તેટલી ઉદાત્તતા તેમનામાં નહોતી. સુનીતિની એકાન્તિક ભાવનામાંથી જન્મતા ચોખલિયાપણાને લીધે રસ અને સૌન્દર્ય પર તેમની દૃષ્ટિ ઠરતી નહિ. પ્રેમનિરૂપણથી ભડકતા. સાહિત્ય અને લાગણીના ઉત્તમ અંશો તરફ વિજ્ઞાનપ્રેમીની તોછડાઈ દાખવતા. જ્ઞાતિએ 'વનવાસ' કાઢયા તેનું વિષ તેમની વિચારણામાં રહ્યું હશે. દુર્ગારામમાં વીરત્વનો ઊણપ તેમણે જોયેલી તે તેમનામાં વધુ અંશે કદાચ હતી. ભોળાનાથ, નવલરામ, નંદશંકર આદિ મિત્રોના સંબંધમાં પણ તેમણે થોડી પામરતા જણાવેલી; તથાપિ મહાપુરુષોની તુલના કરવામાં આજે પણ મહીપતરામ માર્ગદર્શક થઇ શકે. તેમનું કરસનદાસનું જીવનચરિત્ર એ વ્યક્તિવિશેષના મૂલ્યાંકનનો સારો નમૂનો છે.

મહીપતરામના ધાર્મિક વિચારો સર્વ ભક્તિમાર્ગના મૂળભૂત વિચારો છેઃ "પરમેશ્વર આપણો મહાન પિતા, આપણે તેનાં સૌ સંતાન, આ સૃષ્ટિનો એ સરજનહાર, અનુપમ, સર્વજ્ઞ, સર્વ-

* 'નાગરમિત્ર'ના નિબંધમાંથી ઉતારો–ભોળાનાથ ચરિત્ર પૃ. ૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિમાન, આપણે પામર પ્રાણી, એને ભક્તિ સિવાય શું અર્પી શકીએ? તેની સ્તુતિ કરીએ. આપણે અપરાધની ક્ષમા માગીએ અને સદાચારી થઇએ." પરમ પિતાની કૃપા પ્રાપ્ત કરવાના સાધનમાં સદાચરણ અને ખરા અંતઃકરણની ભક્તિ મુખ્ય છે. આત્મવત્ સર્વભૂતેષુ એ સદાચારનો પાયો છે. ઇશ્વર પાસેથી મેળવવાનું ઇચ્છીએ છીએ તે બીજાને આપો. જો તેની દયા ઇચ્છીએ તો દયાવંત થઈએ. જેવું પોતાને ઇચ્છો તેવું બીજાને કરો.

આમાં તો ચોખ્ખો ખ્રિસ્તી વિચાર પણ હિંદુ મન્તવ્યમાં મહીપતરામે ઘટાવી દીધો છે. સદ્‌ભક્તિની વાત કરતાં અહં બ્રહ્માસ્મિ કહેનારને નાસ્તિકોના જોડિયાના ઈલકાબથી નવાજી સદ્‌ભક્તિ શું નથી એ વર્ણવે છે અને પરિણામથી સદ્‌ભક્તિનો તોલ કરવાનું સૂચવે છે. "સદાચરણમાં આપણા મનને દૃઢ કરનાર સદ્‌ભક્તિ છે. સુનીતિને માર્ગે લઈ જનાર, ઈશ્વર પર સાચી શ્રદ્ધા બેસાડનાર, અંતઃકરણ અને ખરા ભાવથી કરેલી પ્રાર્થના પરમેશ્વર સાંભળે છે. હરકોઈ ઠેકાણે કરેલી ભક્તિ તે સ્વીકારે છે." સામાજિક અને એકાંત બેઉ પ્રાર્થના જોઈએ; કેમકે જોડે મળી ભક્તિ કરવાનો આપણો સ્વભાવ છે.

સદ્‌ભક્તિ અને સદાચરણ સંબંધી ૧૮૭૬માં પ્રાર્થના-મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મહીપતરામે આપેલા સરસ અને લાગણીપૂર્ણ પ્રવચનમાં ઉપરના વિચાર આપણને મળે છે.* તેમાં પ્રચલિત ધાર્મિક આચાર અને ઉપાસનાવિધિ ઉપર પ્રહારો કર્યા છે. આખું પ્રવચન મહીપતરામના ગદ્યનો સુંદર નમૂનો છે. તેમાં ભાષા વિશદ ને શિષ્ટ છે, છટા ઉપદેશક અને

* મહીપતરામ (ભાનુસુખરામ મહેતા) પૃ. ૧૨૩–૧૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષકની છે, અને શૈલી પ્રવાહી, કટાક્ષગર્ભ, ને આક્રમક વકતૃત્વની છે.×

'હું મારા મનને ઘણીક વાર પ્રશ્ન કરૂં છું કે મહા ભગવાન પરમ પિતા પ્રભુ મારા પર શાથી પ્રસન્ન થશે? કોઇ ઠેકાણે જઈ હાથને કે અંગના કોઈ બીજા ભાગ પર ડામ દેવડાવું તો પરબ્રહ્મ પરમાત્મા પ્રસન્ન થાય? કે મારે કપાળે કોઈ વસ્તુ ચોપડું કે અમુક આકારની આડી કે ઊભી નિશાની કરું તેથી મહાપ્રભુ પ્રસન્ન થઈ મારાં ખોટાં કર્મની મને શિક્ષા નહિ કરે? અંગે રાખોડી ચોળેથી કે કોઈ પદાર્થની બનેલી કંઠી ડોકમાં ઘાલેથી પરમેશ્વર પ્રસન્ન રહી મારાં દુરાચરણને માટે મને પૂછશે નહિ? આ દેશના ને બીજા દેશોના પંથો પર નજર કરી વિચાર કરું છું કે મારે અનંતકાળ સુધી જીવવું નથી. આ કાયા તજી મારો જીવ કયારે જતો રહેશે તેનો કાંઇ નિશ્ચય થઈ શકતો નથી, તો મારે જરાએ વખત ખોયા વિના પરમેશ્વરની હજૂરમાં હાજર થવાની તૈયારી કરવી જોઈએ, તે તૈયારી કઇ રીતે કરવી? કોઈ પદાર્થ ખાધાથી પ્રભુ રાજી થશે? જો હું વખતે વખતે અપવાસ કરું તો મને ખુશીમાં તેમ કરવાની પરવાનગી આપશે? કે અમુક વસ્તુને અગ્નિમાં બાળવાથી કે સૂર્યાદિ કોઈ આકાશી પદાર્થને પગે લાગવાથી મને કુકર્મ

× વાકયો ટૂંકાં પણ કવચિત્ કવચિત્ સમતોલતાથી આકર્ષક થતાં, પ્રવાહી લયવાળાં, ચિત્રાત્મક, હાસ્ય કે કટાક્ષની લહરીવાળાં, વિચાર કે જનપરીક્ષામાં સ્વતંત્રતાની તાઝગીવાળાં મહીપતરામના ગદ્યમાં જોવામાં આવે છે. છતાં, એકંદરે, તેમની શૈલી સુઘડતાથી આગળ વધેલી ના કહેવાય. તેમાં સચોટતાને લોભે તોછડાઈ અને સાદાઈને આગ્રહે ગ્રામ્યતા આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની રજા મળશે ? કે પાષાણુ, માટી કે ધાતુનાં પૂતળાં કે કાંઈ આકાર કરી તેની આગળ પકવાનાદિ ધાવાનું મૂકવાથી મારા લોભ, અહંકાર, ક્રોધાદિ મનોવિકારોના જુસ્સા અનીતિ માગે જાય તો પણ સજ્જને પાત્ર ન થાઉં, કે તેને વસ્ત્રાલંકાર હીરા મોતીનાં આભૂષણ પહેરાવેથી મારા દુર્ગુણો મારા આત્માને કનડશે નહિ ? આ વહેમ છોડયા પછી મારો આત્મા દુરાચરણની સજાથી કેમ બચે વારુ ! અમુક નદીના પાષાણુને કોઈ વૃક્ષનાં પાંદડાં ચડાવેથી કે ચંદન પુષ્પ ચડાવેથી કોઈનું નામ લાખો વખત નિત્ય બોલેથી કે કોઈ મંત્રો માત્ર ભણેથી કે શાથી ? કુમાર્ગે વર્ત્યા છતાં મારું કલ્યાણ થાય તે રસ્તો કયો હશે ? ઘણો ઘણો વિચાર કરતાં મારા મનની નિત્ય વધારે ખાતરી થતી જાય છે કે હું મારા માણસભ્રાતને દમું, પીડું, પેટને અર્થે, ઢોંગને માટે તેને છેતરું, દગલબાજી કરું, જરી જુગારી કરું, મારાં પાડોશીઓને તથા મારાં સગાંને કે હરકોઈને ન્યાય વિરુદ્ધ દુઃખ દઉં, સુનીતિના નિયમ તોડું તો ઉપર કહેલો કોઈ ઉપાય મારા જીવને બચાવી શકે નહિ. એમાંનું એકે સાધન પરમેશ્વરને છેતરી શકવાનું નથી. જે સર્વજ્ઞ છે, જે સર્વ સ્થળે સદા હાજર છે, જે સર્વ શક્તિમાન વિશ્વાધિપતિ છે તે મારો વાહ્યો કેમ જશે ? હું તેને કેમ પટાવી શકીશ ?' *

પૂર્વોક્ત પ્રવચનમાં ઊંડાણ નથી, સમર્પણના ભાવમાંથી ઊપજતી ભક્તિની પૂરી સમજ નથી, કટાક્ષ કરવામાં જાતે ક્ષુલ્લક થવાય છે; છતાં તેમાં ધાર્મિક ભાવોદ્રેક છે તેની ના પડાય એમ નથી. પરંતુ હિન્દુધર્મતત્ત્વચિંતનમાં દુર્ગારામ કે નવલરામ જેટલી ગતિ મહીપતરામની નથી. જગત અને સંસાર માયા

* મહીપતરામ ચરિત્ર, પૃ. ૧૨૬–૧૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, નાશવંત છે, માત્ર પરમાત્મા, પરમેશ્વર જ સત્ય છે, એમ જાણ્યે સંસારમાં, રાગદ્વેષમાં, મતિ ઓછી રહેશે, એમ દુર્ગારામ કહે છે. ત્યારે મહીપતરામ વેદાન્તીની કપોલકલ્પિત વાતોથી તેમ જ વેદાન્તને નામે પ્રચલિત અનાચારથી વહેમાઈ અને ઉશ્કેરાઈ જઈ વેદાન્તના તોલમાં વિચારદોષ આણે છે: 'જે આદમી પોતાના આત્માને બ્રહ્મ માને અને તે દેહમાં સાક્ષી થઈને રહ્યો છે એમ ગણે ને આ જગતને ભ્રાંતિ ગણે તેને દુરાચરણ અને સદાચરણ સરખાં હોય જ. અને કદાપિ તેમાં ભેદ હોય તો પણ તેથી જીવાત્માને કાંઈ લાગતુંવળગતું હોય નહિ; કેમ કે તે તો માત્ર સાક્ષી છે. તે કહે છે કે દેહનાં કર્મ દેહ કરે છે તેમાં જીવાત્માને શું ?'

આ દોષદર્શન આજે બાલિશ લાગશે. પણ એની સમાન કક્ષાનું રમણભાઈ અને નરસિંહરાવમાં પણ જણાય છે. પણ એમના જમાનામાં તો વેદાન્તનું શુદ્ધ અર્થગ્રહણ મણિલાલ અને આનન્દશંકર કરાવતા થઈ ગયા હતા.

રમણભાઈ

રમણભાઈ અને નરસિંહરાવ બંને અદ્વૈત વેદાન્તની વિરુદ્ધ હતા; અને તેમનો વિરોધ એવો ઉગ્ર પણ થતો કે એ માત્ર અભિનિવેશ છે કે અણસમજ તેનો નિર્ણય કરવો કઠણ છે. પ્રાર્થનાસમાજના સ્થાપકોનો એ વારસો તેમણે સાચવ્યો છે. ગોવર્ધનરામે નવલરામને અદ્વૈત મતના વેદાન્તી ગણાવ્યા : "ઈશ્વરની પ્રાર્થના કરતાં છતાં, આત્મા, ઈશ્વર અને બ્રહ્મનું ઐકય માનતા" એમ તેમણે જણાવ્યું. નરસિંહરાવને એ નિર્ણય માન્ય નથી. અને તેના આધારમાં નવલરામની અન્ત વખતની પ્રાર્થના સંભારે છે : "હવે હું પરવારી ચૂકયો—ચાલો હવે ઈશ્વરસ્મરણ કરીએ; નરભેરામ, Now be on your guard—સચ્ચિદાનંદ ! દીનબંધુ ! દીનાનાથ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું જાણે છે કે મેં મારા જન્મપર્યંત કંઈ પણ એવું કામ નથી કર્યું કે હું તારી કૃપાને પાત્ર ન થાઉં—માટે, ઓ પ્રભુ, આ મારો હાથ પકડ!' નરસિંહરાવ જણાવે છે કે આ પ્રાર્થના અદ્વૈત વેદાન્તીની પ્રાર્થના નથી. "જે વેદાન્તી પ્રાર્થનાને અમુક ક્રમ સુધી સ્થાન આપે છે, અમુક અધિકારાદિક દશામાં સ્થાન આપે છે, તે વેદાન્તીની પણ હાવી પ્રાર્થના સંભવે નહિ." *

રમણભાઈ "મોક્ષવિચાર" માં જણાવે છે : "વેદાન્તીના પક્ષની ચર્ચા કરવામાં એક અંતરાય હંમેશ નડે છે. હું બ્રહ્મ છું, બ્રહ્મથી જુદું કંઈ નથી, બધે એક અવ્યય બ્રહ્મ છે એમ કહી અસ્તિત્વ અને બ્રહ્મને પર્યાય રૂપ કરી નાખી પરિણામે તેના હોવા ન હોવાપણાને સમાન નિરર્થક ગણનાર તે ઈશ્વર નથી એમ કહેનાર છે. × × વેદાન્તીથી પોતાનો નાસ્તિકવાદ ખુલ્લી રીતે બહાર પડાતો નથી."+

અદ્વૈત વેદાન્તીનાં માયા અને અજ્ઞાન ખોટી રીતે સમજી માયા અને અજ્ઞાનના સ્વીકારથી વિચિત્ર સિદ્ધાન્તનું પ્રતિપાદન થશે એમ રમણભાઈ કંઈક ઉપહાસની વાણીમાં જણાવે છે. સહજોપલબ્ધિનો વિચાર કરતાં તે કહે છે કે અનિષ્ટ સંસ્કારના બળથી મનુષ્ય સહજોપલબ્ધિ ભૂલી જાય છે. આત્માનો "સ્વાભાવિક ધર્મ કારણબળે ઢંકાઇ જાય છે એ અનુભવ સત્ય છે તેથી માયાવાદના આશ્રયની કશી જરૂર નથી. અજ્ઞાન વાસ્તવિક ન હોય, અજ્ઞાનનું અસ્તિત્વ એ જ ભ્રાન્તિ હોય તો પછી તેને દૂર કરવાનો પ્રયત્ન જ કરવાનું ન રહ્યું!

---

* મનોમુકુર, ગ્રં. ૧ : પૃ. ૩૦૮–૯

+ ધર્મ અને સમાજ, ગ્રંથ ૧, પૃ. ૬૩–૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજ્ઞાની ને પાપીને વિશુદ્ધ થવા યત્ન જ ન કરવો પડે!'* 'સુદર્શન'ને એક સ્થળે "સાંસારિક અને ધાર્મિક ઉન્નતિના શત્રુવર્ગ તરફથી પ્રગટ થતું" સામયિક ગણ્યું છે.+

આમ બંને અદ્વૈત વેદાન્તના આગ્રહી વિરોધી છે, પરંતુ ખ્રિસ્તી ધર્મસિદ્ધાન્તથી તેમનો, અર્થાત્ પ્રાર્થનાસમાજનો, સિદ્ધાન્ત ખૂબ ભિન્ન છે તે તેના ટીકાકારો પૂરું સમજતા નથી. હિન્દુ ધર્મ ખ્રિસ્તી ધર્મના સંપર્કમાં આવ્યો અને તેને પરિણામે કેટલાકે સારાસારદૃષ્ટિ ઉપર આશ્રય રાખી ધાર્મિક મત અને ધાર્મિક આચારનો સમંજસ અને તર્કશુદ્ધ માર્ગ શોધ્યો એ ખરું છે; પણ એ પરિણામને હિન્દુ ધર્મ અને ક્રિશ્ચિયાનિટી વચ્ચેનો પુલ ગણવો એ ઉચિત નથી. ક્રિશ્ચિયાનિટી અને બ્રાહ્મ ધર્મનાં સ્વરૂપની ભિન્નતા રમણભાઈ સુસ્પષ્ટ કરે છે. "ઈશ્વરનું ત્રિધા અને તે છતાં એકાત્મ સ્વરૂપ છે, મનુષ્ય ઈશ્વરના આકારમાં છે, ઈશ્વરનો પુત્ર અવતાર લે અને મોક્ષ માટે તે મધ્યસ્થ હોઈ સાધન છે, સૃષ્ટિની ઉત્પત્તિ અમુક ક્રમમાં થઈ, મનુષ્યની ઉત્પત્તિ અમુક યુગમદ્વારા થઈ, ઈશ્વરપ્રેરિત સ્થાને સ્થાને અને કાળે કાળે પેગમ્બર થાય છે, અમુક કાળે સર્વ મૃતદેહ કબરોમાંથી ઊઠશે અને ત્યારે જ તેમનો ન્યાય થશે, ઈશ્વરને અમુક મનુષ્યવર્ગ પ્રીતિપાત્ર અને અમુક અપ્રીતિપાત્ર છે, સૃષ્ટિમાં સૃષ્ટિક્રમ વિરુદ્ધ ચમત્કાર થાય છે, ઈશ્વરની સદ્ધર્મમૂર્તિ વિરુદ્ધ એક દુરાચાર મૂર્તિવર્ગ છે અને તે વર્ગને ઈશ્વર સાથે વિગ્રહ ચાલે છે; આ અને આવા આવા ક્રિશ્ચિયાનિઝેના મત

---

* 'ધર્મ અને સમાજ' ગ્રં. ૧ ; પૃ. ૭૬

+ ,, ,, પૃ. ૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થનાસમાજને અમાન્ય છે, એટલું જ નહિ પણ તે સમાજ એમ દૃઢ વિશ્વાસથી માને છે કે એ મત ગ્રહણ કરાય તો ઈશ્વરના અદ્વિતીયત્વ, સર્વશક્તિમત્ત્વ, નિરાકારત્વ, ન્યાયમયત્વ વગેરેમાં મોટી ખામી આવે. ઈશ્વરનું અદ્વિતીયત્વ ને નિરાકારત્વ એ પ્રાર્થનાસમાજ મતના મૂલાધારભૂત સિદ્ધાંત છે માટે તે મતમાં અને ક્રિશ્ચિયાનિટીમાં મૂલગત ભેદ છે."

બ્રાહ્મધર્મે તેમ પ્રાર્થનાસમાજે ખ્રિસ્તી સિદ્ધાંતનો બુદ્ધિપૂર્વક અસ્વીકાર, એકંદરે, કર્યો છે એમ માનવામાં બાધ નથી. પણ તેમણે સર્વ હિંદી ધર્મોએ સ્વીકાર્યો તે પુનર્જન્મનો સિદ્ધાંત ન સ્વીકાર્યો,* ઈશ્વરને પરમ પિતાને નામે પ્રાર્થના કરવાના સિદ્ધાંત ઉપર ભાર મૂક્યો, આપણે અપરાધી છીએ, પાપી છીએ અને ઈશ્વરકૃપા જ ઉદ્ધારનો માર્ગ છે એ કલ્પના પણ તેમને વાસ્તવિક છે, તેમના જ સ્વીકાર્યા પ્રમાણે ખ્રિસ્તી સુનીતિ-શિક્ષાઓને તેમણે માન્ય રાખી, હિંદુ ધર્મની ટીકા કરવામાં તેમણે પરદેશી ખ્રિસ્તીની જ બરોબરી કરી, રહેણીકરણીમાં તેમનો વર્ગ કંઈક પરદેશી ઢબનો થયો, આ બધાં કારણોથી પ્રચ્છન્ન ખ્રિસ્તી ધર્મનો આક્ષેપ કેમ થયો હશે તે સમજી શકાશે. ખુદ રમણભાઈ જ આવેશમાં આવી જઈ પુરાણોને અધમ+ કહે છે.

આનન્દશંકર જેને synthesis સમન્વય કહે, તેને રમણભાઈ syncretism કૃત્રિમ એકવાક્યતા કહે છે. જુદા જુદા મતનાં શાસ્ત્રોમાં એકરૂપતા જોવી, વિરોધી વિચારોને

---

*'ધર્મ અને સમાજ, ગ્રંથ ૧, પૃ. ૧૫ : 'પુનર્જન્મના મતનાં પરિણામ વિષમ છે, અને મનુષ્યનાં કૃત્યોના હેતુ સમજવા તે નિરર્થક છે....આ જન્મની પહેલાં એ જન્મ નથી, અને પછી એ જન્મ નથી.'

+ ધર્મ અને સમાજ, ગ્રંથ ૧: પૃ. ૪૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિરોધી બતાવવાનો પ્રયત્ન કરવો એ તત્ત્વચિંતનમાં દોષ છે. પ્રાર્થનાસમાજી તરીકે રમણભાઈને સર્વ ઠેકાણેથી સત્ય ગ્રહણ કરવામાં ને તે કબૂલ કરવામાં કંઈ બાધ નથી. "પ્રાર્થનાસમાજસ્થ વર્ગને વેદશાસ્ત્રાદિનાં વચનો પ્રમાણભૂત નથી. તેમાંના ગ્રાહ્ય અને અગ્રાહ્ય અંશો વિષે વિવેચન કરતાં તેને કંઈ બાધ નથી, તેથી તે વચનોને 'કલ્પિત માર્ગે' ઉતારવાનું તેમને કંઈ કારણ નથી. શાસ્ત્રવચન જ્યાં તર્કાનુસાર ન હોય ત્યાં તે વચનને અમાન્ય ગણતાં જેને હરકત નથી, શાસ્ત્રવચન જ્યાં તર્કાનુસાર હોય ત્યાં શાસ્ત્રવચન હોવાથી જ સર્વોત્તમ સમર્થન મળ્યું એમ જેનો મત નથી તેને શાસ્ત્રવચનોને એક અમુક માર્ગે ઉતારવાનું પ્રયોજન નથી."*

અનેક ધાર્મિક અનુભવની પદ્ધતિઓનો સમાસ કરતી વ્યાપક હિન્દુ ધર્મભાવનાને રમણભાઈની આ પદ્ધતિ ઇષ્ટ નથી. કોઈ વિચાર ઋગ્વેદમાં કે ઉપનિષદોમાં બીજરૂપ હોય અને તેના સ્પષ્ટીકરણથી અનેક ધર્મવિષયક ફલિતો પ્રાપ્ત થતાં હોય તો તે મૂળ વિચારકને અભિપ્રેત નહોતાં એમ સૂચવવું યુક્ત નથી. કૃત્રિમ એકવાક્યતા એ તત્ત્વચિન્તનમાં દોષ છે, પણ તત્ત્વચિંતનનો વિકાસ મનુષ્યહૃદયને સ્વાભાવિક એવા સમન્વયથી ખૂણ થયો છે એમ સ્વીકારવું જોઈશે. વિચાર-વિકાસને ઐતિહાસિક પદ્ધતિએ જોવો, તેમાં બીજ મૂળ થડ ડાળ પત્ર પુષ્પ ફળ ક્યાં તે અવલોકવું, એ ફિલસૂફીને હિતકર છે, હાનિકારક નથી. પરંતુ હિંદુ ધર્મના રક્ષણની ઉત્કટ ઇચ્છામાં કૃત્રિમ એકવાક્યતાનો આશ્રય નહોતો લેવાતો એમ કહેવાય એમ નથી. સનાતની, આર્યસમાજી અને થિયોસોફિસ્ટ ચિંતકો ને ઉપદેશકો આ કૃત્રિમ પદ્ધતિને ખૂબ

*"ધર્મ અને સમાજ"–ગ્રંથ ૧, પૃ. ૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસરતા અને આજે પણ અનેક ઉપદેશકો-હિંદુ, ખ્રિસ્તી, મુસલમાન-એનો આશ્રય લે છે. એ જોતાં રમણભાઇની વિચારણામાં અભિનવ સ્વતંત્રતા અને સરળ એકરૂપતા લાગે છે. ગુરુ વગર, અવતારસ્વીકાર વગર, માધ્યસ્થી વગર, વિધિપ્રપંચ વગર, કોઈ એક જ ધર્મગ્રંથના સ્વીકાર વગર, જગન્નિયંતા ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા, પ્રાર્થનાદ્વારા તેની કૃપા મેળવવામાં શ્રદ્ધા, અને સુનીતિના સિદ્ધાંતોનો સ્વીકાર રાખી, અને એ બધામાં બુદ્ધિની સારાસારપરીક્ષાનો આશ્રય લઈ આ નવો માર્ગ સ્થપાયો એ હિંદના અર્વાચીન ધાર્મિક ઈતિહાસમાં ખરેખર અવનવી વસ્તુ છે અને એ માર્ગના રમણભાઈ એક સુપ્રતિનિધિ છે એમાં શક નથી. પરંતુ આ જાતના માર્ગની સ્થાપના હિંદુ સ્વભાવને બહુ જ પ્રતિકૂળ છે, બલકે કેવળ પરંપરાભંગથી કોઈ માર્ગ હિંદમાં દૃઢમૂળ થઈ શકયો નથી. વળી મનુષ્યની ધાર્મિક વૃત્તિઓને એક માર્ગે દોરવામાં સાહસ છે, સારાસારબુદ્ધિ સૌ કોઈની સરખી વિકસિત નથી હોતી, તેથી ધાર્મિક વૃત્તિઓને પોષવાને પૂજનઅર્ચનની વૈયકિતક અને સામાજિક રૂઢિઓ ઊભી થાય છે. न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् નું રહસ્ય એ નથી કે અજ્ઞને સત્ય ન દાખવવું, પણ સામાજિક કલેશ ઉપજાવ્યા વગર મતમતોનો સમન્વય કરી, અર્થાત્ રહસ્ય પર ભાર મૂકી નવું અર્થઘટન કરી, પરંપરાનું સ્વરૂપ ફેરવી નાખવું. અસ્તુ. પ્રાર્થનાસમાજે એ સનાતન માર્ગ અખત્યાર ન કર્યો તો માર્ગ તરીકે એ નાશ પામ્યો છે, જોકે કોઈ પણ કલ્યાણના કાર્યનો આખરી વિનાશ થતો નથી, અને હિંદુ ધર્મચિન્તનને શુષ્ક ચર્ચામાંથી બહાર કાઢી * અનુભવનિષ્ઠ અને

* 'સત્યશોધનની ઇચ્છા. વિનાના મિથ્યા ખંડનમંડનના વાગ્યુદ્ધમાં કાલક્ષેપ કરવા કરતાં બીજા કર્તવ્યની અત્યારે વધારે અપેક્ષા છે.' રમણભાઇ: 'ધર્મ અને સમાજ'-ગ્રંથ ૧, પૃ. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિપૂત કરવામાં તેણે કરેલી સહાયતામાં તેની કૃતકૃત્યતા સાચી છે.

તર્કના આશ્રય સાથે સહજોપલબ્ધિ પણ રમણભાઈને માન્ય છે. મનુષ્યજાતિને અન્તઃકરણની શુદ્ધાવસ્થામાં સત્ય, સદ્‌ગુણ, અનંતત્વ, ઇત્યાદિનો વાસ્તવિક અનુભવ સ્વાભાવિક રીતે થાય તે જાતે જ પ્રમાણભૂત છે. સદાચરણથી ફાયદો છે માટે સદાચરણે ચાલવું એમ નહિ, પણ સદાચરણ ઇષ્ટ છે કેમકે મનુષ્યની ઈશ્વરદત્ત પ્રેરણા સ્વાભાવિક રીતે સદાચરણ તરફ વળે છે. પરંતુ આ સહજોપલબ્ધિ વ્યક્તિ પરત્વે ભિન્ન ભિન્ન નહિ પણ મનુષ્યજાતિની, અમુક કાળની નહિ પણ સનાતન સ્વરૂપની ગણવાની છે.

આ સહજોપલબ્ધિના સનાતન તત્ત્વ ઉપર આધાર રાખનાર ધર્મ સત્ય છે અને પદાર્થવિજ્ઞાનના વધવાથી તેને હાનિ નથી, બલકે લાભ છે. સૃષ્ટિ સંબંધી વીગતોમાં ધર્મશાસ્ત્રો ભૂલભરેલાં જણાયાથી તેમાં કરેલી આધ્યાત્મિક વાતો પણ શંકારૂપ થઈ અને યુરોપના આધુનિક નાસ્તિકવાદ, અજ્ઞેયવાદ અને શંકાવાદ જન્મ્યા. પણ એ બધા વાદોનો રમણભાઈ સ્પષ્ટ વિરોધ કરે છે. "સ્વતંત્ર વિચાર કરનારા, ફ્રી થિન્કર્સ, સૃષ્ટિનાં મૂલગત પ્રાથમિક કારણોનું અન્વેષણ કરવાને બદલે જડમાં રહેલાં ગૌણ કારણોમાં જ આવી બુદ્ધિવ્યાપાર અટકાવે છે; નાસ્તિકો જે ખરેખરી રીતે છે તેની ના પાડે છે; અજ્ઞેયવાદીઓ જ્ઞેયને હાથે કરીને જાણવા નથી માગતા; શંકાવાદીઓ નિશ્ચય કરવાનાં સાધન તરફ જાણી જોઈ ચક્ષુ બંધ કરે છે. + પદાર્થ-વિજ્ઞાનના નિયમો, રમણભાઈ ને મતે, ધર્મજ્ઞાનનું પગથિયું થઈ શકેઃ પરમાત્માના અસ્તિત્વ વિના-જડને ગતિ આપતા

+ "ધર્મ અને સમાજ"—પ્રં. ૧, પૃ. ૩૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમ ચૈતન્ય વિના–જડસૃષ્ટિની વ્યવસ્થાનો ખરો આખરનો ખુલાસો મળી શકતો નથી. મર્યાદિત શકિતવાળો મનુષ્ય-આત્મા કારણવ્યાપારને ગતિમાં મૂકી શકે છે, તો સૃષ્ટિની ગતિ અને નિયમન સમજવા માટે આપણે એક પરમ ચૈતન્ય સ્વીકારવું જોઈએ; કેમકે "જડ પદાર્થો એક બીજાથી જુદા જુદા છે, એક બીજાને ઓળખતા નથી, સર્વ પોતે જુદા જુદા પ્રવૃત્ત છે, તે છતાં તે સર્વની એક દિશામાં ગતિ થાય છે, એક સરખું નિયમન થાય છે", તે કોઈ પરમ ચૈતન્યની શકિતનો વ્યાપાર જ હોઈ શકે.

ઐતિહાસિક દૃષ્ટિએ પણ, રમણભાઈ માને છે, કે ઈશ્વરના અસ્તિત્વ વિષેની, અદૃશ્ય પરલોક વિષેની, અને સત્-અસત્‌ની ભાવનાઓ અતીવ પ્રાચીન છે. મનુષ્યના ચિત્તનું એ ખાસ ઉત્સ્ફોટન છે. એને સંસ્કારેલા સ્વરૂપમાં લઈએ તો ધર્મના ત્રણ શાશ્વત અંશનું પ્રતિપાદન થઈ શકે: (૧) ઈશ્વર પરમાત્મા છે અને મનુષ્યના જીવાત્માને તે મળતો છે, (૨) મૃત્યુ પછી મનુષ્યનું જીવન અદૃશ્ય પરલોકમાં કાયમ રહે છે; અને (૩) મનુષ્યના જીવનને નીતિનિયમની આવશ્યકતા છે અને પરલોકમાં મેળવવાની સાર્થકતાને આ નીતિનિયમ સાથે વિશેષ ગાઢો સંબંધ છે.

પ્રાણીજીવનના ઇતિહાસનું રહસ્ય છે કે બહારની ખરી બિના સાથે અનુરૂપતા થાય એ પ્રમાણે પ્રાણીની આન્તરિક વ્યવસ્થા થાય છે–જેમ કે તેજનું અસ્તિત્વ હતું તો પ્રાણીમાં આંખ વિકાસ પામી. સદસતના જ્ઞાનની વૃત્તિ ઉદય પામી એ ઘટના કોઈ બાહ્ય વસ્તુને અનુરૂપ હોવી જોઈએ. મનુષ્યની અંદર સદસત્‌ની વૃત્તિ ઉદ્દીપ્ત થઈ તો નીતિનિયમની પરિપૂર્ણ સાથકતા જ્યાં થઈ શકે એવો પરલોક, અદૃશ્ય હોય છતાં, વાસ્તવિક રીતે અસ્તિત્વમાં છે એમ માનવું પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મત્વમાં જે મળતાપણું છે તેને બળે મનુષ્ય પોતે ઈશ્વર હોવાનો દાવો કરે છે, પણ પ્રાર્થનાસમાજી રમણ-ભાઈને મતે આ અભેદનો વિચાર ભ્રાન્તિ જ છે. કયાં સર્વ શક્તિ-માન અવ્યય પરમાત્મા ને કયાં નિરન્તર નિર્બળતા અનુભવતો મનુષ્ય! પણ આત્મત્વમાં મળતાપણાને લીધે મનુષ્ય સત્યનો જ્ઞાનનો નીતિનો અધિકારી થયો છે, અને એ અધિકારી થયો છે તેથી ઈશ્વરે તેના આત્મામાં મૂકેલી વૃત્તિને અનુસરવાની તેની ફરજ છે. મનુષ્યમાં કર્તવ્યબુદ્ધિ ઈશ્વરે સ્થાપિત કરી છે અને એ કર્તવ્યપરાયણ થયે જનમંડળનું સ્વાસ્થ્ય અને ઉત્કર્ષ સધાય છે. જનમંડળની સર્વ ઉદાર પ્રવૃત્તિઓનું મૂળ કર્તવ્યબુદ્ધિમાં છે. "એ બુદ્ધિનું પૃથક્કરણ કરતાં તેમાં રહેલા સુખનો ત્યાગ, ફલની અવગણના, લાભનો અનાદર–એ સર્વ અંશ દર્શાવે છે કે મનુષ્યનો સ્વાભાવિક અને સાર્વત્રિક વિશ્વાસ એ છે કે જગતમાં સ્વાર્થનો ત્યાગ કરી પરાર્થ કરવો એમાં મોટું કર્તવ્ય સમાયેલું છે." *

આ કર્તવ્યબુદ્ધિ આધ્યાત્મિક સંપત્તિ છે અને ધર્મ-વૃત્તિથી કે ઇશ્વર ઉપરની શ્રદ્ધાથી અળગી પડાય એમ નથી. જે વિચારકોએ કે ધમર્માર્ગોએ એને અળગી પાડવા પ્રયત્ન કર્યો છે તે નિષ્ફળ ગયા છે. સુનીતિની ભાવનાનો આદર્શ તે ઈશ્વર છે અને તેનું અનુસરણ કરવું, તેને અનુકૂળ થવું, તેને પ્રિય થવું–એમાં મનુષ્ય પોતાને ધન્ય સમજે છે. ઇશ્વરી નિયમ સાથે મનુષ્યની કર્તવ્યબુદ્ધિના અનુસંધાનથી તેમાં મધ્યમ માર્ગ કે અપવાદ કે ચ્યુતિને લેશ પણ સ્થાન નથી.

'ધર્મ, નીતિ, સત્ય, ન્યાય, એ સર્વ ઈશ્વરનાં સ્થાપેલાં છે; તે વડે કલ્યાણ થાય, સુખ થાય એવો તેનો નિયમ

* 'ધર્મ અને સમાજ'–ગ્રંથ ૧, પૃ. ૩૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે વડે તે જગતનું કલ્યાણ કરે છે. તે વડે ચૈતન્યવાન પ્રાણીનો ઉદ્ધાર થાય છે. એ અંશ તેના કૃપામય સ્વરૂપમાં વ્યાપી રહેલા છે તો એ મંગલ તત્ત્વોના ઉલ્લંઘનથી કલ્યાણ થશે એવો નવો નિયમ ઊભો કરવાને મનુષ્યને શો અધિકાર છે?" "રાઈનો પર્વત"માં જાલકા કહે છે તેમ—

"નીતિવ્યવસ્થા કરી ઈશ્વરે જે
છે માત્ર તેને અનુકૂળ વિશ્વ;
નવી વ્યવસ્થા કરવાની શક્તિ
નથી મનુષ્યત્વ વિષે રહેલી."

જે થાય છે તે ઈશ્વરેચ્છાથી, ઈશ્વરી નિયમાનુસાર થાય છે. માનવી અલ્પ છે, પણ અલ્પ છતાં એણે ઈશ્વરી નિયમના સાધન તરીકે સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરવાની છે. પ્રભુનિર્દિષ્ટ માર્ગ છોડે તેમાં તેની જવાબદારી છે. માનવી અબળ છે એમ કરી વિષાદ કેળવી કર્તવ્યપથથી ચ્યુત થવું એ અધર્મ છે, આત્મવંચના છે.

"એ રહ્યા તુજ સમીપ માર્ગ જ્યાં,
તું ગ્રહે ઉભયમાંથી એક ત્યાં."

આમ છતાં શ્રેય અને પ્રેયની પસંદગીમાં મનુષ્યને નિર્બળતા સમજાય છે. શ્રેય અને પ્રેય સ્પષ્ટ સમજાય છતાં કોઈ અદૃશ્ય બળથી ધકેલાઈ તે સત્ય માર્ગ ગ્રહણ કરતો નથી અને પાપાચારણ કરે છે. તેનો ખુલાસો રમણભાઈ એમ કરે છે કે સદાચરણ કરવાનું બળ કેવળ પોતાની જ શક્તિમાંથી મનુષ્યને નથી પ્રાપ્ત થતું; એ બળનો દાતા ઈશ્વર જ છે. તેથી જ માનવે ઈશ્વરાભિમુખ રહી પ્રાર્થના કરી કરી તેની

× 'ધર્મ અને સમાજ'—ગ્રંથ ૧, પૃ. ૩૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી બળ માગવું રહ્યું. સદાચરણ માટે, સદસત્ વચ્ચે વિવેક કરવા માટે જ્ઞાન એકલું બસ નથી. જ્ઞાનવાનને પણ સન્માર્ગે નિયુકત કરનાર બળ ઈશ્વરની કૃપા છે. તેથી જ રાઈ કહે છે: "ન એક થાન્હે પ્રભુપ્રીતિનાશ."

ઈશ્વરની ભકિતના ત્રણ અંશ–ઉપાસના, સ્તુતિ અને પ્રાર્થના–બીજો કોઈ લેખક ગૂઢ કે દુર્બોધ થઈ જાય એવો વિષય છતાં, અતિશય સરળ રીતે રમણભાઈ સમજાવે છે. "ઈશ્વર સર્વની સમીપ છે, તો પછી તેની પાસે જવાનું કયાં રહ્યું, એમ પ્રશ્ન કરનાર દિશાના અંતરનો જ વિચાર કરે છે; પણ મનુષ્ય અને ઈશ્વર વચ્ચેનું અંતર દિશા (space)નું નથી. મનુષ્યને શરીરની ગતિ કરીને ઈશ્વર સમીપ જવાનું નથી. ઈશ્વરથી મનુષ્યનું અંતર જ્ઞાનનું છે, ઉપાસનામાં ઈશ્વર સમીપ જવાનું છે તે જ્ઞાનથી".* "ઈશ્વરની સ્તુતિ કરવાથી તેના ગુણનું સ્મરણ થાય, સ્તુતિ કરનાર મનુષ્યને તેના ગુણો યાદ રહે એ સ્તુતિનો હેતુ છે. × × × ઈશ્વર ન્યાયકારી અને કરુણાસિંધુ છે એ યાદ આવવાથી દુઃખ વખતે ઈશ્વરને દોષ દેતાં મનુષ્ય અટકે છે. ઈશ્વર સર્વવ્યાપી છે, એમ જાણ્યાથી મનુષ્ય પાપ કરતાં અટકે છે....ઈશ્વર સત્યસ્વરૂપ છે, એમ જાણ્યાથી સત્ય માર્ગ પ્રિય લાગે છે."× આ રીતે ઈશ્વરની સ્તુતિ ઈશ્વરને સારુ નથી, પણ મનુષ્યને સદ્વર્તનમાં રાખવા સારુ છે. ઈશ્વરની પ્રાર્થના વિશ્વસ્ત પ્રેમમગ્ન હૃદયનો ઉદ્‌ગાર છે, તેમાં માગણી છે પણ તે માગણીનો વિષય દુઃખ વખતે સહાયતા અને પાપની યાદી ઉપરાંત સદાચરણબળ, પ્રભુપ્રસાદ વગેરે હોય છે. "ઈશ્વર પાસે ભકતની પ્રાર્થના એ હોય છે કે કરુણા કરી મારા

---

* 'ધર્મ અને સમાજ'–ગ્રંથ ૧, પૃ. ૨૪.

× 'ધર્મ અને સમાજ'–ગ્રંથ ૧, પૃ. ૨૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપનું મને ભાન કરાવ કે સંસારમાં મગ્ન થયેલો મારો આત્મા જાગ્રત થઈ પોતાની દુષ્ટતા સમજી પશ્ચાત્તાપ કરે અને પાપની સજા ભોગવે અને ફરી પાપ કરતો અટકે."* રમણભાઈ વારંવાર જણાવે છે કે સદ્‌ગુણના જ્ઞાનથી સદ્‌ગુણી થઇ જવાતું નથી; પ્રાર્થનાના ભકિતયોગથી મનુષ્ય સદાચરણનું બળ મેળવે, મનોવિકારને વશ કરી શકે અને સદ્‌પ્રવૃત્તિમાં ઉદ્યુક્ત થાય. ઈશ્વર પાસેથી સદાચરણબળ મેળવવાનું છે, પણ સ્વભાવ ઉપર કાબૂ મેળવી સન્માર્ગે જવાની જવાબદારી મનુષ્યની જ છે. સ્વેચ્છા-સ્વીકારની રમણભાઈની અન્વીક્ષા સૂક્ષ્મ તેમ જ વિશદ છે. જે કારણ-કાર્યની નિયતિ માને છે તેણે સ્વીકારવું જોઈએ કે સ્વભાવ બદલવાની ઇચ્છા એ પણ કારણચક્રમાં આવી શકે. "સ્વભાવ બદલવાનાં કે મનનું વલણ ફેરવવાનાં કારણ ન હોય તો જ અસલ સ્વભાવ કે વલણ પ્રમાણે કાર્ય થાય. વસ્તુને પડતી અટકાવનાર કારણ ન હોય તો જ ગુરુત્વા-કર્ષણના કારણથી વસ્તુ ગુરુત્વમધ્યબિન્દુ પર પડે, તેમ જ મનના વ્યાપારમાં." +

પરંતુ સદાચરણ અને ઐહિક સુખને કારણ-કાર્યનો અવશ્ય સંબંધ નથી. મનુષ્યનીતિથી ઈશ્વરી નીતિનો તોલ કરવો વૃથા છે. ઈશ્વરી નીતિનો પૂરો ખ્યાલ આપણને આવી શકે તેમ નથી. એ નીતિ એવી વ્યાપક છે કે તેમાં પ્રકૃતિના નિયમોનો સમાસ થઈ જાય છે, અર્થાત્ ધર્મીને સુખ અને અધર્મીને દુઃખ આપવા પ્રકૃતિના નિયમો બદલાતા નથી. 'ઈશ્વરે સૃષ્ટિ ચલાવવાના નિયમો કર્યા છે તેનો વ્યાપાર

---

* 'ધર્મ અને સમાજ', ગ્રંથ, ૧, પૃ. ૩૧
+ 'ધર્મ અને સમાજ.' ગ્રંથ ૧, પૃ. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ તરફ એકસરખી રીતે થયેા જાય છે. પાણીથી સત્પુરુષની તરસ છીપે છે અને પાપીની તરસ પણ છીપે છે, સૂર્યનેા પ્રકાશ સાધુ અને અસાધુ સર્વને એકસરખેા મદદ કરે છે. ખેતરમાં બીજ વાવ્યા પછી વૃષ્ટિ વગેરે અનુકૂળતા મળે તેા બરી માલિકીના ખેતરમાં વધતું પાકે અને બીજા પાસે છીનવી લઈ વાવેલા ખેતરમાં ઓછું પાકે એમ થતું નથી.'*

રમણભાઈની સમગ્ર ધાર્મિક વિચારણામાં વધુમાં વધુ નિર્બળ અંશ તેમની પુનર્જન્મની વિચારણા છે. આગળ સૂચવ્યું તેમ વ્યાપક હિંદુ ધર્મથી પ્રાર્થનાસમાજને અપાસ્ત કરનાર, બાહ્ય કારણ તેના સભ્યેાની રહેણીકરણી તેમ આન્તર કારણ મૂર્તિપૂજાના વિરેાધ કરતાં, આ પુનર્જન્મના સિદ્ધાન્તનેા અસ્વીકાર હશે. એ વિષયની તેમની ચર્ચામાં વિશ્વાસ પડતેા નથી. સત્યશેાધક કરતાં પક્ષવાદીની એ કેાટિએા છે. 'દેહના નિયમ તૂટે તેા તેનાં ચેાગ્ય પરિણામ દેહને થાય છે. આત્મા નિયમ તેાડે તેા તેનાં પરિણામ આખરે આત્માને થાય છે. × × મૃત્યુ પછી કાયમ રહેનાર આત્માને ઇનામ કે સજા તેની શાન્તિ કે અશાન્તિમાં છે. આત્માને ઇનામ કે સજા દેહ ધારણ કર્યા પછી જ મળે એવી કશી જરૂર નથી. કેમકે દેહ ધારણ કર્યા પછી પણ દેહના વિલાસ કે કષ્ટથી પણ જ્યારે અંતે આત્માને શાન્તિ કે અશાન્તિ પહેાંચે ત્યારે પરિણામ મળ્યું કહેવાય. તેા એ શાન્તિ કે અશાન્તિ તેા વગર દેહે પણ થાય. × × દેહથી થતું અજ્ઞાનનું આવરણ ખસી જતાં ઈશ્વરના સ્વરૂપનું, ઈશ્વરને શું પ્રિય છે તેનું, ઈશ્વરની પ્રીતિ કેવી જરૂરની છે તેનું ભાન વધારે સંપૂર્ણ રીતે થાય, દેહ છતાં તેવું સારું ન થાય તેા દેહથી જુદા પડે જ ખરેખરેા પશ્ચાત્તાપ થાય. તેમ જ સુખ-અને ઈશ્વરકૃપા અને ઈશ્વર-

* "'ધર્મ અને સમાજ'–ગ્રંથ ૧, પૃ. ૮૪, ૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાન્નિધ્ય જેવું સુખ એકે નથી—એ પણ દેહથી છૂટા પડયા પછી જ સંપૂર્ણ રીતે થાય. સંપૂર્ણ શાન્તિ ત્યારે જ મળે.× આ વાદકોટિ પ્રમાણે તો દેહની કે લાંબા આયુષ્યની સહેતુકતા જ નષ્ટ થાય છે. આત્માની ઉત્તરોત્તર પ્રગતિ માટે ઈશ્વરે દેહને આત્માનું આવશ્યક સાધન ગણ્યું તો તે શું આ ટૂંકી અવધિના જીવન પૂરતું જ સાચું? મૃત્યુ પછી જો ઇશ્વરકૃપાને લીધે દેહધારણની જરૂર નથી, તો આ જીવન પહેલાં પણ શી જરૂર હતી કે આ દેહ ધારણ કરવો પડયો?* મને તો રમણભાઈની આ તર્કજાળ લાગે છે અને આ માન્યતાનું તાત્પર્ય જોતાં, આત્માની પાપિતા ઉપર રમણભાઈએ મૂકેલા ભારને જોતાં, તેના ઉપરનો પ્રચ્છન્ન ખ્રિસ્તતાનો આક્ષેપ, સાચો નથી છતાં, ક્ષમ્ય ગણાશે.

ધર્મના સિદ્ધાન્તમાં વ્યક્તિની ઇલાયદી સત્તા રમણભાઇએ સ્વીકારી, એનું જ પ્રતિબિંબ તેમના સંસારવિચાર અને

× ધર્મ અને સમાજ'–ગ્રંથ ૨, પૃ. ૮૪–૮૫.

* રમણભાઈ સામીપ્ય મુક્તિને જ ખરી મુક્તિ ગણે છે. એ સામીપ્યમાં સજ્જ્ઞાન, સદિચ્છા, સદ્વૃત્તિ અને સદ્ગુણનો લોપ નથી થતો, બલકે એ એ ગુણો વડે એ સેવકભાવ કૃતાર્થ કરે છે. આ સંદર્ભમાં એક પક્ષે એ કહે છે કે 'ઈશ્વર તરફ જતાં તરત તેના પ્રસાદને યોગ્ય હોવા સારુ આત્માને આ જીવનમાં શુદ્ધ થવું આવશ્યક છે." બીજી બાજુ કહે છે, મૃત્યુ પછી પાપિતા દૂર કરવાને દેહધારણની જરૂર નથી, કેમકે "વિશુદ્ધિની ક્રિયા ચૈતન્યમય આત્માની છે અને આત્મા તે ચૈતન્યના વ્યાપારથી કરી શકે છે." પ્રાર્થનાસમાજસ્થોની "પાપિતાની ગ્રંથી" ખ્રિસ્તીઓની ગ્રંથી જેવી જ છે, પણ પાપિતાના સર્વપ્રથમ ઉદયનો તેમની પાસે ખુલાસો નથી. તેમને મૂલગત પાપિતા સ્વીકારવી પડે એવી તેમની તર્કસરણિ છે છતાં ખ્રિસ્તી ધર્મે મૂલગત પાપિતાનો પૌરાણિક શ્રૂતકથાનો તોડ કાઢયો તે તો તેમને સ્વીકાર્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યવિચારમાં પડયું. તે સમયના ઘણા ચિન્તકોની પેઠે તે વ્યક્તિસ્વાતંત્ર્યવાદ પર મોહી પડેલા. એ વાદ તેમના સર્વ વિચાર સમજવાની કૂંચી છે. 'સંસારસુધારાની પ્રથમ ભાવના તે સ્વતંત્રતાની છે. દરેક પુરુષ અને દરેક સ્ત્રીને સ્વતંત્રતાનો અમૂલ્ય અધિકાર છે; જનસમાજની એકંદર સ્વતંત્રતા જળવાય માટે છૂટક વ્યક્તિની સ્વતંત્રતાના નિયમ થઈ શકે. પણ અપરાધ સિવાય કોઇ વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લેવાય નહીં, અને અપરાધ માટે પણ દંડ પૂરતી જ તે લઈ લેવાય. આ મહાન ભાવના રાષ્ટ્રીય જીવન પેઠે સામાજિક જીવનમાં પણ પ્રવર્તવી જોઈએ એ પ્રતીતિથી જાગૃત થઈ આપણા લગ્નના વિષયમાં સ્વાતંત્ર્ય સ્થાપવા પ્રયત્ન કરીએ છીએ.' * બાળલગ્ન, વિધવાવિવાહ, કૌમાર, સ્ત્રીકેળવણી, ઓઝલ, પરદેશગમન, આ બધા પ્રશ્નોનો ઉકેલ આ વ્યક્તિની સ્વતંત્રતાની ભાવનાની દૃષ્ટિએ કરવાનો છે. આ વિષયમાં રમણભાઈની શૈલીમાં અસાધારણ બળ, વેગ, નર્મયુક્ત સચોટતા અને રમણીયતા આવે છે, કેમકે એમાં તેમની ઉત્કટ ભાવમયતા છે, અને એમનું મન તેમાં એવું એકાગ્ર અને એકરસ થયું છે, કે પરિભાષાની કે અવતરણની સહેજ પણ મુશ્કેલી એમાં નડતી નથી ને તેથી વાચકને અર્થ અને ભાવના પ્રકાશમાં લેશ પણ કલેશ થતો નથી. રમણભાઈની શૈલીની સમજણ માટે આ હકીકત અતિ અગત્યની છે.

સંસારસુધારામાં રહેલી બીજી ભાવના તે સમાનતાની છે. તેનો સ્વતંત્રતા સાથે સમવાય સંબંધ છે. 'સર્વ ઈશ્વરનાં બાળક છે, સર્વ ઈશ્વરને સરખાં પ્રિય છે, સર્વ ઈશ્વર પાસેથી સરખો અધિકાર લઈને આવેલાં છે, સર્વનો પ્રજાની સમષ્ટિમાં સરખો એકડો છે, એ પ્રતીતિ જ્યારે હિંદુસમાજમાં ઓત-

* "ધર્મ અને સમાજ"–ગ્રંથ ૨, પૃ. ૨૦૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેરાત થઈ રહેશે, ત્યારે પ્રજાના શરીરની પ્રત્યેક નસમાં સનાનતાનું લોહી વહેશે અને સ્વતંત્રતાની ભાવના જીરવવાનું મહાબળ પ્રાપ્ત થશે.' *

સંસારસુધારામાં ત્રીજી ભાવના પ્રજાત્વની [nationality] છે. પ્રજાબળને સમગ્ર કરવા તેનાં વિવિધ અંગો સશક્ત અને સંવાદી થવાં જોઈએ તે ખાતર પણ કુરૂઢિનો ત્યાગ અને સુધારાનો સ્વીકાર થવો જોઇએ. આ ત્રણ ઉપરાંત બીજી ભાવનાઓ-સુનીતિ, દયા, શિષ્ટતા-પણ સંસારસુધારામાં પ્રવર્તવી જોઈએ. અને સંસારસુધારાના પ્રયત્નોમાં એક બળવાન શ્રદ્ધા-જે રમણભાઈની લાક્ષણિક છે-કે આપણા સર્વ આદર્શોની પાછળ પરમાત્માનો આદર્શ રહેલો છે, તે કેળવવી જોઈએ, કેમકે આપણું લક્ષ્ય દૃઢ કરવા સારું મોટામાં મોટું બળ ઈશ્વર પાસેથી જ પ્રાપ્ત કરવાનું છે.

ઉપરની વિચારણાવાળું રમણભાઈનું કદાચ સર્વોત્તમ વ્યાખ્યાન, નિબંધોમાં પણ શૈલી, છટા અને સૌષ્ઠવની દૃષ્ટિએ સર્વોત્તમ ગણાય એવું, ૧૯૧૮ માં બીજી ગુજરાત સંસારસુધારા પરિષદ આગળ પ્રમુખ સ્થાને આપ્યું હતું. સંસારસુધારાની પદ્ધતિઓની ચર્ચાના વ્યાખ્યાનમાં રમણભાઈ પુણ્યશ્લોક રાનડેને અનુસરે છે. તેમાં વિવેચનનું એક બિન્દુ શાસ્ત્રાર્થનું છે તેનો આગળ ઉલ્લેખ થઈ ગયો છે. સુધારો ધર્મશાસ્ત્રને અનુસાર છે તે બતાવવા સારું શાસ્ત્રાર્થ કરવાની ચોક્કસ પદ્ધતિ ચોજી શકાય. પણ આ પદ્ધતિ રમણભાઈને માન્ય નથી. શાસ્ત્રવચન ન મળે તો શાસ્ત્રવચન વગર ચલાવી લઈ માત્ર સુધારાની યોગ્યતા દર્શાવવી એ જ યોગ્ય છે, **યુક્તિહીને વિચારે તુ ધર્મહાનિઃ પ્રજાયતે** કૃત્રિમ અર્થઘટન કે એક-

*ધર્મ અને સમાજ, ગ્રંથ. ૨, પૃ. ૨૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાકયતા અયોગ્ય છે, અને વિચારવંત મનુષ્યોના અંતઃકરણને રુચતી નથી.

નરસિંહરાવ

નરસિંહરાવ અને રમણભાઈ આ વિચારબિંદુમાં કેવળ મળતા છે, જોકે સુધારાની વાસ્તવિક પ્રગતિ કરાવવામાં કે તેની તાત્ત્વિક વિચારણામાં રમણભાઈ નરસિંહરાવ કરતાં ઘણા મોટા છે. વિચાર, વૃત્તિ અને કાર્યમાં નરસિંહરાવ સુધારક હતા, પણ કારકિર્દીની દૃષ્ટિએ ખાસ સુધારક નહોતા. રમણભાઈને તો કેટલાક સુધારક તરીકે જ ઓળખે.

સંસારસુધારાની ભાવના અને પદ્ધતિ સંબંધી રમણભાઈ અને નરસિંહરાવ વચ્ચે ફેર નથી, એ તેમના ૧૯૧૩ માં બીજી પ્રાન્તિક સંસાર સુધારા પરિષદ આગળ પ્રમુખ તરીકે આપેલા વ્યાખ્યાનમાં દેખાઈ આવે છે. શાસ્ત્રને આધારે સુધારો કરવા કરતાં બુદ્ધિ અનુસાર સુધારો એમણે ઇષ્ટ ગણ્યો છે. 'મનુષ્યબુદ્ધિથી રચાયેલાં શાસ્ત્રોમાં સ્વતઃ પ્રામાણ્ય હોઈ શકે નહિ અને તેથી શાસ્ત્રોને જ પાયારૂપ ગણવા એ એક દોષ છે....ન્યાય અને બુદ્ધિનાં સ્થાયી તત્ત્વોનો જ આધાર સાચો છે.'

રમણભાઈ કરતાં નરસિંહરાવ સુધારાના વિષયમાં કાંઈક વધારે વિવેક અને સાવચેતી ઉપદેશે છે. ઉપરાંત, વ્યક્તિ-સ્વાતંત્ર્યની ભાવનાને કાંઈક મર્યાદિત કરવાનું તેમનું વલણ છે. નરસિંહરાવ કાળજીપૂર્વક આગળ વધવામાં માને છે અને વ્યક્તિગત કામને પુષ્ટ કરવા સંઘબળની અપેક્ષા જણાવે છે. વ્યક્તિઓ ચાહોમ કરીને ઝંપલાવે તેથી કામ અસ્થાયી અને ધ્યેયને કંઈ નુકસાન થાય છે. તેથી 'ઉત્તમ પદ્ધતિ તો એ છે કે ઘણા મનુષ્યોએ એકત્રિત થઈ વ્યવસ્થાપૂર્વક, સુસ્થિત તત્ત્વોને આધારે, ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાળ લઈને કામ કરવું જોઈએ.' આમાં રૂઢિનો સ્વીકાર નથી પણ સુધારાને માર્ગે મુશ્કેલીઓનો તોડ કાઢીને જવાનું છે. પરંતુ તેથી સુધારામાં 'અકર્મ'ને અવકાશ નથી. 'વખત વખતનું કામ કરશે' એમ કહેનારા ઉદાસીન કે નૈતિક બળ વગરના હોય છે. તેમને વિના પ્રયત્ને કે વિના જોખમે બીજા મનુષ્યોનાં ફળ ચાખવાં છે. અને જેને 'વખત' કહેવામાં આવે છે તે કંઈ સમયનું માપ કે 'અકર્મ' સૂચવતું નથી. 'કાર્યકારણની પરંપરામાં નીપજતાં પરિણામોમાં મનુષ્યોનો ફાળો એ જ અર્થ 'વખત'નો છે.' *

રમણભાઈ શુદ્ધ વિચારક છે; માત્ર બુદ્ધિની ભૂમિ ઉપર રહી સૂક્ષ્મ પર્યેષણ તે કરી શકે છે. નરસિંહરાવની દૃષ્ટિ કવિની છે. એક ભાષાશાસ્ત્ર સિવાય કોઈ પણ વિષયમાં કેવળ વિજ્ઞાની કે વિચારક પેઠે ચિન્તન કરવામાં તેમને તૃપ્તિ થતી નથી. તેમનું આર્દ્ર હૃદય સુકુમાર લાગણીમાં, અદ્‌ભુત કલ્પનામાં રાચે છે તેથી તેમની બધી વિચારણા ચિત્રમય રીતિમાં પ્રગટ થાય છે, અથવા તેને કવિતાની ભાવના દેવાય છે. વળી તે ચિન્તનના પ્રાથમિક સ્વરૂપમાં હોય છે તેથી મૂલ્યવાન છતાં કાચા માલ જેવી છે. 'વિવર્તલીલા'નો આખો ગ્રંથ આ રીતિનું રમણીય નિદર્શન છે. તેનું એક ભેદસૂચક પરિણામ એ છે કે રમણભાઈને વાંચતાં રમણભાઈનું વ્યક્તિત્વ ભૂલી જવાય છે; નરસિંહરાવના વ્યક્તિત્વનો પરામર્શ 'મનોમુકુર'માં 'સ્મરણમુકુર'માં, 'વિવર્તલીલા'માં પદેપદે થાય છે. રમણભાઈની વાણીમાં બુદ્ધિનો નિશ્ચય છે. નરસિંહરાવમાં હૃદયની શ્રદ્ધા છે. 'હૃદયમતિ' તેમનો પ્રિય શબ્દ છે. વાચકને અભિમુખ કરવામાં નરસિંહરાવ

* બુદ્ધિપ્રકાશ : ૧૯૧૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ સફળ થાય છે. ખુશીથી ઉઠાવેલો શ્રમ ઓછું થકવે છે, એ સામાન્ય અનુભવનું બિંદુ લઈ નરસિંહરાવ જડવાદનો સારો પ્રતિવાદ કરે છે. વિચાર અને વિચારવિષય એ વચ્ચે નિતાન્ત ભેદ છે; અન્તઃકરણ અને ઇચ્છાશક્તિ એ કોઈ કાયિક અંગ જોડે અભિન્ન કરી શકાય એમ નથી. ઉપરાંત, વિચાર અને ઇચ્છાવ્યાપાર પ્રવૃત્ત થાય તે સાથે મગજમાં અમુક ફેરફાર થાય તે ઉપરથી એ બંને વચ્ચે કાર્યકારણનો સંબંધ હોવો શા માટે માનવો જોઈએ કે મગજના ફેરફાર તે કારણ અને વિચાર અને ઇચ્છા તે કાર્ય? વિપરીત ક્રમ નહિ? × × ક્રોધ, હર્ષ, ઇત્યાદિ આવેશની સાથે કંપ, હૃદયના ધબકાર, ઇત્યાદિ થાય તે માટે એ કંપાદિક તે જ તે તે ભાવ એમ હજી કોઈએ કહ્યું નથી. અથવા એ કંપાદિક તે કારણ અને તે તે ભાવ તે તે કાર્ય એમ પણ કોઈએ ઠરાવ્યું નથી એટલો પાડ માનીશું"*

જડવાદની વિરુદ્ધ આત્મિક સત્તાનું બીજું પ્રતિપાદન "મનોમુકુર"ના પહેલા ગ્રંથમાં છે. પદાર્થ અને ગતિ આવ્યાં ક્યાંથી, એ પ્રશ્નનું નિરાકરણ રમણભાઈ અને બીજા વિચારકોએ કર્યું છે તેમ સહજોપલબ્ધિ અને ઉપમિતિના અવલમ્બનથી નરસિંહરાવે કર્યું છે. આધ્યાત્મિક તત્ત્વોની પરીક્ષા માટે વિજ્ઞાનની પદ્ધતિ નહિ ચાલે એમ જણાવી વેદાન્તીઓ માફક 'હું છું' એ નિર્વિવાદ સ્વાનુભવ રજૂ કરે છે. આધ્યાત્મિક પરામર્શ માટે મનુષ્યને સહજોપલબ્ધિ જેવી વિશિષ્ટ શક્તિ છે. સૌન્દર્યનો અનુભવ કરવાની મનુષ્યની વિશિષ્ટ શક્તિ છે. 'આ સાધન વડે ચેતનતત્ત્વના વિશેષ સ્વરૂપમાં કાંઈક પ્રવેશ થઈ શકે છે, તેની જ સાથે જડથી ભિન્ન ચેતનતત્ત્વનું અસ્તિત્વ

---

* 'વિવર્તલીલા'–પૃ. ૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી જણાય છે. અમુક વસ્તુ, ગુણ વગેરે સુન્દર અથવા અસુન્દર શા માટે એ પ્રશ્નનો ઉત્તર વિજ્ઞાન નથી આપી શકવાનું; અને એ પ્રશ્ન તપાસતાં જ જડ પદાર્થની પેલી પાર જવું પડશે. સુન્દરતાની ભાવના જ ચેતનતત્ત્વને માગી લે છે.* વિશ્વયન્ત્રના દરેક વિકાસમાં, વ્યાપારમાં, જે ગતિનું દર્શન છે તેની પછાડી કોઈ જ્ઞાનમય, શક્તિમય ઇચ્છા છે, જેનું અધિષ્ઠાન પરમ પુરુષ છે. આમાં મનુષ્યજીવન ઉપરથી પરમ પુરુષ અને તેની ઇચ્છાની સંભાવના કરી છે. પરમ પુરુષની જ્ઞાનમય શક્તિમય ઇચ્છા સ્વીકારીએ તો એ ઇચ્છામાં જ મૂળ પદાર્થની ઉત્પત્તિ કલ્પવી અશક્ય નથી.

ઈશ્વરવ્યક્તિ, જીવોની વ્યક્તિઓ તરીકે ભિન્નતા, ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવામાં પ્રાર્થના અદ્વિતીય અને અમોઘ સાધન–એ બધું રમણભાઈની જેમ સ્વીકારવા છતાં, નરસિંહરાવનું વલણ પૂર્વજન્મ તરફ, વેદાન્તના માયાવાદ તરફ કંઈક તટસ્થ ને કૂણું જણાય છે. નવલરામ પર લેખ લખાયો ત્યાર પછી ધીમે ધીમે વલણ બદલાયું હશે તે 'વિવર્તલીલા'માં સ્પષ્ટ જણાય છે. આનંદશંકરે કરેલો પરિણામવાદ અને વિવર્તલીલાનો સમન્વય નરસિંહરાવને ગળે કાંઈક ઊતર્યો હતો પણ તે શી રીતે તેનું સ્મરણ તેમને ન રહ્યું, કેમકે એ કહે છે તેમ આનંદશંકરની સમજાવવાની શૈલીના સૌન્દર્યમાં જ એ મુગ્ધ થઈ ગયા હતા.× પરંતુ એ વાત તેમની અનુભાવી વલણનું નિદર્શક છે. એક બાળકે મૃત્યુ પહેલાં પ્રભુભજન તરફ વૃત્તિ દાખવી તેનું બીજ શું હશે એમ શંકા ઉપસ્થિત કરી, નરસિંહરાવ હિંદુ દૃષ્ટિનો જવાબ સૂચવે છેઃ 'તમે

* 'મનોમુકુર'–ગ્રં. ૧, પૃ.૩૫૪

× વિવર્તલીલા–પૃ. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેશો–પૂર્વજન્મના સંસ્કાર–'હોય! પૂર્વજન્મની કલ્પના મારી બુદ્ધિમાં ગોઠવાતી નથી.'× રમણભાઈ આ–હોય–એવો નરમ ઉદ્‌ગાર કદાપિ કાઢે નહિ. કેવલાદ્વૈત તેમને માન્ય નથી, પણ જેમ નીચા સ્વરમાનનો સૂર ઊંચા સ્વરમાનના સૂરમાં ભળી જાય તેમ જીવ અને ઈશ્વર વચ્ચે સંવાદ સાધ્યો છે. પ્રત્યેક મનુષ્યની વ્યક્તિ શૂન્યમાં લુપ્ત થાય એ વાત તે ગળે ઉતારી શકતા નથી. 'પ્રતિક્ષણે ભિન્ન થતા આપણા કાયિક સ્વરૂપને વિશે પણ અમુક વર્ષોને અંતે સર્વ શરીરઘટના બદલાયા છતાં વ્યક્તિતા કાયમ રહે છે એ મત સ્વીકારાયો છે, તે જ રીતે આપણા આત્મસ્વરૂપને વિશે પણ વ્યક્તિતાની સાચવણી એ પરમ દયાળુ પ્રભુની યોજનાનું એક મોટું અંગ હું ગણું છું.' * આમ છતાં ઉચ્ચાવચ્ચ માનના સૂરોના અદ્વૈત જેવું આત્મા પરમાત્માનું અદ્વૈત તેમને ઇષ્ટ છે. નિતાન્ત એકતા એ કલ્પી શકે છે, કદાચ એ આત્યંતિક સત્ય હશે એવો પણ વહેમ તેમને રહે છે, પણ તેમનું હૃદય એ 'શૂન્યવાદ' સ્વીકારી શકતું નથી. રંગ અને સ્વરોનાં સુન્દર દૃષ્ટાંત લઈ નરસિંહરાવ કહે છે— 'અન્તિમ સંયોગીકરણમાં પછી ૐકારનો મહાનાદ, અથવા શ્વેત કિરણનો જ્યોતિ ભલે લક્ષ્યરૂપ ગણો; એ ખરા ઇષ્ટસિદ્ધ યોગીઓને માટે છે, હું તો ઉપાધિયુક્ત રૂપલીલા, નાદલીલા, અને પ્રેમલીલા સ્વીકારવાને તૈયાર છું; પરમાત્માના શૂન્યાકારમાં સ્વરસૌન્દર્ય કે રૂપસૌન્દર્યની વ્યષ્ટિરૂપ ઘટના કયાં મળશે? એ સમન્વિત સૌન્દર્યમાંથી થતી રૂપલીલા અને નાદલીલા

× વિવર્તલીલા–પૃ. ૯.
* વિવર્તલીલા–પૃ. ૪૮.

વળી આ વ્યક્તિતામાં એટલે સુધી તરંગ કરે છે કે આત્માના બંધારણમાં જ સ્ત્રીપુરુષ ભેદ હોવો જોઈએ. 'વિ. લી.'–પૃ. ૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રગટ થાય છે એ મારે મન કવિતા છે. જીવન એટલે સંચલન, રૂપાંતર, સતત વહન; શૂન્ય સ્તબ્ધતા નથી."[૧] એને અદ્વૈતમાં દ્વૈત અને દ્વૈતમાં અદ્વૈત કહી શકાય. આ વિશિષ્ટ પ્રકારનુ અદ્વૈત-વિશિષ્ટાદ્વૈત નહિ-સાધવાનું ઉત્તમ બળ તે પ્રેમ, ભક્તિ, પ્રેમભક્તિ, પ્રેમપૂર્વક ભક્તિ.[૨] જ્ઞાનથી જે પ્રભુ અગમ્ય છે તેને પ્રેમના તંતમાં સંત ઝીલી શકે છે. 'પ્રેમપાત્ર મેળવ્યા પછી એને જ્ઞાનવિષય બનાવાશે.'[૩] પણ ભક્તિપ્રેમને ય સંયમની આવશ્યકતા છે. તે ઘેલછા ન થવી જોઈએ.

'ધીરે ધીરે પીઓ, સાધુ!
અજરા કાંઈ જરી એ ન જાય, ભાઈ વીરા!'[૪]

આ ભક્તોને ચેતવણીરૂપ વિચાર નવો છે, નરસિંહરાવની સ્વભાવઘટનાનો નિદર્શક છે, અને વૈષ્ણવ, સૂફી, તેમ જ પ્રાર્થનાસમાજી ભક્તોને લાગુ પડે છે. અહીં તેમ જ અન્ય અનેક નીતિ રીતિના પ્રશ્નોમાં નરસિંહરાવ વસ્તુની પરીક્ષા સત્યદૃષ્ટિએ જ નહીં, પણ રસદૃષ્ટિએ, સૌંદર્યતત્ત્વોની દૃષ્ટિએ કરે છે એ એમની ગુજરાતી ગદ્યસાહિત્યમાં લાક્ષણિક ખૂબી ગણી શકાય. 'કરુણ પ્રસંગમાં સંયમની સાધનાથી ગૌરવનું અનુપમ સૌન્દર્ય પ્રગટે છે.' 'આ જીવનની પાર રહેલા અમર સત્યોના સૌન્દર્યના દર્શનથી પ્રાપ્ત કરેલો આનંદ' દુઃખમાં અસાધારણ સંયમબળ આપી શકે. આ અને આવા સત્યદર્શનમાં 'સૌન્દર્ય' પદ ખાસ ધ્યાન ખેંચે છે.

આગળ મેં કહ્યું કે નરસિંહરાવમાં શુદ્ધ ફિલસૂફી નથી પણ તત્ત્વજ્ઞાનનો કાચો માલ છે. કાચા માલનું ઉપમાન જડતાનું સૂચક છે, અને જડતાનું આ ચિંતનસામગ્રીમાં નામ નથી. પ્રિયજનોના વિયોગથી જે 'માત્ર જીવી રહ્યો હું મહા-

૧ વિવર્તલીલા-પૃ. ૮૮; ૨ પૃ. ૩૨,૩૬; ૩ પૃ. ૧૨૩; ૪ પૃ. ૯૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તિની એક આશે' એમ હૃદયના ઊંડાણમાંથી ઉદ્‌ગાર કાઢે તેને સત્ય એ કેવળ વિચારણાનો પ્રશ્ન ન હોઈ શકે. એ તો શુદ્ધ પરજીવનનાં આતુરનો પ્રશ્ન છે, હરઘડી હૃદયગુહાનું દ્વાર ઠોકતો આત્માના જીવનમરણનો પ્રશ્ન છે.

કાન્ત

સત્યધર્મનો પ્રશ્ન મણિશંકર રત્નજી ભટ્ટને માટે નરસિંહરાવ કરતાં પણ વધુ તીવ્ર મનોમંથન, ઉજાગરા, આન્તર ને બાહ્ય કલહ તથા વેદનાનો કરાવનાર હતો. આવા વિદ્વાન અને દેશપ્રેમી સજ્જનને આવું મનોમંથન કરાવી શકવામાં ખ્રિસ્તી ધર્મ અને મિશનરીઓનો જે વિજય છે તે હજારો ક્ષુધાતુરો કે સ્વાર્થીઓને ખ્રિસ્તી કરવામાં નથી. એક મણિશંકર, એક માયકલ દત્ત, એક વાસુદેવ ટીળક, કે એક રમાબાઈ ખ્રિસ્તી થાય ને હિંદુ ધર્મના પાયા ડગે તેટલા ખ્રિસ્તી મીશનોના પ્રચાર અને વૈદ્યકીય શુશ્રૂષાથી ડગતા નથી. પણ હિંદુધર્મના સદ્‌ભાગ્યે કાન્તાદિ અપવાદરૂપ થયા. તેની વ્યાપક ભાવનાએ સજીવ અને બળવાન થઈ પોતાના રુધિરમાં ખ્રિસ્તી પ્રેરણાનો સંગ્રહ કરી લીધો અને સ્થિરદૃષ્ટિના ખ્રિસ્તીને-દેશીને યા વિદેશીને-હિંદુધર્મ સામે રોષ કે દ્વેષનું કારણ રહ્યું નથી. આત્માની યાત્રા માટે કયો ધર્મ યોગ્ય પાથેય નહિ આપે? અને વિકૃતિઓ જ જોવી હશે, મનુષ્ય મનુષ્ય વચ્ચે વેર વધારવા સામગ્રી જ જોઈતી હશે તો કયા ધર્મનાં પુરાણ આદિમાંથી, કયા સમાજની નીતિરીતિમાંથી તે નહિ મળી આવે?

વેદાન્તનો તિરસ્કાર એ રમણભાઈ, નરસિંહરાવ અને કાન્તને જોડતો એક સમાન અંકોડો છે. ૧૮૯૩ના એક પત્રમાં કાન્ત જણાવે છે :

For some months past I have been constantly thinking of writing a vigorous attack on

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Vedanta. If I know this much, that Vedantism is the annihilation of all morality, if सुखदुःखे and लाभालाभौ and जयाजयौ are समे, ततो युद्धाय युद्धस्व is absurd. ...I wish to write either in the form of a reView of the 'सिद्धान्तसार' or in the form of letters from a traveller or in some other form where humour also can come in.×

કાન્તના ચિત્તની કેવી વિપરીતતા! વેદાન્ત વિરુદ્ધ કેવો બાલિશ ગ્રહ! પણ ૧૮૯૫માં તેમના વલણમાંથી કડવાશ ઓછી થઈ છે. અભેદ સિદ્ધાન્ત ખોટો છે એટલું જ નહિ, અહિતકર છે એમ માનવા છતાં તેને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસી જોવાની દિલની ઉદારતા દાખવે છે — 'I have undergone no change of views. It is only the attitude that has changed. I for one can't kill my intellect and believe in अभेद. But I have certainly come to look with respect upon a school of philosophy of very old traditions numbering in its train men who can't be summarily dismissed as so many dunces.'*

'Pantheism as Martineau will tell you errs only when it denies the individual will. He will also tell you how sublime its spirit is and how it errs only by overzeal. I understood all that when I wrote against वेदान्त, but I was not

× કાન્તમાલા : પત્રધારા — પૃ. ૩૩૨

* કાન્તમાલા : પત્રધારા — પૃ. ૩૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

sufficiently serious and did not take in the immense value of the work done for the system in the country.'*

છતાં આ વલણ પણ બદલાયું ૧૮૬૭ના એપ્રિલ લગભગ, ને કાન્ત ખ્રિસ્તી થયા. કુટુંબવિયોગ અને પરિસ્થિતિ ન સહી શકવાથી નામના આર્ય થયા અને મન મનાવ્યું કે ખ્રિસ્તી તત્ત્વ આર્યોના પ્રાચીન ધર્મનો પુનરુદ્ધાર કરી તેમાં લાવી શકાશે. સ્વીડનબૉર્ગે 'પ્રાચીન શબ્દ'નો ઉલ્લેખ કર્યો છે તે આ ઋગ્વેદ હશે એવું સમાધાન પણ ઘણાં વર્ષ સ્વીકાર્યું, પણ હૃદયથી તે આમરણ ખ્રિસ્તી જ રહ્યા. રમણભાઈ નરસિંહરાવ, કાન્ત એ ત્રણેમાં વેદાન્તવિરોધ અને વ્યક્ત એકેશ્વરનો સમાન વાદ છે, તેમ તેમનો પરસ્પર સૂક્ષ્મ ભેદ પણ છે. ચિન્તનનો વળાંક જોઈએ તો રમણભાઈની પર્યેષણા પ્રધાનપણે બુદ્ધિનિષ્ઠ છે, નરસિંહરાવની સૌન્દર્યનિષ્ઠ છે, તો કાન્તની ભિન્નભિન્ન લાગણીઓથી પ્રેરિત છે.' Religions should be talked of as better and worse rather than as right and wrong.[૧] Christianity as a religion has a far more powerful iufluence for good on mankind than more philosophical creeds.[૨] અહીં સદાચારની દૃષ્ટિ નિયામક થઈ છે,[૩] પરંતુ કાન્તની માનસિક ઘડભાંગમાં પ્રેષક બળ બદલાયા કરતું.

એ પ્રેષક બળોમાં કુટુંબપ્રીતિ ઘણી અગત્યની હતી. પ્રકૃતિથી એ દૃઢ ન હતા. ઘણી અને ભિન્નભિન્ન વસ્તુઓ

* કાન્તમાલા : પત્રધારા–પૃ. ૨૯૩
૧ કાન્તમાલા : પત્રધારા પૃ. ૩૩૭
૨ ,, ,, પૃ. ૩૩૬
૩ 'સિદ્ધાન્તસાર'નું અવલોકન પૃ. ૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને આકર્ષતી અને પરસ્પરવિરુદ્ધ વસ્તુઓને તે વખાણી નાખતા.[૧] લાગણીઓથી ઊંચે ચઢી સિદ્ધાંત સ્થાપવાનું, વા સિદ્ધાંત સ્થાપી તે વડે લાગણીઓને ચકાસવાનું વલણ મણિશંકરમાં ઓછું હતું. 'My feelings absorb me at times; and I am not of a religious cast of mind, though I often experience religious sentiments.'[૨] આથી, એ કહે છે તેમ તેમના મિત્રો કરતાં ઘણી બાબતો તે વધુ સમભાવથી નિહાળી શકતા અને તેમના ચિત્તની લાગણીઓ ઉદાત્ત બનતી[૩] એ ખરું, પણ તે એકવાક્યતાને ભોગે. વિચાર-સંગ્રહમાં સુસંવાદ કે સમીચીનતા કે એકવાક્યતાનો એમનામાં ક્વચિત ક્વચિત લોપ થાય છે. એમનામાં દેખાય છે તેવો બુદ્ધિભેદ, દ્વૈધીભાવ, રમણભાઈ કે નરસિંહરાવમાં જણાતો નથી. રમણભાઈએ આ દોષ અને તેની પાછળ રહેલી હૃદયની સમૃદ્ધિ ઓળખી હતી. ઉપર ઉલ્લેખેલા ૧૮૯૫ના પત્રની નોંધમાં તે જણાવે છે કે "આમાંના કેટલાક વિચારથી જુદા પડતા વિચાર મણિશંકરે આ પહેલાં અને પછી ધારણ કર્યા હશે. પણ તેમની સરળતા, તેમની પ્રમાણિકતા, સત્કાર્યો તરફની તેમની ઉત્સુકતા, તેમની ગાઢ દેશભક્તિ, તેમની ઊંડી ઈશ્વરપરાયણતા, તેમની નમ્રતા, તેમની મધુરતા, તેમની ઉદારતા, તેમની તત્ત્વદર્શિતા એ સર્વનું આ વિસ્તારી ઉતારાથી કાંઈક દર્શન થયા વિના રહેશે નહિ.'[૪]

વ્યક્ત [Personal] એકેશ્વરની પ્રતીતિ અને તેની ભક્તિમાં શ્રદ્ધા એ મણિશંકરના તત્ત્વવિચારમાં અચલ અંશ

---

૧ ૧૮૯૦માંના એક પત્રમાં થિયોસોફિસ્ટોની પ્રશંસા છે, અને રહસ્યવાદને (Occultism)ને સાચો માન્યો છે.

૨ ૧૮૯૭નો એક પત્ર : કાન્તમાલા : પત્રધારા-પૃ. ૩૪૨

૩ કાન્તમાલા : પત્રધારા : રમણભાઈ ઉપર પત્ર : પૃ. ૨૯૩

૪ કાન્તમાલા : પત્રધારા : પૃ. ૨૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. દેશના ઉદ્ધાર માટે એકેશ્વર ભક્તિની એવડી અનિવાર્યતા એમને લાગેલી કે સુધારાનાં બીજાં ક્ષેત્રો કરતાં આજ ક્ષેત્રને ઘણા માણસોનાં આખાં આયુષ્ય સમર્પાય તે ઇષ્ટ છે, એમ એમણે ગણેલું. આવી અરી પ્રતીતિનું વ્યવહારમાં સ્પષ્ટ પરિણામ આવવું જોઈએ. આ તત્ત્વ જેને સમજાય તેણે સાથે જ સમજવું જોઈએ કે જે કંઈ બને છે તે ઈશ્વરેચ્છાથી જ બને છે અને વિશ્વક્રમનો ઉદ્દેશ એ દ્વારા સધાય છે. પોતાનું વલણ સ્પષ્ટ ખ્રિસ્તી હતું તથાપિ, ૧૯૩૦ પછી, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ અને થિયોસોફી દેશને માટેની ભાવિ ઈશ્વરી યોજનાને ઉપકારક છે એમ માનતા, કેમકે પોતાનો મત બીજા પાસે કબૂલ કરાવવાને એ સંસ્થાઓ આગ્રહ રાખતી નહોતી. વ્યક્તિએ પણ આવેગથી પ્રેરાઈ એકદમ સામાજિક પગલું ન ભરવું જોઈએ. પોતાની પ્રકૃતિના ગુણદોષ તપાસી, કુટુંબનો અને સમાજનો સ્વભાવ સમજી સિદ્ધાન્તોને જીવનમાં 'સ-માંસ' બનાવ્યા પછી યોગ્ય સામાજિક પગલું જે ભરવું ઘટે તે ભરવું. પણ સ-માંસ બનાવવાનો સિદ્ધાંત કયો? મહત્ત્વનો એક તે આ કે 'જેણે ક્રાઇસ્ટને તેના શબ્દથી જાણ્યો નથી, તેણે પ્રભુને જાણ્યો નથી. મનુષ્ય મનથી રચેલા ઈશ્વરની પૂજાને વધારે ઇષ્ટ અને બુદ્ધિપુરઃસર માને, તે તેનો એક ક્ષુદ્ર અહંકાર છે : ક્રાઇસ્ટમાં જ પિતા-ઈશ્વર પ્રકટ થાય છે.'* પણ એ સિદ્ધાંત સમાંસ બનાવ્યા પછી પોતાનું પરમ કર્તવ્ય તેમને વારંવાર સમજાતું કે જાહેર રીતે ક્રાઇસ્ટની પિતૃતા અને મનુષ્યની બંધુતા સ્વીકારવી.

'સ્થૂલ સૃષ્ટિમાં એવું કશું નથી કે જે પ્રથમ સૂક્ષ્મમાં ન હોય; અને સ્થૂલની બધી વસ્તુઓ સૂક્ષ્મની તત્સમ વસ્તુઓ-

* ક્રાન્તમાલા : પત્રધારા : પૃ. ૩૬૧ (૧૯૦૬ માં લખેલો પત્ર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

માંથી ઉત્પન્ન થયેલી છે.'* મૃત્યુ પછી મનુષ્ય કુદરતના અશુદ્ધ પદાર્થોનો ત્યાગ કરે છે પણ તેના શુદ્ધતર પદાર્થો રાખે છે જે સૂક્ષ્મ શરીરનું કામ કરે છે અને તેના મનનું ધારક તથા પ્રદર્શક બની રહે છે. સ્થલના ફેરફારો માત્ર સ્થિતિના ફેરફારો હોવાથી દેવલોકનાં સાન્નિધ્યો માનસિક સામ્યોનાં, અને અંતરો માનસિક વૈષમ્યોનાં પરિણામ છે. આ કારણે નરક સ્વર્ગથી જુદું રહેલું છે. સ્વર્ગનો શાશ્વત વિરામ અપ્રવૃત્તિ નથી પણ ઉપયોગી કામનો સંતોષ છે.

મરણોત્તર સ્થિતિ સંબંધી ઉપર પ્રમાણે કાન્તે સ્વીડનબોર્ગ આખો સ્વીકાર્યો હતો છતાં જીવની વચલી સ્થિતિ (મરણ પછીની પણ સ્વર્ગ જતાં પહેલાંની) સંબંધી એમને કશો સ્પષ્ટ પ્રબોધ થયો નહોતો. સ્ત્રીપુરુષનો જાતિભેદ સ્થાયી છે. આત્મા જ પુરુષ અથવા સ્ત્રી હોય છે, એટલે સુધી કે પુરુષનો દરેક વિચાર પુરુષરૂપ છે, સ્ત્રીનો સ્ત્રીરૂપ છે. મૃત્યુ પછી પુરુષ પુરુષ અને સ્ત્રી સ્ત્રી જ રહે છે. સ્વર્ગમાં સ્ત્રીપુરુષનો સ્નેહ છે, સ્ત્રીપુરુષનું લગ્ન છે, પણ તેનું પરિણામ બાલકો નહિ પણ સ્નેહ અને જ્ઞાન છે. ખરો લગ્નસ્નેહ એ જ્ઞાન કે ડહાપણ અને પ્રીતિ કે સાધુતાનું પરસ્પર આકર્ષણ છે. સ્ત્રી અને પુરુષની સરખામણીમાં સ્વીડનબોર્ગ સેઈન્ટ પૉલને અનુસરે છે. સ્ત્રીઓ કશાની ઉત્પત્તિ કરતી નથી. શરીરમાં તેમ જ મનમાં પુરુષ પિતા અને સ્ત્રી માતા છે. જે કંઈ તેનામાં છે તે પ્રથમ પુરુષમાં હોય છે. અનેક સ્ત્રી સાથે લગ્ન અનિષ્ટ છે. પૂર્ણલગ્નમાં સ્ત્રી અને પુરુષ પ્રત્યેકની દરેક ઇચ્છાનો એક-બીજા વિશે તૃપ્તિ થાય છે. અને આવું પૂર્ણલગ્ન તે જ પૂર્ણ વિશુદ્ધિ છે. ખરા લગ્નસ્નેહમાં પતિ અને પત્ની એક મનુષ્ય

*'લગ્નસ્નેહ'–પ્રસ્તાવના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવાની નિરંતર ઇચ્છામાં દિનપ્રતિદિન વધારે સંયુક્ત થતાં જાય છે અને એમનો સંબંધ શાશ્વત છે એમ સમજે છે. પૃથ્વી ઉપર શુદ્ધ લગ્ન એ સ્વર્ગની અને વ્યભિચાર એ નરકની શાળા છે. *

ઉપરના લગ્નવિષયક સ્વીડનબૉર્ગી નિબંધ પહેલાં પ્રો. મણિલાલના 'સિદ્ધાન્તસાર'નું અવલોકન એક કલ્પિત વિધવા-પાત્ર કાન્તાને ઉદ્દેશીને પ્રેમપત્રોરૂપે કાન્તે લખેલું. એમણે પોતે જ કબૂલ્યું છે કે એ અવલોકન વેદાન્તના ઓછા અભ્યાસ અને કાચી સમજમાં લખાયેલું. અને એ લખાયા પછી પ્રો. મણિલાલ તરફ કાન્તનું વલણ પણ વધારે સમભાવવાળું થયેલું. ખંડનાત્મક કરતાં જે ભાવાત્મક અંશો 'અવલોકન'માં છે તે જોતાં જણાય છે કે કાન્ત હંમેશની માફક વ્યકત પરમેશ્વર અને વ્યકત જીવોમાં માને છે; એ દ્વૈતવાદી નથી પણ બહુત્વવાદી છે.÷ "નૈયાયિકોના ધર્મ સંબંધી સિધ્ધાન્તો આપણે જે સત્ય માનીએ છીએ તે જ છે. तत्र ईश्वरः सर्वज्ञः परमात्मा एकः एव सुखदुःखादिरहितः। जीवात्मा प्रतिशरीरं भिन्नः।'× પરંતુ પ્રમાણ પરત્વે સ્વીડનબૉર્ગ વાંચ્યા પછી ફેર પડી ગયો છે. 'અવલોકન'માં પ્રત્યક્ષ ઉપર દૃષ્ટિ વિશેષ ઠરેલી છે, અને બુદ્ધિ-પ્રામાણ્ય સ્વીકાર્યું છે. સ્વીડનબૉર્ગી લખાણોમાં અપ્રત્યક્ષ કારણ, ભાવના ઉપર દૃષ્ટિ વિશેષ છે. સત્ય માટે પ્રમાણ શું? મનને પોષે, શુદ્ધ કરે, તંદુરસ્ત રાખે તે સત્ય,—આમ

* 'લગ્નસ્નેહ' (સ્વીડનબૉર્ગી નિબંધ)

÷ 'સિદ્ધાન્તસારનું અવલોકન'—પૃ. ૩૩. 'જ્યારે જ્યારે સર્વ એક છે એમ કહેવામાં આવે, ત્યારે એક હંમેશાં સામાન્ય હોઈને તેની સત્તા કાલ્પનિક હોય છે; સર્વની સત્તા જ વાસ્તવિક હોઈ શકે.

× અવલોકન—પૃ. ૮૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સ્વીડનબૉર્ગી લખાણોમાં લાગે છે. વેદાન્તીને આ સ્થિતિ કંઈ અનિષ્ટ નથી. 'અવલોકન'કાર કાન્તે પ્રત્યક્ષ ઉપર ભાર મૂક્યો છે તે જોતાં તેને તો એ અનિષ્ટ હોવી જોઇએ, પણ સ્વીડનબૉર્ગ વાંચ્યા પછી એ સ્થિતિ પલટાઈ હતી.

કેવું વિપરીત કે સ્વીડનબૉર્ગની સત્યમિશ્રિત તરંગક્રીડાને કાન્તે વેદવાક્ય જેવી ગણી, અને વેદવાક્ય, જે ઉપર ચિન્તન કરી કરી ફિલસૂફોએ દર્શનો રચ્યાં, તે તેમના ઉપહાસનો વિષય બન્યું. 'અદ્વૈત સિદ્ધાંત એ, અદ્વૈતવાદીઓ પોતે જ કબૂલ કરે છે તે પ્રમાણે, અજ્ઞાનનો સિદ્ધાંત છે. આપણે સર્વ ભિન્નભિન્ન પદાર્થો વચ્ચે સામ્ય અને ભેદ બન્ને જોઈ શકીએ છીએ; અદ્વૈતવાદી માત્ર સામ્ય જ જોઈ શકે છે. અદ્વૈતવાદને બધા સંગીતના સ્વર, બધા પ્રકાશના રંગ, બધા પદાર્થોનાં રૂપ અને ગુરુત્વ, અને બધા વિચારોનું સત્ય એક જ છે. બધું એક જ અનાદિસિદ્ધ રહસ્યનું રૂપાન્તર છે!' આ ઉપહાસમાં કાન્તની જો સત્યકામતા હોય તો એ સત્યકામતા માટે દયા ઊપજે. વ્યક્તિઓનો ધાર્મિક અનુભવ મળતો આવતો હોય તો ધર્મ સર્વસામાન્ય કેમ ના હોઈ શકે? પણ કાન્તને તો એ વિચાર મૂર્ખતાભર્યો લાગે છે. મણિલાલ ધર્મનું ચોગ્ય લક્ષણ આપે છેઃ 'અનંત, અવિકૃત પરમાનંદ પામવા માટે મનુષ્યબુદ્ધિમાં જે સ્વાભાવિક પ્રેરણા છે, તેને સંતોષ પમાડવાનો માર્ગ.' ભ્રાન્તિ કે વાક્‌છલથી કાન્ત તેમાં પણ દોષ જુએ છે. એક બાજુ એમ કહે છે કે મનુષ્યબુદ્ધિમાં એવી વૃત્તિ નથી અને બીજી બાજુ કહે છે કે ધર્મથી એ વૃત્તિને સંતોષ થાય તો ધર્મની અધોગતિ થાય!* કેમ જાણે

* 'સિદ્ધાંતસારનું' અવલોકન'–પૃ. ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય જાણવાની ઇચ્છાને સંતોષવાથી સત્યની અધોગતિ થવાની હોય ! આગળ કહે છે, 'હું ધારું છું કે પરમાનંદ ધર્મનું પરિણામ છે, કારણ નથી.' પ્રો. મણિલાલે પરમાનંદને ધર્મનું કારણ માન્યું નથી, પરમાનંદ પામવાની મનુષ્યની સ્વાભાવિક વૃત્તિને કારણ ગણ્યું છે.

કાન્તનો માયાવાદનો વિરોધ રામાનુજ, વલ્લભ આદિને અનુસરતો છે. 'ઈશ્વરભાવના આર્યધર્મમાં કદાપિ સ્થિરતાને પામી નથી' એમ મણિલાલના કહેવામાં એક રીતે કંઈ ખોટું નથી. ઈશ્વર વિષે જે ભાવના ખ્રિસ્તી ધર્મ કે ઇસ્લામમાં છે તે ભાવના હિંદના ભક્તિમાર્ગમાં નથી; હિંદુ ભક્તનો ઈશ્વર આત્માની બહુ નિકટ છે, એની સર્વવ્યાપકતા એવી તેને લાગે છે કે એ તેની સાથે જાણે લાડ કરી શકે; એ ભયનો વિષય ભાગ્યે જ છે. હિન્દુ ધર્મ, હિન્દુ સમાજ, વેદાન્ત, અભેદ આદિ સંબંધી કાન્તે પત્ર છઠ્ઠામાં પ્રકાશેલા વિચાર તેમના પૂર્વગ્રહો, ભ્રાન્તિ, અનુદારતા અને પશ્ચિમની મોહની જ સૂચવે છે. આ સર્વમાન્ય સત્ય કે હિંદુ ધર્મ જેટલો બીજો કોઈ ધર્મ સર્વધર્મસમભાવી, મતાન્તર-સહિષ્ણુ નથી, હિન્દુ પ્રજા જેટલી કોઈ પ્રજા ક્ષમાશીલ નથી, તેને કાન્ત સ્વીકારતા નથી; અને ધર્મપ્રસાર માટે ખૂનરેજી કરનારાઓને દયાળુ કહે છે, કેમકે તેમને તો લોકના આત્માનો ઉદ્ધાર કરવો હતો ! 'મનુષ્ય અને પશુ વચ્ચે ફરક પ્રત્યગ્-દૃષ્ટિરૂપ માન્યો છે, ત્યારે મનુષ્યની ધર્મવાસનાની પરાકાષ્ઠા પ્રત્યગ્દૃષ્ટિના વિસ્તારમાં જ હોવી જોઈએ.' આ સત્યને-અથવા મર્યાદાવાળા સત્યને—કાન્ત 'સિદ્ધાંતસાર'ના પાંચમા પ્રકરણનું સર્વથી ભયંકર વાકય ગણે છે ! અભેદમાર્ગને બાલિશ ગણનારને સ્વીડનબૉર્ગની બાલિશ વાતો દેવવાણી લાગે છે એ અરે એક કરુણ ઘટના છે, અને પશ્ચિમની મોહનીથી આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તની કેટલે સુધી વિકૃતિ થઈ શકે તેનું એક નિદર્શન છે. આ 'અવલોકન' જોઈને તો કાન્તની કલ્પિત પ્રિયા કાન્તા સાથે બોલી જવાય છેઃ 'કંઈક તમારી ઇંગ્લિશ કેળવણીને લીધે તમારી આંખની આગળ અંધારી આવી ગઈ છે; અને તમે ઘણી વાતો જોઈ શકતા નથી.'[૧]

સદ્‌ભાગ્યે અવલોકનના પત્રો પૂરા થતા અગાઉ વેદાન્ત ઉપહાસનો નહિ પણ ગંભીર રીતે સમજનો વિષય બન્યો હતો. અગિયારમા પત્રમાં એ સમજ સ્પુટ કરી છે. 'વેદાંતી જ્યારે અહં બ્રહ્માસ્મિ કહે છે, ત્યારે તે અહંપદવાચ્ય અલ્પજ્ઞ અને અલ્પશક્તિ જીવ એ જ બ્રહ્મપદવાચ્ય સર્વજ્ઞ અને સર્વશક્તિ ઈશ્વર છે, એમ કહેતો નથી. તે એટલું જ કહે છે, કે જે અલ્પજ્ઞ અને અલ્પશક્તિ દેખાય છે, તે સર્વજ્ઞ અને સર્વશક્તિનું જ રૂપ છે.' 'હું બ્રહ્મ છું' એનો અર્થ હું સર્વશક્તિ છું એમ નથી; એનો અર્થ એ છે કે હું છું જ નહીં, બ્રહ્મ જ છે. અહં બ્રહ્માસ્મિ એનો અર્થ બ્રહ્મૈવ ઇદં સર્વમ્ એ જ છે'[૨]

'આવું મત ધાર્મિક અંતઃકરણને રુચે એમાં આશ્ચર્ય નથી. અને તેમાં દોષ એ જ છે કે મનુષ્યની ઇચ્છાશક્તિની અવગણના કરવામાં આવે છે.'[૩]

'કારણથી પરિણામ સ્વતંત્ર ? આમ માનવું બેશક વિલક્ષણ છે. અને એ ન માનવું પડે તેટલા જ માટે વેદાંતી કાર્યકારણનો અભેદ માને છે'[૪]

---

૧ સિ. સા.તું અવલોકન–પૃષ્ઠ ૯૪
૨ સિ. સા.તું અવલોકન–પૃ. ૧૦૩
૩ ,, ,, –પૃ. ૧૦૩
૪ ,, ,, –પૃ. ૧૦૪, ૧૦૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યની સ્વતંત્ર ઇચ્છાશક્તિનો સ્વીકાર ન કરવાથી વેદાંતી નીતિનો સ્વીકાર કરી શકે તેમ નથી; અને વેદાંતના ખરા જ્ઞાનીને વ્યવહાર સંભવતો નથી. છતાં વારંવાર પોતાની ભિન્ન કર્તૃત્વશક્તિનું ભાન તો થયા જ કરે છે. તેટલા માટે વેદાંતી માયાને આને છે.'*

'અભેદ સિદ્ધાન્તમાં જેમ નીતિનો સંભવ નથી તેમ અનીતિનો પણ સંભવ નથી.'*

પણ આમ અભેદ સિધ્ધાંત ટૂંકામાં સ્ફુટ કર્યા પછી કાન્તના મૂલગત આક્ષેપો સ્થિર રહ્યા છે. અભેદ અસત્ છે કેમકે એ અનુભવવિરુદ્ધ છે; અભેદ ઉપર સુનીતિની સ્થાપના થઈ શકતી નથી તેથી તે સિદ્ધાન્તમાં કર્માભિમુખતા રહેતી નથી; અને હું બ્રહ્મ છું એ સિધ્ધાન્ત ધૂર્તોને ને દુષ્ટોને ખૂબ લલચાવનારો છે.

ઉપરનાં અવતરણો ઉપરથી જોઈ શકાશે કે ફિલસૂફીના શિક્ષણ અને ગાઢ ચિન્તનને પરિણામે મણિશંકર ભટ્ટ પ્રશ્નોના મર્મ તરત પકડી શકતા. પાંડિત્ય કરતાં વસ્તુગ્રહણ તેમને ગમતું, અને તેથી સંકુલ વિચારને ઋજુ, વિશદ અને પ્રવાહી શૈલીમાં એ સહજ મૂકી શકતા. એમના, એકંદરે, પોચા અને પારદર્શક સ્વભાવનું પ્રતિબિમ્બ એમના વિચારપ્રધાન લેખોમાં પડ્યું છે. અને આપણને લાગે છે કે ગુજરાતીઓની સવસાધારણ અને કાન્તની આગવી મર્યાદાઓને લીધે તેમનામાં સ્વતંત્ર ધર્મચિન્તકનો માત્ર અંકુર જ આપણે પામ્યા. ન થયા કાન્ત મહાન કવિ, ન થયા મોટા સુધારક, ન થયા અસાધારણ ધર્મવિચારક.

---

* સિ. સા. નું અવલોકન—પૃ. ૧૦૪, ૧૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન ચોથું

વેદાન્તી વિચારધારા

સુજ્ઞ ગોકુલજી

પૂર્વ નર્મદ, કરસનદાસ, ભોળાનાથ, મહીપતરામ, રમણુ-ભાઈ, નરસિંહરાવ અને મણિશંકર ભટ્ટ એમ એક પશ્ચિમના વિચારનું ચક્ર ફરી વળ્યું અને તેની અન્તિમ ટોચ કાન્તમાં આવી. કાન્તે પશ્ચિમથી મુગ્ધ થઈ ખ્રિસ્તીધર્મ સત્કાર્યો, સ્વીકાર્યો; કુટુંબ, જ્ઞાતિ અને પ્રેમનાં બન્ધનથી, તેમ જ સ્વાભાવિક અ-દૃઢતાથી જનમંડળ આગળ ડગી ગયા પણ મનની માન્યતામાં તો ખ્રિસ્તી જ રહ્યા. પરંતુ એક રીતે એ ચક્રનો અનિષ્ટ અંશ પણ ત્યાં પૂરો થયો.

બીજી બાજુ જનમાન્ય પ્રવાહ પોતાની નીતિરીતિ વિશે સિધ્ધાન્તોનું શોધન કરતાં વિમાસણમાં પડયો પણ પાછો સ્થિરતાથી આગળ વધતો જોઈ શકાય છે. એ પ્રવાહને વહેમનો નાશ ઇષ્ટ હતો, વિદ્યાપ્રસાર ગમતો હતો, નીતિરીતિમાં ધીમે ધીમે સુધારો જોઇતો હતો. તેને હિન્દુ સંસ્કૃતિનો પરા-ભવ નહોતો જોઇતો, પુનરુત્થાન જોઈતું હતું. અને એ પુન-રુત્થાન સારુ મૅક્સમૂલર આદિ પાશ્ચાત્ય વિદ્વાનોનાં પુસ્તકો, થિયોસૉફી, આર્યસમાજ આદિ બળ મળી રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારકો, સામાન્ય રીતે, રાજકારણમાં દેશીઓના હક માગતા; પણ નીતિરીતિમાં વહેમનો સાર્વત્રિક નાશ, વ્યક્તિગત સ્વાતંત્ર્ય, સ્ત્રીસન્માન, સમાનતા, એ આદર્શોથી પ્રેરાતા. નીતિરીતિમાં અવળે માર્ગે લઈ જનાર ધર્મપંથોના આચાર્યો ઉપર તેમણે સફળ હુમલા કર્યા. તત્ત્વસિદ્ધાન્તમાં તેમની નેમ વેદાન્તનું–માયાવાદી શાંકર વેદાન્તનું–ખંડન કરવાની હતી.

પ્રાકૃત જન ગળાબૂડ વહેમમાં અને પ્રતીકપૂજામાં પડેલો; બાધેપીધે સુધી પણ સંસ્કારમાં સાધારણ એવો વર્ગ વૈષ્ણવ આચાર્યોનો દોરવાયો દોરવાતો; અને વિદ્યાપ્રેમી બ્રાહ્મણવર્ગ કાંઈક જડ બનેલા વેદાન્તનો અનુયાયી હતો અને ઘટપટની દલીલોમાં રાચતો.

છતાં શાંકર વેદાન્તે ઉપદેશેલો ત્યાગ ગુજરાતમાં વન્ધ્ય નહોતો રહ્યો. અનેક બ્રાહ્મણો ઉત્તર વયમાં સંન્યાસ ગ્રહણ કરતા. પ્રીતમદાસ અને મનોહરસ્વામી, તથા અખાના અનુયાયીઓ શાંકરમત પ્રબોધતા. અમદાવાદમાં છોટુજી મહારાજ અને વડોદરામાં ત્ર્યંબકનાથ અને બદરીનાથ શાસ્ત્રી વિદ્વત્તાના તથા ભિન્નભિન્ન વેદાન્તશાખાના જ્યોતિર્ધર હતા. સૌરાષ્ટ્રના બ્રાહ્મણધર્મમાં શાંકર વેદાન્ત વધારે લોકપ્રિય હતું. ભાવનગર, જૂનાગઢ, 'છોટીકાશી' જામનગર, કચ્છ વગેરેમાં વિદ્વાન સંન્યાસીઓને સારો આવકાર અને આશ્રય મળતો. ૧૮૫૦ ની આસપાસ જૂનાગઢમાં 'પંચીકરણ'–ના કર્તા પ્રખ્યાત બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય જ્ઞાની રામગુરુ વા રામબાવા મહારાષ્ટ્રીય સંન્યાસી હતા. તેમની 'અનિવાર્ય બોધશક્તિની કીર્તિ કચ્છ, સુરાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રસરી હતી'.* ભટ્ટ જયકૃષ્ણજી વ્યાસ અને સુજ્ઞ ગોકુલજી તેમના

*'સુજ્ઞ ગોકુલજી'–મ. સ્વ. ત્રિપાઠી : પૃ. ૨૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્રણી શિષ્ય હતા. આ યુવાન ત્યાગી સચ્ચિદાનંદ પરમહંસ ગિરનારમાં ગોકુલજીને મળ્યા. ગોકુલજી પુલકિત થયા: 'આજથી મારા ભાગ્યોદયનો અવસર માનું છું. મારા ઉપર કૃપાકટાક્ષ કરી આપ અત્ર નિવાસ કરો એવી મારી અભ્યંતરથી યાચના છે. હું વેદાન્તવિદ્યાનો જિજ્ઞાસુ છું'. પરમહંસ વદ્યા, તથાસ્તુ. પચીસ વર્ષના, જિજ્ઞાસુ, ને સરસ્વતીપ્રેમી ગોકુલજીએ પઞ્ચદશીમાં પ્રવેશ કર્યો. માનવધર્મસભા અને ગુજરાત વર્નાકયુલર સોસાયટી સ્થપાઈ તે વખતે ગોકુલજી વેદાન્તનો એકાગ્રતાથી અભ્યાસ કરતા અને પાછળથી ધર્મસભા સ્થાપનાર બાળમિત્ર પંડ્યા દોલતરામ સાથે વેદાંતચર્ચા કરતા. આ જ સ્વામી તે ભાવનગરના 'યુવાન સ્વામી' સચ્ચિદાનંદ. તેમની પાસે ભાવનગરના સામળદાસ પણ વેદાન્ત ભણ્યા. રામકૃષ્ણભારતી સ્વામીનો લાભ ભાવનગર જૂનાગઢને મળતો અને પ્રસંગ મળતાં ગોકુલજી આદિ પોતાની શંકાઓનું સમાધાન કરતા. ગૌરીશંકર ઓઝા અને ગોકુલજી જૂનાગઢમાં એક માસ સાથે રહ્યા ૧૮૫૧ની આસપાસ, ત્યારે હંમેશ રાત્રિએ મનોહર સ્વામીનાં પદ વાંચતા. પાછળથી, ૧૮૭૦ આસપાસ, 'વિદ્વાન વેદાન્તશાસ્ત્રનિપુણ' કૈલાસપર્વત સ્વામીનો ગોકુલજી આદિને સમાગમ થયો. તેમની સાથે सिद्धान्तमुक्तावलि અને वेदान्तपरिभाषાનો ગોકુલજીએ અભ્યાસ કર્યો. વેદાન્ત એમનું જીવનબળ હતું. "Read the account that has lately been published of two native statesmen, the administrators of two first class states in Saurashtra, Junagadh and Bhavnagar, Gokulaji and Gaurishanker, and you will see whether the Vedanta is still a moral and a political power in India or not." એ મૅક્સમૂલરનો અભિપ્રાય હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૬માં એક લેખકે "Edinburough Review"માં ગોકુલજી વિષે લખેલું:

"His disposition was very kind and pleasing, his knowledge great, **his piety unaffected;** and, in the course of much intercourse with him relating to business affairs, in which there was some temptation to depart from strict rectitude, I never saw in him the least shadow of guile, or anything which would be unworthy of the highest class of English gentlemen."

ગૌરીશંકર ઓઝા અને સામળદાસ, ભાવનગરના બંને વેદાન્તી કારભારીઓના ગોકુલજી ગુરુ જેવા હતા. ભાવનગર ને જૂનાગઢ વેદાન્તની ખૂબ ચર્ચા કરતાં. ભાવનગર પક્ષનો વિચાર એ હતો કે સંન્યાસાશ્રમમાં પ્રવેશ્યા વિના આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય જ નહિ. ગોકુલજી માનતા કે આત્મજ્ઞાનને અને બહિર્ ઉપાધિને બહુ સંબન્ધ નથી. તત્ત્વજ્ઞથી બ્રહ્માત્મૈકત્વબોધે સુકૃતિ વિવેકજ્ઞાનવાન અધિકારીને જ્ઞાનદ્વારા પરમપુરુષાર્થની–મોક્ષની–પ્રાપ્તિ થાય છે. ગોકુલજી આદિ સૌરાષ્ટ્રના વિદ્વાનોનો વેદાન્તમત તો પરંપરાપ્રાપ્ત ને વૃદ્ધમાન્ય હતો; પરંતુ વેદાન્ત તે જીવનવિમુખતાનો સિદ્ધાન્ત નથી, શુદ્ધ વ્યવહાર, કર્તવ્ય સાથે તેને મેળ હોઈ શકે એ ગોકુલજીની વાત ગુજરાતના વેદાન્તવિચારમાં અતિશય મહત્ત્વની છે. બ્રિટિશયુગમાં વેદાન્તને જીવનારૂઢ કરનાર ગુજરાતી ચિન્તકો ને વિદ્વાનોમાં ગોકુલજી પ્રથમ છે.

"આપણા શાસ્ત્રથી ગુરુદ્વારા મારા મનમાં નિશ્ચય થયેલ છે તે સહજ સૂચનાર્થ લખું છું. શાસ્ત્રમાં ઈશ્વરારાધનરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક પ્રકારના યજ્ઞ, દાન, અધ્યયન (આદિ) ઉપાય ચિત્તશુદ્ધિ સારુ લખ્યાં છે, તે સપ્રમાણ છે. છાન્દોગ્યગત વાકય છેઃ- પ્રથમ એટલે ગૃહસ્થાશ્રમ સારુ ધર્મના ત્રણ સ્કન્ધ છે- યજ્ઞ, અધ્યયન અને દાન. એ કર્માનુષ્ઠાનજન્ય ધર્મથી ચિત્તશુધ્ધિ થઈ ઇહજન્મજન્માન્તરીય સંસ્કારથી સ્વરૂપ-વિચારની ઇચ્છા થાય છે.

"પછી તુરતમાં યથાર્થ વિચારથી સચ્ચિત્લક્ષિત સ્વરૂપની ચિત્તમાં વ્યક્તિ થાય છે. પરંતુ અજ્ઞાનકૃત આવરણ સ્વરૂપાનંદગત છે. વિચારથી એકાગ્રચિત્તનિદિધ્યાસનદ્વારા તે સ્વરૂપાનન્દની વ્યકિત વૃત્ત્યારૂઢ કરવી એ જ મુમુક્ષુનો પરમ પુરુષાર્થ છે.

ભગવદ્વાક્ય :-

शनैः शनैरुपरमेद्बुद्धया धृतिगृहीतया।
यत्रोपरमते चित्तं। सुखमात्यन्तिकं यत्तत्।
यल्लाभान्नापरो लाभः ઇત્યાદિ.

"એ રીતની ચિત્તની એકાગ્રતાસિદ્ધિ સારુ સાંખ્યરૂપ વિચાર અથવા યોગરૂપ ચિત્તધારણાદિ ઉપાય છે. તે ઉપાયાનુસાર વ્યવહાર અવિરુદ્ધ હોવો જોઈએ, નહિ તો સંન્યાસાદિ આશ્રમ આવશ્યક છે." *

મનઃસુખરામ

મનઃસુખરામે શાંકર વેદાન્તનું ટૂંકું દિગ્દર્શન સુજ્ઞ ગોકુલજીના ચરિત્રમાં કર્યું છે તેમાં એમની વિદ્વત્તા અને સમજ દેખાય છે પણ ચિન્તન તરીકે નવું પ્રસ્થાન નથી. સંન્યાસ વિશે પંચદશીકાર વિદ્યારણ્યસ્વામીનો અને શંકરાનન્દ જેવા

* 'સુજ્ઞ ગોકુલજી'-પૃ. ૧૬૦-૧૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગીઓનો એમ બે પક્ષનો ઉલ્લેખ કરી ગોકુલજીનું વિદ્યારણ્યને મળતું વલણ સ્પષ્ટ કરે છે અને પોતે પણ એ સ્વીકારતા હોય એમ જણાય છે.* પણ નવાઈની વાત તો એ છે કે મનઃસુખરામની ગદ્યશૈલી તેમની નામના અનુસાર ધારીએ તેટલી ભદ્રંભદ્રી નથી. ગોકુલજીના જીવનચરિતમાં નીતિવિચાર અને સંસ્કૃત અવતરણો આવ્યા કરે છે અને એક આખું પ્રકરણ જ વેદાન્તના નિરૂપણનું છે, છતાં જીવનચરિત્ર તરીકે એકંદરે તેમાં વિષયની વ્યવસ્થા સારી છે અને નારીજાતિનાં આકારાન્ત વિશેષણો સિવાય શૈલીમાં કશું કલેશકર નથી. તે અટપટી નથી, ભાષણકલ્પ નથી અને વારંવાર રુચિર પણ થાય છે.–‡

'રા. ગોકુલજીને વિદ્યા ઉપર બહુ જ પ્રીતિભાવ હતો. એ વિદ્યા પ્રતિના પ્રીતિભાવે તેઓની બુદ્ધિ અને ગ્રહણશક્તિ પણ એવી સમર્થ અને બલવતી કરી હતી કે અનવધિ. રા. રા. પ્રાણલાલજી, જેઓ મુંબઈની પાઠશાળામાં પૂર્ણ અભ્યાસ કરીને જૂનાગઢ ગયેલા, અને જેઓએ બહુ વિદ્વાનો અને અભ્યાસીઓ જોયેલા, તેઓના જેવા પણ રા. ગોકુલજીની બુદ્ધિ જોઈ કેવા સાનન્દાશ્ચર્ય પામ્યા તે આપણે તેમના જ શબ્દોમાં ઉપર વાંચ્યું છે. વિશેષ આશ્ચર્યની વાર્તા તો આ છે કે, રા. ગોકુલજીને કશા પ્રકારનું એ વિદ્યાવૃદ્ધિ સંબંધમાં ઉત્તેજન ન હતું—ન હતો તે દેશમાં વિદ્યાનો પ્રચાર, કે ન હતી વિદ્યાની પરીક્ષા; ન હતું અન્ય અભ્યાસકોનું દૃષ્ટાન્ત, કે ન હતાં વિદ્યા સંપાદિત

---

* 'સુજ્ઞ ગોકુલજી' પૃ. ૧૩૮–૧૩૯

‡ 'અસ્તોદય' પૃ. ૬૯માં 'સૂર્ય' તથા અગ્નિમાં'થી શરૂ થતી કંડિકા પણ રુચિરતાનો સારો નમૂનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનાં સાધન; અને ન હતી ગૃહની અનુકૂળતા કે ન હતી સારી આજીવિકાની આશા. એમ છતાં પણ વિદ્યા ઉપર તેઓની અપૂર્વ પ્રીતિ હતી, એથી તેઓને બાહ્યાન્તરના કેવા લાભ થયા હતા તે અગ્રે જોવામાં આવશે. તેઓ પોતે વિદ્યાના પ્રભાવથી સુખી હતા; અને તેઓનું નામ ચિરંજીવ રહી તેઓનું ચરિત્ર બહુ જનોને બોધ અને ઉત્તેજન આપી સુખી કરશે. એથી સારી માનપાત્રતા અને સ્તુતિ-પાત્રતા બીજી શી હોય!'*

નમર્દયુગના ગદ્યકારોમાં નર્મદ, નવલરામ ને નંદશંકર પછી મનઃસુખરામનું નામ આવે. મનઃસુખરામની ગદ્યરીતિ "અસ્તોદય"માં શૈલી નામને વિશેષ લાયક બને છે. એમના પુરોગામીઓમાં નંદશંકર અને નવલરામ બાદ કરતાં, એમની શૈલીની પ્રૌઢિ અને 'સમતા' બીજામાં ભાગ્યે જણાય છે. કોઈ સ્થળે તો અનુગામી ગોવર્ધનરામનો રણકો સંભળાય છે.× વળી સંસારનીતિ વિશે પણ સૂક્ષ્મ વિચાર કરવાનું બળ મનઃસુખરામનું જણાય છે.

'તેમાં પણ વિપત્ કરતાં સંપત્માં મનુષ્યોએ બહુ જ સાવધાન રહેવાની અગત્ય છે. આ જગતના લોક પોતાની અને વિપત્તિવાનની વચ્ચે દયાનો કાચ રાખીને જુએ છે, તેમ

---

* 'સુજ્ઞ ગોકુલજી'—પૃ. ૪૮

× "આપણા દેશનો ઉદય થઈ તે સમર્થ થવામાં નાના પ્રકારના ગુણ અને લક્ષણવાળાં મનુષ્યોની આવશ્યકતા છે. કોઈ વિદ્યામાં તો કોઈ કળામાં, કોઈ શૂરત્વમાં તો કોઈ શ્રેયમાં, કોઈ કૃષિમાં તો કોઈ વ્યાપારમાં, કોઈ રાજ્યસેવામાં તો કોઈ પરસેવામાં, એવા એવા અનેક વિષયોમાં પોતાની રુચિ પ્રમાણે પ્રત્યેક જને કુશળતા મેળવવી જોઈએ. એ સર્વ અંગોનો ખપ છે." "અસ્તોદય"—પૃ. ૧૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની અને સંપત્તિવાનની વચ્ચે ઈર્ષ્યાનો કાચ રાખીને જુએ છે. દયાના કાચમાં એવો ગુણ છે કે ભૂષણને મોટાં દેખાડે ને દૂષણને છાયામાં નાંખે, તેમ ઈર્ષ્યાના કાચમાં એવો ગુણ છે કે દૂષણ વા ભૂલને મોટી કરી દેખાડે અને ભૂષણને છાયામાં નાંખે. સંપત્તિ સમયે એવી વિચિત્ર અવસ્થામાં મનુષ્ય આવી પડે છે. સંપત્તિમાનની સર્વ આશા રાખે છે. સર્વની આશા પૂરી કરવી દુર્લભ છે તેથી જેની આશા પૂરી થતી નથી તે પછી તેનું વાંકું બોલે છે. સમૃદ્ધિ પામતા મનુષ્ય ઉપર શ્રીમંત અને રંક બન્ને વર્ગનાં મનુષ્યો દ્વેષભાવથી જુએ છે. સમૃદ્ધિમાન મનુષ્ય શ્રીમંતોની સમીપ આવતું જાય છે તેથી શ્રીમંતો દૃષ્ટિદોષથી ભૂલમાં એમ સમજે છે કે આપણને તે પશ્ચાત્ નાંખે છે, અને તેથી તેઓ દ્વેષ રાખે છે. રંક મનુષ્યોને તો ખરેખર તે પાછળ જ મૂકે છે, તેથી તેઓને અદેખાઈ આવે છે. એ રીતે ઉભય વર્ગનો કઠોર દૃષ્ટિ તેના ઉપર રહે છે. સમૃધ્ધિ પામનારની અતઃકરણમાં પાછી નીચે પડવાની ભીતિ રહે છે તે જો વળી જુદી'*

ઉત્તમ જ્ઞાની કર્મનો તિરસ્કાર કરતો નથીઃ ખરી રીતે સદ્‌વિચાર અને સદાચાર વિના જ્ઞાની થવાતું જ નથી. સદાચાર અને શીલ એ પ્રાર્થનાસમાજી વિચારણામાં મિજાગરાને સ્થાને છે. આ વેદાન્તી ચિંતકોએ સદાચારને યોગ્ય સ્થાન આપવા પૂરી મહેનત કરી છે. વેદાન્તવિચારને વ્યવહારમાં મૂર્ત કરવાનો તેમનો પ્રયાસ દેખાઈ આવે છે. તેમના વલણ અનુસાર પ્રાણીમાત્રને સર્વ અવસ્થામાં કોઈ એક ક્રિયા થયા વિના રહેતી જ નથી તો અક્રિયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, સક્રિયાનો જ પ્રશ્ન થાય છે. ક્રિયા આવશ્યક

* "અસ્તોદય"—પૃ.૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અનિવાર્ય છે તો સત્ક્રિયા જ કરવી. તે આત્માને પોષક છે.

સ્વધર્મ સમજવા જ્ઞાન જરૂરી છે. જ્ઞાનધર્મમાં દૃઢ હોય છે તેમની શાન્તતા ઈર્ષ્યા ઉપજાવે એવી હોય છે. મહાજનો સચ્ચિદાનન્દઘનમાં તલ્લીન હોય છે. વેદાન્તજ્ઞાનથી જગત નાશવંત છે તે તેમણે પિછાણ્યું છે. તથાપિ જે ભાગના સંબંધમાં તેઓ આવે છે તે ભાગનું શકિત અનુસાર કલ્યાણ કરે છે. આવા જ્ઞાનીઓ સ્વસંબન્ધમાં નિર્વિકાર છતાં લોક-સંબન્ધમાં નવનીત સમા કોમલ હોય છે. 'તેઓનામાં અનુકમ્પા અને દયા એટલી બધી હોય છે કે તેઓ પારકા દુઃખને પોતાના દુઃખ કરતાં અધિક ગણે છે, અને તેનું નિવારણ કરવું એમાં પોતાનો ધર્મ માને છે.'*

મણિલાલ

આપણે જોયું છે કે વિદ્વત્કુલમંડન અને ફિલસૂફ મણિલાલ નભુભાઈ દ્વિવેદી ૧૮૮૦માં ગ્રેજ્યુએટ થયા તે પહેલાંના દસકામાં પ્રરક્ષક શાન્ત દેશહિતચિન્તકના સ્થિર સુધારાનો વિજય જણાવા માંડયો હતો. મુંબઈ અમદાવાદની પ્રાર્થના-સમાજને નાનાલાલે બંગાળની બ્રાહ્મસમાજની છાયાપ્રછાયા ગણી છે તેમાં કાંઈક અન્યાય થાય છે. ખરું જોતાં પશ્ચિમ હિન્દના પ્રાર્થનાસમાજી ધર્મસુધારકો અને સંસારસુધારકો દેશજનના વિશાળ સમુદાયમાં રહી પોતાના વિચારોને ખૂબ ફલપ્રદ કરવા માગતા હતા. ભારતીય સંસ્કૃતિને બુદ્ધિવાદથી કસી તેનું યોગ્ય શોધન કરવાનો તેમનો મુખ્ય આશય હતો. ૧૮૬૪થી દેશી કારીગરીને ઉત્તેજન આપવાના પ્રયત્નો

'અસ્તોદય'–પૃ. ૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા લાગ્યા હતા, તેની પાછળ એક આધ્યાત્મિક તત્ત્વ આ હતું કે સ્વદેશી સ્થૂલ વસ્તુઓ પેઠે હિન્દની ફિલસૂફી, હિન્દનો ધર્મ, હિન્દના રીતરિવાજો, બલકે હિન્દની સમગ્ર સંસ્કૃતિમાં ઘણાં શુભ રમણીય અને તેથી રક્ષણીય તત્ત્વો છે.

આર્યસમાજ ૧૮૭૫માં સ્થપાયો; ૧૮૭૫માં અમેરિકામાં થિયૉસૉફિકલ સોસાયટી સ્થપાઈ. પણ મહર્ષિની અસર ગુજરાતમાં ઓછી પણ દેશ પર એક વ્યાપક સ્વરૂપમાં ૧૮૬૩થી થવા માંડી હતી. થિયૉસૉફીના નેતાઓ ૧૮૭૯માં હિન્દમાં આવ્યા પણ એની પ્રબળ અસર ૧૮૯૩માં ઍની બેસંટ હિન્દમાં આવ્યાં ત્યારથી જ થઈ ગણાય. ૧૮૬૯માં કાશીમાં કાશીમહારાજ સમક્ષ પંડિતોની સભામાં વિવાદ થયો; મહર્ષિ નાની બાબતને મહત્ત્વ મળ્યે કાંઈક હાર્યા ગણાયા; તથાપિ આ સમય સુધીમાં એ એક નવીન આન્દોલનના પ્રવર્તક થઈ ચૂકયા હતા. તેમણે બ્રાહ્મ-સમાજ, પ્રાર્થનાસમાજ તથા થિયૉસૉફી સમાજને અપનાવી લેવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ થયા. બ્રાહ્મસમાજ અને પ્રાર્થના-સમાજને મૂર્તિપૂજાનો વિરોધ ઇષ્ટ હતો પણ વેદપ્રામાણ્ય અને પુનર્જન્મનો સિદ્ધાન્ત ઇષ્ટ નહોતો. થિયૉસૉફીને મૂર્તિ-પૂજા અનિષ્ટ નહોતી; ઉપરાંત, તેનો એક ઉદ્દેશ સમગ્ર હિંદુ-દર્શનનો પુનરુદ્ધાર હતો. આથી આર્યસમાજને અળગા પડી ગયા વિના છૂટકો નહોતો.

પણ કર્નલ ઑલ્કૉટ અને માદામ બ્લાવાટ્સ્કીને ૧૮૭૯માં* આવકાર આપવાનો સમારંભ મુંબઈના આર્યસમાજીઓએ

---

* આજ અરસામાં વડોદરાનો શ્રયસ્સાધક અધિકારી વર્ગ સ્થપાયો એ સમકાલીન ગુજરાતી ધર્મવિચારપ્રવાહનું એક મહત્ત્વનું નિદર્શન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજ્યો હતો. એ સમારંભમાં નર્મદાશંકર હાજર હતા અને એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા જુવાન મણિલાલ પણ કદાચ હાજર હશે. આર્યશાસ્ત્રાભિમુખ કરનારો આ મહાપ્રસંગ નાનપણથી જ પ્રાચીન આસ્તિકતાના દૃઢ સંસ્કારવાળા મણિલાલને ખૂબ પ્રેરણાદાયી નીવડયો હશે....

ઉત્તર નર્મદે ભવિષ્ય ઉચ્ચાર્યું હતું કે જુવાનિયા સુધારકોના જ મંડળમાં 'એક જુવાન ઊછરે છે જે પરિણામે મારા જ વિચાર ગળે ઉતારશે.' આની નોંધમાં આચાર્ય આનન્દશંકર ઉંમેરે છે કે 'મણિલાલની વૃત્તિ સુધારા તરફ પાછલા કાળના નર્મદના જેવી ન હતી. મણિલાલે સંસાર-સુધારાને પ્રાચીન ધર્મને અંગે મૂકયો ખરો, પણ તેથી સુધારા પ્રત્યે અનાદર જણાવ્યો એમ માનવું ભૂલભરેલું છે.'* પરંતુ એ ભવિષ્યવાણીમાં સત્ય રહસ્ય આટલું કે સમગ્ર પ્રાચીન સંસ્કૃતિનું રહસ્યદર્શી જ્ઞાન બલપ્રદ રસાયન તરીકે વર્તમાન જીવનમાં યુક્તિપૂર્વક અવતારવાની મહત્ત્વાકાંક્ષા મણિલાલને હતી; અને એ મહત્ત્વાકાંક્ષા માટે ગુજરાતમાં એમના જેટલી કોઈ પુરોગામીની યોગ્યતા નહોતી. અને એમના સમકાલીનોમાં, ગોવર્ધનરામ સિવાય, એમના જેટલી સિદ્ધિ કોઇને પ્રાપ્ત પણ નથી થઈ.

કૉલેજજીવનમાં જ જીવનનું રહસ્ય શોધી પોતાની જિંદગીને તે અનુસાર સહેતુક બનાવવાનો મણિલાલે નિશ્ચય કર્યો હતો. 'ધર્મ, નીતિ તથા સુધારાનાં તત્ત્વ વિષેનો નિર્ણય કર્યા વિના મારી જિંદગી સુખમાં કે નિશ્ચિત માર્ગે જવાની નથી એમ મને દૃઢ આગ્રહ થયો.× વેદાન્તના સર્વાત્મવાદના

---

* 'સાહિત્યવિચાર'–પૃ. ૩૫૯

× 'સાહિત્યાવચાર'—પૃ. ૩૫૨માં અવતરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાન્તમાં શ્રદ્ધા દૃઢ થઈ અને જીવિતના પરમ પુરુષાર્થ વિશે નિર્ણય થયો એટલે સમસ્ત ચિન્તનમાં વૃક્ષના જીવનરસરૂપ એ વિચાર થયો. ધર્મ સંબંધી નિશ્ચય વિના એટલે કે જીવિતના ઉદ્દેશનો નિર્ણય થયા વિના નીતિની રચના ન થઈ શકે. ધર્મવિહીન નીતિ કૃત્રિમ છે ને મનુષ્યને માત્ર ઉપયોગી યંત્ર બનાવે. આચાર્ય આનન્દશંકરે મણિલાલના મૂલભૂત સિદ્ધાન્તને સંક્ષેપે બતાવ્યો છે: 'ધર્મ એ મનુષ્યના આત્માનું ઊંડું રહસ્ય છે, અને એના ઉપર એની સર્વ પ્રવૃત્તિનો આધાર છે. ધર્મ સારો તો પ્રવૃત્તિ સારી, એટલે પ્રવૃત્તિ સિદ્ધ કરવા માટે, અને તે દ્વારા જનમંડળનાં ગૃહ, રાજ્ય વગેરે સર્વ અંગોને આરોગ્ય અને બળ અર્પવા માટે ધર્મની પરિશુદ્ધિ કરવાની જરૂર છે. આ પરિશુદ્ધિનું મુખ્ય સાધન પ્રાચીન આર્યાવર્તમાં પ્રવર્તતી અદ્વૈતભાવના છે, આ અદ્વૈતભાવના, જે 'વેદાન્ત' નામે ઓળખાય છે, તે કેવળ 'શુષ્ક તર્કજાળ' રૂપ ન હોતાં, પ્રેમ (Love) અને કર્તવ્ય (Duty)ના મનોહર રતંભ ઉપર રચાએલી ઇમારત છે.'[૧] એકમાં અનેક છે. સર્વ સત્યોને પ્રકાશતું, અધિષ્ઠાન આપતું, પોતામાં સમાવી લેતું અદ્વૈતવિજ્ઞાનનું એક પરમ સત્ય છે. મૂલથી ફલ સુધી કોઈ એક તત્ત્વથી વૃક્ષ એક અખંડ વ્યક્તિ બને છે. એક પરમ સત્યના વૃક્ષનાં નીતિ, સદાચાર, રહેણીકરણી, રાજકારણ, અર્થકારણ, સાહિત્ય, કલા આદિ સર્વનાં ભિન્નભિન્ન સત્યો અંગો બને છે. एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति। મણિલાલના સર્વ ચિન્તનમાં વિચારમુદ્રાની એકતા છે. તેમના સર્વ ચિન્તનનો ઉદ્દેશ એક છે—અભેદાનુભવ. ધર્મમાં, નીતિમાં, ગૃહમાં, કાવ્યમાં અભેદાનુભવને અનુકૂલ તે સારું, પ્રતિકૂલ તે ખોટું.[૨]

૧ 'સાહિત્યવિચાર'–પૃ. ૪૮૭
૨ ,, પૃ. ૪૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન અને અર્વાચીન-ભારતીય તેમ જ પાશ્ચાત્ય-ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનો મણિલાલનો અભ્યાસ અસાધારણ કોટિનો હતો. તેમને ધર્મમાં ઊંડી શ્રદ્ધા અને પ્રાચીન માટે ગાઢ પ્રેમ હતો એ ખરું, પણ નવીન કે પ્રાચીન કક્ષાને એ જડતાથી વળગેલા નહોતા. પ્રાચીન મતાનુયાયી, સંરક્ષક, રૂઢિસમર્થક એવાં લેબલથી એવો ભ્રમ વારંવાર સેવાય છે. 'મારે આમાંનો એકે પક્ષ 'મારો' નથી, સત્ય જે જણાય તેનો 'હું' છું.'[૧] 'પ્રાચીન મતો ને સિદ્ધાન્તો-ધર્મ, વ્યવહાર, નીતિ, આચાર સર્વને—વિલોકતાં તેમાં પણ મને સત્ય સમજાયું છે. નવીન મત અને નિશ્ચયો વિચારતાં તેમાં પણ મને સત્ય જણાયું છે. પણ જે પૂર્ણ, આખું, અવિકૃત સત્ય છે તે તો ઉભયથી પર છે એમ મારો ગ્રહ છે.'[૨] મણિલાલ પ્રાચીન પક્ષનાં પાખંડ અને નવીન પક્ષના દંભને બરાબર ઓળખે છે. તેમના ચિન્તનનું એક પ્રયોજન આ છે કે ચાલતી સ્થિતિ અને સુધારાનાં શુદ્ધ તત્ત્વોનો સમન્વય કરવો; પ્રાચીનમાંથી બળ મેળવી નવીન જીવનમાં તેનો વિનિયોગ કરવો. એકંદરે પ્રાચીન પક્ષ કર્તવ્યજડ કે કર્તવ્યભ્રષ્ટ ને ભેદપરાયણ પ્રવૃત્તિમાં પડેલો, એકંદરે નવીન પક્ષ વર્તમાન અને ભવિષ્યને સમજી કર્તવ્યનો માર્ગ શોધતો રહેલો. મણિલાલના હૃદયની પ્રીતિ આથી નવીન પક્ષ પર વધારે હતી એ હકીકત તેમના સમકાલીનો સાવ ભૂલી જતા અને આજે પણ એ વારંવાર ભુલાઈ તેમને અન્યાય થતો રહે છે. મુખ્યત્વે એ પ્રાચીન પક્ષના હિમાયતી હતા છતાં પ્રાચીન પક્ષનું અનુમોદન કરનારાઓની જડતા અને કર્તવ્યભ્રષ્ટતાના તે શત્રુ હતા.

---

૧ 'સુદર્શન ગદ્યાવલિ'-પૃ. ૩૮૭

૨ "સુદર્શન ગદ્યાવલિ"-પૃ. ૩૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો મન્ત્ર હતો સત્યં પરં ધીમહિ । 'આંખો, કાન અને બુદ્ધિ ખુલ્લાં રાખી જે નિર્ણયો હાથ આવે તેને આધારે પરમ સત્યનું અનુમાન બાંધતા રહેવું એ જ સત્યાન્વેષણનો સિદ્ધાન્ત મારો આધાર છે.'× મણિલાલને શબ્દ પ્રમાણ છે, એટલે કે શબ્દ સંમાન્ય છે, વિશ્વાસથી તેને સમજવાનો છે. તેનો અર્થ એ નથી કે બુદ્ધિનો ચોક્કસ વિરોધ હોય તોપણ શબ્દ તેમને સ્વીકાર્ય છે. માત્ર શબ્દને આધારે સત્યાસત્ય કહેવાનો તેમને આગ્રહ નથી જ.

થિયોસૉફીના મુખ્ય મન્તવ્યનો સ્વીકાર અને પ્રાર્થના-સમાજના મુખ્ય વલણનો વિરોધ એમાં આ સત્યાસત્યની દૃષ્ટિ ઉપરાંત મણિલાલનું એક સ્વાભાવિક વલણ–જે એમને સમજવામાં આવશ્યક તત્ત્વ છે–એ છે કે પરમ સત્ય છે અભેદ, અદ્વૈતની ભાવના. જે આચારવિચાર લોકની આધ્યાત્મિક સંપત્તિ વધારે, તેમને ઈશ્વરાભિમુખ, ધર્મપરાયણ કરે અને ભૌતિક આસક્તિઓમાંથી ઉગારે તે શુદ્ધ; ન ઉગારે તે અશુદ્ધ. થિયોસૉફીની ભાવના તત્ત્વતઃ ચૈતન્યભાવના છે, મનુષ્યને સ્વરૂપનું અનુસંધાન કરાવતી ભાવના છે. પ્રાર્થના-સમાજ આદિ સમાજો, મણિલાલને મતે અને કાંઈક એકપક્ષી મતે, તત્ત્વદર્શનનું ડોળિયું જ લે છે પણ વ્યવહારમાં તેની અસરો જોવાથી એ વિચારસંગતિ જડવાદ છે. 'દેશ, જાત, જાત, વર્ગ, ધર્મ, પંથ, સંપ્રદાય, રંગ, વર્ણ, આદિને લેઈ મનુષ્યો પરસ્પરનો દ્વેષ કરે છે તેથી વિશ્વને મહા હાનિ થઈ છે, એ વાત લક્ષમાં રાખી સર્વ ધર્મ અને સર્વ વર્ણનો આશ્રય

× "સુદર્શન ગદ્યાવલિ"–પૃ. ૩૮૭. "સિદ્ધાન્તસાર" વિશે મણિલાલ જ કહે છે કે તેનું બંધારણ યુક્તિ ઉપર વધારે રાખવામાં આવ્યું છે. "સિદ્ધાન્તસાર"–પૃ. ૪૧૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકનું એક જ ચૈતન્ય છે, એવો પરસ્પર સ્વીકાર કરી'* થિયૉસૉફી મંડળ એવો પ્રથમ અને મુખ્ય ઉદ્દેશ રાખે છે કે વિશ્વમાત્રમાં આત્મભાવ વિસ્તારવો; સર્વત્ર સમતા અને સમાનતાની દૃષ્ટિ પ્રાપ્ત કરતા કરાવતા રહેવું. 'આ મંડળી આ પ્રકારે કેવળ આત્મોન્નતિ, આત્મભાવ, અને વિશ્વમાત્રના કલ્યાણનો વિસ્તાર કરવાને અર્થે ચૈતન્યભાવનાને સર્વના આગળ લાવવા યત્ન કરે છે; કોઈને ગુરુ કે પૂજ્ય માનતી નથી; સત્યના માર્ગમાં સર્વે સર્વને સહાય થાય છે. સત્ય કરતાં અન્ય પરધર્મ નથી, એ તેનો સિધ્ધાન્ત છે. એ સિદ્ધાન્તને અનુસરતાં સર્વ ધર્મોમાં જે પરમ સત્ય રહેલું જણાયું છે, સાહિત્ય, શાસ્ત્ર, કલા, વેદ, પુરાણ, કુરાન, આદિમાં એ રીતે વિલોકતાં જે સમાયું છે, તે આર્યાવર્તના અદ્વૈતમાં સર્વથી વધારે જણાય છે એમ પણ હમણાં હમણાં મનાતું જાય છે; પરંતુ તેથી થિયૉસૉફી તે વેદાન્ત છે કે ક્રિશ્ચિયાનિટી છે કે બૌધ્ધ ધર્મ છે, એમ કાંઈ કહી શકાય નહિ. જે ચૈતન્યભાવના અને આત્મવિસ્તાર તેના સિધ્ધાન્તમાં મૂલભૂત તે જ થિયૉસૉફી છે, તે સર્વ ધર્મરૂપ છે ને કોઈ ધર્મરૂપ નથી.'×

સર્વ દેશની, સર્વ ધર્મની પ્રાચીન ભાવના અને તદનુસાર કર્તવ્યભાવના એક જ સત્યના રૂપાન્તર જેવી છે. પણ આજે પાશ્ચાત્ય ભાવનાનું સમીકરણ જડવાદ સાથે થાય છે કેમકે પશ્ચિમની ફિલસૂફી અને વ્યવહારનો પ્રધાન સૂર અને પ્રેરક બળ ઐહિક અને સુખવાદી છે. આ જડવાદ અને ચૈતન્યવાદ જેવા ચલણી શબ્દોથી સૂગાતા પહેલાં આ વિષયમાં મણિલાલના સર્વ

---

* 'સુદર્શન ગદ્યાવલિ'–પૃ. ૧૧૬.

× ,, ,, પૃ. ૧૧૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથનનું તાત્પર્ય ગ્રહી લઈએ. બાહ્યત્વ પામવાની વૃત્તિ જડવાદની વૃત્તિ છે. આપણા જીવનમાં બાહ્યત્વનું પ્રાધાન્ય એ જડવાદનું પ્રાધાન્ય છે. 'માણસો ચારે પાસા બહારને બહાર દોડતા જાય છે. જાણે અંતરમાંથી ઊઠેલી આશાઓનો પરિતોષ બહારના કોઈ પદાર્થમાં થનાર હોય તેમ મનુષ્યની વૃત્તિઓ આ ઓગણીસમી સદીમાં છેક બાહ્યત્વને જ પામી ગઈ છે. અને માયાની અગાધ રચનાના અકલિત સામર્થ્યનો અવધિ નથી, એટલે કોઈ એક અંત સિદ્ધ થતો નથી; એક પ્રાપ્તિ પછી બીજી પ્રાપ્તિ, પછી ત્રીજી, એમ નિરવધિ તૃષ્ણા અને એષણાના કલ્લોલની પરંપરા ચાલ્યાં જ કરે છે. આગળ વધવું–આગળ–આગળ–એ જ આ સમયની ધૂમ છે, પણ કોઈ પાછું વાળીને જોતું નથી.' *

'પાશ્ચાત્ય એટલે વર્તમાન સમયમાં પ્રધાન અને સ્વીકાર્ય મનાવેલાં ધોરણો પ્રમાણે જીવન એક કલહરૂપ છે, ને અહમહમિકા એ જ એ કલહમાં સ્વસ્થાન સાચવવાની નીતિ છે એટલું ફલિત થાય છે. આવો પરિણામ લાવનાર જે પાશ્ચાત્ય ધોરણ તેને મુકાબલે જેમાં બુદ્ધિ અને આત્માનો પણ સ્વીકાર છે એવાં અત્રત્ય ધોરણોને તમે વિલોકશો તો સમજાશે કે જીવન એક કલહરૂપ નથી પણ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી મળે તેટલા અનુભવો કર્તવ્યદ્વારા સંગ્રહી, બુદ્ધિના ઉચ્ચ પ્રદેશને ઓળખી, તે અનુસાર પ્રેમ, શ્રદ્ધા, ઉચ્ચતા, નિર્વિકારિત્વ, એ આદિ ગુણોનો સાત્ત્વિકભાવ અનુભવી આત્મદર્શન પામવું એટલો જ છે. × × હું અને સર્વ એ બે ભાવનાનો જેટલો વિરોધ છે, જે જે પ્રકારે એ વિરોધ દર્શન દેઈ શકે છે તેટલો અને તેવા પ્રકારનો વિરોધ પાશ્ચાત્ય અને અત્રત્ય ભાવના વચ્ચે છે. મનુષ્ય અને પશુનો

* 'સુદર્શન ગદ્યાવલિ'—પૃ. ૧૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વાસ્તવિક અંતર છે તે વ્યવહારમાં સિદ્ધ થતો હોય તો અત્રત્ય ભાવનાથી થાય છે. પાશ્ચાત્ય ભાવનાનાં ફળ પશુવૃત્તિને અનુકૂળ યુદ્ધ, પ્રતારણા, કલહ અને ઐહિક સંપત્તિ માટેના અનંત વિગ્રહમાં આવી રહે છે. અત્રત્ય ભાવનાથી શાન્તિ, પ્રીતિ, સહનશીલતા, ક્ષમા, અને વ્યવહાર સાથે પરમાર્થ સાધવાનો માર્ગ સિદ્ધ થાય છે."*

આ પાશ્ચાત્ય જીવનનાં ઘોરણો તથા પ્રેરક બળોની જડતા અને અંધકારમાંથી ભારતને ઉગારનાર, પાશ્ચાત્ય મોહનીમાંથી જગાડનાર સ્વામી દયાનંદ છે એમ મણિલાલ સ્વીકારે છે. સ્વામી અને આર્યસમાજથી અરુણોદય થયો. થિયોસોફી અને આર્યસમાજની ભાવના તત્ત્વતઃ સમાન છે– અંતઃકરણને સ્વરૂપાભિમુખ કરવું એ. અને એ ભાવનાના પરિણામે આર્યદેશના સમગ્ર અંતઃકરણમાં જ દૃશ્ય એવો સ્પષ્ટ ફેર પડી ગયો છે કે તે પોતાના જીવનને, વ્યવહારને, ધર્મને, ઈતિહાસને, મરણને, નવી દૃષ્ટિએ જોવા લાગ્યો છે, ને તેમાં તેને ભવ્ય મહત્તાનાં દર્શન થવા લાગ્યાં છે. પણ આ નવીન સ્થિતિનો અરુણોદય આર્યસમાજથી થયો તો થિયોસોફીના આગમનથી મધ્યાહ્નનો સંભવ મણિલાલને લાગ્યો હતો. દયાનન્દે આર્ય નામને ઉદ્ધાર્યું, હિંદમાંની ખ્રિસ્તી પ્રવૃત્તિને ધક્કો લગાડ્યો, અને 'પાશ્ચાત્ય અને અત્રત્યના મિશ્રણરૂપ' જે 'સમાજો' ચાલતી હતી તેમની જડો પણ શિથિલ કરી દીધી. અમેરિકાથી હિંદ આવનાર પ્રથમ થિયોસોફિસ્ટોએ સ્વામીના શિષ્ય થવા યે સ્વીકારેલું. 'પણ થોડાક પરિચય પછી આ 'મ્લેચ્છો' ને માલૂમ પડ્યું કે સ્વામીનામાં થીયોસોફી જે અભેદભાવના સમજાવે છે તે સ્વીકારવાની રુચિ અથવા શક્તિ નથી, અદ્વૈત

* "સુદર્શનગદ્યાવલિ"–પૃ. ૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાન્તની ભાવનાને તેઓ હસી કાઢે છે, અને કેવલ વેદાભિરુચિ અને સ્વદેશધર્માભિમાન એ વિના સ્વામીમાં વિશેષ નથી.×× सत्यान्नास्ति परो धर्मः એ વચનને પોતાના મહાવાકયરૂપે પૂજનારને તેમનાથી જુદા થવાનું બની આવે એ સ્વાભાવિક છે. બીજી પાસા થિયોસોફીવાળાએ પણ આર્યદેશના લોક જેમાં મહત્તાને બદલે સિદ્ધિની નિકૃષ્ટતા માને છે એવા કેટલાક ચમત્કારો કરવા જારી રાખ્યા, એથી, પોતે તેવા ચમત્કાર કરી ન શકતા હો કે થઈ શકે છે એમ માનતા ન માનતા હો તે જુદી વાત છે, પણ સ્વામીને થિયોસોફી ગમવા માંડી નહિ. પરિણામ એ થયું કે ઉભયે પરસ્પર માનપૂર્વક જુદાં થયાં.'*

થિયોસોફીના મૂલ્યાંકનમાં ઉદાર કિંવા વાસ્તવિક દૃષ્ટિ મણિલાલે રાખી છે; પણ 'સમાજો'ની સેવાનો આંક કાઢવામાં એ દૃષ્ટિ દાખવી જણાતી નથી. સિદ્ધાન્ત બાંધનારનું વર્તન અનુચિત હોય તેથી સિધ્ધાન્ત બુધ્ધિ ગ્રહી શકે તેવો હોય તો અનુચિત ન ગણાય એ સાદું સત્ય છે. 'ક્રીશ્ચિયન ધર્મના ક્રાઇસ્ટનો સર્વપ્રેમમય ઉપદેશ સ્વીકારનાર અને ક્રાઇસ્ટના પ્રતિનિધિ હોવાનો દાવો કરનાર ધર્મગુરુઓની આજ્ઞાથી માણસોને જીવતાં બાળી મૂકવામાં આવેલાં માલૂમ પડે, કે કોઈ ધર્મગુરુઓ પોતે દુરાચારી ઠરે, તો તેથી ક્રીશ્ચિયાનિટીએ જે એકતા, સુધારણા, અને ઉન્નતિ ઉપજાવ્યાં તે રદ થઈ જશે? નિરુપયોગી ગણાશે?' વળી થિયોસોફીની ચર્ચાના સંદર્ભમાં જ વ્યકિત અને વ્યક્તિદ્વારા પ્રતીત થતા સત્ય વચ્ચેનો ભેદ કરવાનો મણિલાલ આગ્રહ રાખે છે. પણ સુધારાને નામે

*'સુદર્શનગદ્યાવલિ'–પૃ. ૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલેલા વર્તન અને સુધારકોની વિચારસંગતિઓનો ભેદ મણિલાલે હંમેશ લક્ષમાં રાખ્યો હોય એમ લાગતું નથી. 'સુધારો,' 'સુધારકો' ને 'સમાજો' ઉપર આવેશમય અને અનુચિત ટીકા તેમણે કરી છેઃ સુધારાવાળાઓએ ખ્રિસ્તી ધર્મનો કર્તારૂપ ઈશ્વર સ્વીકાર્યો; જડવાદયુક્ત સુધારો જ માન્યો હતો છતાં 'સમાજો' સ્થાપી સુધારાને માથે 'ઈશ્વર'ને બેસાડ્યો; નિરાકાર સર્વવ્યાપી બ્રહ્મ ગ્રહણ કર્યું છતાં તેને ભક્તિભાજન માન્યું; વગેરે. આનો પ્રતિવાદ સરળ છે. આર્યત્વે જ સુધારાવાળાને ઈશ્વરનું ભજન કરવાની પ્રેરણા કરી એમ તો મણિલાલ કહે છે જ: હડહડતો નાસ્તિક જડવાદ સ્વીકાર્યો છતાં પણ આર્યોને ધર્મ વિના ચાલતું નથી; પોતાના જ મતનું ખંડન કરે એવી સંગતિ સુધારાવાળાઓ માને છે. આમ છે, તો એમ કહેવું યુક્ત નથી કે સમાજોદ્વારા આર્યધર્મનું જ પુનરુત્થાન હતું? કે એ સમાજોએ ધાર્મિક માન્યતા સાથે નવીન સામાજીક વિચારો સુસંગત કરવા પ્રમાણિક પ્રયત્ન કર્યો? પૂરી સંગતિ, સમગ્ર વિચારમંડળમાં પરસ્પર અવિરોધ, સુધારકો નહિ સિધ્ધ કરી શકયા હોય. કયા દર્શનમાં એવી અસંગતિઓ ટીકાકારોએ નથી જોઈ? અને તીવ્ર અસંગતિઓ હતી એમ કબૂલ કરીએ, તોપણ એ દોષ એમની બુધ્ધિની કે વિદ્વત્તાની ખામી સૂચવે છે, હૃદયની અપ્રમાણિકતા કે કુટિલતા સૂચવતો નથી. 'જડવાદાનુપ્રેરિત સંસારસુધારો સ્વીકારી, જડવાદનું ફળ નાસ્તિકતા તે ન સ્વીકારતાં કોઈ પણ પ્રકારે ધર્મપરાયણતા રાખવી, એમાંથી સમાજોનો ઉદ્ભવ થયો' * —આને સાધ્યસ્વીકૃતવાળો અન્યાયી આક્ષેપ સિવાય શું કહી શકાય? બાકી તત્ત્વ-

---

* "સિદ્ધાન્તસાર" પૃ. ૪૨૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ જે વાસ્તવિક પ્રશ્નો પ્રાર્થનાસમાજની વિચાર-સંગતિને કરી શકાય તેનો ઉત્તર-અને, દોષ હોવા છતાં, સબળ ઉત્તર-રમણભાઈએ આપ્યો છે.

મણિલાલના તત્ત્વચિન્તનમાં કેન્દ્રસ્થ વિચાર એ છે કે મનુષ્ય અને પશુનો વિભાજક ધર્મ જ સ્વ-ભાન, પ્રત્યગ્‌દૃષ્ટિ છે. એ દૃષ્ટિનો સંપૂર્ણ પરિપાક થવે પિણ્ડબ્રહ્માણ્ડની એકતા-રૂપ બ્રહ્મદર્શન હોય. પ્રત્યગ્‌દૃષ્ટિ કેળવાતી કેળવાતી, વિકસતી વિસ્તરતી વિસ્તારતી કૈવલ્યદૃષ્ટિમાં જ વિરમે, એના અંતરગત નિયમને અનુસરી. એ ભાવનામય એકતાથી જે સંગતિ વિહ્વર તે મનુષ્યની પશુબુધ્ધિનું પરિણામ છે. જીવારોપણ કરવાની પશુબુધ્ધિ જ જીવ અને જગતથી જુદા કર્તા માની તુષ્ટ થાય છે. આ સિધ્ધાન્ત ઉપર દૃઢ રહીને મણિલાલે કેવળ પ્રાર્થનાસમાજની જ નહિ, સર્વ દર્શનો ને માર્ગો જેમાં ઈશ્વર જીવથી અત્યન્ત ભિન્ન છે તેની ટીકા કરી છે. મણિલાલના ચિન્તનમાં પ્રેમલક્ષણારૂપ ભક્તિને સ્થાન છે. 'પ્રેમ-લક્ષણારૂપ ભક્તિ કે અપરોક્ષ કૈવલ્યરૂપ જ્ઞાન એ ઉભય એક જ છે, ને તેમાંના એક સાધનથી બ્રહ્મજ્ઞાન સંભવે' એમ એ સ્પષ્ટ કહે છે.* પરંતુ 'અદ્વૈત સિધ્ધાંતમાં જડભક્તિનો× સમાવેશ થઈ શકતો નથી માટે જ તે સિધ્ધાન્તને અન્યથા ઘટાવી ભક્તિનું પ્રાધાન્ય આણવા માટે સંપ્રદાયોની પ્રવૃત્તિ થયેલી છે. માણસોએ સર્વ સ્થળે, અગમ્ય અને અવર્ણ્ય પરમાર્થને ગમ્ય અને વર્ણ્ય કોટિમાં ઉતારતાં તેનું પરમત્વ ગુમાવ્યું છે; પર ને અપર બનાવી દીધું છે, સુરને અ-સુર

* 'સિદ્ધાન્તસાર'-પૃ. ૪૩૦.

× જડભક્તિ એટલે જ્ઞાનની અપેક્ષા ન રાખતી ભક્તિ, જ્ઞાનની વિરુદ્ધ ભક્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવી દીધું છે. × × આમ અવર્ણ્ય અને અચિંત્ય પરબ્રહ્મને માણસોએ પોતાની બરાબર બનાવી દઈ કેવલ ભ્રષ્ટ કરી નાખ્યું છે; એવી કલ્પિત મૂર્તિને વૈકુંઠવાસી, ગોલોકાધીશ, પુરુષોત્તમ, અક્ષરાતીત, લક્ષ્મીનારાયણ, પશુપતિ, શિવ, આદિ નામ આપી સંતોષ માન્યો છે. અન્ય ધર્મોમાં પણ જીહોવા, ઝીઅસ, જ્યૂપિટર આદિ નામ માણસોએ પોતાના જ પ્રતિબિંબને આપી તેને પૂજ્યું છે, અને બરા તત્ત્વથી વિમુખ રહ્યાં છે.'* પરમેશ્વરની ભક્તિથી તેની કૃપા પમાય, તેથી દુરિતનો ક્ષય થાય ને મોક્ષ મળે. પરંતુ ઈશ્વરના 'પ્રતિનિધિઓ' પણ આ માફીપત્ર આપી શકે! આમ દુરિતના ક્ષય માટે સરળ ઈલાજ નીકળવાથી દુરિત વધ્યાં ને પ્રસાદની ધામધૂમ પણ વધી. ગુરુદ્વારા ઈશ્વર જોડે સીધો વ્યવહાર થવાથી બીજા મનુષ્ય તરફ઼ ઉપેક્ષા વધે. જડભક્તિથી 'સ્વાર્થ' વધે છે, પાપપુણ્યનો જમેઉધારી હિસાબ થઈ બેસે છે, સ્વચ્છંદાચાર પ્રવર્તે છે, દ્વેષ ઊઠે છે, નિઃસત્ત્વતા પ્રાપ્ત થાય છે–એટલું જ નહિ પણ પરમ અવર્ણ્ય બ્રહ્મને પણ ભ્રષ્ટ કરી નાખી બ્રહ્મત્વથી વિમુખ થઈ જવાય છે!'×

સાચી ભક્તિ જ્ઞાનથી નિરપેક્ષ હોય જ નહીં. જાણ્યા વિના ભક્તિ કેમ થાય? ને જે જાણ્યું હોય તે નિરંતર ભજાય નહિ તો જાણ્યું પણ કેમ કહેવાય? જાણીએ તો ભજ્યા વિના રહેવાય નહિ. અને ભજ્યા વિના વસ્તુ પૂર્ણપણે જણાય નહિ. જ્ઞાનમાં દૃઢ થવું, કૈવલ્યરૂપ સ્થિતિ વધુવધુ અનુભવવી એ કર્મ જ છે. ભક્તિનો સમાસ આવા વ્યાપક કર્મપ્રદેશમાં થઈ જાય છે. આવા જ્ઞાનભક્તિ રૂપ કર્મના પરિપાકમાં કૈવલ્યનો

---

* 'સિદ્ધાન્તસાર'–પૃ. ૪૦૮,૪૦૯

× ,, પૃ. ૪૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરોક્ષ અનુભવ થાય છે. અને એ સ્થિતિમાં જ્ઞાન ભક્તિ કે કર્મ જેવી વિશિષ્ટ ને એકાંગી અવસ્થા વા અનુભવ મુમુક્ષુનો હોતો જ નથી.

આમ યુક્તિપુરઃસર મણિલાલ કહે છે. પણ ઘટપટની શુષ્ક ચર્ચામાં પારંગત એવા મણિલાલ શુષ્ક ચર્ચામાં રાચતા નથી. એથી દેશનો ઉદય થાય એમ માનતા પણ નથી. રમણભાઈ કે કાન્ત, મણિલાલ ગોવર્ધનરામ કે આનન્દશંકર આગળ ખરો પ્રશ્ન આ હતો કે ઘટપટમાં રાચતી જડ ફિલસૂફીને જીવંત કેમ કરવી ? અર્થાત્ તર્કણાજી મટાડી સાચી સમજણ રૂપે શી રીતે વિસ્તારવી ? બીજો પણ પ્રશ્ન એને મળતો જ હતો કે વિચારસંગતિમાંથી નિષ્પન્ન થતો ધર્મ અર્વાચીન જીવનની જરૂરિયાતોને સુસંગત કે અવિરુદ્ધ કેમ કરવો ? દેશે તરવું હોય તો તેનો ધર્મ અને તેની ફિલસૂફી જીવનઅભિમુખ ન હોય તોપણ જીવનઅવિમુખ તો હોવાં જ જોઈએ. અને આ સમાન ઇષ્ટ ધ્યેય સિધ્ધ કરવામાં આપણા વિચારકોએ શક્તિ અનુસાર કર્તવ્ય કર્યું છે.

પ્રેમલક્ષણા ભક્તિ અને અભેદાનુભવરૂપ જ્ઞાન એ વસ્તુતઃ એક જ સંસ્થિતિ છે તે મણિલાલ માત્ર સૂકા બૌધ્ધિક પ્રત્યયરૂપ જણાવતા નથી. એ એમનો આગ્રહ છે, એમની હૃદયની માન્યતા છે. એથી જ એ ધર્મવીર જેમ ઉદ્‌ઘોષ કરે છે કે–

'પિંડબ્રહ્માંડાતિરિક્ત કર્તારૂપ ભ્રમમાં પડેલા પાદરીઓ પિંડબ્રહ્માંડૈક્યરૂપ કૈવલ્યના પરમ ઉપાસકોને જંગલી, મૂર્તિપૂજક, કહી સુધારવા આવે છે ! તેમને હજુ કેટલું શીખવાનું બાકી છે ! ઈશ્વરનાં સર્વે બાલક છે, માટે ભાઈચારો રાખવો એમ તેઓ મોટો ઉપદેશ લેઈને પોતાના ધર્મને વખાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાજ આવે છે; પણ એક જંગલીમાં જંગલી મૂર્તપૂજક આર્ય ગામડીઓ પણ એમને સમજાવી શકશે કે ભાઈચારો એ આર્યધર્મ નથી, આત્માચાર એ આર્યધર્મ છે, કિંબહુના ખરો મનુષ્યધર્મ છે; સર્વ આત્મમય, પરપ્રેમમય, એ જ શુદ્ધ ધર્મ છે; પિંડબ્રહ્માંડાતિરિક્ત કર્તા તે ઈશ્વર નથી, પણ તે ઉભયની એકતારૂપ, પ્રેમરૂપ, કૈવલ્ય-બ્રહ્મ-તે ઈશ્વર છે. બધાં ભાઈ નથી, પણ એક છે' *

આવી તેજસ્વી વેગવતી વાણીનો ઉપદેશક વિદ્વત્તા અને હિન્દુત્વપ્રેમમાં વિવેકાનન્દની કેટલો નજીક છે તે સહેજે જણાશે. એ કેમ વિવેકાનન્દ ન થઈ શકયા એ ગુજરાતના કઠિન ભાગ્યની વાર્તા કરવાની જરૂર નથી. એટલું જાણવું આવશ્યક છે કે આનન્દશંકરની શૈલી મણિલાલ કરતાં વિશેષ રમણીય, મસૃણ, કોમળ ને મધુર છે છતાં તે ઉપદેશકની શૈલી બનતી નથી. આનન્દશંકરની ગદ્યશૈલી કવિતા જેમ સૂક્ષ્મ ધ્વનિમાં રાચે છે, કલ્પનાને જાગ્રત કરે છે અને કાંઈક વિશેષ ભણેલાં, સંસ્કારી ને વેદનશીલ વાચકની અપેક્ષા રાખે છે. મણિલાલ વિષયનું નિરૂપણ યથેચ્છ, યથાપ્રતિજ્ઞ, સમગ્ર રીતે સૌષ્ઠવાપન્ન, કરે છે, જોકે તેમાં પ્રત્યેક કંડિકા સુરેખાકાર હોતી નથી. તેમની ખરી ખૂબી કઠિનમાં કઠિન વિષયને સુગમ કરી આપવામાં છે. આનન્દશંકર વિશદ છે, પણ કઠિન વિષયમાં વાચકને તેમનામાં અધિગમ સહેજે થતો નથી. મણિલાલ વિષયને પરિભાષાથી મુક્ત કરી શકે છે, અથચ પરિભાષાને પણ વાચકના અનુભવનું અનુસંધાન કરતી સરળ બનાવે છે. બીજી રીતે કહીએ તો મણિલાલનું વિવેચન અક્ષરમણિતના દાખલા જેવું ન બનતાં વાચકમાં

* "સિદ્ધાન્તસાર" પૃ. ૩૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી સમજણનું, સૂઝનું સ્વરૂપ ધારણ કરે છે. એમાં એક જ વિચાર, વીગત કે દલીલ વારંવાર કે નવીનવી રીતે આવે છે અને પૂર્વાપરની અવધારણા કરનાર જાગ્રત વાચકને એ કદાચિત્ પિષ્ટપેષણ લાગે. પણ મણિલાલના પુરુષાર્થનું દૃષ્ટિબિંદુ હિન્દુ સંસ્કૃતિના વકીલનું, આર્ય ધર્મના ઉપદેશકનું છે; અને એ દૃષ્ટિબિન્દુને ચોગ્ય નિબન્ધનરીતિમાં આ લક્ષણ અનિવાર્ય છે. એ એનું દૂષણ નથી. વળી આ લક્ષણ છુટક લખાતા સામયિક લેખમાં જણાય છે તેટલું 'સિદ્ધાન્તસાર' જેવા પ્રકરણગ્રંથમાં નથી જણાતું. વિચારપ્રવાહોના વિશાળ સમપ્રમાણ પર્યાલોચનનો એ ગ્રંથ અસાધારણ નમૂનો છે.

આનન્દશંકરનો ગુણવિશેષ પ્રસન્નતા છે, ઔદાર્ય છે, સ્વસ્થતા છે; તે વિનોદ કરે પણ આક્ષેપ કે કટાક્ષ ન કરે. અર્થઘટન કે વકતવ્યસમર્થન માટે આનન્દશંકર સ્મૃતિકુંજમાંથી કુસુમ ચૂંટી લાવી નિબંધમાં ગૂંથી લે છે, તેથી તેનું સૌષ્ઠવ ઘટે છે પણ સુભગતા, સામાન્ય રીતે, પોષાય છે. મણિલાલનો ઉત્સાહ વેગીલા વાણીપ્રવાહમાં, દલીલો ને વીગતોના ઓઘમાં વાચકને તાણી લે છે. વાચક અવશ તણાય છે, કેમકે એ વાણીજળ અવગાહનક્ષમ લાગવાથી તે સ્નાનાતુર થયો છે. મણિલાલમાં અભિનિવેશ, ગંભીર આક્ષેપ અને કટુ કટાક્ષ હોય છે, પણ તેને અલંકરણ કે અવતરણની પડી નથી. એની મુદ્રા પ્રસન્ન નથી; એમાં વિદ્ધ સંક્ષુબ્ધ અન્યાયપીડિત આર્ય અંતઃકરણની વેદના છે. પણ એ વેદનાને બળ મળ્યું છે અસાધારણ વિદ્વત્તાનું, તીવ્ર ને અચળ બુદ્ધિનું, અને પુરુષાર્થના અવ્યભિચારી ઉદ્દેશનું. વાસ્તે જ મણિલાલ આપણા દાર્શનિક ગદ્યકારોમાં પ્રથમ સ્થાનના અધિકારી છે.

શાંકર કેવલાદ્વૈત એ નવો સિદ્ધાન્ત નથી. એ સિદ્ધાન્તનાં મુખ્ય તત્ત્વો શિષ્ટોને પરિચિત પણ છે. તેનું સંક્ષિપ્ત નિરૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ 'સિદ્ધાન્તસાર'માં કે 'અદ્વૈતજીવન' જેવા નિબંધમાં મળી શકશે. એ સિદ્ધાન્તને અનુભવના ક્ષેત્રમાં આણી શકાય એવો મણિલાલે જીવંત બનાવ્યો. વાસ્તવિક જીવનમાં એ સિદ્ધાન્તની અર્થાપત્તિઓને ઘટાવીને તેને વ્યાપક ને મૂલ્યવાન બનાવ્યો. જીવનનો હેતુ જાણી એ અનુસાર પુરુષાર્થ કરવાનો માર્ગ એ ઉચ્ચ જીવનનો માર્ગ છે. અદ્વૈતભાવના એ મણિલાલને મન ઉચ્ચ જીવનની ભાવના છે અને એમ જાણ્યું એટલે શું થયું તે એ વિચારે છે.

'એટલું જ થયું કે બુદ્ધિથી કરીને તેમાં તર્કવિતર્કનો અવકાશ ન રહે એવો એની સત્યતાનો નિશ્ચય થયો; આપણા મનમાં એક કલ્પના બંધાઈ. કવિઓ કાવ્ય રચે છે ત્યારે જેમ નગર, સરિતા, કાનન, ગિરિ, મનુષ્ય આદિ કલ્પના યોજી તેમના સંબંધ બેસાડી, રસિક રસજાલ વિસ્તારે છે, તેવી અદ્વૈતભાવનાની એક કલ્પના આપણા મનમાં ઊભી થાય છે. પણ મને શંકા છે કે કવિનું કોઈ ઉત્તમ કાવ્ય વાંચતાં આપણને જે ઉલ્લાસ અનુભવાય છે, ક્ષણવાર આપણે આપણું ભાન ભૂલી કાવ્યગત રસમાં લીન થઈ કોઈ અપૂર્વ વિસ્તાર અનુભવીએ તો એક ક્ષણવાર પણ અદ્વૈતભાવનાની કલ્પના પ્રાપ્ત કરનારને થતો હશે કે નહિ થતો હોય? પણ એવા અનુભવપૂર્વક જ્યારે અદ્વૈતજીવનની ભાવના કલ્પનામાં ઠસે, જ્યારે જ્યારે એ ભાવનાનું પરિશીલન થાય ત્યારે ત્યારે એ ઉલ્લાસ અનુભવાય, તો જ એ ભાવના યથાર્થ રીતે જાણી કહેવાય. એવી રીતે એ ભાવના જાણવા માટે કેવલ બુદ્ધિ અને તર્કથી જ નહિ પણ હૃદયથી એ ભાવનાની પાસે જવું જોઈએ. હૃદયથી એની પાસે જવું એટલે જે પ્રેમ, શ્રદ્ધા, આસ્તા આદિથી આપણે અનેક વાતોને સ્વીકારીએ છીએ, આદરીએ છીએ અને આચરીએ છીએ તેનું સ્થાન હૃદયછે, તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયનાં ભાવ, પ્રેમ, શ્રદ્ધા, આસ્તા, સર્વથી એ ભાવનાને જાણવી. બીજી રીતે કહીએ તો બુદ્ધિથી નિશ્ચય કર્યાની સાથે હૃદયનો ભાવ અને હૃદયનો વિશ્વાસ એ નિશ્ચયની સત્યતા ઉપર લગાડવો. આમ થાય ત્યારે જ અદ્વૈતભાવના જાણી કહેવાય; એટલા જ માટે અદ્વૈતશાસ્ત્રમાં જ્ઞાનને કેવલ જાણવા માત્ર રૂપે નહિ પણ અનુભવસહિત જાણવા રૂપે, એટલે કે ભાવસહિત જ્ઞાન રૂપે, એટલે કે હૃદયસહિત બુધ્ધિરૂપે વર્ણવેલું છે. આ હૃદય તે જ આ સપ્તભૂમિક પ્રાસાદની સીડીએ ચઢવાનું પ્રથમ દ્વાર છે. જેને અંદર જવું હોય તેણે તે દ્વાર ઠોકવું' *

અભેદભાવનામાં મણિલાલે પ્રેમનો સમાસ કરી લીધો છે. અભેદભાવના એ હવાઈ તરંગ, કલ્પનાથી માણવાની વસ્તુ નથી, પરંતુ એની અર્થાપત્તિઓથી જીવન ઘડવાનું છે એ બતાવવા 'પ્રેમ'ને પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનનો તેમણે વ્યાવર્તક બનાવ્યો. પ્રથમ તો પ્રેમનાં જે વ્યવહારમાં સ્વરૂપ છે તે પણ પરમ પ્રેમની દૂર દૂરથી ઝાંખી કરાવે છે. 'પ્રેમ, દયા, સ્નેહ, મૈત્રી આદિ સ્થૂલ સંબન્ધોમાં પણ જે જે આનંદ આવે છે, તે તે આનંદનો પરમ પ્રકર્ષ અનુભવાય એ અભેદનું સ્વરૂપ છે.'+ અલબત, આ વિચારપ્રવાહમાં સાવધાન રહેવાની જરૂર છે અને આનંદશંકર જણાવે છે તેમ અહિક પ્રેમ પોતે જ પરમ પ્રેમ નથી એ સ્મરણમાં અવશ્ય રહે. પણ મણિલાલે જેમ પ્રેમલક્ષણા પરાભક્તિને અપરોક્ષ જ્ઞાનમાં સમાવી લીધી તેમ લોકવ્યવહારમાં અનુભવાતી સદ્વૃત્તિઓને પણ તેમણે અભેદભાવનામાં સમાવી દીધી. જે ભાવ કે વૃત્તિ મનુષ્યને અહંકાર અને સ્વાર્થથી વિદ્વર કરે, તેની સંકોચવૃત્તિ-લાજ, મરજાદ, ભય,

* 'સુદર્શન ગદ્યાવલિ'-પૃ. ૮

+ 'આત્મનિમજ્જન'-પૃ. ૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરમ, આડંબર રૂપી કૃપણુતા હરે, તે ઉન્નતિનો અને વૃદ્ધિનો માર્ગ છે; જે કર્મ કે વૃત્તિ સમષ્ટિભાવનાની સમીપ લઈ જાય તે આત્મસાક્ષાત્કારને અનુકૂલ માર્ગ છે. 'વેદાન્ત અથવા જ્ઞાનમાર્ગથી સિદ્ધ કરવાનો જે આચાર છે તે શુષ્કતા, ઉદાસીનતા, નિવૃત્તિ, ત્યાગ એવો નથી પણ અતુલ ભવ્યતા, સ્વાતંત્ર્ય, બલ, પરાક્રમ અને છતાં નિર્લેપતા એ છે. આચાર પરત્વે વેદાન્ત સિદ્ધાન્તથી જે આવું સિદ્ધ કરવાનું છે તે ઉપર લક્ષ રાખીને વેદાન્ત-પતિપાદ્ય બ્રહ્મને વારંવાર 'પ્રેમ' એ શબ્દથી કહેવામાં આવ્યું છે.' * 'પ્રેમનું સ્વરૂપ જ એ છે કે જેવું કલ્પાય તેવું જ દેખાય છે અને અનુભવાય છે. પ્રાકૃત પ્રેમના આવા ધર્મમાંથી અપ્રાકૃત દિવ્ય પ્રેમનું સ્વરૂપ પણ આપણે સમજી શકીએ. 'કલ્પાય તેવું અનુભવાય' એટલે અતુલ હૃદયરસ અથવા અતુલ શ્રદ્ધાને બલે, જે નિશ્ચય થયો છે તે બુદ્ધિ ન રહેતાં પ્રત્યક્ષ અનુભવમાં પણ આવી જાય છે.' × શ્રદ્ધારૂપ પ્રેમ બૌદ્ધિક નિશ્ચયને કર્તવ્યમાં ઉતારી આચારમાં અપરોક્ષ કરી શકે છે. વિચાર અને આચારનું ઐકય સાધનારું લાગણી તત્ત્વ તે જ પ્રેમ છે. એટલે વસ્તુતઃ પ્રેમ એ જ ઈશ્વર છે એમ કહેવામાં મણિલાલને પ્રેમ એ પરમાનુભવનું સાધન છે એટલું જ વિવક્ષિત છે.

વ્યષ્ટિમાં સમષ્ટિનો ઉદય થવા દેવો, અહંગત કૃપણુતા અને સંકોચને સ્થાને ઉદારતા, વિશાળતા ને વ્યાપકતા સ્થાપવી તેમાં નીતિ અને કર્તવ્યની ભાવના રહેલી છે. બુદ્ધિનો નિશ્ચય જીવનમાં સિદ્ધ કરવાનો માર્ગ અર્થાત્ નિશ્ચયાનુસાર સાચી સ્વરૂપસિદ્ધિનો માર્ગ કર્મ છે. વ્યવહારમાં પણ અનુભવ-

---

* 'સુદર્શન ગદ્યાવલિ'–પૃ. ૨૩૮

× ,, –પૃ. ૨૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિધ્ધ છે કે કોઈ પણ રુઢિવિરૂધ્ધ સિધ્ધાન્તને જીવનતત્ત્વ બનાવવો હોય તો કર્મદ્વારા જ થઈ શકે. જ્યાં સુધી કર્મદ્વારા અખંડ વ્યક્તિત્વને તે સિધ્ધાન્તને અનુકૂળ નથી કરવામાં આવતું ત્યાંસુધી બુદ્ધિ હા ભણે ને પ્રાણ વિરોધ કર્યા જ કરે. વિધવાવિવાહ, આન્તર્જ્ઞાતીય લગ્ન, અન્ત્યજસ્પર્શ આદિ વિષયોમાં આ સુપરિચિત છે. પ્રેમ શ્રધ્ધા તો પ્રેરનાર દોરનાર શક્તિ છે પણ સંસિધ્ધિ તો કર્મદ્વારા જ થાય. युद्धस्व विगतज्वरः। योगः कर्मसु कौशलम्।

સમગ્ર વિશ્વની વ્યવસ્થા વૃધ્ધિ અને ઉચ્ચતાનો બોધ કરે છે. જીવિત ઉત્તરોત્તર વૃધ્ધિ અને ઉચ્ચતા ગ્રહતું ચાલે નહિ તો વિશ્વક્રમમાં કશી ભવ્યતા કે સસારતા આવે જ નહિ. આ વૃધ્ધિના સૂત્રને જ ગીતામાં સમત્વ નામથી ઓળખાવ્યું છે એમ મણિલાલ કહે છે. કર્તવ્ય કરવાથી વાસના છૂટતી જાય છે, અધિકાર વિસ્તરતો જાય છે, જીવિત સર્વમય થતું જાય છે. "કર્તવ્ય કરવાથી આમ ઉત્તરોત્તર વ્યષ્ટિમાત્ર સમષ્ટિભાવનાની સમીપ જાય છે, એમ જ આત્મસાક્ષાત્કારનું અપરોક્ષ ઊપજે છે, સમતાનો યોગ સિધ્ધ થાય છે." * કર્તવ્ય યજ્ઞરૂપ છે, સમષ્ટિ અથવા ઈશ્વરને અર્પણરૂપ છે, જે અર્પણ થઈ ગયું તેમાં ફલની અપેક્ષા નથી હોતી, અને પરમ પ્રેમનો અવધિ પણ સ્વાર્પણ છે. પ્રેમપ્રેરિત અર્પણરૂપ કર્તવ્યથી વ્યષ્ટિમાં સમષ્ટિનો ઉદય થતો જાય છે. સ્વના સમષ્ટિમય પરમાત્માને ફલાભિસંધિ વિનાના અર્પણમાં કર્તવ્યભાવનાનું ઉચ્ચતમ ધોરણ રહેલું છે. આત્મનિવેદન એટલે આત્મામાં જે વીર્ય બલ વગેરે હોય તેનો કર્તવ્યદ્વારા ઉપહાર. ઉપહાર કોને? કોઈ ગુરુ કે આચાર્યને નહિ, કોઈ ઈશ્વરની અગ્રાહ્ય

* "સુદર્શન ગદ્યાવલિ" —પૃ. ૧૭૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પનાને કે દેવને નહિ, પણ સમષ્ટિમય પરમાત્માને. "तत्कुरुष्व मदर्पणम्-જે જે કરે તે મને અર્પણ કર, એટલે સમષ્ટિભાવનાથી કર્તવ્ય કર એટલું જ તાત્પર્ય છે."× મેઘ, સૂર્ય આદિ પોતાનું કર્તવ્ય કોને અર્પણ કરે છે? ઋતને, ઈશ્વરી નિયમચક્રને. તદનુસાર ઈશ્વરી નિયમનને, સર્વને, ઈશ્વરને, મનુષ્યે કર્તવ્ય અર્પણ કરવું. મદર્પણમ્‌નું આ અર્થ-ઘટન નવીન છતાં વાસ્તવિક લાગે છે. આ ભાવનાથી ચાલતા મનુષ્યસંસારનું મણિલાલ હૃદયંગમ ચિત્ર દોરે છે.

"અર્પણપૂર્વક કર્તવ્યની ભાવનામાં જ સમષ્ટિનો અથવા બ્રહ્મનો અપરોક્ષ સાક્ષાત્કાર અનુભવવાના માર્ગમાં રહીને જોતાં, અર્જુને યુધ્ધપરાયણ થઈ અનંત દલનો વિધ્વંસ કર્યો એ ભેદદૃષ્ટિનો વિવાદ તો એક પ્રલાપમાત્ર જ જણાશે. જેને કર્તવ્યની ભાવનાનો નિગૂઢ મર્મ સમજાયો તેને એવી શંકાનો સંભવ પણ નથી. કર્તવ્યના મધુર માર્ગમાં જે સમતાના ઉપાસક સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત, આદિ રૂપે ગવાયા છે, તેમનાં જીવિત કેવાં લલિત, સુશ્લિષ્ટ, અર્પણમય, અને સર્વમય થયાં છે! એક એક વ્યક્તિના જીવનમાં કર્તવ્યભાવના કેવાં કેવાં યથાર્થ યોગક્ષેમ આણી શકે છે, કેટલી કેટલી વિષમતાને ટાળી શકે છે, સમષ્ટિમાં કર્તવ્યભાવના તૃણનો મેરુ કરી શકે છે, હતું ન હતું કરી શકે છે, ન હતું હતું કરી શકે છે. કર્તવ્ય-ભાવના અને અર્પણના તાલ ઉપર જે જીવિત દોરાયાં તે ખરેખર એક સંગીત જેવાં જ છે; એકે સ્વર કે આલાપ તેમાં નકામો કે વધતો ઓછો નથી, જેવું છે તેવું જ યથાર્થ સંગીત છે. એવા જીવિતને અર્થે જ ગીતા ગવાઈ છે, અને

×'સુદર્શન ગદ્યાવલિ'-પૃ. ૧૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ગીતના અનંત ભેદથી સિદ્ધ થતું અભેદમય ધ્વનિસામ્રાજ્ય સૂચવતું 'ગીતા' એ નામ એમ જ સાર્થક છે.'[૧]

નિવૃત્તિ અને નિઃશ્રેષ્ટત્વનો જ્ઞાનમાર્ગ વેદાન્ત નથી એમ વિવેકાનન્દની જેમ મણિલાલ વારંવાર અને આગ્રહપૂર્વક કહે છે. બુદ્ધિમાત્રના વિલાસોથી વેદાન્તને ગ્રહણ કરી, ત્યાગ, નિવૃત્તિ આદિ આલસ્યનો માર્ગ લેવો એ શુદ્ધ વેદાન્તનો માર્ગ નથી, એ તામસ માર્ગ છે. "આ વિશ્વ અને જીવન કેવળ જોવાને અને વિચારવાને ઊભું નથી. કર્તવ્ય અને વૃદ્ધિના શિક્ષણની શાળા છે."[૨] બુદ્ધિવિલાસનો આનંદ અહંતા જ પોષે છે, અને જનસંસર્ગના ત્યાગને ઈષ્ટ ગણાવે છે. અભેદજ્ઞાને જેનામાં લાગણીનું સ્વરૂપ લીધું છે તે સંસારનાં કર્તવ્યોથી ભડકતો કે ભાગતો નથી. "તેને નાત, જાત, વર્ણ, વ્યવહાર, દેશ, વિદેશ, એવા ભેદની ભાવનાઓ હૃદયના સ્વાભાવિક વિસ્તારને અટકાવવા આડે આવતી નથી."[૩] પુરુષપ્રયત્નને આ ભાવનામાં ચોક્કસ અર્થમાં જ અવકાશ છે, કેમકે વ્યવહારમાં જે જે થાય છે તે કાર્યકારણથી નિયમિત રીતે થાય છે. પણ કાર્યકારણના નિયમમાં જ પુરુષપ્રયત્ન સમાઈ જાય; કેમકે "કાર્ય થાય તેવી, કે તે ન થાય તેવી, જે ઈચ્છા થઈ તે અકારણ થઈ એમ તો છે જ નહિ." વેદાન્તનો સિદ્ધાન્ત લઈ પાપની છૂટ મળી જતી નથી. આમાં અધિકારભેદનો અવકાશ છે. સ્વભાવશુદ્ધ બ્રહ્મનો જે સર્વત્ર અનુભવ કરે છે, સમષ્ટિભાવના જેનો હૃદયરસ થયો છે તેને સદાચાર એ સહજ છે.

---

૧ 'સુદર્શન ગદ્યાવલિ'–પૃ. ૧૮૦
૨ " " પૃ. ૧૬૮
૩ "સુદર્શન ગદ્યાવલિ"–પૃ. ૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ "ધન, પુત્ર, દારા, સમૃદ્ધિ આદિની તૃષ્ણાથી ભરેલાં મન, હજી વિવેકની ભૂમિકા ઉપર પણ આવી શકયાં નથી, તે પૂર્વે તેમને માટે છેક તુર્યાવસ્થા પર્યંતની સાતમી ભૂમિકાની નીતિનો કાયદો કાઢવામાં કેટલી બધી હાનિ સમાયેલી છે"* પિંડનું વર્તનમાત્ર વિશ્વનિયમને અનુસરે તે ઉત્તમ નીતિ. એ નીતિ સિદ્ધ થાય તે પ્રમાણે વ્યવહારની રચના જોઈએ અને તો જ સુખ સંભવે. અને અત્યંત અભેદ એવું સ્વસંવેદન તે જ ખરું સુખ છે. નીતિસિદ્ધાન્તની સ્થાપનામાં પરહિતવાદની કસોટી નકામી છે, કેમકે તેના નિશ્ચય માટે કશું ધોરણ નથી. સ્વસંવેદન એ અનુભવગમ્ય કસોટી છે. મણિલાલ 'ઉન્નત જીવન'માં સ્પષ્ટ જણાવે છે કે દુઃશીલ પ્રકૃતિને સંયમમાં આણી નીતિમાન્ થયેલો સાધુ પરિપૂર્ણ ધાર્મિકતા અને ઉન્નત જીવન પામ્યો છે એમ નહિ કહી શકાય. આવી સાધુતા એ આત્મજ્ઞાન અને ઉન્નત જીવનના માર્ગનો મધ્ય મુકામ છે, અંત નથી. "મનુષ્યની અને સમગ્ર વિશ્વની પરિપૂર્ણ ઉન્નતિ, તેના વિચારમાત્ર તેના આચારમાં પ્રત્યક્ષ પ્રકટે તેમાંથી થતી જાય છે; જ્યાં સુધી પ્રતારણાનો લેશ પણ વ્યવહારમાં રહેશે, વિચાર અને આચારનો જ્યાં સુધી વિયોગ રહેશે, ત્યાં સુધી વ્યષ્ટિનું કે સમષ્ટિનું કોઈનું કલ્યાણ થનાર નથી. એનું કારણ સ્પષ્ટ છે. વિચાર અને આચારની એકતાથી જે ભવ્ય કર્તવ્ય અને સ્વાર્પણનો (એટલે કે પોતે જ્યાં હોઈએ ત્યાં પ્રાપ્ત થતા કર્તવ્યને કરવામાં પોતાપણાનો અર્થાત્ સ્વ અને સ્વ અર્થનો ભોગ આપવાનો) સંભવ છે તે સિદ્ધ ન થવાથી, પ્રતારણા, સંકોચ, ભય, શંકા, અને

---

* "સુદર્શન ગદ્યાવલિ"–પૃ. ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃપણુતા જ વ્યવહાર પરમાર્થ સર્વની નિયામક રહે છે, અને ઉન્નત જીવન અને ધાર્મિકતા એકે આવવા દેતી નથી"*

"ઉન્નત જીવનનો મુખ્ય મંત્ર સ્વાર્પણ અને કર્તવ્ય છે. સ્વાર્પણ એટલે અભિમાનની વૃત્તિનો ત્યાગ કરીને પોતાને જે જ્ઞાન થયું હોય તે બધું પોતાના આચારમાં પ્રદર્શિત કરવું, એ જ સ્વાર્પણપૂર્વક કર્તવ્ય કરવાનો અર્થ છે, પછી તે કર્તવ્ય પોતાના લાભને અર્થે હોય કે પોતા કરતાં વધારે સંખ્યા કે સ્થાનના લાભને માટે હોય કે આખા વિશ્વના લાભને માટે હોય તોપણ જે કાલે જેટલું જ્ઞાન હોય તે જ્ઞાનમાત્રને અભિમાન વિના જ આચારમાં આણવું એ ઉન્નત જીવનનો માર્ગ છે. 'લાભ' એટલે અત્ર જેને ઉન્નતિ કે ઉન્નત જીવન કહેવાય છે તે રૂપી લાભ એમ તો સહેજે સમજાય તેવું છે"× નીતિશાસ્ત્રના તત્ત્વ વિશે આવી વિચાર-પરંપરા મણિલાલની છે. એમના વિચારોમાં આ બાબત ઉત્તરોત્તર વિશેષ સ્પષ્ટતા છે. આ જ દૃષ્ટિબિન્દુ આનન્દ-શંકરે વધારે સ્પષ્ટ કર્યું છે અને વિકસાવ્યું છે, કાંઈક વધારે પ્રતીતિજનક પણ કર્યું છે. પરમ સત્ય અને વ્યાવહારિક સત્ય, નીતિસિદ્ધાન્ત અને અપરોક્ષાનુભવીનું આચરણ, અભેદભાવ અને સ્વાર્થત્યાગ વગેરે પદાર્થોના દેખાતા વિરોધનું આનંદશંકરે સમાધાન કર્યું છે. એમાં મણિલાલ કરતાં ઉપપત્તિ વિશેષ લાગશે. એટલું તો ખરું જ કે મણિલાલ કરતાં આનન્દશંકરની વિચારણામાં ભક્તિપાત્ર ઈશ્વરનું અને ભક્તિનું સ્થાન વિશેષ સ્પષ્ટ અને વિશેષ મહત્ત્વનું છે. શુષ્ક વેદાન્ત-ચર્ચાની કસર મણિલાલમાં સહેજસાજ રહી ગઈ છે. શાબ્દિક

* 'સુદર્શનગદ્યાવલિ'–પૃ. ૨૬૧

× 'સુદર્શનગદ્યાવલિ'–પૃ. ૨૬૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તાર્કિક, કેવળ ભુલભુલામણીમાંથી આનન્દશંકર અત્યંત મુક્ત છે.

ધર્મતત્ત્વને અનુકૂળ નીતિતત્ત્વ મણિલાલે દાખવ્યું, અને સૂચવ્યું કે ધર્માનુકૂલ નીતિ સિદ્ધ થાય (અને એ નીતિ સિદ્ધ થવામાં જ વ્યક્તિ અને સમાજને સુખ છે) તે પ્રમાણે વ્યવહારની રચના જોઈએ. સ્પષ્ટ છે કે આ પરિપાટીમાં ઉપયોગિતાવાદ, વ્યક્તિસુખવાદ, સ્વહિતવાદ, પરહિતવાદ, બહુજનસુખવાદ, એમાંના કોઈનો અત્યન્ત સ્વીકાર થઈ શકે નહિ. એમાંના કોઈ વાદ ઉપર સમાજવ્યવસ્થા અને નીતિતંત્ર ચોજી શકાય નહિ. છતાં "મણિલાલમાં જ સુધારો પહેલવહેલો તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે છે–તત્ત્વજ્ઞાન બાંધી તેમાંથી ખરો 'સુધારો' કોને કહેવો એ નિર્ણય કાઢવામાં આવે છે." * પરિણામે, કાંઈક પ્રાચીન, કાંઈક નવીન વ્યવસ્થા તેમને અંગીકાર્ય છે. વળી તેથી જ તેમનું વલણ બહારના આચારથી અન્તર ફેરવવાને બદલે અંદરથી વિચારો, લાગણીઓના ફેરફાર વડે બહારના આચાર ઉપર અસર કરવા તરફ છે. અને તેથી જ મણિલાલની વિચારણામાં લોક અને દેશની, વ્યક્તિ અને આખા મંડલની પ્રકૃતિ અને ઐતિહાસિક ભાવના ઉપર સંપૂર્ણ લક્ષ છે. એવું લક્ષ 'સુધારાવાળા'ઓમાં નહોતું; તો આવી ઐતિહાસિક દૃષ્ટિ એ મણિલાલ તેમ ગોવર્ધનરામ, આનન્દશંકર, ઠાકોર, આદિની વિચારણાનું વિશિષ્ટ લક્ષણ છે.

મણિલાલે 'સુધારાનું' માપ કાઢયું છે અને તોલ કર્યો છે. જીવનવિકાસમાં નાશને પણ સ્થાન છે, એ ન્યાયે સુધારાવાળાઓ જે નાશ કરી શકયા તે જરૂરી હતો. તેમનું કાર્ય-

* આનન્દશંકર : "સાહિત્યવિચાર" પૃ. ૩૭૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષેત્ર મર્યાદિત હતું. "જ્ઞાતિનો બાધ ન ગણવો, પુનર્વિવાહને ઉત્તેજન આપવું, સ્ત્રીપુરુષને સમાન ગણવાં ને પુનર્જન્માદિક ન માનતાં કેવળ માણસનું સુખ સધાય તેવી નીતિમાં લક્ષ રાખી સાધારણ રીતિના ધર્મ કર્મના વહેમ ન રાખવા એ સુધારાનાં લક્ષણ અદ્યાપિ પણ સુપ્રસિદ્ધ છે." * પરંતુ તેમ કરતાં તેઓ ધર્મની બાબતમાં ઇહસુખવાદી કે ચાર્વાકી થઈ ગયા. સુધારાનું ધોરણ શોધવા હિંદુસમાજનું તાત્ત્વિક સ્વરૂપ સમજવું જોઈએ. કુટુંબ એ જ આર્યસંસારનું મુખ્ય બંધારણ છે અને કુટુંબભાવનામાં અભેદભાવના કે સમષ્ટિભાવનાનું પ્રતિબિંબ પડે છે અથવા સમષ્ટિભાવનાનું સ્વાભાવિક પરિણામ આચારવ્યવહારના મર્યાદિત ક્ષેત્રમાં કુટુંબભાવના જ હોય. કુટુંબભાવનામાં વ્યકત થતી પ્રાચીન આર્યભાવનાનું પ્રયોજન એ હતું કે "એકતા, અભેદ, સમષ્ટિ, તેની ભાવના મનુષ્યની દૃષ્ટિ આગળ રાખવી, તેના હૃદયમાં રોપવી, અને તેને એ રીતે સમષ્ટિદૃષ્ટિએ કર્તવ્યપરાયણ કરવું. પાપ, પુણ્ય, સ્વર્ગ, નરકની યોજનાઓ, ધર્મ, કર્મ, યજ્ઞ, યાગ, ઇત્યાદિના વિસ્તારો, દ્વૈત અદ્વૈત આદિ ભાવનાપ્રધાન તત્ત્વવિવેચનો, તે સર્વનું તાત્પર્ય એટલું જ જણાય છે કે મનુષ્યને સ્વત્વ ભુલાવી સમગ્રત્વની દૃષ્ટિએ પહોંચાડવું, સ્વાર્થ અને સ્વજીવનમાં કૃતાર્થતા માનવાનું મુકાવી પરાર્થતા અને સર્વમય જીવનમાં કર્તવ્ય સમજતું કરવું"×

જનસમાજ અનેક વ્યક્તિઓનો સમુદાય નથી, પણ એક શરીર છે, અને એના અવયવરૂપે વ્યક્તિઓ છે. આથી પરસ્પર સંબંધોમાં હક એવી વસ્તુ જ નથી, માત્ર ફરજો જ

* "સુદર્શન ગદ્યાવલિ"—પૃ. ૩૫૭

× " " —પૃ. ૩૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ બીજ ઉપર સુધારાના સામાન્ય તત્ત્વનો આશ્રય છે. અને એ તત્ત્વને અનુસરી સ્ત્રીપુરુષનો સંબંધ અને સ્ત્રીકેળવણીના વિષયો મણિલાલ ચર્ચે છે, અને આ સિધ્ધાન્ત અનુસાર સુધારાની વિધવાવિવાહ સિવાયની સર્વ કલમો મણિલાલ સ્વીકારે છે.

ઘણા માણસોની જે પ્રકારે એકતા થાય અને તેથી આખા સમૂહની ઉત્તરોત્તર કાર્ય સાધવાની શક્તિ વધે એવાં જે સાધનો, સાહિત્યો, વિચારો ઇત્યાદિ હોય તે બધું મણિલાલને મતે સુધારો છે. "સુધારાનું તત્ત્વ હું એકતા, ઐક્ય, સંપ, એમાં સમજું છું, પણ તેમ સમજવા છતાં શરીરસંબંધોની એકતાને આજસુધી સુધારાને નામે ચલાવવાનો જે યત્ન થયો છે તેને કેવલ અમાન્ય ગણું છું, અને એ સુધારો ન ચાલી શકવાનું કારણ પણ કેવલ શરીરસંબંધોની એકતા કરવા યત્ન કર્યો તેને જ માનું છું. નાતો તોડી નાખવી, લગ્નની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું, મિશ્ર વ્યવહાર ચલાવવો, એ આદિ સુધારા કેવળ શરીરસંબંધના જ સુધારા છે. એ વાતો ન જ કરવી, કે થાય તોપણ અનિષ્ટ છે એવું હું કહેતો નથી, પણ સુધારો એથી જ થતો નથી, સુધારાનું એ ચિહ્ન પણ નથી. સુધારો તો મન અને મનનું ઐક્ય થાય, વિચાર અને વિચારનું ઐક્ય થાય, કર્તવ્ય અને કર્તવ્યનું ઐક્ય થાય, સર્વનું લક્ષ એકની એક ભાવના ઉપર રહે એવો વખત આવે, ત્યારે જ થાય છે એમ હું માનું છું."* સુધારા વિશે મણિલાલની આ વ્યાપક દૃષ્ટિ છે અને તેમાં ભળે છે મણિલાલનો આગ્રહ કે સ્ત્રી પુરુષનાં કર્તવ્ય જુદાજુદા પ્રકારનાં છે. સ્ત્રીની વૃત્તિ મૃદુ અને પ્રેમમય છે અને તેનો ધર્મ તેથી પોષવું પાલવું ને

* 'સુદર્શન ગદ્યાવલિ'—પૃ. ૩૭૦-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવવું છે. પુરુષનું શરીર સબળ અને મન બુધ્ધિયુકત તેથી તેનો ધર્મ પેદા કરવું, રક્ષણ કરવું, વગેરે છે. આ ઈશ્વરી વ્યવસ્થાને અનુસરીએ તો સ્ત્રીપુરુષ વચ્ચે સ્પર્ધાનો અંશ આવે જ નહિ. પ્રેમ એક અને અખંડ હોવો જોઇએ; અને લગ્નજીવનમાં સ્ત્રીપુરુષના અન્યોન્ય પ્રેમનું બન્ધન શારીરિક આકર્ષણ હોવા ઉપરાંત દૃઢ ભકિત, શુધ્ધ વ્યવહાર, સદાચાર, અને સધ્ધર્મનું જ સૂચક હોય. સધ્ધર્મ, સુવ્યવસ્થા, સર્વનો ઉત્કર્ષ એને જ નિયામક અને શોધક ધોરણ તરીકે રાખી મણિલાલ સ્ત્રીપુરુષસંબંધ, સ્ત્રીઓના હક, પુનર્લગ્ન આદિ પ્રશ્નો વિચારે છે. મણિલાલ જાણે છે કે સુધારકો તેમને પ્રાચીનપંથી ગણે છે ને રૂઢિપૂજકો તેમને અવગણે છે. આનન્દશંકરનું વલણ તો તેમને સુધારક ગણવા તરફ છે અને સમકાલીન ઊહાપોહ અને રાગદ્વેષ બાજુએ રાખી જોઇએ તો તેવી ગણના યોગ્ય જ લાગશે. પુનર્લગ્નનો વિરોધ તેમનો જાણીતો છે પણ તેને જ એક ઉદાહરણ તરીકે લઇ આપણે જોઈ શકીશું કે મણિલાલ તત્ત્વગામી ભૂમિકા બાંધી વ્યવહાર માટે પુનર્લગ્નને નિષિધ્ધ ગણે છે, અને છતાં વિકટ પરિસ્થિતિમાં તેને ક્ષન્તવ્ય માને છે.

"જગતમાં પરંપરાથી એવો જ વ્યવહાર ચાલેલો છે કે ધર્મનીતિના સદ્બોધનું સ્વરૂપ એક તરફથી કઠિન અને કષ્ટકર્તા પણ શુભફલદાયક માર્ગ ચોજે છે, અને બીજી તરફથી દયા ઉપજાવે એવા કષ્ટની સંકડામણમાં આવેલાં મનુષ્ય તેમાંથી તાત્કાલિક છુટકારો થવા માટે મુક્ત થવાનો પ્રયત્ન કરે છે. પણ સિધ્ધ વાત તો એ જ છે, કે જે ઉચ્ચ સ્વરૂપ ધર્મબુદ્ધિ આપણને બતાવે છે તે જ ખરો માર્ગ છે; અને તે વડે જ કોઈ સારી પ્રજા પોતાનું સારાપણું પ્રાપ્ત કરી શકે છે."*

* 'સુદર્શન ગદ્યાવલિ'—પૃ. ૩૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લગ્નથી જ સ્ત્રીપુરુષ આખું મનુષ્ય બની રહે છે અને લગ્નને દૃઢ કરનારી ગાંઠ પ્રેમની જ છે. આવાં પ્રેમગ્રંથીથી બંધાતાં લગ્ન માટે" વય સમજશક્તિ ખૂબ તેટલું મોટું જોઈએ, જ્ઞાન એટલે કેળવણી હાલ અપાય છે તે કરતાં સ્ત્રીઓ પરત્વે તો તદ્દન જુદી જ જોઈએ, અને તે પછી માબાપ કે જે વડીલ હોય તેની યોગ્ય આજ્ઞાનુસાર ઇચ્છાની અનુકૂળતાએ લગ્ન થયેલું હોવું જોઈએ.

"લગ્ન વિષેનું આ સર્વ પ્રજાએ માન્ય કરેલું સ્વરૂપ, અને આર્યધર્મે તો વિશેષ પ્રતિપાદિત કરેલું, સર્વ સંસારને નિયમમાં રાખનારું, એ જ ધોરણ અમને માન્ય છે. અને એવું સ્વરૂપ અમને માન્ય હોવાથી પુનર્લગ્નનો એટલે ફરીથી પરણવાના આચારનો* અમને અનાદર છે. પણ અમારા મિત્રો કહે છે કે તમે બતાવો છો તેવાં લગ્ન થતાં નથી, આપણા રિવાજ બગડી ગયા છે, કેળવણી મળતી નથી, બાળલગ્ન ચાલુ છે ને ઇચ્છાનું તો નામ પણ કોઈ સમજતું નથી, ત્યારે એ સમગ્ર દુષ્ટાચારનાં દુષ્ટ પરિણામનું નિવારણ કેમ કરવું? બાળાઓ જેમણે હજુ લગ્નનો અર્થ પણ સાંભળ્યો નથી કે વિચાર્યો નથી તેમને દુર્દૈવથી પ્રાપ્ત થતા વૈધવ્યને લીધે નીપજતાં પરિણામનો ભોગ થઈ વિના અપરાધે મરણ-પર્યંત દુઃખને જ હવાલે કરવી? विषस्य विषमौषधम् થવા દો; આવાં દુઃખને માટે પુનર્લગ્ન પણ થવા દો, આમ કહેનારા પારકી દાઝ જાણનારા દયાશીલ જનસમૂહને અમે સર્વાંશે અનુમોદન આપીએ છીએ; પણ એટલું જ કે અમારો ખરો માર્ગ તો કહ્યું તેમ લગ્ન કરી વૈધવ્યધર્મ પાળવો તે જ, અને અમારી દુર્વૃત્તિને લીધે, અમારી નિર્બળતાને લીધે, લેવો

* પુરુષના પુનર્લગ્નનો પણ મણિલાલને અનાદર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલો પણ ક્ષમા કરવા યોગ્ય અને સર્વેએ સહન કરવા યોગ્ય રસ્તો પુનર્લગ્ન."×

માસ્તર સાહેબ (છોટાલાલ જીવનલાલ)

વસ્તુગતિથી જેમ પ્રાર્થનાસમાજી શ્રદ્ધામાંથી ખ્રિસ્તીધર્મ-સ્વીકારનું પરિણામ આવે અને એક મહાન ગુજરાતી ખ્રિસ્તી થાય, તેમ પ્રતિભાવી વસ્તુગતિથી, પ્રાર્થનાસમાજી વલણના-મૂર્તિપૂજા, ગુરુ ને વેદના વિરોધના-પ્રતિભાવી સંચલનમાંથી વૃધ્ધમાન્ય ઉપાસના ને અનુષ્ઠાન, જપ હોમ આદિ, મૂર્તિપૂજા, અને ગુરુભક્તિરૂપ પરિણામ પણ ગુજરાતી ધાર્મિક જીવનમાં જોઈ શકાય છે. નાના સંતને મોટા સંત સાથે સરખાવીએ અને નાના શંકાવાદીને મોટા શંકાવાદી સાથે સરખાવીએ તો વડોદરામાં શ્રીમન્નૃસિંહાચાર્ય, રામકૃષ્ણની માફક, તેમનાં પ્રવચનના શ્રોતાઓ, જેમાં ઘણા કેળવાંયલા હતા, તેમની ધર્મવિષયક અભિરુચિ વધારતા હતા અને ઈશ્વરમાં શ્રધ્ધા દૃઢ કરતા હતા; અને છોટાલાલ જીવનલાલ—માસ્તર સાહેબ-જેવા છોટા વિવેકાનન્દોને પ્રાર્થનાસમાજી વિચારસરણીમાંથી ઉપાડી નવીન ઢબના પણ વસ્તુતાએ પરંપરાગત પથમાં મૂકી આપ્યા. પ્રાર્થનાસમાજ અને શ્રેયસ્સાધક વર્ગ ગુજરાતી જીવનવિકાસમાં શ્રેયસ્કર ફાળો આપી જઈ આજે નામશેષ જેવાં બાહ્યાકારે હયાત છે તે વાત સર્વ જીવંત વિચારઆંદોલ-નોનો જીવનક્રમ સૂચવે છે અને કાંઇક નિસાસો નખાવે છે.

શ્રેયસ્સાધક વર્ગના અગ્રેસર ચિન્તક, સુન્દર લેખક અને રમણલાલ દેસાઈ જેવા ઉપર ઊંડી અસર કરનાર 'યોગિનીકુમાર'ની નવલકથા લખનાર છોટાલાલ જીવનલાલ મણિલાલના સમકાલીન હતા. મણિલાલના

× "સુદર્શન ગદ્યાવલિ"—પૃ. ૩૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા વિદ્વાન કે વિચારક નહિ પણ અમુક વ્યક્તિઓના જીવન ઉપર ખૂબ ઊંડી છાપ પાડનાર પ્રત્યક્ષ ગુરુ, શ્રી ઉપેન્દ્રના પણ ખરું જોતાં ગુરુ હતા. 'સુદર્શન' પેઠે 'મહાકાલ' પણ એક વખત ઘણું વંચાતું. તેમાં આવતી થોડીક વાતો અને માન્યતાઓ કેવળ આત્મવંચના કે પ્રતારણા, અંધશ્રદ્ધા અને વહેમની કોટીમાં જ મૂકી શકાય, તથાપિ એકંદરે માસ્તર સાહેબની પ્રવૃત્તિ ને ચિન્તન શુદ્ધ બ્રાહ્મણધર્મના પુનરુદ્ધારને પક્ષે હતાં. જીવનનો દ્રોહ કર્યા વગર, પ્રવાહપ્રાપ્ત વ્યવહારકર્તવ્યો તજ્યા વિના, વૃત્તિઓને રોકવા સારુ હઠપ્રયોગો કર્યા વિના, શમ પ્રાપ્ત કરવો; આન્તર જીવન સુધારવું; સ્વરૂપાનુસંધાન કરવું; બલકે ઉલ્લાસપૂર્વક ધાર્મિક થવું; એ એ પથનો ઉદ્દેશ તેમની પ્રવૃત્તિથી ઠીકઠીક સધાતો હતો.

છોટાલાલે એક વિદ્યાર્થીમિત્રોની "ગુર્જરોદ્ધારક' સમાજ સ્થાપેલી. તેમાં તેઓ સંસારસુધારો, દેશોધ્ધાર, સ્ત્રીકેળવણી વગેરે વિષયો ઉપર વ્યાખ્યાન આપતા. એ બધામાં સૂત્રરૂપ ભાવ આ હતો કે આત્મજીવનસુધારણા વિના એમાંનું કશું સિદ્ધ થતું નથી. આ કાલમાં તે અમૂર્ત ઈશ્વરતત્ત્વને સ્વીકારતા, પ્રાર્થનાસમાજમાં જતા અને ઈશ્વરપ્રાર્થનાની અગત્ય સર્વ સુધારણામાં માનતા * વડોદરે નોકરીના વ્યવસાયમાં થિયોસોફિકલ સંસ્થામાં જતા અને તેનું સાહિત્ય વાંચી વિચાર ફેરવ્યા. ગુરુની જરૂર જણાઈ અને 'મહેશ્વરસ્વરૂપ' નૃસિંહાચાર્ય સદ્‌ગુરુ પણ મળી ગયા. થિયોસોફીની અસરથી મણિલાલ જેમ પ્રાણ-

* 'શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ' (પ્રથમ આવિષ્કાર) : શ્રીમતી જયંતીદેવીલિખિત 'વિશ્વવંદ્યચરિતદર્શન–પૃ.' ૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનિમયમાં રસ લેતા થયા હતા તેમ છોટાલાલ પણ લેતા અને પ્રયોગ કરી જોતા. મણિલાલને પ્રતીતિ થઈ કે એ પ્રવૃત્તિ મુમુક્ષુ માટે આવશ્યક નથી અને કદાપિ અહિતકર પણ નીવડે. 'માસ્તર સાહેબ'ને નૃસિંહાચાર્યે કહ્યું, 'આવા પ્રયોગો આપણા સંચિત બળનો ક્ષય કરે છે, ત્યારે યોગશક્તિ બળમાં વૃદ્ધિ કરે છે', ને તેમણે એ પ્રયોગો કરવા છોડી દીધા. સદ્‌ગુરુશરણ, પ્રાણાયામ પ્રત્યાહાર વગેરે ક્રિયાઓ વડે ચિત્તશુદ્ધિ, ફલાભિસન્ધિ વિના કર્તવ્યપાલન અને એ બધા દ્વારા સ્વરૂપોદયનો પ્રયત્ન, આ બધાં તત્ત્વોનો નૃસિંહાચાર્યના વેદાન્તસિધ્ધાન્તમાં સમાવેશ થતો હતો. એ બધાનું છોટાલાલે પ્રસન્ન વાણીમાં વિવરણ યા પ્રતિપાદન કર્યું છે.* સદ્‌વૃત્તિ, સદ્‌વિચાર અને સદાચારની વૃદ્ધિ એ છોટાલાલના ઉપદેશનું તાત્પર્ય હતું. એમની વિચારણા તત્ત્વશોધક

---

* શ્રી. ઉપેન્દ્રાચાર્યનાં ધર્મપત્ની જયંતીદેવીના એક કાવ્યમાં છોટાલાલના સિદ્ધાન્તનો સંક્ષેપ છે :

"સાચા સિદ્ધાન્તને વિચારું, હું વિશ્વવંદ્યતા,
સમજી આચારે એ ઉતારું,
એ મુક્તિબારું.
જડ ને અસત્યની તો કલ્પના નિવારું,
સર્વત્ર બ્રહ્મ એવા ભાવને જ પ્રસારું,
હું આત્મબલેથી કદી કશાથી ન હારું,
સામર્થ્ય વધારું.
આત્માના બલથી શમતું સર્વકાંઈ નઠારું,
સમજી એ બહિરંતરથી કિલષ્ટને વિદારું,
ગુરુપ્રબોધથી મુજ જીવનને ઉદ્ધારું,
કરી સારું સારું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં સુબોધક પ્રબોધક અને પથદર્શક કિંવા નીતિ-વિષયક હતી. તેનું તત્ત્વવિષયક મધ્યાહ્નબન્દુ નીચેના અવ-તરણથી સ્પષ્ટ થશે, સાથે સુસંસ્કૃત છતાં લોકગમ્ય, સુયોગ્ય દૃષ્ટાન્તથી રોચક, લલિત, ગંભીર ને પરિપકવ, પ્રત્યક્ષ ઉદ્બોધક શૈલીનો પરિચય થશે.

'જેમ કૂવામાં ઘડો નાખ્યા વિના તેમાંથી જળ આવવાનો સંભવ આવતો નથી, એમ આપણા પૂર્ણ સ્વરૂપમાં વૃત્તિને વારંવાર જોડીને તેની પૂર્ણતાને આપણા અંતર્બાહ્ય પ્રકટ રાખવાનો પ્રયત્ન સેવ્યા વિના પૂર્ણ થવાનો સંભવ આવતો નથી. ઘડાને કૂવામાં નાંખી તેને જળમાં ડુબાડે તો જ તેમાં જળ આવે છે, પણ તેને પાણી ઉપર હલાવ્યા કરે, અથવા તેને કૂવામાં નાખે જ નહિ તો તેમાં જળ ભરાતું નથી, તેમ આપણા પૂર્ણ સ્વરૂપમાં આપણા અહં-અભિમાનને ડુબાડયા વિના, તેમાં તન્મય થયા વિના, તદ્રૂપ જ આપણે છીએ એવો અભ્યાસ સેવ્યા વિના, ઉપર ઉપરથી સ્વરૂપની વાતો કરવાથી, સ્વરૂપાકાર થવાતું નથી. જીવતત્ત્વના કાંઠા ઉપરથી સ્વરૂપામૃતના કૂપમાં પડયા વિના સ્વરૂપામૃતનો સ્વાદ શી રીતે આવે? પરંતુ અસંખ્ય મનુષ્યો, આ જીવત્વના કાંઠા ઉપર ઊભા રહી, સ્વરૂપામૃતના કૂપમાં માત્ર દૃષ્ટિ નાંખી, સ્વરૂપામૃતનું પાન કરવા ઈચ્છે છે. તેઓ પોતાના જીવત્વનું એક ક્ષણવાર વિસ્મરણ કરતા નથી.

પોતાના એક કાવ્યમાં છોટાલાલ કહે છેઃ

"કરુણા, મુદિતા, મૈત્રી, ઉપેક્ષા, વ્યવહારે નિત્ય ધારી,
સાધીશ પ્રાપ્ત થતાં કર્તવ્યો અન્તર રહી અવિકારી,
ત્યજી ફલઆસક્તિ, નિત્ય વધારવાનો વિરક્તિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પોતાને નિરંતર દોષવાળા તથા અપૂર્ણ જોયા કરે છે. તૃષાથી અત્યંત પીડાયેલા તેઓ કૂપમાં દૃષ્ટિ નાંખે છે, પરંતુ તેમાં ચાહોમ કરી ઝંપલાવતા નથી. પોતાના પૂર્ણ સ્વરૂપને, પોતાના બ્રહ્મરૂપને અધિકાર વિના જોવું, અધિકાર વિના તેમાં અભિન્ન થવા પ્રયત્ન સેવવો, એને તેઓ પાપ માને છે. એમ કરવાથી તેઓ છે તે સ્થિતિમાંથી પણ અધમ સ્થિતિમાં આવશે, એવી ભીતિ ધરે છે. 'હું પૂર્ણ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છું', એમ બોલતાં અને માનતાં તેમનું સર્વાંગ ભયથી ધ્રૂજે છે. આમ બોલવાથી, અને આવી ભાવના કરવાથી ઈશ્વરનો મહા અપરાધ થતો હોય એમ તેઓ લેખે છે.

કોઈ મહાનૃપતિના બાળકને દુષ્ટ લોકો વનમાં પકડી જઈ ચોરના બાળક ભેગો ઉછેરી ચોર બનાવે, અને પછી કેટલાક કાળે ચોર થયેલો તે બાળક, કોઈ દયાળુ મહાત્માના ઉપદેશથી પોતાના નૃપતિપણાના જ્ઞાનને પામી પોતાના નૃપતિપણાનું સ્મરણ કરે, અથવા હું નૃપતિ છું એમ બોલે, તો શું તેના પિતા નૃપતિનો તેણે મહા અપરાધ કર્યો, એમ લેખાશે? અને દુષ્ટ લોકોના ભેગો રહેતાં છતાં પણ, શરીરે લુટારાનાં વસ્ત્ર ધારણ કરવા છતાં પણ અને નૃપતિના ઐશ્વર્યનો અંશ પણ પ્રાપ્ત ન છતાં પણ નિરંતર પોતાના મૂળસ્વરૂપનું ચિંતન કરી 'હું નૃપતિ છું' એમ વદ્યા કરે તો તે વાત જાણી તેનો પિતા શું તેને શિક્ષા કરશે? જ્યારે મનુષ્યનાં લક્ષણવાળા નૃપતિ પણ પોતાના બાળકને આવા વ્યવહારથી શિક્ષા કરતા નથી, પણ ઊલટા પ્રસન્ન થઈ, તેને આ પ્રકારના ચિંતનથી લાગ આવ્યે દુષ્ટોમાંથી ભાગી આવવાના સંભવને સ્વીકારે છે, તો પરમકૃપાળુ ઈશ્વર પોતાના અંશભૂત અને સ્વરૂપભૂત મનુષ્યને જીવત્વમાં રહ્યા છતાં પણ પોતાના શુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપનું ચિંતન કરતો જોઈ શિક્ષાપાત્ર ગણે એ કેવળ અસંભવિત છે. વસ્તુતઃ 'હું જીવ છું, હું અપૂર્ણ છું, હું દોષવાળો છું, એમ વદવું, અને તે તે દોષોમાં પોતાનો ઓતપ્રોત અનુભવ કરવો, એ ઈશ્વરનો મોટામાં મોટો અપરાધ છે, અને 'હુ બ્રહ્મ છું, હું પૂર્ણ છું, હું પુણ્યસ્વરૂપ છું, હું નિર્દોષ નિર્વિકાર છું' એમ વદવું, અને બ્રહ્મત્વનાં તે તે લક્ષણોમાં પોતાનો ઓતપ્રોત અનુભવ કરવો, એ ઈશ્વરની મોટામાં મોટી સ્તુતિ છે. अहं ब्रह्मास्मि એ વેદના મહાવાકયના અર્થમાં તન્મય થઈ જવું, એથી ઈશ્વરની મોટામાં મોટી સ્તુતિ કોઈ છે જ નહિ

જ્યારે મનુષ્ય પોતાના પૂર્ણ સ્વરૂપની વારંવાર ભાવના કરે છે, અને તેમાં તન્મય થવાનો પ્રયત્ન સેવે છે, ત્યારે તે ક્રમે ક્રમે પોતાના પૂર્ણપણાનો અનુભવ કરે છે. પોતાના અપૂર્ણપણાને વારંવાર જોવું, અને તેનું જ ચિંતન કર્યા કરવું, એ જીવત્વના સંસ્કારને દૃઢ કરવાનું સાધન છે; અને જીવત્વનો પોતાને અનુભવ થવા છતાં પણ તે અનુભવની ઉપેક્ષા કરી પોતાના પૂર્ણપણાનું જ વારંવાર ચિંતન કરવું, અને તેનું ભાન હૃદયમાં નિરંતર જાગ્રત રાખવાનો પ્રયત્ન સેવવો, એ પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત થવાનું સાધન છે. સાધનની અવસ્થા જ દર્શાવે છે કે સાધકને સાધ્ય વસ્તુની પ્રાપ્તિ થઈ નથી. સાધ્ય વસ્તુની પ્રાપ્તિ થયા પછી સાધન કરવું રહેતું નથી. સાધ્ય વસ્તુની અપ્રાપ્તિ હોય છે, ત્યાં સુધી જ સાધન કરવાનું હોય છે. અને આમ હોવાથી જીવત્વ ધર્મનું પોતાનામાં ભાન કરનાર અભિમાનીને જ પોતાના પૂર્ણત્વની ભાવના કરવાની હોય છે. જીવધર્મને ઓળંગનારને 'હું પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છું' એમ બોલવાનું રહેતું જ નથી. આથી જીવત્વ ધર્મવાળા સર્વને પોતાના જીવધર્મની ઉપેક્ષા કરવાનો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ સ્વરૂપનું ચિંતન કરવાનો પૂર્ણ અધિકાર છે. પૂર્ણ સ્વરૂપની ભાવના કરવાનો અનધિકાર કોઇને છે એમ નથી.' *

નથુરામ શર્મા (૧૮૫૮-૧૯૩૧)

નૃસિંહાચાર્ય ગદ્યકાર નહોતા તેમ નથુરામ શર્મા પણ, વધારે વિદ્વાન છતાં, 'રસલક્ષી કે સૌન્દર્યલક્ષી ગદ્યકાર નહોતા. પરંતુ નૃસિંહાચાર્યના જેવી જ અસર અમુક વર્ગ ઉપર તેમના ઉપદેશની થઈ હતી. બ્રાહ્મણોમાંનો સાધારણ ભણેલો વર્ગ નથુરામ શર્મા તરફ કાઠિયાવાડ તેમ ગુજરાતમાં ખૂબ આકર્ષાયો હતો. શાંકર વેદાંત અને બ્રાહ્મણોના નિત્યકર્મનો સુમેળ કરવાનો તેમના ઉપદેશમાં સારો પ્રયત્ન હતો. નીચેની કંડિકાઓ તેમની વિચારસરણિની ઠીકઠીક નિદર્શક છે.

'આ લોકના સુખનાં સાધનોની ને સ્વર્ગનાં સુખોનાં સાધનોની ઇચ્છાનો પરિત્યાગ કરી પોતાનું કર્તવ્ય સમજી શુભ કર્મો કરવાં, દુઃખી ને દીન માણસોની નિરભિમાનપણે પ્રીતિપૂર્વક સેવા કરવી, યથાવિધિ સંધ્યા કરવી, ઇષ્ટ મંત્રનો યથાવિધિ જપ કરવો, પવિત્ર અગ્નિમાં યથાવિધિ હોમ કરવો. અર્થના જ્ઞાનસહિત બ્રહ્મસ્વરૂપનું ને તેની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોનું શુદ્ધોચ્ચારથી એકાગ્રમને વાચન કરવું, સગુણ બ્રહ્મની કોઈપણ પ્રતિમાનું પ્રીતિપૂર્વક એકાગ્રમને પૂજન કરવું, યથાવિધિ વૈશ્વદેવ કરવો, પોતાને ઘેર આવેલા અતિથિનો પ્રીતિપૂર્વક યથાયોગ્ય સત્કાર કરવો, શરીરને તથા ઇંદ્રિયોને વશ રાખી શાસ્ત્રમાં કહેલાં વ્રતો મનની પ્રસન્નતાપૂર્વક ભાવ વડે કરવાં, શાસ્ત્રમાં કહેલી રીતે શાસ્ત્રમાં કહેલા પવિત્ર પ્રદેશમાં વા વનમાં જઈ ત્યાં

* છોટાલાલ જીવનલાલ : " વિચારરત્નરાશિ. " પૃ. ૩૨-૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપન કરેલી સગુણ બ્રહ્મની પ્રતિમાઓનાં પ્રેમપૂર્વક દર્શન કરવાં, શાસ્ત્રમાં કહેલી પવિત્ર નદીઓમાં શ્રદ્ધાપૂર્વક યથા-વિધિ સ્નાન કરવું, અંતઃકરણની પવિત્રતા વધારનારી ને અંત કરણમાં પરમાર્થના સાધનોનું અનુષ્ઠાન કરવાનો ઉત્સાહ વધારનારી કથાનું શ્રવણ કરવું, અંતઃકરણની શુદ્ધિમાં ને શાંતિમાં વધારો કરનારાં ભજનો ગાવાં, સદ્‌ગુરુને બ્રહ્મવેત્તા પુરુષોને અને સગુણ બ્રહ્મની પ્રતિમાઓને ભાવપૂર્વક પ્રણામ કરવા, મન વાણી ને શરીરથી કોઈપણ જંગમ પ્રાણીઓને પીડા ન કરવી, કોઇનું અહિત ન થાય એવું સ્પષ્ટ સત્ય બોલવું, કોઈની કોઈ પણ વસ્તુ ચોરવી નહિ, મન વાણી ને શરીર વડે પરદારાનો ત્યાગ રાખવો, વિહિત માર્ગે પ્રાપ્ત કરેલા દ્રવ્યમાંથી યોગ્ય ભાગ સુપાત્રોને ને દીન-જનોને આપવો, શરીરાદિને પવિત્ર રાખવાં, યોગ્ય ઉદ્યોગ કરતાં જે અન્નાદિ પ્રાપ્ત થાય તેમાં સંતોષ રાખવો, ઇંદ્રિયોને તથા અંતઃકરણને નઠારે માર્ગે જતાં રોકી સારા માર્ગમાં જોડવાં, મન વાણી ને શરીર વડે થતાં સર્વે કર્મો પરમાત્માને અર્પણ કરવાં, પદ્માદિ આસનનો અભ્યાસ કરવો, ત્રાટક કરવું, અને ઉજ્જયી, અનુલોમવિલોમ વા ભસ્ત્રિકા પ્રાણાયામ કરવા. એ સર્વ ક્રિયાઓ તે ક્રિયા કરનાર મનુષ્યના અંતઃકરણની શુદ્ધિ કરે છે, અને અંતઃકરણની શુદ્ધિ બ્રહ્મરસાયનનું સેવન કરવા ઇચ્છનાર મનુષ્યને ઉપયોગી છે માટે ઉપર કહેલી સર્વ શુભ ક્રિયાઓ અથવા તેમાંથી પોતાનાથી જેટલી બની શકે તેટલી શુભ ક્રિયાઓ સંસારસંબંધી ફલેચ્છાઓનો તથા કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરીને બ્રહ્મરસાયનનું સેવન કરવા ઇચ્છનાર મનુષ્યે કરવા યોગ્ય છે.

સગુણબ્રહ્મનું ધ્યાન કરવું એ અંતઃકરણની એકાગ્રતાનું સાધન છે, અને અંતઃકરણની એકાગ્રતા અંતઃકરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મરસાયનનું સેવન કરવાની યોગ્યતા લાવનાર છે, માટે જેઓ બ્રહ્મરસાયનનું સેવન કરવા ઇચ્છતા હોય તેમણે સગુણબ્રહ્મનું ધ્યાન પણ અવશ્ય કરવા યોગ્ય છે.

નિર્દોષ ને નિરવધિ આનંદરૂપ બ્રહ્મરસાયન સર્વવ્યાપક છે. કોઈપણ પ્રાણીને, કોઈપણ નિમિત્તથી, કોઈપણ સમયમાં જે આનંદનો અનુભવ થાય છે તે આનંદ બ્રહ્મરસાયનનું જાણે કે અજાણે સેવન કરવાથી થાય છે.'

× × ×

'જ્યારે શુદ્ધ બ્રહ્મરસાયન માયાની સાથે મિશ્ર થયેલાના જેવું જણાય છે ત્યારે તે બ્રહ્મરસાયન ઉતમ પ્રકારનું ગણાય છે. આ બ્રહ્મરસાયનમાં મલિન સામગ્રી મળેલી નથી પણ ઘણે અંશે શુદ્ધ સામગ્રી મળેલી છે તેથી આ બ્રહ્મરસાયન લગભગ શુદ્ધ બ્રહ્મરસાયનના જેવું પ્રતીત થાય છે. શ્રી મહેશ્વરના, શ્રી વિષ્ણુના કે સગુણ બ્રહ્મના અન્ય કોઈપણ સ્વરૂપના ને શ્રોત્રિય તથા બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના શ્રદ્ધાભક્તિયુક્ત ધ્યાન વડે તે ધ્યાન કરનારના અંતઃકરણને જે આનંદનો અનુભવ થાય છે તે માયાની-શુદ્ધ સત્ત્વગુણની-સાથે મળેલા બ્રહ્મરસાયનનો અનુભવ જાણવો. આ બ્રહ્મરસાયનનું સેવન કરનારે આ શુદ્ધ બ્રહ્મરસાયન છે, ને આનાથી ભિન્ન બીજું કોઈ શ્રેષ્ઠ ને શુદ્ધ બ્રહ્મરસાયન નથી એવો દુરાગ્રહ ન સેવવો. દુરાગ્રહનો ને અભિમાનનો ત્યાગ કરી, પરમ શ્રદ્ધા ને પરમ પ્રીતિથી જો આ ઉત્તમ પ્રકારના મિશ્ર બ્રહ્મરસાયનનું સેવન કરવામાં આવે તો આ મિશ્રબ્રહ્મરસાયન પોતાના ઇષ્ટ દેવની કૃપાથી વા પોતાના મહા પુણ્યથી માયા દૂર થઈ શુદ્ધબ્રહ્મરસાયનરૂપ પણ થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચ્ચિદાનંદાદિ સ્વરૂપવાળું બ્રહ્મ વા શુદ્ધ બ્રહ્મરસાયન સર્વોત્તમ પ્રકારનું ગણાય છે. તેનું અભેદભાવે સેવન કરતાં તે સેવન કરનાર મનુષ્યના અંતઃકરણમાં રહેલા અજ્ઞાનનો ને અજ્ઞાનથી ઊપજનારા સર્વ વિકારોનો નિઃશેષ બાધ થઈ જાય છે. આવી સ્થિતિને પામેલા પુરુષ કૃતાર્થ થયેલા ગણાય છે; કેમકે તેમને સ્થિતિની પ્રાપ્તિ થયા પછી કાંઈ પણ કર્તવ્ય બાકી રહેતું નથી.' *

* 'ગુજરાતી'નો દિવાળીનો અંક (સં. ૨૦૦૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન પાંચમું

આનન્દશંકર

પંડિતયુગના ઉત્તમોત્તમ ગ્રંથકાર ને કલાકાર તો ગોવર્ધનરામ. પણ ગોવર્ધનરામની વિચારણા મુખ્યત્વે સર્જનાત્મક સાહિત્યરૂપે અવતરી છે. સંસ્કૃતિના સંરક્ષણમાં તે વિશેષ ફલદાયી નીવડી કેમકે માત્ર પ્રાચીન જ નહિ, ઇતિહાસ્ત હિંદુ સંસારને પણ તેમણે પ્રેમથી નીરખ્યો અને તેમાંના સૌન્દર્યથી ગુજરાતને મુગ્ધ કરી દીધો. મણિલાલે પક્ષવાદ કર્યો. ગોવર્ધનરામે સબળ પક્ષપાત-પ્રેમભર્યો પક્ષપાત-વાચકને રમણીયતાના વાતાવરણમાં મૂકીને પ્રેર્યો. ગોવર્ધનરામ અને મણિલાલના દેશહિતચિન્તક તરીકે સમાન હેતુ હોવા છતાં તેમનાં વિચારવાહન એટલાં ભિન્ન છે કે ગોવર્ધનરામનું સ્થાન ઇલાયદું અને અનન્યસાધારણ રાખવું પડે. આથી આનન્દશંકરને જ મણિલાલના ઉત્તરાધિકારી ગણી તેમની વિચારણાનો તોલ કરીએ.

ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર થતાં મણિલાલ સાથે આનન્દશંકરને ૧૮૯૦ના અરસામાં સંબંધ થયો તે મણિલાલના મરણ પર્યન્ત ચાલુ રહ્યો. ૧૮૯૦માં આનન્દશંકરનો તત્ત્વજ્ઞાનવિષયક કશો નિર્ણય નહોતો, પરંતુ કાંઈક જિજ્ઞાસાથી થિયોસૉફી તરફ દોરાયા હતા. "પરંતુ તે પણ એ મંડળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન આર્યશાસ્ત્રોનું અધ્યયન અને અન્વેષણ કરે છે એમ સમજીને જ. બાકી એના અદ્ભુત ચમત્કાર (mesmerism વગેરેના) એમાં મને રસ ન હતો." "સિદ્ધાન્તસાર" ૧૮૮૯માં પ્રસિદ્ધ થયો ત્યારે એ ગ્રંથનો મોટો ભાગ એકી બેઠકે તે વાંચી ગયા અને ગ્રંથકર્તા માટે ઘણો આદર ઊપજ્યો. 'સુદર્શન'ને 'પ્રિયંવદા'ના અંકો આનન્દશંકરે મંગાવ્યા ત્યારે મણિલાલે ભેટ તરીકે મોકલ્યા, સાથે એમ જણાવીને કે "તમે પ્રીવિયસની પરીક્ષામાં હતા ત્યારથી હું તમને ઓળખું છું." મુરબ્બીનાં આ મમતાનાં વચને આનન્દશંકરને જીતી લીધા.[૧]

આ પછી જ શંકરાચાર્યના કેવલાદ્વૈતમાં આનંદશંકરને નિશ્ચય થયો. પણ "સુદર્શન" અને "વસન્ત"માં નામફેર હતો તે મણિલાલ અને આનંદશંકરના ભેદનો સૂચક હતો. આનંદશંકર મણિલાલના અધ્યાત્મવિદ્યામાં ઉત્તરાધિકારી હતા પણ શિષ્ય નહોતા. આનંદશંકર શાંકર વેદાન્તી હોવા ઉપરાંત શુદ્ધ કેળવણીકાર હતા. મણિલાલ કેવલાદ્વૈતના આચાર્ય-મિશનરી-હતા. "આ પત્રનો (वसन्त નો) પ્રધાન ઉદ્દેશ તન્ત્રીના તે તે વિષયના વિચાર વાચકજન પાસે સ્વીકારાવવાનો નથી, પણ વાચકજન... સ્વતંત્ર રીતે વિચાર કરવા લાગે એટલી જ પ્રેરણા કરવાનો છે."[૨] સુધારાના કે તત્ત્વદર્શનના અમુક સિદ્ધાન્તને બદલે જીવનને વિશાળ ક્ષેત્રમાં વગર પ્રણાલિકાએ વહેવા દેવું"[૨] એ वसन्तનો ઉદ્દેશ હતો. મણિલાલ અને આનન્દશંકરની દૃષ્ટિનો, વિચારપદ્ધતિના, તાત્ત્વિક ભેદ આનન્દશંકરે પોતે જણાવ્યો છે, અને તેમાં અખિલ ભાર-

---

૧ આનંદશંકર: "દિગ્દર્શન" પૃ. ૪૬૮

૨ ,, ,, પૃ, ૪૫૮, ૪૬૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીય સંસ્કૃતિના પૂજક તથા સાચા કેળવણીકારનાં દર્શન થાય છે. "હું મણિલાલની માફક પ્રાચીન આર્યભાવનાનો પૂજક હતો, પણ એમની માફક હું એ ભાવનાનો "missionary" યાને આચાર્ય ન હતો. મણિલાલને એ ભાવના એક સાદા રૂપમાં–અદ્વૈત સિદ્ધાન્તના રૂપમાં–દેખાતી હતી, મને એ સંકુલ અને અનેકરંગી તન્તુઓની બનેલી પ્રતીત થતી હતી. મારે મન અદ્વૈત સિદ્ધાન્ત એ પરમ સિદ્ધાન્ત હોવા છતાં, અન્ય સિદ્ધાંત પણ આર્યભાવનાના જ હતા, અને એની સાથે રાખીને જ વિચારવાના હતા, એમાં લય પમાડવાના કે મિથ્યા લેખી ઉવેખવાના ન હતા. આ કારણથી "સુદર્શન"ના વાચકોને અદ્વૈતના પ્રતિપાદનમાં અને ઇતર સિદ્ધાન્તોના ખંડનમાં મ્હારી કલમ મોળી લાગવા માંડી, અને ગાદી ઉપર ચેલાને બદલે એક સ્વતંત્ર લેખક જોઈ એમને અસંતોષ પણ થયો."[૩] ખુદ અદ્વૈત સિદ્ધાન્તના વિવરણમાં ને વિનિયોગમાં મણિલાલની મર્યાદાઓ આનંદશંકરે બતાવી ને ઓળંગી તે આપણે આગળ જોઈશું. ઉપરાંત, ગૃહ, કેળવણી, સુધારો, અર્થકારણ, રાજકારણ, સાહિત્ય, નીતિ, ધર્મ એ સર્વ વિષયને સ્પર્શતી આલોચતી આનન્દશંકરની કલમ "વસન્ત" શબ્દની સાર્થકતા સ્થાપતી ઉદાર અને સ્વતંત્ર આજીવન રહી.

છતાં ગોવર્ધનરામ અને મણિલાલની જેમ આનંદશંકરના વિચારતંત્રનો પ્રધાન સૂર હતો આર્યભાવનાની પૂજા; અને એ સૂર તત્ત્વવિચારમાં તેમ સમાજવિચારમાં પણ જણાય છે. વર્તમાન યુગની–પ્રથમ જગતયુધ્ધ પહેલાંના યુગની–ઐહિકતા અને વ્યક્તિદૃષ્ટિ જણાવી, બંનેની સારાસારતા તે જણાવે છે. જનહિતવાદને નામે પાછલે દ્વારથી વ્યક્તિદૃષ્ટિ જ

---

૩. આનન્દશંકર : "દિગ્દર્શન"–પૃ. ૪૬૯, ૪૭૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસી જાય છે તે બતાવે છે. 'જનહિતવાદ સ્વીકાર્યો એટલે વ્યક્તિદૃષ્ટિ મરી ગઈ એમ પણ ધારવું નહિ; જનહિત શેમાં રહેલું છે એનો નિર્ણય દરેક વ્યક્તિએ પોતપોતાના હાથમાં જ રાખ્યો એટલે વ્યક્તિવાદનું દ્વાર ઊઘડ્યું; અને પોતાનું સ્વાતંત્ર્ય સ્વતઃસિદ્ધ રાખી, એના ઉપર જનમંડળનો જરૂર પડતો જ કાબૂ કબૂલ કર્યો, એટલે એ વ્યક્તિદૃષ્ટિ થઈ.'[૪] મનુષ્યની સ્વાભાવિક સુજનતાનો સિદ્ધાંત વાસ્તવિક નથી. લોકમાં નિરવધિ વિશ્વાસ મૂકવો યોગ્ય નથી. આપણે પોતે જ લોક છીએ અને આપણા દોષો અને આપણી મર્યાદાઓ આપણને પ્રત્યક્ષવત્ છે. આપણી પ્રકૃતિ દૈવી તેમ આસુરી પણ છે અને આસુરી પ્રકૃતિના નિરોધ માટે કાયદા વગેરેની યોજના જરૂરી છે. વ્યક્તિનું નિરર્ગલ સ્વાતન્ત્ર્ય સ્થાપવાના સૈજન્યવાદના પ્રયત્નનું પરિણામ રાજકારણમાં અને અર્થતંત્રમાં બળવા અને અસમાન ગંજાવર વહેપારી હરીફાઈના રૂપમાં ભયંકર આવ્યું. યુદ્ધોત્તર સમયમાં પ્રગટેલી વિચારસરણિઓમાં આનંદશંકરને શ્રદ્ધા નથી. યુરોપ કાલથી મર્યાદિત વસ્તુને જ ઓળખે છે; એશિયા કાલાતીત શાશ્વત વસ્તુને જ ખરી માને છે, અને એ જ ધોરણે સંસ્કૃતિને તપાસે છે. આ દૃષ્ટિને શાશ્વતવાદ તે ગણે છે, અને "એ જ અમારી સ્વાભાવિક દૃષ્ટિ હોઈ એ દૃષ્ટિએ અમને જે સત્ય લાગે છે એ જણાવીશું. અમને આ પ્રશ્ન જીનીવા (લીગ ઓફ નેશન્સ) કે મૉસ્કો (બોલ્શેવિઝમ)નો નથી લાગતોઃ જીનીવામાં અમને ઘણે ભાગે સ્વાર્થ, દંભ, જૂઠાણું, વસેલાં દેખાય છે; મૉસ્કોમાં મતાંધતા અને તમોગુણનું સામ્રાજ્ય નજરે પડે છે. બેમાંથી એકે આ

---

૪. "દિગ્દર્શન"—પૃ. ૬૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વના શાશ્વત નિયમાનુસાર જગતનું કંઈ ભવિષ્ય નિર્મી શકે એમ લાગતું નથી.'[૫] વળી તેઓ સ્પષ્ટ જણાવે છે કે રશિયાનું રાજ્યતંત્ર હિંદુસ્થાનના આત્મા સાથે બહકે મનુષ્ય માત્રના આત્મા સાથે સંગત થઈ શકે એમ નથી.[૬] આમ વ્યક્તિવાદનાં આર્થિક દુષ્પરિણામોનો પ્રતિકાર કરવાને પ્રગટેલી મજિયારાવાદ જેવી ભાવનાઓમાં પણ આનન્દશંકરને શ્રદ્ધા નથી. તેનું કારણ મુખ્ય તો એ કે યુરોપી સંસ્કૃતિની ઐહિકતાનો પ્રતિકાર તેમાં તેમને દેખાતો નથી. આનંદશંકરના વિચારમંડળમાં, ઐહિકતાનો પક્ષાઘાત ઇષ્ટ વસ્તુ નથી; ઐહિકતાનો તેમાં તિરસ્કાર નથી પણ પારમાર્થિકતાનો પુરસ્કાર છે, બલકે પરમાર્થને અનુરૂપ ઐહિકતાની વૃદ્ધિ તેમને ઇષ્ટ છે. ઐહિકતા પારમાર્થિકતાથી અનુપ્રાણિત હોવી જોઈએ. અખંડ જીવનનો વિસ્તાર અને સંવર્ધન તેમને ઇષ્ટ છે. મનુષ્યની પ્રકૃતિ દૈવી તેમ જ આસુરી પણ છે તેથી તેના ઉત્કર્ષ માટે સ્વતંત્રતા તેમ નિયમન આવશ્યક છે. મનુષ્ય મનુષ્યમાં શક્તિ, વૃત્તિ, જ્ઞાન આદિમાં નિરવધિ ભેદ છે, તેથી અધિકારભેદ ઉત્પન્ન થાય છે, અને તેથી સંસારવ્યવસ્થામાં એક લાકડીએ સર્વને હાંકવાનું હિતાવહ નથી. ધર્મમાર્ગમાં, નીતિરીતિમાં સર્વ મનુષ્ય માટે એકસરખો સાદો નિયમ હોઈ શકે નહીં. સનાતન સત્યનાં, સનાતન ધર્મનાં વ્યક્ત સ્વરૂપોમાં સત્યને અવિરુદ્ધ એવી અનેક કક્ષાઓનો સંગ્રહ થઈ શકે.

સર્વ પુરુષાર્થ મધ્યે ધર્મને અગ્રસ્થાન છે અને એની સાથે બીજા પુરુષાર્થો સમન્વિત છે. મોક્ષરૂપ મહાપુરુષાર્થ જે પાછળથી સ્પુટ રૂપે જુદો સ્વીકારાયો તે પણ 'ધર્મ સાથે'

---

૫ "દિગદર્શન"—પૃ. ૧૦૫–૬

૬ ,, —પૃ. ૪૩૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આન્તર અને જીવન્ત સંબંધથી જોડાએલો પુરુષાર્થ છે, ધર્મનો નિષેધક પુરુષાર્થ નથી.' ૭

"સિપાઈના પહેરા બદલાય તેમ વ્યવહાર અને પરમાર્થના, વા ધર્મ અર્થ અને કામના પહેરા બદલાતા નથી. ધર્મના અન્તઃપ્રવેશથી અર્થ અને કામ સપ્રયોજન અને પવિત્ર બને છે.'૮ પ્રભુ વિશ્વનો અંતર્યામી છે તો આપણા વ્યવહારનો પણ એ જ અન્તર્યામી થાય. અર્થ અને કામનો ધર્મ દાસ નથી, પણ તેમના ઉપર અમલ ભોગવી તેમને કાર્યમાં પ્રેરે છે. અને તે કાર્ય ધર્મના અન્તઃપ્રવેશથી સપ્રયોજન અને પવિત્ર બને છે. મનુષ્યની સમાનતાના સિદ્ધાન્ત ઉપર નિર્ભર એવી સમાજરચના કે સમાજરચનાના સિદ્ધાન્તો આનંદશંકરને માન્ય નથી, કેમકે વ્યક્તિ વ્યક્તિની, પ્રકૃતિની ભૂમિકા ઉપર, અસમાનતા દેખીતી છે, અને ચૈતન્ય રૂપે તેમની સમાનતા નથી પણ એકતા છે. અને પાયામાં એકતા છે તેથી જ પરસ્પર વ્યવહારના નીતિનિયમો શક્ય છે.' પ્રકૃતિમાં જે ઉત્કૃષ્ટ-નિકૃષ્ટના ભેદ છે એનો ખુલાસો પ્રકૃતિથી કેમ થઈ શકે ? પ્રકૃતિની પારના જ (supernatural) કોઈક તત્ત્વમાંથી એ પ્રકૃતિમાં આવેલા હોવા જોઈએ-અર્થાત્ આ ઉત્કૃષ્ટતા તે પ્રકૃતિ થકી સિદ્ધ નથી, પણ પ્રકૃતિની પારના તત્ત્વમાંથી ઊતરી આવી પ્રકૃતિમાં સિદ્ધ છે.૯ વળી વેદાન્ત સિદ્ધાન્તને અનુરૂપ જનતા (society) સિદ્ધાંત તેઓ સ્વીકારે છે. જનતા એ જનોનો સમુદાય નથી. જનતા એ જ પ્રથમ સિદ્ધ પદાર્થ છે, અને જનો-વ્યક્તિઓ-એ તેના

૭ 'આપણો ધર્મ'-પૃ. ૫૫
૮, "આપણો ધર્મ"-પૃ. ૫૫
૯. "આપણો ધર્મ"-પૃ. ૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કકડા નથી પણ અવયવો છે: વ્યષ્ટિઓ એ સમષ્ટિના વિભાગ નથી પણ અંગ છે.[૧૦] જનતાની અખંડતા જ પુરુષસૂક્તમાં અભિપ્રેત છે. જીવનની સઘળી પ્રવૃત્તિઓ આવશ્યક છે. તેમનું કેન્દ્રભૂત તત્ત્વ તે આત્મા છે. "પણ આમ સઘળી પ્રવૃત્તિઓ કાયમ રાખીએ, અને એમને આત્મામાં સમાવીએ, તો પછી આત્મદૃષ્ટિ અને અનાત્મદૃષ્ટિ વચ્ચે ભેદ કયાં રહ્યો એમ શંકા થાય. એનો ઉત્તર કે અનાત્મદૃષ્ટિ તે તે અનાત્મ-પદાર્થને-ધન, રાજ્ય, સત્તા આદિને-તે તે પદાર્થ રૂપે ગ્રહણ કરે છે. આત્મદૃષ્ટિ તે તે પદાર્થની કિંમત આત્માની દૃષ્ટિથી જ—આત્માને સૌના મધ્ય સ્થાને મૂકીને-આંકે છે."[૧૧] આમ જીવનની કોઈ પણ હિતકર પ્રવૃત્તિનો ત્યાગ આનન્દશંકરને ખપતો નથી, પણ તેની હિતકરતાનો અન્ત્ય નિર્ણય તે પ્રવૃત્તિદ્વારા આત્માનો ઉત્કર્ષ થાય છે કે નહિ, આત્મા પોતાનું શુધ્ધ ને વ્યાપક સ્વરૂપ વધુ વધુ અનુ-ભવે છે કે નહિ, અર્થાત્ એ પ્રવૃત્તિ, છેવટે, આધ્યાત્મિક દૃષ્ટિએ ધર્મ્ય છે કે નહિ તેના ઉત્તર ઉપર અવલંબે છે.

સમાજ, નીતિરીતિ, કેળવણી, સાહિત્ય, રાજકારણ આદિ જીવનના સર્વ પ્રશ્નોમાં ધર્મને, અખંડ આત્માને કેન્દ્રસ્થાને રાખી આનંદશંકર વિચાર કરે છે. એ એમની અચળ અને અન્ત્ય કસોટી છે. પણ મણિલાલમાં એ કસોટીનો ઉપયોગ આકર્મક લાગે છે તેમ આનંદશંકરમાં લાગતો નથી. એ દૃષ્ટિનું દર્શન ખૂંચતું નથી એ આનંદશંકરના વ્યકિતત્વ અને શૈલીની ખૂબી છે. આનંદશંકરની વિચારણાનો પ્રભવ અને નિયામક તત્ત્વ જોતાં સમજાશે કે અભિપ્રાયોમાં એ ક્રાન્તિ-

---

૧૦ 'આપણો ધર્મ'—પૃ. ૬૫

૧૧ ,, પૃ. ૬૧૧

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષક નથી, ઉદાર હિતચિન્તક છે, સુધારક છે; અને નિર્ણયોમાં તેમ શાસ્ત્રના અર્થવિવરણમાં એ ઐતિહાસિક ને તુલનાત્મક વિવેચન કરી ઉદાર રહે છે. આજની જ્ઞાતિપદ્ધતિ એ પ્રાચીન વર્ણવ્યવસ્થાની પ્રતિનિધિ નથી તેથી આનંદશંકર તેની વિરુદ્ધ છે; અને અસ્પૃશ્યતાની પણ વિરુધ્ધ છે માનવતાની તેમ શાસ્ત્રની દૃષ્ટિએ. સમાજરચનામાં ગૃહનું મંગળ સ્થાન સ્થિર અને અબાધિત રહેવું જોઈએ. વ્યકિતને ઘર જેવું આશ્રયસ્થાન નથી તો રાજ્યને માટે પણ ઘર જેટલી કોઈ સંસ્થા રક્ષણીય નથી. સુશીલ સ્ત્રીપુરુષોનાં કુટુંબો એ રાજ્યની સંપત્તિ છે, અને એવા કુટુંબમાં સ્ત્રીનું સ્થાન તેના વ્યકિતત્વના પૂર્ણ વિકાસને અનુકૂળ અને ગૌરવભર્યું હોવું જોઈએ.[૧૨] તદનુસાર, કેળવણીના પ્રકાર અને પદ્ધતિ વિશે મતભેદ હોઈ શકે એ સ્વીકારી આનંદશંકર સ્ત્રી માટે ઉચ્ચ કેળવણીની અને વિવાહવય અને સંમતિવય વધારવાની તરફદારી કરે છે. વિધવાવિવાહની એ વિરુદ્ધ નથી, પણ તેને ઘણા સુધારકો જેમ તેઓ પણ ઉત્તેજનને પાત્ર ગણતા નથી.

હિન્દુ સમાજરચનાનાં કેટલાંક લક્ષણો ઉપર ઉત્કૃષ્ટતાનો નિર્ણય આપતાં ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિથી અસાધારણ ઝીણવટ આનન્દશંકર દાખવે છે. તેનું એક આકર્ષક ઉદાહરણ હિન્દુઓના અનેકપત્નીત્વના રિવાજની ચર્ચામાં મળે છે:-[૧૩]

'એક કરતાં વધારે પત્નીનો રિવાજ ઘણું કરીને પુત્રને અભાવે કે એવા જ બીજા કારણસર હવે (ઉપનિષદ્ સમયમાં)

---

૧૨. "દિગ્દર્શન"—પૃ. ૧૪૨-૩

૧૩. 'દિગ્દર્શન"—પૃ. ૧૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ પ્રચલિત થયો હશે એમ લાગે છે. પણ આ બાબત આપણા પૂર્વજો સહામે સખ્ત આક્ષેપ કરતા પહેલાં બે વાત ધ્યાનમાં રાખવાની છે: એક તો એ કે સમસ્ત આર્ય જાતિની પ્રજામાં પુત્રો માટે સ્વાભાવિક રીતે જ, તેમજ સમયની પરિસ્થિતિને લઈ, ઉત્કટ ઇચ્છા રહેતી; બીજું, સ્ત્રીને છેડોછૂટકો આપી દઈને ઘણી પત્નીઓ છતાં એક જ પત્ની હોય એવો મિથ્યા દેખાવ કરવામાં આવે અને એના ભરણ-પોષણની જવાબદારી બસેડવામાં આવે તે કરતાં ઉપલો રિવાજ ઓટો નહિ. ત્રીજું, આપણા દેશમાં પ્રાચીન સમયમાં વારાંગનાની સંસ્થા નહોતી, એટલે એક પુરુષને એક કરતાં અધિક સ્ત્રીઓ પરણવાનો પ્રસંગ આવે એ પણ સ્વાભાવિક છે. પણ આટલો ખુલાસો બહુ પત્ની પરણવાના રિવાજની પ્રશંસા કે બચાવ કરવા માટે નથી, પણ કેટલાં કારણોથી એ ક્ષન્તવ્ય બને છે એટલું જ જણાવવા માટે છે."

૧૮૭૫ પછીનાં પચીસ વર્ષના ગાળામાં ગુજરાતી સમાજની ધર્મવિષયક પરિસ્થિતિ કેવી થઈ આવી હતી તેનું વર્ણન આનંદશંકરે કર્યું છે.[૧૪] કેળવણીની વૃધ્ધિ સાથે બ્રાહ્મણોનો જન્મસિધ્ધ અધિકાર ઘટ્યો. જિન, બુદ્ધ, શંકર, વલ્લભ આદિ ધર્મપ્રવર્તકોના પરસ્પર વિરોધમાંથી જન્મેલું ધર્મ-ઘર્ષણ ક્ષીણ થયું. 'સુધારાવાળાઓએ' પુરાણ, વર્ણા-શ્રમવ્યવસ્થા અને બ્રાહ્મણોના હેતુ વિશે પ્રચલિત કરેલા વિચા-રોના અનિષ્ટ અંશનો ત્યાગ થયો. કર્મકાંડ અને ધર્મ તરફ કેળવાયલા વર્ગની દૃષ્ટિની જુદીજુદી કક્ષા હતી. એક વર્ગ ધર્મ તરફ કેવળ બેદરકાર હતો. અધૂરી કેળવણીવાળા વર્ગનો કેટલોક ભાગ કર્મકાંડમાં ગૂંથાઈ રહેતો. આ વર્ગમાં આપણે

૧૪ "આપણો ધર્મ"–પૃ. ૪૨૮–૪૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૃસિંહાચાર્ય અને નથુરામ શર્માના મોટા ભાગના અનુયાયીઓને તેમ જ દ્વારકાપીઠના શંકરાચાર્ય, વલ્લભાચાર્ય અને સહજાનંદના ઘણા અનુયાયીઓનો સમાવેશ કરી શકીએ. અધિક કેળવણી પામેલા ને ધર્મ ઉપર આદરવાળા વર્ગના બે વિભાગ છેઃ એક, કર્મકાંડની વિરુદ્ધ; બીજો, જ્ઞાનને મુખ્ય ગણીને કર્મ ઉપાસના આદિ વસ્તુઓને જ્ઞાનના આવિર્ભાવમાં પ્રત્યક્ષ સ્થાનરૂપ અને સાધનરૂપ માનતો વર્ગ.

આ સ્થિતિદર્શનમાં પ્રાર્થનાસમાજ અને સુધારાવાળાઓ તરફ મણિલાલ કરતાં આનંદશંકરની દૃષ્ટિ વિશેષ સમભાવયુક્ત, ઉદાર અને સાચી છે. અને કેવળ કર્મકાંડમાં રાચતા અધૂરા કેળવાયલા ઉપર તેમની દૃષ્ટિ મણિલાલને મુકાબલે વિશેષ તીખી છે. પ્રાર્થનાસમાજ ધર્મનું જે પાથેય આપે છે તે આનન્દશંકરને મતે પાતળું પીણું છે અને અન્નની ગરજ સારી શકે તેમ નથી. વળી તે મૂર્તિપૂજાનો વિરોધ કરે છે તે પણ વાસ્તવિક નથી. પ્રાર્થનાસમાજ અને 'સુધારાવાળા'ઓની મુખ્ય મર્યાદા એ હતી કે તે જનમંડળના હૃદયમાં પૂરું ઊતરી શકયા નહિ અને ધર્મવૃત્તિનાં વિવિધ સ્વરૂપ હોઈ શકે એ સત્ય તેમણે સ્વીકાર્યું નહિ. તથાપિ તેમની સેવાની કદર કરતાં આનંદશંકર જણાવે છે કે કર્મકાંડથી અધિક એવા જ્ઞાનનું અને કર્તવ્યબુદ્ધિનું દ્વાર ઉઘાડવાને 'સુધારાવાળાઓને' હાથે લાભકારક પ્રયત્ન થયો છે એ સ્વીકારવું જોઈએ. કર્મકાંડી કહે કે કર્મકાંડમાં પ્રાણવિનિમયનો અર્થ રહ્યો છે તેને સીધો પ્રશ્ન આનંદશંકરનો આ છે કે "પ્રાણવિનિમય આદિ નામે ઓળખાતી શારીરિક કસરત તે 'ધર્મ'–આત્મા પરમાત્માના સંબંધના 'ધર્મ'–કેમ કહેવાય ? હું કર્મકાંડનું રહસ્ય 'પ્રાણવિનિમય' એટલે 'યોગ' રૂપે માનવા કરતાં 'જ્ઞાન' રૂપે સમજવું ઉચિત ધારું છું. મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યજીવનનો ખરો હેતુ યોગથી નહિ, પણ જ્ઞાનથી સધાય છે એ શંકરાચાર્યનો સિધ્ધાન્ત પરમ સત્ય લાગે છે."[૧૫]

તત્ત્વવિચારના બીજા એક બિન્દુમાં પણ આનંદશંકર તેમના "જ્યેષ્ઠ વિદ્યાબન્ધુ" મણિલાલ કરતાં આગળ વધે છે, અથવા સૂક્ષ્મ રીતે જુદા પડે છે. કર્મકાંડ વગરનો કોઈ ધર્મ નથી અને કર્મકાંડથી ધર્મની શક્તિ પકવ થાય છે એમ માનવા છતાં 'અભેદ', 'પ્રેમ', વગેરે શબ્દોનો દુરુપયોગ કરી અજ્ઞાન અને પાખંડ વધારતા કર્મકાંડીઓનો તેમને તિરસ્કાર છે. ભૂતમાત્ર પ્રતિ પ્રેમભાવ એ અદ્વૈત સિદ્ધાંતમાં સમાવિષ્ટ થવું જોઈએ એનું ભાન મણિલાલે કરાવ્યું, પરંતુ પ્રેમનાં સર્વ લૌકિક સ્વરૂપો પરમાત્મપ્રેમ છે વા અભેદાનુભવના પ્રકાર છે એ ભ્રમનું આનંદશંકરે નિરસન કર્યું. ભૂતમાત્ર પ્રતિ પ્રેમભાવનાનું નિદાન જે પરમાત્મદર્શન એના ઉપર ઉપપત્તિપુરઃસર ભાર મૂકવામાં "સુદર્શન"ના તંત્રવાહમાં તેમને જરૂર જણાઈ હતી.[૧૬] "જેમ દરેક હૃદયનો ઊભરો તે કાવ્યનો રસ નથી—એમ હોય તો દરેક લૌકિક રડાકૂટ કાવ્યરસની પદવીએ પહોંચવા જાય—તેમ દરેક 'અભેદ' કે 'પ્રેમ' કે 'રસ'ની વાત બ્રહ્મસાક્ષાત્કાર નથી એ સમજવાનું છે. લૌકિક પ્રેમ અને દિવ્ય પ્રેમ તત્વતઃ એક હોય, અને સમસ્ત વિશ્વ પ્રતિ પ્રેમ એ પરિણામે પરમાત્મા પ્રત્યેનો જ પ્રેમ છે, તથાપિ પરમાત્મબુદ્ધિથી જે પ્રેમ ઊછળતો નથી તે લૌકિક છે અને તેને બ્રહ્મસાક્ષાત્કાર રૂપે સમજવામાં વ્યક્તિ અને સમાજને ખૂબ હાનિ થવા સંભવ છે.[૧૭]

---

૧૫ "આપણો ધર્મ" પૃ. ૪૩૩
૧૬ "સુદર્શન"–ઓકટોબર ૧૯૦૧
૧૭ "આપણો ધર્મ" પૃ. ૩૯, ૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ જે જે સત્ય સુંદર અને સાધુત્વનું દર્શન થાય છે એ વસ્તુતઃ એ પરમાત્મારૂપી સત્ય સુંદર અને સાધુ પદાર્થનું જ દર્શન છે; માત્ર તે તે સત્ય સુંદર અને સાધુ પદાર્થોને તે તે રૂપે ન ભજતાં એક અખંડ સત્-ચિત્-આનંદ પરમાત્મા રૂપે ભજવો, એનો સાક્ષાત્કાર કરવો, એ જીવનનો, અસ્તિત્વનો પરમ ઉદ્દેશ-એમાં જ જીવનનું જીવનપણું, અસ્તિત્વનું અસ્તિત્વપણું.'[૧૮]

આનંદશંકરના ચિંતનસંભારના ધાતુરૂપ શ્રદ્ધા અને ભાવના એ છે કે સમગ્ર જીવનમાં, વિશ્વરચના અને જીવન-વ્યવહારની પાછળ કોઈ એકતાનું તત્ત્વ છે. સર્વ ગવેષણામાં-તે વિશ્વતત્ત્વની હો, ધર્મની હો, નીતિની હો કે સાહિત્યની હો-વિચારવિષયમાંની એકતાનું તત્ત્વ-આત્મતત્ત્વ-આનંદશંકર શોધી કાઢે છે, અને તેના ઉપર બુધ્ધિ સ્થિર રાખી, તેની અપેક્ષાએ સર્વ સારાસારતા, ઉત્કૃષ્ટનિકૃષ્ટતા, તારતમ્ય નક્કી કરે છે. આ વિશ્વમાં કોઈ સંવાદ, વ્યવસ્થા, નિયમ લાવનારું તત્ત્વ હશે જ. ચેતન અને અચેતન સર્વ પદાર્થને અસ્તિત્વમાં લાવનાર, તેમની ગતિનું વૃત્તિઓનું પ્રવૃત્તિઓનું પ્રભવસ્થાન કોઈ તત્ત્વ હશે જ. પ્રાણનો પ્રાણ, શક્તિની શક્તિ, સર્વ ભાસમાન પદાર્થોનું અધિષ્ઠાન એક તત્ત્વ છે, તે બ્રહ્મ છે; તે પરમાત્મા છે; તે સચ્ચિદાનંદ છે. શ્રુતિમાંથી પોતાનું પ્રિય વાક્ય આનંદશંકર અનેક વાર ઉતારે છે. તેમની સર્વ વિચારણાને સ્પષ્ટ કરતું એ સૂત્ર છે. તેમની વિચારણા એ સૂત્રનાં જાણે ભાષ્ય અને વિનિયોગ છેઃ

યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ સર્વેભ્યો ભૂતેભ્યોઽન્તરો, યં સર્વાણિ ભૂતાનિ ન વિદુઃ, યસ્ય સર્વાણિ ભૂતાનિ શરીરં, યઃ

---

૧૮. 'આપણો ધર્મ'-પૃ. ૨૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वाणि भूतान्यन्तरो यमयति, एष त आत्मा अन्तर्यामी अमृत ॥१९

આ મૂલગત શ્રદ્ધા કેવલ શ્રદ્ધા નથી પણ તર્કશુદ્ધ છે એ કહેવાની જરૂર નથી. આનંદશંકરના તત્ત્વવિચારમાં બુદ્ધિનો સ્વીકાર છે જ. 'મનુષ્યનો સમગ્ર આત્મા પરમતત્ત્વ સાથે નિકટનો સંબન્ધ ધરાવે છે. એની ઇન્દ્રિયોના વ્યાપાર પરમ તત્ત્વના સિન્ધુ ઉપર જ ચાલે છે. જે જે વિષયોનું એ ગ્રહણ કરે છે એ એ મહાન સિન્ધુ ઉપર તરતા દ્વીપ જેવા, અથવા વધારે ઘટતું ઉપમાન લઈએ તો બુદ્બુદ જેવા છે. ઘટપટાદિ વિષયજ્ઞાનને એની આસપાસ વિસ્તરતા તેમ જ એના અંતરમાં પ્રવેશી રહેલા અનન્તતાના સાગરથી પૃથક્ પાડી ગ્રહણ કરવા યત્ન કરોઃ એટલે તરત જણાશે કે એના વિના તો તમારી દૃષ્ટિ આગળ કેવળ અંધકાર-જ્ઞાનહીન, વ્યવસ્થાહીન, સ્વરૂપહીન કાંઈક (?)-એટલું જ છે, જે 'છે' એટલું કહેવું પણ શક્ય નથી વળી સમગ્ર વિશ્વનું વિશ્વરૂપે અનાદ્યનન્ત દેશકાળમાં પરસ્પર સંબદ્ધ પદાર્થોની એકતાની મૂર્તિ રૂપે ગ્રહણ થવું આત્મા વિના સંભવે છે? વળી આ આત્મા તે મારો જ (अन्तःकरणावच्छिन्नचैतन्यरूप) આત્મા? મારા (अन्तःकरणावच्छिन्न) આત્માનું અસ્તિત્વ વિશ્વની કાંઈક અનુભવવિષયતાનો ખુલાસો કરી શકે, પણ વિશ્વ 'છે'-સર્વને માટે 'છે'-એમ એ આત્મામાંથી કેમ સિદ્ધ થાય? માટે એવો આત્મા-પરમ આત્મા-સ્વીકારવો જોઈએ કે જેનું આ સમગ્ર વિશ્વ દૃશ્ય છે, અને જેની દૃષ્ટિ સદા યથાર્થ છે; અને જેની એ યથાર્થ દૃષ્ટિ સાથે મારી દૃષ્ટિ મેળવવી એનું નામ વિશ્વનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું છે. તાત્પર્ય કે જ્ઞાનમાં જે પ્રમા-અપ્રમાનો ભેદ પડે છે તેનો એકજીવવાદ સ્વીકાર-

---

૧૯. બૃ. ઉપ. ૩-૭-૧૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાથી, અથવા તો અન્તરમાં એકતારહિત અનેક જીવોનું પ્રતિવ્યક્તિ સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારવાથી, ખુલાસો થઇ શકતો નથીઃ અનેક જીવો આગળ પ્રમા (યથાર્થજ્ઞાન) ની ભાવના એક જ છે એથી એક આત્માનું અસ્તિત્વ સિધ્ધ થાય છે. [૨૦] તાત્પર્ય કે અધૂરો જ્ઞાતા અને અધૂરું જ્ઞાન જ સર્વજ્ઞ આત્માની કલ્પનાને શુધ્ધ ઠરાવે છે.

મદ્રાસની ફિલોસોફિકલ પરિષદના પ્રમુખ લેખેના વ્યાખ્યાનમાં પણ એક સ્થળે આ એક નિર્ણાયક તત્ત્વની શોધ-આનન્દ શંકરની વિચારણામાં બીજરૂપ તે-જણાઈ આવે છે. બર-ટ્રાન્ડ રસલના એક વિધાનનો ઉલ્લેખ કરી આનન્દશંકર વિચારે છે:

"Love, beauty, knowledge, and joy of life: these things retain their lustre however wide our purview," says Russell. Will he inquire why? His own finding is: "Because they have value on their own account." It is significant and gratifying that the modern scientist acknowledges that there is a world of values as well as of scientific facts. But just as scientific facts would be a hopeless jumble in the absence of a principle of unity, so would be the world of values, without a single principle of value and underlying and overlaying all. Nothing has value on its own account, everything has value

---

૨૦. 'આપણો ધર્મ'–પૃ. ૩૧૫-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

on account of Atman, the supreme self, says the Upanishad.[૨૧]

પરમ તત્ત્વ માટે જેમ યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્ આદિ મહાવાકય લઈ જાણે તેનો વિનિયોગ આનંદશંકરે આપ્યો તેમ ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ એ મહાવાકયમાં તેમનાં જીવન-મૂલ્યો અંતર્ગત થઈ જાય છે. વસ્તુમાત્ર ખરી, પરમ આત્મા તરીકે; સર્વ મૂલ્યોનું મૂલ્ય તેમાં આત્મબુદ્ધિ કેટલી રહી છે તે ઉપર પ્રતિષ્ઠિત છે. આગળ સમાજવિચાર અંગે આપણે જોયું કે આચાર્યની આ આત્મદૃષ્ટિ સર્વ પદાર્થની કિંમત આત્માની દૃષ્ટિથી જ-આત્માને સૌના મધ્ય સ્થાને મૂકીને પરમ તત્ત્વને અનુ-ભવવામાં એ કેટલું અનુકૂલ છે, સહાયક છે, એ દૃષ્ટિથી જ આંકે છે.

સર્વ અંતઃકરણાદિ-અવચ્છિન્ન જ્ઞાતાઓથી સર્વજ્ઞની ભાવનાનો ઉદય થાય છે અને તે યુક્ત ઠરે છે, તેમ ચિત્ અને અચિત્ને એક પરમ સત્ કે પરમ ચિત્માં અંતર્હિત કરી શકાય; સત્ અને ચિત્ના ભાસમાન દ્વૈતનું અદ્વૈત માની શકાય. સત્ અને ચિત્ એક બીજામાં સમાયેલાં છે, કેમકે જે સત્ ચિત્માં પ્રકાશતું નથી એ શૂન્ય સમાન છે અને જે ચિત્ સત્ને પ્રકટ કરતું નથી એ પ્રકાશરૂપ ચૈતન્ય ધર્મથી રહિત છે અને તેથી શૂન્ય થઈ જાય છે. તેથી સત્ અને ચિત્નું અદ્વૈત જ યુક્ત છે. ૨૨

આ વિચારગતિમાં માયાનો સિધ્ધાંત છુપાયેલો જ છે. વિકારમાં ચિરંતન તત્ત્વને શોધવાની પ્રવૃત્તિમાં, ભિન્ન વસ્તુઓમાં

---

૨૧ "આપણો ધર્મ" પૃ. ૮૩૭

૨૨. "આપણો ધર્મ"-પૃ. ૧૩૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિન્નતાનો પદાર્થ શોધવામાં, ભાસમાં ભાસને બાધિત કરતી, ભાસનો ખુલાસો આપતી વસ્તુ શોધવામાં, ખરું જોતાં, માયાનો સિધ્ધાંત એક સ્વીકૃત લઈને જ ફિલસૂફ અને વૈજ્ઞાનિક ચાલે છે. અનુભવવિરોધ સ્વીકાર્યા વિના કોઈ શાસ્ત્ર પ્રવર્તી શકતું નથી. માયાવાદ સર્વ શાસ્ત્રના સ્વીકૃતને જ સ્પષ્ટ કરે છે એમ આચાર્ય બહુ આકર્ષક રીતે સમજાવે છે. માયાનો સિધ્ધાન્ત અનુભવવિરુધ્ધ છે એમ કહેવામાં કંઈ અર્થ નથી, કેમકે અનુભવવિરુદ્ધ તો માયાનું સ્વરૂપ જ છે. દેખાય છે તેમ નથી છતાં દેખાય છે એ જ માયા છે. સમ્યક્ જ્ઞાન અસમ્યક્ જ્ઞાનની વિરુધ્ધ છે એમ કહેવામાં અનુપપત્તિ નથી. અનુભવવિરુદ્ધતા એ અત્યન્ત કે એકાન્ત અનુભવવિરુદ્ધતા નથી, કેમકે સાચા અનુભવથી ખોટો શમી જાય છે, લુપ્ત થાય છે. "જગતનો આવિર્ભાવ માત્ર માયા જ નથી, પણ બ્રહ્મની માયા છે, અને બ્રહ્મનો વિકાર કે બહિર્ભૂત કાર્ય નથી, પણ માયા છે. ×× અર્થાત્, જગત્થી પર (transcendent) હોઈ જગતના અંતરમાં (immanent) એ વિરાજમાન છે એમ વેદાન્ત-સિધ્ધાંત છે. પણ આ અન્તરમાં હોવું તે જડની માફક બહિઃ-સંબન્ધ વડે સંભવતું નથી, માટે બ્રહ્મની સત્તાથી જ જગત્ની સત્તા બની રહે છે એમ કહેવું યોગ્ય જણાય છે. જગત્ 'બ્રહ્મસત્તાનિરૂપિતસત્તા'વાળું છે, 'મિથ્યા' છે." ૨૩

ફિલસૂફીના આ પરમ સત્યને અનુકૂલ સમગ્ર જીવન કરવું એ ધર્મ. ધર્મવૃત્તિ મનુષ્યમાં સહજ છે પણ ઉત્તમ ધર્મ માગે છે કે પૂર્વોક્ત સત્યનો સમગ્ર આત્માએ સાક્ષાત્કાર કરવો. પૂર્વોક્ત સત્યનું માત્ર બુધ્ધિથી પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવું તે નહિ, હૃદય અને ક્રિયાશક્તિ એ સત્યને અનુકૂળ થવાં

---

૨૩ "આપણો ધર્મ"—પૃ. ૧૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. અર્થાત્ વ્યક્તિના અખંડ જીવનમાં-તેની ક્રિયામાં, તેની લાગણીમાં, તેના વિચારમાં એ સત્યનું સિંચન થવું જોઈએ. "અમુક કર્તવ્ય સંબન્ધી સિદ્ધાન્ત જાણ્યા છતાં, જ્યાં સુધી કર્તવ્ય કાર્ય થાય નહિ ત્યાં સુધી જ્ઞાનની સાર્થકતા નથી. કર્તવ્યજ્ઞાન મેળવીને તદનુસાર કાર્ય કરવામાં પણ જ્યાં સુધી અનિચ્છા કે ખેદ જણાય છે અને આનંદ આવતો નથી ત્યાં સુધી કર્તવ્યભાવના અપૂર્ણ રહે છે."૨૪ મતલબ કે સમગ્ર ચેતનાને બ્રહ્મની સર્વાત્મકતાનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જ્ઞાન પૂર્ણ રીતે જ્ઞાન કહેવાવા લાયક નથી. આ અર્થમાં જ્ઞાન અને ભક્તિને પરસ્પરની અપેક્ષા રહે છે, અથવા જ્ઞાન અને ભક્તિ સાચા રૂપમાં એક જ છે.

જ્ઞાન અને સદ્વર્તન સંબન્ધી શાંકર વેદાન્ત વિશે સેવાતા ભ્રમનું આનંદશંકરે સારું નિરસન કર્યું છે. જેને અપરોક્ષ જ્ઞાન થયું છે એટલે કે જેનો સમસ્ત આત્મા અમુક સમજણ અનુસાર થયો છે, જેણે બ્રહ્મભાવ અનુભવ્યો છે તેને જ્ઞાનમાં કશું કર્મરૂપ ઉમેરવાનું નથી; તે જ્ઞાનમાંથી સ્વતઃ 'ઊપજી આવતું કર્મ કરે છે, અને તેનું કર્મ જ્ઞાનરૂપ જ છે. વેદાન્તીનું કર્મ જ્ઞાનની પછી આવતું નથી, પણ જ્ઞાનસમકાલીન છે. પ્રજ્ઞાની ઉત્પત્તિ અને સ્થિતિ પહેલાં રાગદ્વેષથી રહિતપણું પ્રજ્ઞાના સાધનરૂપ છે; પ્રજ્ઞાની ઉત્પત્તિ પછી જ્ઞાનીના તે લક્ષણરૂપ છે. પરોક્ષ જ્ઞાન પણ કેવળ મગજના વ્યાપારરૂપ નથી, તેની અસર પણ વર્તન પર પડે છે અને પડવી અનિવાર્ય છે. તે સદ્વર્તનને ઉપકારક છે. ખરું જોતાં, આનન્દશંકર સમજાવે છે તેમ, પરોક્ષ જ્ઞાન તે કાચું જ્ઞાન અને અપરોક્ષ જ્ઞાન તે પાકું જ્ઞાન છે. "પરોક્ષ જ્ઞાન આત્મામાં

---

૨૪ "આપણો ધર્મ"-પૃ. ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરીને, પોતાને અનુરૂપ વર્તન સુશ્લિષ્ટ રીતે ઊપજાવી, આજ સુધી જે સદ્‌વર્તન શુભવાસના (પૂર્વના શુભ સંસ્કાર અને આસપાસની શુભ પારસ્થિતિ) ને લીધે એક ટેવ માફક (instinctive) ઊપજી આવતું હતું, એ જ સદ્‌વર્તનને હવેથી સમજણવાળું (rational) કરી, સમસ્ત આત્માને પોતાના તેજથી રંગે છે, પરિપકવ કરે છે, એનો આન્તર રસ પ્રગટ કરી આપે છે." ૨૫

અપરોક્ષાનુભવ એ જીવનનું પરમ ધ્યેય છે અને નીતિની ભાવના એમાંથી જ નિષ્પન્ન થાય છે. કેવળ ત્યાગબુધ્ધિને કર્તવ્યભાવનાનું સારભૂત રહસ્ય કે બીજ માનવું યોગ્ય નથી. ત્યાગબુદ્ધિમાંથી કર્તવ્યભાવના નિષ્પન્ન કરીએ તો સ્વ પ્રતિ કોઈ પણ પ્રકારનું કર્તવ્ય સંભવે નહિ; અને છતાં અનિષ્ટ સ્વાર્થના ત્યાગને અદ્વૈત વેદાન્તમાં પૂરો અવકાશ છે, કેમકે એ દ્વારા પરોક્ષ અભેદ અપરોક્ષ થાય છે. જે સ્વના ત્યાગથી શુદ્ધ સ્વનો અનુભવ થાય, આત્મા અભાનોર્મિથી ઉલ્લાસે તે વેદાન્તીને ઇષ્ટ જ છે. આવો આત્માનંદ પરાર્થવિરોધી નથી, પરાર્થઉપકારક છે, એમ આચાર્યશ્રી માને છે. ૨૬

અસ્તુ. આપણા વિચારકે ખંડનમંડનાત્મક પુષ્કળ વિચારસામગ્રી આપી છે. તેમણે અદ્વૈત વેદાન્તનું વિવરણ કરી ચિન્તનનાં અનેક ક્ષેત્રોમાં-ખાસ કરીને નીતિવિષયમાં-તેનો વિનિયોગ કરી બતાવ્યો છે. "તેમણે સર્વાંગી આન્વીક્ષિકી આપી નથી, પણ સર્વ વિષયને સ્પર્શતી નવી દૃષ્ટિ આપી છે. એમણે હિન્દુ ધર્મચિન્તનની નૂતન ભાષ્યકાર પેઠે અભિનવ સમજણ આપી છે. એ સમજણ આપણા ધર્મચિન્તનના રહસ્યને

---

૨૫. "આપણો ધર્મ"-પૃ. ૩૪૫

૨૬. "આપણો ધર્મ"-પૃ. ૨૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી વફાદાર તેટલી આપણા યુગોના પ્રશ્નોને અનુરૂપ છે. એમના તત્ત્વચિન્તનનું સ્વારસ્ય પ્રગતિ-અભિમુખ છે, જોકે નવાઈ જેવું છે કે તેવી સબળ પ્રતીતિ લોકસમૂહને થઈ નથી. તેનું મુખ્ય કારણ એ છે કે જનક્રિયાના સંચલન રૂપે એમના સુધારાવિચાર પરિણમ્યા નથી. તેમના નિબંધોમાં પણ બુદ્ધિની ભૂમિકા પર વિચારોનું વિવેચન, અને બનતી, બનેલી હકીકતોનું રહસ્યદર્શન છે, પણ ક્રિયા માટે ઉદ્બોધન નથી. પણ તેને જ લીધે તેમના ધર્મચિન્તનમાં ભવ્ય તાટસ્થ્ય અને પ્રકાશ લસે છે. તેમણે કેવળ શ્રદ્ધાના અને લાગણીના ગણાતા વિષયમાં બુધ્ધિની પ્રતિષ્ઠા કરી. રહસ્યપરામર્શ, ઐતિહાસિક દૃષ્ટિએ ચલાચલ તત્ત્વોનો વિવેક અને ઉચ્ચ માનવતા વડે ભિન્નભિન્ન દર્શનોનો તેમણે અપૂર્વ સમન્વય કરી બતાવ્યો. એ સિદ્ધ ધર્મના વિષયમાં ડગમગતા પથિકને, હિન્દુને સવિશેષ, અમર જ્યોતિ રહેશે; એ સિધ્ધિ અંગે શિષ્ટ અને સરળ ભાષામાં, નાગર ઉદાત્તગંભીર અને પ્રસાદરમણીય શૈલીમાં તેમણે જે નિબંધો લખ્યા તે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવિતાના અધિકારી બન્યા."[૨૭]

પરંતુ પરિપૂર્ણ દર્શનકારનો, નવેસરથી સમગ્ર જીવનને અવલોકનારનો પ્રકરણબદ્ધ ગ્રંથ તેમની પાસેથી એકે ય ન મળ્યો, શું સાહિત્યનો કે રાજકારણનો, શું નીતિનો, ધર્મનો કે વિશ્વતત્ત્વનો.

---

૨૭. વિ. ૨. ત્રિવેદી : 'પરિશીલન'– "આચાર્ય આનન્દશંકરનું ધર્મચિન્તન" એ વિષયનો ઉપસંહાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન સાહિત્ય અને વિવેચનમાં કૌતુકરાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન સાહિત્ય અને વિવેચનમાં કૌતુકરાગ

એક રીતે જોતાં, યુરોપના અભિનવ સંપર્કનાં પ્રાથમિક ફળરૂપ કવિ નર્મદાશંકર લાલશંકરના (૧૮૩૩–૮૬) ગદ્યપદ્યથી ગુજરાતી સાહિત્યમાં કૌતુકરાગી પ્રવાહનો આરંભ થયો, અને સ્વાતંત્ર્ય તથા સામાજિક નવરચનાનાં ગાંધીપ્રેરિત સંચલનોના અનુસારી વસ્તુરાગ છતાં ય હજી ૧૯૫૦ માં પણ એ પ્રવાહ અટક્યો કહેવાય નહિ. મેઘાણી, શ્રીધરાણી, ઉમાશંકર અને સુન્દરમ્ એ સૌ વર્તમાન યુગના કવિઓની કવિતામાં સુન્દરતર સુષ્ઠુતર જગત માટેની, માનવ જીવ સારુ અવિષમ શાન્તિભોમ માટેની તેમની અભીપ્સામાં આપણને કૌતુકરાગી પ્રેરક-તત્ત્વનું દર્શન થાય છે. પરંતુ સરવાળે તો ૧૯૨૫ આદ નવીન કવિતાનાં મૂળ વસ્તુરાગ કે વસ્તુરાગાભાસમાં જડાયેલાં છે અને એ કવિતા હૃદય કરતાં બુદ્ધિને વીંધવા તાકે છે. ગદ્યકથાનું સાહિત્ય લઈ એ તો ધૂમકેતુની પ્રથમ વાર્તાઓમાં સામાન્ય રીતે, અને બળશોષક લાગણી-વેડાનો પ્રતિકાર કરતાં મુનશીનાં પ્રથમ નવલો ને નવલિકાઓમાં આપણને વસ્તુરાગ નજરે પડે છે. ૧૯૧૫ના અરસામાં શરૂ થતી આ વસ્તુરાગી વૃત્તિ ગાંધીવાદી વિચારસરણિના પ્રચારની લગભગ સમકાલીન છે. સર્વેમાં વસ્તુરાગનું એવું સંમિશ્રણ છે જે આપણી સ્વપ્નસૃષ્ટિએ વા આદર્શસૃષ્ટિએ કલ્પેલા સ્વતંત્ર કીર્તિવંત ભારત માટે ઊમરાતા ઉત્સાહનું તથા માનવતાના પ્રેમનું કોમળ ભાવસભર વા ઉલ્લોલ સાહિત્યકૃતિરૂપ અવતરણ કરવામાં ઉપકારક થાય. મહાન રાજકીય પ્રવૃત્તિનો યુગ (૧૯૨૦–૧૯૪૮) કૌતુકરાગી આવેગ વિના અને પ્રાણ-દાયી તત્ત્વવિચારણા વિના સંભવતો નથી. વળી એ જ યુગ પર અનુત્સાહ અને ભ્રમનિરાસનાં વહેણના પણ ઊંડા આંક પડેલા છે. એ યુગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યમાં સંવિધાનકૌશલ્ય, સુઘડતા ને સરળ હથોટી જણાય છે, તરંગલીલાની ને કસબકારીગરીની કમીના નથી, પણ ઉત્તમ કવિઓને બ કરતાં કલ્પનાશક્તિની તથા ઊર્મિસત્ત્વની ઊણપ વર્તાય છે અને માનવપ્રેમ પણ ઘણી વાર તાણી મેળવેલો જણાય છે.

નર્મદયુગની કવિતામાં પ્રેમ પ્રકૃતિ ને સ્વદેશપ્રીતિનાં કાવ્યોમાં કૌતુકરાગિતાના ભણકારા અલબત્ત છે, પણ તેમાંની ઊર્મિ–'લાગ-ણીનો જોસ્સો'- બહુધા બનાવટી તાત્કાલિક મુદ્રારૂપ હોય છે. નર્મદ અને તેના સમકાલીનો પર મહાન અંગ્રેજી કૌતુકરાગીઓની અસર થઈ નથી. એઓ તો અઢારમી સદીના થોમ્સન, જ્હૉન્સન અને ગોલ્ડસ્મિથના પ્રભાવ તળે હતા; અંગ્રેજી સાહિત્યનાં કૌતુકરાગિતાનાં વિકસિત પુષ્પનો પરાગ એ પામ્યા નથી. નર્મદ અને નવલરામ બંનેએ પોતાના કાવ્યતત્ત્વવિચારના પાયા તરીકે ભારતીય રસસિદ્ધાંત અને હેઝ્લિટનાં કાવ્યલક્ષી મન્તવ્યોનો સ્વીકાર કરેલો, પણ તેમને તે અધૂરાં સમજેલા ને પચાવેલાં તો બિલકુલ નહિ. પરિણામે, નર્મદ તેમ જ નવલરામ બન્નેની વિચારણામાં હેઝ્લિટને અભિમત 'પૅશન' માત્ર જોસ્સો, કેટલીક વાર તો શાબ્દિક જોસ્સો જ બની રહે છે, અને કલ્પનાશક્તિ—ચિત્ર વા ભાવ, પ્રસંગ વા પાત્ર, કોઈ પ્રકા-રના કવિતાગત સર્જનની પ્રાણભૂત શક્તિ—તેને બદલે માત્ર ચિત્ર ઘડનારી શક્તિ હોય એમ અનેક વાર માનેલું છે. નર્મદની વિચારણા નવલરામે સુધારી છે. નવલરામને મતે માનવપ્રકૃતિ સહિત સર્વ પ્રકૃ-તિમાં કવિતા અંતર્ગત છે; પ્રકૃતિ રસનું અવ્યક્ત જગત છે, અને તે જગતની અનુકૃતિ—તેની વ્યક્ત આકૃતિ, યોગ્ય શબ્દોએ સર્જેલું તેનું ચિત્રણ–તે કવિતા છે.*

---

* "સ્વયંપ્રકાશ સાચા દિલનો જુસ્સો...કવિતાનો આત્મા છે."
—નવલગ્રંથાવલિ (તારણ) —પૃ. ૬૦૬

"ગમે તે મનોવિકારનું પૂર્ણ બળથી પ્રગટ થવું તે રસ. સંસારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્રે લક્ષમાં લેવાનું એ છે કે કવિના અંગગત અને વ્યક્તિ-વિશિષ્ટ ભાવ પરથી ઉદ્ભવીને ભાવની સર્વસ્પર્શિતા ને બાહ્ય વસ્તુ-જગત પર ભાર નવલરામે મૂકયો છે. આવો સિદ્ધાંત કૌતુકરાગી કવિતા નિપજાવવામાં ખરેખર પોષક ન નીવડે.

એથી જ ૧૮૮૫ થી ૧૯૧૫ ના સમયને આપણે ખરા કૌતુકરાગી યુગ તરીકે ગણવો જોઈએ. વિદ્યાપીઠના ઘડેલા સુશિક્ષિતો તથા પુનરુત્થાનવાંચ્છુઓનો એ સમય હતો. વિવેકાનંદ, રાનડે, સ્વામી દયાનંદ, થિયોસૉફિકલ સોસાઇટી, મણિલાલ નભુભાઈ અને ગોવર્ધનરામની અસર હેઠળ હિંદુત્વ તરફ, હિંદુ રહેણીકરણી ને વિચારસરણિ તરફ પ્રતિગમન તે એ યુગનું લક્ષણ હતું. ખ્રિસ્તીધર્માભિમુખ વલણો માંથી અને યુરોપની ભભકમાંથી ધીરે ધીરે, અને પ્રાર્થનાસમાજીઓ તથા મણિશંકર ભટ્ટ (૧૮૬૭–૧૯૨૩)ના જીવન અને કૃતિરૂપ તુમુલ આંતરિક સંઘર્ષ પછી જ, થવા માંડેલ પરાવર્તનની પરાકાષ્ઠા પહોંચી ગોવર્ધનરામે (૧૮૫૫–૧૯૦૭) 'સરસ્વતીચંદ્ર'માં જેની પ્રક્રિયા યોજી તે સમન્વયમાં. ગોવર્ધનરામની એ મહાન કૃતિ અર્વાચીન ભારતીય સાહિત્યોમાં એક શિરોમણિ ગ્રંથ છે. તત્કાલીન હિંદુ જીવન, જેવું હતું તેવું, તેનાં સૌ પાપપુણ્યો સમેત પણ કેવું સૌંદર્ય ધરાવતું હતું તે તેમણે દર્શાવ્યું. તે જીવનને સમજવા અર્થે યોગ્ય રસવૃત્તિ તેમજ ઐતિહાસિક દૃષ્ટિ ગોવર્ધનરામે પૂરી પાડી: સૌ સ્વદેશહિતૈષીઓએ

તે મનોવિકાર વિવેકથી, રીતભાતથી, પ્રસંગની ખામીથી, અથવા બીજા મનોવિકારથી બરાબર પુષ્ટિ પામતો નથી.''

—નવલગ્રંથાવલિ (તારણ) —પૃ. ૨૬૨

''જે અર્થ આપણા મનમાં ચિત્ર પડી નાના પ્રકારની લાગણીઓ ઉપર અસર કરે છે તે કવિતા અને એ ચિત્રની સાચાઈ અને સંપૂર્ણતા ઉપરથી કવિતાના ક્રમ બંધાય છે. કુદરત અગર માયાના સ્વરૂપનું ખરેખરું પૂર્ણ ચિત્ર તે ઉત્તમ કવિતા.''

—નવલગ્રંથાવલિ (તારણ)—પૃ. ૧૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ, રાજકારણ ને સમાજનાં ક્ષેત્રોમાં કયા આદર્શને પહોંચવા કેવી સાધનપ્રક્રિયાથી કાર્યપરાયણ થવું તેનો ખ્યાલ પણ તેમણે બાંધી આપ્યો. ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ, દાદાભાઇ નવરોજી, અરવિંદ ઘોષ, ટીળક અને ઍની બેસંટની અસરને પરિણામે રાષ્ટ્રધર્મ અને 'સ્વદેશી' ધર્મ હિંદી મનુષ્યોના માનસને ગતિ ને દિશા અર્પતા હતા, ત્યાં છેલ્લે આવ્યા મહાત્મા ગાંધી (૧૮૬૯–૧૯૪૮). એમની પાસે ઉદાત્ત માનવ-પ્રેમ હતો, જીવનનાં પ્રાથમિક મંગલોનું સ્પષ્ટ દર્શન હતું, અણનમ કૃતિનિશ્ચય હતો, અનન્યસાધારણ હિંમત હતી, અને વેગદાયી છતાં નિઃસ્વાર્થ ને અહિંસક કર્મયોગ અર્થે લગભગ સંપૂર્ણ કરણતંત્ર પણ તેમણે ઉપજાવ્યું હતું. મુસ્લિમ તથા ખ્રિસ્તી સાથે કામ પાડવાને તથા તેમની આક્રમક વૃત્તિઓની અપકારકતાનું શમન કરવાને વિવેકાનંદ દ્વારા કરતાં બલવત્તર માર્ગ હિંદુ સમન્વયે ગાંધીજી દ્વારા મેળવ્યો; ને પરિણામે હવે હિંદુ સમન્વયનો અર્થ જ એવી ખાતરી થયો કે હિંદુ માફક ખ્રિસ્તી કે મુસ્લિમ પણ તેટલો જ રાષ્ટ્રપ્રેમી થઈ શકે. અને નિઃશંક, હરિજનનો પુનર્જન્મ પણ એ જ પુણ્ય માર્ગે થઈ ગયો.

ગઈ સદીના આઠમા ને નવમા દસકામાં દરેક હિન્દુ ગ્રેજ્યુએટ શેક્સ્પિયર અને પાલ્ગ્રેવસંપાદિત ગોલ્ડન ટ્રેઝરી [ગ્રં. ૪] ઉપરાંત બર્ક કાલિદાસ બાણ અને ભવભૂતિનો પણ અભ્યાસ કરતો. ૧૮૮૫–૧૯૧૫ના ગુજરાતી સાહિત્યમાં સર્વત્ર કૌતુકરાગી ભાવોની આછી-ઘેરી છાયા દેખાય છે તેના મૂળમાં મોટે ભાગે વર્ડ્ઝવર્થ, શેલી, બાણ ને ભવભૂતિ આવેલા છે. તેમણે આપણા સાક્ષરોની કલ્પનાને પ્રદીપ્ત કરી અને તેમનાં હૈયાંને હેલે ચઢાવ્યાં. ઓગણીસમી સદીમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને વ્યક્તિમત્તાના વિકાસ પર ભાર મૂકનાર અંગ્રેજી ઉદાર-મતવાદને પણ એ સાક્ષરો પામ્યા. ખ્રિસ્તી ધર્મ તેમ જ તે સદીનાં વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનમાં અંતર્ગત એવો એ ધર્મનો પડકાર, બંનેનો એમને સીધો જાતઅભ્યાસ કરવા મળ્યો. વ્યક્તિજીવનું ખ્રિસ્તી–ધર્માલિમત અમરત્વ અને સ્વીકૃતમોક્ષની વિચારણામાં છે તેવી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમરત્વની વિવેચનાએ મણિશંકર ભટ્ટ તથા કલાપીની સંવિત્તિને —હૃદય તથા બુદ્ધિને ઊંડે સુધી હલાવી મૂકી. સ્પિનોઝા, હેગલ, સ્પેન્સર અને મિલના તત્ત્વજ્ઞાને આપણા નવીન પંડિતો પર બળવાન અસર ઉપજાવી.

ભારતીય ગ્રંથમણિઓ તથા વેદાન્તમીમાંસાનો તેમના પ્રશંસક ભાષાન્તરકારો અને ભાષ્યકારોદ્વારા અભિનવ અભ્યાસ થયો; તથા યુરોપીય વિચારણા અને સાહિત્યસર્જનનું આખું નવું જગત તેમની સમક્ષ ઊઘડ્યું. પહેલાં કોઈ વાર નહિ અનુભવેલો એવો બૌદ્ધિક ઉલ્લાસ વર્તી રહ્યો ને ગુજરાતીઓની કલ્પનાને વિવિધ દિશાઓમાં વેગ મળ્યો. સામાજિક તથા રાજકીય નવરચનાઓના પ્રગલ્ભ ખ્યાલોથી, નૈતિક વિશુદ્ધિની ચીવટથી, રસાનન્દનાં તથા ધાર્મિક ને આધ્યાત્મિક અનુભવોનાં નવાં ક્ષેત્રોથી એ કલ્પનાનું જગત ભર્યું–ભર્યું બન્યું. મનુષ્યપ્રયત્નનો હેતુ વ્યક્તિગત જીવનને સમૃદ્ધ છલાછલ ને અનશુદ્ધ બનાવવાનો છે એમ ઠર્યું; તે અર્થે વ્યક્તિજીવન સ્વતંત્ર હોવું જોઈએ ને તેના સંરક્ષણના હેતુથી સામાજિક વ્યવસ્થા યોજાઈ છે એમ ગણાયું. જેમણે શેક્સ્પિયર ને બાણ, પ્લેટો ને કેન્ટ વાંચ્યા હતા, તેમને કોઈ પણ ભાવનાની અત્યન્ત ઉન્નતતા સંમૂઢ કરે એમ ન હતી; કોઈ પણ તરંગની અતિશય સૂક્ષ્મતા કે સુકુમારતા તેમને મન દુર્બોધ નહોતી. પ્લેટોકીય ભાવનાઓ તો ત્યારે હવામાં હતી; દૃશ્ય જગતના પાયારૂપ એ ગણાતી. જીવનનું તત્ત્વ યોગ્ય રીતે પામવું હોય તો માણસે તે ભાવનાઓમાં લીન થવું જોઈએ. એ ભાવનાઓ જ કવિઓનાં આશા ને સ્વપ્ન બની હતી. તેમાં જ કવિઓ રાચતા હતાઃ

"મર્ત્ય જીવને થતા કઠોર શોર લોલ,
તે શમાવી ગાઉં અનુપ ગાન,
ઉચ્ચ તાનમાં રે લોલ;
હામ હામ ચાલું ગીત રેઽતી રે લોલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વમોહનીનું બીન બેસુરું રે લોલ
મૂક થાય, જ્યાં તણાય તાન
દિવ્ય વાદ્યનાં રે લોલ;
મનુજ લોકમાં હું એમ બેલતી રે લોલ."*

"સ્થાયી સૌન્દર્યની મૂર્તિ ગ્રહતાં ન જશે ખશી;
દિવ્ય એ **ભાવનાસૃષ્ટિ** અહીંયાં નિત્ય છે વશી."[૧]
"સૌન્દર્યો પામતા પહેલાં સૌન્દર્ય બનવું પડે."[૨]

ગોવર્ધનરામની નવલકથાનો નાયક સરસ્વતીચંદ્ર તે યુગની વિદ્યા, સંવિત્તિ તથા આકાંક્ષાઓનું જીવન્ત પ્રતીક છે. બુદ્ધદેવને આદર્શ ગણી તેમની માફક એ સ્વપ્નમાં બોલી ઊઠે છે:

"Oh summoning stars! I come! Oh mournful earth!
For thee and thine, I lay aside my youth,
My throne, my joys, my golden days, my nights,
My happy palace—and thy arms, sweet Queen
Harder to put aside than all the rest!"

સરસ્વતીચંદ્રના ત્રીજા ગ્રંથની પ્રસ્તાવનામાં ગોવર્ધનરામ તત્કાલીન વ્યગ્રવ્યસ્ત મનોદશાને શબ્દસ્થ કરે છે. તેઓ કહે છે કે કોઈ પુરાણા શાંત નિવૃત્તિપરાયણ ઋષિના શરીરમાં મારા આત્માનો અવતાર થાય એવી ઇચ્છા કરવા હું લલચાઉં છું. પણ ત્યાં જ એ

---

* નરસિંહરાવ: "નૂપુરઝંકાર"—'દિવ્ય આશા'
૧ નરસિંહરાવ : "નૂપુરઝંકાર"—'ભાવનાસૃષ્ટિ'
૨ કલાપી : "કેકારવ"—'શિકારીને'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમેરે છે કે કલાકાર માટે ઐહિક જગત દોષમય હોવા કરતાં વિશેષે તો, દોષ કરતું છતાં પણ સૌન્દર્યનું વિસ્તરતું દૃશ્ય જ છે. પોતાની કૃતિની તર્કશુદ્ધિ પૂરતું નહિ પણ તેના સૌન્દર્યની વૃદ્ધિ કરવાના હેતુથી, પોતે જે દૃશ્યોનું ચિત્રણ કરે છે તેમની સુંદરતા વર્ધમાન થાય તે માટે જ પોતાની આધ્યાત્મિક સમૃદ્ધિનું અહીં નિયોજન કરવાનું છે. સમસ્ત ચંચલ વસ્તુજગતને અવગણીને શાંતિનું ચિત્ર આપે એવું ઐહિક સ્થળ તો એક જ છે—કલા અને કવિતા.

"વિશ્વનાં ઉંડાણમાં
ગાજતું સંગીત જે,
કવિજનો છાના સૂણે
જગજન સૂણે શી રીત એ?' *

આ પંક્તિઓમાં ગોવર્ધનયુગના સાક્ષરોની પ્રેરક ચાલક ભાવનાઓનું ને તેમના જીવનકાર્યનું દર્શન થાય છે. તત્ત્વતઃ એ યુગ આદર્શપ્રધાન અને કૌતુકરાગી હતો. વાસ્તવિક સ્થિતિના કારાગૃહમાંથી ભાગીને તે પાર સૌંદર્ય તથા સત્યની શોધ એણે આદરી, અને દૂરતમનાં કલ્પિત દૃશ્યો પર એની નજર ઠરી. ગોવર્ધનરામનું 'સાક્ષરજીવન' ચિંતનાત્મક ગદ્યનો ગ્રંથમણિ છે, તેમાં તેમણે સાક્ષરનું, સાચા **બ્રાહ્મણ**નું કર્તવ્ય સ્પષ્ટતાથી આલેખ્યું છે.

'સરસ્વતીની માત્ર દ્વારપાલિની—સ્થાને અન્નપૂર્ણા રૂપે જ લક્ષ્મીની પૂજ્ય સાક્ષરોને ઉચિત છે, સંભાવ્ય છે, અને ધર્મ્ય છે. સાક્ષરો જ્યારે લક્ષ્મીનું વધારે પરિમાણ કરે ત્યારે તો પરિક્રમણ કોઈ અન્ય પ્રયોજનથી પ્રયુક્ત ન હોય તો અધર્મ્ય ગણવું જોઈએ. સરસ્વતીના સહવાસમાં આવી, પાઠશાળાઓમાં અને વિદ્વાનોની વચ્ચે રહી, તેમના સુઘડ સૂક્ષ્મ ઉચ્ચ સંસ્કારો પામી, સંસ્કૃત અને ઇંગ્રેજ મહાત્માઓના લેખ—સરોવરોમાં દિવ્ય સ્નાન કરી, અનેક અનુભવવાળા અને દૂરદર્શી વિદ્વાનોની ચિન્તાઓએ ચતુરતાથી

* નરસિંહરાવ : "નૂપુરઝંકાર"—'ગૂઢ દર્શન'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચેલાં પરીક્ષાયંત્રોમાં મહાકષ્ટથી અને મહાતપથી સિદ્ધ થઈ એ દેવીનો મહાપ્રસાદ લેવાનો અધિકાર પામી, તે અધિકાર પામનાર વર્ગને શિર શું કંઈ નવું ધર્મબંધન અને નવો રસાભિલાષ પ્રાપ્ત થતાં નથી? શું સરસ્વતીદેવીના સ્વરૂપમાં, ગાનમાં અને આત્મામાં આ સાક્ષરોને મોહ પામવાનું કારણ મળતું નથી અથવા મળે છે તો પણ ઊપરભૂમિમાં પડેલા બીજ પેઠે નિષ્ફળ જાય છે? વાંચનાર, જો તું સાક્ષર હોય તો આ પ્રશ્ન તારા હૃદયને અવશ્ય પૂછજે અને તેનો ઉત્તર તારી વિદ્યા તને દેઈ શકે તેમાં માત્ર સાધનભૂત થવાને જ આ લેખ લખવા પ્રયત્ન કરેલો છે. નક્કી, તારામાં તારા મનુષ્યભાગનો ઉદય એટલો તો થયો હશે કે આત્મકલ્યાણ અને લોકકલ્યાણની વૃત્તિની છાયાનો તું કેવળ અપરિચિત નહિ હોય, શરીરધર્મ ઉપરાંત કંઈ પણ તારા "પરમ-સુખ" "પરમાનન્દ," અથવા summum bonumની મુદ્રા તારા હૃદયમાં ન જ પડે એમ છેક નહીં હોય. જો તારે વિશે આ લેખકની આટલી કલ્પના કંઈક પણ અંશે સત્ય હશે તો તને તારી પોતાની બુદ્ધિ પ્રમાણે કંઈ પણ ઉચ્ચતર ઉચ્ચગ્રાહ–Ideal– જડી જશે, કંઈ પણ નવી કર્તવ્યતા—line of duty—સૂઝશે, અને તું આસ્તિક હોઈશ કે નાસ્તિક તોપણ તારી બુદ્ધિમાં કોઈક નવું ધર્મતન્ત્ર ખડું થશે અને લક્ષ્મીદેવીનું પરિક્રમણ ત્યજાવી તને કોઈક નવીન દિશામાં પ્રેરશે. એ નવી દિશા પ્રવૃત્તિના પ્રવાહમાં ન ભળશે તો પણ તે લોકકલ્યાણની સાધક થશે. તે પ્રવાહમાં ન ભળતાં એ દિશા નિવૃત્તિમાં લય પામશે તો તો તું સાક્ષરજીવનને જ પામશે. તું આમ પ્રવૃત્તિમાં પડે કે નિવૃત્તિમાં તે તારી ભક્તિની શક્તિવૃત્તિની વાત છે. આ લેખકને તે ઉભય પરિણામ ઇષ્ટ અને અભિનંદનીય છે."*

---

*ગોવર્ધનરામઃ 'સાક્ષરજીવન'— પૃ. ૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની પ્રિય પુત્રી યુવાવસ્થામાં અવસાન પામી તે પ્રસંગને અનુલક્ષીને ગોવર્ધનરામે લખેલી આ પંક્તિઓ જુઓ :

મલકાતી લીલાવતી ત્યાં જ ઊભી રહી કૂહેતી "આ જ પરલોક !"
કહી કરતી અગ્નિપ્રવેશ, ગાતી ઊંડું "પિતા કરો શો શોક ?"

એ હુતાશનીમાં જ્વલતી,
નિર્વિકલ્પ સાથે ભળતી,
અવ્યક્ત ગાન કંઈ કરતી,

એ રાખ-ખાખ થઈ જતી, વિશ્વની રાખ માંહી એ ભળતી,
મને સાન કરી, કરી ગાન, બતાવી સ્વધામ, દૃષ્ટિથી ખસતી.

મુજ ભરાઈ રાખથી આંખ,
થઈ ગયું વિશ્વ સઉ ખાખ
પડી કપાઇ આંખની પાંખ
અંધારું એકાકાર
સઉ પાસ થયું ખહું આમ;

ત્યાં ઊભી સુવર્ણમસાલ હાથમાં લઈ લીલાવતી મ્હારી,
મને વાટ બતાવતી, રમ્ય તેજ ત્યાં નાંખી.

એ ઐહિક માર્ગ બતાવે,
પરલોક—નિસરણિ ચ્હડાવે,
નવી યોગ-દૃષ્ટિ ઉઘડાવે,
નવું ભાન જૂનામાં આપે,

એ ભસ્મરાશિમાં નવી વિભૂતિ બતાવી, લીલાવતી ઊભી;
કૂહે "તાત ! ધરો નવું ભાન, નયન-સંસાર સમૂલક ભૂલી !"*

ડૅન્ટિ, શેલી અને વેદાન્ત ત્રણે મેળવીને આમ ગોવર્ધનરામે એક નાજુક ચિત્ર સર્જ્યું છે. તેમાં વેદાન્તનું તત્ત્વજ્ઞાન સ્વજનશોકનું હૃદય-

* ગોવર્ધનરામ : 'લીલાવતી જીવનકલા'– પૃ. ૧૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેદક કાવ્યસ્વરૂપ ધરે છે. તત્ત્વજ્ઞાનમાંથી જન્મેલ આર્ષ દર્શન અને બલવતી ભાવાવસ્થિતિ અહીં મળીને એવાં એકરૂપ થયાં છે કે તેવાં કદી પહેલાં ગુજરાતી કવિતામાં થયાં ન હતાં. મણિલાલ નભુભાઈનાં કાવ્યોમાં તેમ જ તેમની નવલકથા 'ગુલાબસિંહ'માં તથા મણિશંકર ભટ્ટનાં કાવ્યો અને ભજનોમાં તત્ત્વવિષયક ભાવના જીવનના ઉચ્ચતમ મંગલના રૂપમાં પલટાઈને જુદી જુદી રીતે સર્જક તત્ત્વ બને છે. નરસિંહરાવમાં સર્વત્ર અને કલાપીમાં પણ ઘણી વાર એ તત્ત્વવિષયક ભાવનાની હાજરી વર્તાય છે. રમણભાઈ (૧૮૬૮–૧૯૨૮) પ્રાર્થના સમાજની આસ્થાને તર્કશુદ્ધ કરવાના યત્ન દરમિયાન સ્વતંત્ર તત્ત્વવિચારણા યોજે છે. વર્ડ્ઝવર્થનાં પ્રબળ સંસ્મરણો તજ્જ્ઞ વાચકમાં જગાડે એવી રીતે નરસિંહરાવ અને કલાપીનાં પ્રકૃતિકાવ્યોમાં વિશ્વ સાથે મનુષ્યના ઐક્યસંબંધનું અભિનવ સાનંદાશ્ચર્ય અનાવરણ થાય છે :

> "ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ,
> અરીસો તેનો આ જનહૃદયની લાગણી વળી;
>
> પ્રતિ સૃષ્ટિલીલા કશી જનસ્થિતિનો પ્રતિધ્વનિ,
> મનુષ્યોની સાથે કુદરત બની ગ્રન્થિત નકી.
>
> લૂખી ઉદ્ભિદ્‌વિદ્યા, સૂકી સૂકી વળી ઔષધિ બધી
> જહીં સુધી તેની કૃતિ જનસ્વભાવે નવ મળી;
>
> અહીં આ ઊગે, ને તરુ વળી તહીં આ ન ઊગતું
> કવિતા વિના એ મુજ દિલ ગણે શુષ્ક સઘળું."*

પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચે પાયાનું ઐક્ય છે, અને પ્રકૃતિજ્ઞાનનું અંતસ્તત્ત્વ મનુષ્યના આંતર જીવન પર

---

* કલાપી : "કેકારવ"—'મનુષ્ય અને કુદરત'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસર કરે જ–એ અંતસ્તત્ત્વ અવશ્ય પ્રજ્ઞા અને કવિતા બને. તેથી જ કોકિલની ગાનનદી સાંભળી નરસિંહરાવ આનંદાવેશમાં આવે છે:

"ચાલો પ્રિય! સુણિયે એ મીઠી,
મેં મધુરી ગાનનદી દીઠી,
ચળકંતી ચાલે જે પેલા ચંદમાં રે,
ગાતી છંદમાં રે;
વ્હાલી સાંભળ પેલી કોયલડી તરુવૃન્દમાં રે."

વિશાળ કલ્પનાશ્રયી તીવ્ર સંવેદનશીલતામાં, ઊર્મિઓ તથા ભાવોનાં સર્વ ચક્રપ્રતિચક્રોના ચિત્રણમાં મહાન 'સરસ્વતીચંદ્ર'ને ટપી જાય એવું કશું નથી. આ લક્ષણ થોડેવ-તે અંશે તે સમયના આગળ પડતા બધા લેખકોમાં છે. પ્રજ્ઞા તથા વિદ્યા સૌને કાલ્પનિક ભાવસંવેદનના કાર્યમાં તેઓ જોતરી લેતા.

સર્જનનું આ સઘળું ક્ષેત્ર તત્કાલીન સાહિત્યની કૌતુકરાગી ભૂમિ બતાવે છે. એમાં સમાય છે અભિનવ અનુભવનો અહોભાવ, પ્રકૃતિ સાથે મનુષ્યનો ઐક્યભાવ, વાસ્તવિક જીવનના આભ્યંતરની સમજ, જીવનનાં પ્રાથમિક મૂલ્યો સ્થાપતી નવી તત્ત્વવિચારણા, સામાન્યત: સખત સંકુચિત હિંદુ જીવનના સૌંદર્યનું અનાવરણ, ભૂતકાળનું સ્વપ્ન અને ભવિષ્યનું આર્ષદર્શન. આ સૌ છતાં તે પાયો ભાગ્યે જ ક્રાન્તિકારી ગણાય. ક્રાન્તિકર થવા કલાપી અને કાન્તમાં પ્રયત્ન દેખાય છે, પણ તે વ્યર્થ. કલાપી મધ્યયુગીન કાઠિયાવાડમાં બ્રિટિશ દેખરેખ હેઠળ એક નાનકડા રાજવી હતા—ઈટલીવાસી કે ઇંગ્લંડ-વતની બાયરન જેવા ન હતા. કાન્ત એવા કુટુંબરત હતા કે ધર્મપરિવર્તનમાં થતી આંતર વેદના શૌર્યથી સહન કરવા માટે શક્તિ તેમનામાં ન જ હોય. સમાજ આખો જ્ઞાતિશાસિત, પ્રણા-લિકાબદ્ધ, સદંતર સંરક્ષણશીલ હતો. મણિલાલ નભુભાઈ તથા ગોવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનરામને સમાજને સમજાવીને જીવન તથા સત્યની ઊંચી કક્ષાઓએ ચઢાવવાની ઇચ્છા ખરી, પણ તે સારુ લાતાટવાની નહિ. નેતૃત્વનાં ને પેગંબરપણાનાં જે લક્ષણો આપણે વિવેકાનંદ ને ગાંધીજીમાં જોઈએ છીએ તે તેમનામાં ન હતાં. પ્રાર્થના સમાજ પ્રણાલિકા સામે યુધ્ધે ચઢેલી ખરી, પણ માનવ સંબંધો પરત્વે એ તત્ત્વતઃ તો ચોખલિયા હતી. કલાને નામે નીતિના પ્રાથમિક સિદ્ધાંતોની કશી છેડતી પ્રાર્થના સમાજ સાંખે એમ ન હતું. ઈશ્વરની કૃપા ભક્તિ ને સત્કાર્યને માર્ગે જ મેળવી શકાય. સમાજસુધારણાની ગમે તેટલી ધગશ છતાં રમણભાઈ કે નરસિંહરાવ ક્રાન્તિકર બને એમ ન હતું. એ સૌ 'ફ્રેન્ચ રેવોલ્યૂશન' ભણેલા તો સાથે રોમનો ઇતિહાસ અને બ્રિટિશ બંધારણનો વિકાસ પણ ભણેલા; બાણ ને શેલી ભણેલા તો સાથે કાલિદાસ ને ઉત્તર વર્ડ્ઝવર્થ પણ ભણેલા. આ રીતે, ગુજરાતની કૌતુકરાગિતા એટલે જીવનના, મનુષ્યવ્યક્તિ ને મનુષ્યસમાજની કૃતિના હેતુઓના, ઊંડેરા ને ભર્યાભર્યા ભાનરૂપે ગુજરાતી સંવિત્ની ઉદ્ભૂતિ. નર્મદાશંકરમાં તથા પરદેશી સૂફીવાદ ધારણ કરનાર બાળાશંકરમાં કૌતુકરાગી ઓળા પડે છે તે બાદ કરતાં આ કૌતુકરાગિતા સર્વત્ર પવિત્રતાની છાપવાળી છે. નાનાલાલનાં કવિત્વમય નાટકોમાં છેવટે એની પરકાષ્ઠા આવે છે.

પોતાની ઊછળતી તરંગસૃષ્ટિને યોગ્ય સાહિત્યરૂપો અને ભાષા આ લેખકોએ ઘડ્યાં. સરસ્વતીચંદ્રનું સંવિધાન મનુષ્યકૃત સ્થાપત્યનું નથી, પણ ગિરનાર જેવું અબદ્ધ ને ઉચ્ચ, શિખર પર શિખર એક પછી એક ઝઝૂમતાં હોય તેવું, જીવનવૈવિધ્યનાં તટપ્રદેશો તથા ઘાસવાળું છે. એની ભાષાનો મહાકાય પ્રતિઘોષમય પ્રવાહ એક વાર મેકોલેનું, તો એક વાર રસ્કિન કે કાર્લાઇલનું, ને વળી સર ટૉમસ બ્રાઉનનું સ્મરણ કરાવે છે. નાનાલાલની (૧૮૭૭–૧૯૪૬) પ્રતિભાને એવું એક લયરૂપ મળી આવ્યું કે તેમાં તેમની ભાષાનું સમપદે સ્વતંત્રતાથી વહન થતું, અને માત્ર કલ્પનાભૂમિ પર એમના ઊર્મિલ કવિત્વમય નાટકોનું રંગાવતરણ ઉત્તમ ઇષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતું. ઊર્મિકાવ્ય તથા ઊર્મિલસિત વૃત્તાન્તકાવ્ય અર્થે અનુનેય માધ્યમની શોધમાં નવીન છન્દો ને છન્દમિશ્રણો એ સૌએ ઉપજાવ્યાં, ભાષા નવસૌન્દર્યને પામી : નરસિંહરાવ ને મણિશંકરમાં સ્વરૂપવાન, કલાપીમાં સરળ અને સહજ, નાનાલાલમાં મનોહર અને ગોવર્ધનરામમાં ઉન્નતભવ્ય. નરસિંહરાવ અને મણિશંકરે પોતાનાં ઘણાં કાવ્યોમાં અનશુદ્ધ, સંયમિત તથા રૂપદૃષ્ટિએ સંવાદી રહેવા પ્રયત્ન કરેલો, અને કાવ્યવસ્તુના વિનિયોગમાં તેઓ સૌષ્ઠવપરાયણ લાગે છે. પરંતુ તેમનું વસ્તુ—તેમનો કાવ્યવિષય તથા તેનો દેહ ઘડનાર કલ્પના-સૃષ્ટિ—કૌતુકરાગી છે : જ્યાં તેઓ સૌષ્ઠવરાગી જણાય છે ત્યાં સહેતુક પસંદગીથી તેમ થયા છે—સાહજિક વલણોના બળથી નહિ. એ સૌષ્ઠવરાગી શૈલીએ તેના નાવીન્યમાત્રના બળે તેમને આકર્ષેલા. તેમાં દિવેટિયા તો ભાષાપંડિત લેખે એવા અતિશય ચીવટવાળા હતા કે અન્યથા લખતાં પણ તેમનાથી નિર્બન્ધ લખાય નહિ. કદાચ એમ પણ હોય કે કાન્ત, વા દિવેટિયા, કોઈને અવશ કરતી પ્રતિભા ન હતી.

(૨)

આ સાહિત્યપ્રવાહ પરત્વે ગુજરાતી વિવેચનનું વલણ કેવું હતું તે હવે જોઈએ. કવિ, વિવેચક, ફિલસૂફ, વૈજ્ઞાનિક, અર્થાત્ જીવનક્રમનો સાક્ષી બની એના સત્યનું ઊંડાણ પામવા માટે નિર્લેપ નિઃસ્વાર્થ તથા સ્વતંત્ર રહી એ ક્રમનો નિદિધ્યાસ કરનાર હરકોઈ પંડિતબુદ્ધિ પુરુષ, એને ગોવર્ધનરામ સાક્ષર કહેતા: "પ્રવાહ, તટ અને પ્રવાહનો ગુણાનુરાગી સાક્ષી એ ત્રિપુટીના સંયોગથી સાક્ષર જીવન આવિર્ભાવ પામે છે. એ સંયોગવાળું જીવન એ જ સાક્ષરજીવન, એ જ contemplative life, એ જ literary life, એ જ philosopher's seclusion, એ જ scientific mennની laboratory-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંનું જીવન, એ જ ઘટપટથી ભરેલી કોટડીમાં નૈયાયિકનું જીવન, એ જ યોગીઓનો યોગ અને એ જ વેદાન્તનું સ્વાનુભૂતિ જીવન."*

પ્રતિભાશાળી પુરુષની દૃષ્ટિ વસ્તુને વીંધી પરને પહોંચે છે. અસામાન્ય તીક્ષ્ણતાવાળી વેદનશીલતા તેનું અનોખું લક્ષણ છે. ક્વચિત્ તર્કપ્રક્રિયાદ્વારા એ સૌંદર્યનું દર્શન કરે, પણ મુખ્યત્વે તો સાહજિક જ્ઞાનથી જ. જેને સૌંદર્યનું સાહજિક જ્ઞાન થાય તે 'ચમત્કારદ્રષ્ટા', અને મહાન વૈજ્ઞાનિક તે 'ઉત્સર્ગદ્રષ્ટા.' પ્રકૃતિના સેંદ્રિય બંધારણમાં વૈવિધ્ય ને વ્યક્તિતા વિકસાવવાનું વલણ છે તે એવા પ્રતિભાશાળી પુરુષના અસ્તિત્વથી પ્રતીત થાય છે. સંવેદનપટુત્વ એ એની સર્જક પ્રતિભાનું પ્રાણભૂત તત્ત્વ છે. આદર્શ ધર્મની શોધના પ્રયાણમાં આવશ્યક પ્રેરક બળ એ સંવેદનશીલતાથી મળે છે. "The modest limits of the real world fail to slake his thirst for the delight of beauty, for the raptures of the sublime." બેકનના મૂળ વિચારને ઓગણીસમી સદીના વિવેચકોએ પરિશોધિત કરી આ રીતે દર્શાવ્યો છે. અવસ્થાનુકૃતિમાં હૃદયની ઇચ્છાનુસારના આદર્શ જ મૂર્તિમંત થાય છે, ને હૃદયની ઇચ્છાનો આધાર મોટે ભાગે લેખકના લાગણી-બળ પર છે. વિવેચક પણ સાક્ષર તો છે, પરંતુ સામાન્ય રીતે એ સર્જક પ્રતિભા ધરાવતો હોતો નથી, એની પ્રજ્ઞા નીરક્ષીરનો વિવેક કરે છે, બારીક પૃથક્કરણ વડે લક્ષણો શોધી કાઢે છે, અને પ્રકૃતિસત્યનું દર્શન કરાવતાં હોય તે અનુસાર કર્તાઓ તથા કૃતિ-ઓનું મૂલ્યાંકન કરે છે.

"એ [લક્ષણદ્રષ્ટા] તો પાસે થઈને જતા આવતા પુસ્તકપ્રવાહનાં —તેમના અર્થના અને રસના પ્રવાહનાં તત્ત્વોનું પૃથક્કરણ કરે છે, એ પુસ્તકોમાં લખેલાં લક્ષણો ધરનાર વસ્તુને પુસ્તક બ્હારની

* ગોવર્ધનરામ: "સાક્ષરજીવન"—પૃ. ૬૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્યસૃષ્ટિમાં શોધે છે, અને તેમાં એ લક્ષણોનો આવિર્ભાવ જાણી લે છે. આવી રીતે લક્ષણદ્રષ્ટા પ્રથમ પુસ્તકપ્રવાહ ઉપર દૃષ્ટિ કરી પછી લક્ષ્ય પદાર્થ ઉપર દૃષ્ટિ નાખે છે. મહાત્માઓનાં વાક્યોના બોધની યથાર્થતા તેઓ, શ્રવણ મનન આદિ સર્વ ક્રિયાઓથી અથવા દેશકાળ પ્રમાણે તેના જેવી જ બીજી ક્રિયાઓથી, ગ્રહી લે છે અને પ્રક્રિયાથી ઉદ્‌ભૂત થએલી નવી સૃષ્ટિને આ ચર્મચક્ષુગોચર સૃષ્ટિના જીવરૂપે સ્ફુરતી આ લક્ષણદ્રષ્ટાઓ દેખે છે—તેના સાક્ષી થાય છે. દેખીતા સંસારના પ્રવાહ નીચે આવી રીતે લક્ષણદૃષ્ટિથી નવા પ્રવાહો ગોચર થાય છે. લક્ષણદ્રષ્ટા પ્રથમ લક્ષણ જોઈ લે, પછી તેનું વિષયભૂત લક્ષ્ય જુવે અને અંતે લક્ષણ વડે લક્ષ્યને સંસ્કારી કરે."*

જો એ પૃથક્કરણપરાયણ વિવેચક હશે તો ગોવર્ધનરામની પરિભાષામાં તે 'લક્ષણદ્રષ્ટા' થવાનો; જો એ સૌંદર્યનું સાહજિક સમસ્ત દર્શન કરનાર હશે તો તે 'લક્ષ્યદ્રષ્ટા' થવાનો. કલાકારનું તેમનું નીચેનું વર્ણન રસજ્ઞ વિવેચકને પણ લાગુ પડશે :

"કલાભિજ્ઞ બુદ્ધિઓ પણ લક્ષ્ય જોનારી જ છે."

"ચિત્રકાર અને ગાયક, કવિ અને નવલકથાકાર, ઇત્યાદિ વર્ગ લક્ષણદ્રષ્ટા હોય છે પણ ખરા અને નથી પણ હોતા, પણ તેઓ કલાભિજ્ઞ તો હોય છે જ. તેમને ઉત્સર્ગમાળાની અપેક્ષા આવશ્યક જ નથી અને એમ અપેક્ષાહીન રહી તેઓ લક્ષ્યદ્રષ્ટા થાય છે ત્યારે લક્ષ્યપ્રવાહના હૃદયરૂપે સ્ફુરતા પણ પ્રાકૃત જનને અદૃશ્ય સૌંદર્યાદિ ચમત્કારોના પ્રવાહનાં પ્રતિબિમ્બના આ દ્રષ્ટાઓ ગ્રાહક બને છે." ×

સાહિત્યનાં રૂપલક્ષણ નહિ, પણ પંડિતબુદ્ધિઓના પ્રકાર અને તેમનાં

---

* ગોવર્ધનરામ : "સાક્ષરજીવન"—પૃ. ૯૫

× ગોવર્ધનરામ : "સાક્ષરજીવન"—પૃ. ૯૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલક્ષણ કાર્યો પાયામાં રાખીને સાહિત્યવિમર્શનો પ્રથમ મૌલિક માર્ગ અહીં ગોવર્ધનરામ દર્શાવે છે. પણ વિવેચનનાં આ મૂળ આપણે સ્વાભાવિક રીતે ધારીએ તેવાં પાંગર્યાં નથી એ આશ્ચર્યકારક છે. આ સમયના મહાન વિચારક મણિલાલ નભુભાઈ સંરક્ષણપરાયણતાના એવા તો ભારે વકીલ થઈ પડેલા કે એમને હાથે નવીન અર્પણ આ ક્ષેત્રમાં થાય તેમ સંભવતું ન હતું. એઓ મોટે ભાગે મમ્મટ અને અન્ય ભારતીય કાવ્યશાસ્ત્રીઓનું અનુસરણ કરે છે, છતાં એ તોંધપાત્ર છે કે એ શાસ્ત્રીઓ પૈકી સૌથી પ્રતિષ્ઠિતોએ કર્યું હતું તેમ મણિલાલ 'ધ્વનિ'ને ઉચ્ચતમ સ્થાને સ્થાપતા નથી. એમને મતે 'ધ્વનિ' કાવ્યનું અગત્યનું તત્ત્વ તો છે જ, પણ તેના વિના ય ઉદ્ગાત્ત કવિતા સંભવે છે: ધ્વનિનું સ્થાન કાવ્યનું વક્તવ્ય, એનું ધીતત્ત્વ, એમાં સમાયેલું જીવનનું પર્યેષણ લઈ શકે. અર્થાત્ કાંઈ મૂલ્યવાન વિચારગર્ભ વિના મહાન કવિતા સંભવતી નથી. પ્રો. બ. ક. ઠાકોર પણ કવિતામાં વિચારગર્ભ માગે છે ને તે જ કારણે કહે છે કે કાવ્ય વસ્તુપરાયણ અને તાદૃશ જોઈએ—આદર્શપરાયણ અને અસ્પષ્ટ નહિ. આ બાબતે મણિલાલ તેમના પુરોગામી છે. એ કહે છે કે તત્ત્વતઃ સા રસાસ્વાદ એકરૂપ છેઃ એની ઉચ્ચાવચતાનું મૂળ જે ઉપાદાનથી કાવ્ય જન્મ્યુ તે છે. * કવિતામાં આથી કરીને લક્ષ્ય જોતાં આદર્શીકરણ ને કાર્ય જોતાં ઉદ્ગાત્તીકરણ હોવાં જોઈએ. કવિપ્રકૃતિની વિલક્ષણતા તથા કવિકાર્યની પવિત્રતા એ સ્વીકારે છે—જેમ વિશાલતર પાયા ઉપર સાક્ષરો સંબંધે ગોવર્ધનરામે કર્યું છે તેમ. અહીં આવા

---

* "કવિની કસોટી રસનિષ્પત્તિમાં છે ખરી પણ અત્રે રસ શબ્દનો અર્થ જરા વિચારપુરઃસર લેવાનો છે. શૃંગાર રસ—રત્યાયી રતિની સંપૂર્ણ જમાવટ થતાં જ, એટલે અમુક હૃદયવાસના જાગૃત કરવાથી જ કવિનું કવિત્વ સિદ્ધ થઇ જતું નથી, એ રસ કેવી રીતે ઉપજાવવામાં આવે છે એ પણ ધ્યાનમાં લેવાની બાબત છે. રસ અર્થાત્ આનંદ સર્વત્ર એક રૂપ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષની લોકોત્તરતા વિવક્ષિત છે. એ પુરુષ પ્રાકૃત ગણથી નિરાળો છે.× એને ઉત્કટ લાગણીવશતા હોય, તીક્ષ્ણ ગ્રહણશક્તિ હોય : ને આદર્શનાં દિવાસ્વપ્નમાં રાચતી પ્રસન્ન બુદ્ધિ હોય. પરંતુ સરાળે જોતાં, થોડા મોડેથી આવનાર કેશવલાલ ધ્રુવની પેઠે મણિલાલ સંરક્ષણપરાયણ સંસ્કૃતવિદ્યાનુરાગી હતા, ને અંગ્રેજીમાંથી પ્રેરણા તથા આદર્શ કૃતિઓ મેળવનાર નવીન કૌતુકરાગી સાહિત્ય પ્રત્યે એમની સહાનુભૂતિ પરિપૂર્ણ ન હતી. સરસ્વતીચંદ્રના પ્રકાશનને એમણે આવકાર્યું ખરું, પણ નરસિંહરાવની કવિતા જોઈ ખેદનો નિસાસો નાખ્યો. રસસિદ્ધાંતનાં ત્રાજવાંએ એ કવિતા ભાગ્યે જ ચઢી શકે એમ મણિલાલ માનતા.

છતાં રમણભાઈએ એ જ ત્રાજવાંએ એને તોળવા પ્રયત્ન કર્યો : નરસિંહરાવનાં કાવ્યોની મણિલાલે કરેલી નિંદા એમનાં જ પ્રમાણોથી અયથાર્થ ઠરાવવા ધાર્યું, ને દર્શાવ્યું કે એ કાવ્યો પ્રશિષ્ટ કાવ્યશાસ્ત્રીઓને અભિમત એવાં સાચાં ધ્વનિકાવ્યો છે. ઉપરચોટિયા વાચકને

એમાં સ્વતઃ ઉચ્ચનીચતા રહી નથી. એ ઉચ્ચનીચતા એનાં કારણોને લઈને થાય છે. કાવ્યમાં અલૌકિક અને વિશુદ્ધ આનન્દ જ આદરણીય છે, અને જે કાવ્ય આ પ્રકારનો આનન્દ આપી શકે છે તે જ સારું ગણાય છે. આ આનંદની અલૌકિકતા અને વિશુદ્ધિનાં સાધનો કવિ પોતાની પ્રતિભા વડે યોજે છે. આ રીતે કાવ્યનું કાવ્યત્વ આનંદવિશેષમાં–આનંદમાં અને એ આનંદની અલૌકિકતા તથા વિશુદ્ધિસાધક પ્રતિભામાં રહેલું છે. આ વિશિષ્ટ આનંદને રસ કહેવામાં આવે તો 'સરસ વાક્ય તે કાવ્ય' એ ઉક્તિ નિર્બાધ છે."

મણિલાલ "સુદર્શન ગદ્યાવલિ"— 'ગીતગોવિન્દ'

× કાવ્ય થવાનું નિમિત્ત અમુક પ્રકારની પ્રકૃતિમાં જ હોય છે. ગમે તેટલા અભ્યાસથી, ગમે તેટલા સાહિત્યસંગ્રહથી, કશાથી એ પ્રકૃતિ આવતી નથી. * * જે મનુષ્યને સ્થૂલની પારનું દર્શન થતું હોય, સ્થૂલની પારની રચના કલ્પનામાં પ્રતીત થઈ જતી હોય, સ્થૂલની પારના સંબંધો ઉપજાવી નવાં વિશ્વ કરવાની શક્તિ સહજ રીતે જ આવેલી હોય, તે વર્ગમાં કવિઓની ગણના થઈ શકે."

સુદર્શન ગ્રંથાવલિ : 'કાવ્ય'— પૃ. ૬૭૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વર્ણનાત્મક કાવ્યો જણાય, પણ વસ્તુતાએ અમુક આલંબન-વિભાવના કલ્પેલાં દૃશ્યોથી ઊપજતા ભાવો વડે એ કાવ્યો ઝણઝણે છે. નરસિંહરાવનાં કેટલાંક ઊર્મિકાવ્યોની રમણભાઈએ શ્રમ લઈ સમીક્ષા કરી, અને પ્રણાલિકાવાદીને સ્વીકૃત પરિભાષાદ્વારા તેમના આલંબનવિભાવ, ઉદ્દીપનવિભાવ, સ્થાયિભાવ, સંચારિભાવ તથા અનુભાવનું પૃથક્કરણ કરી બતાવ્યું. કથાત્મક કવિતા અને નાટક બાદ કરીએ તો, આવો શ્રમ કરવો તે એવું અત્યંત ઝીણવટવાળું ને નર્યું વિદ્યાવિલાસનું કાર્ય છે કે જીવંત વસ્તુરૂપ ભોગ્ય કાવ્ય ઘણી-વાર વીસરી જવાય છે. કોઈ તાત્કાલિક લાગણીનો આવેશ, વાયુ-લહરીની ગતિ, કે કોકિલનો મોહક સ્વર—એવું કાવ્યકારણ હોય તેવાં નાજુક ઊર્મિગીતો સંબંધી રમણભાઈનો આવો પ્રયત્ન તો લગભગ વનસ્પતિવિદ્યાવિષયક પ્રયોગ બની જાય છે. સંભવતઃ રમણભાઈ પણ આ સમજતા, ને તેથી નરસિંહરાવની મૌલિકતા તથા મહત્તા દર્શાવી તેનું સમર્થન કરવા અન્ય ને અચલ ભૂમિકાનો આધાર લેતા. પરિણામે તે તત્ત્વશોધક વિવેચક બનવા પ્રેરાયા, ને એ યુગના કૌતુકરાગી સત્ત્વનું વિવરણ એમણે કર્યું. મમ્મટ ઉપરાંત અભિનવ-ગુપ્તનો એમણે અભ્યાસ કરેલો, તેમ જ બાણ ને એરિસ્ટોટલ ઉપરાંત વર્ડઝવર્થ ને શેલીનો પણ કરેલો.

પ્રશિષ્ટ કાવ્યશાસ્ત્રીઓની માફક મણિલાલ ને ગોવર્ધનરામ બંને, જેના વિના કાવ્ય સંભવતું નથી તે કવિપ્રતિભાની વિલક્ષણતા સ્વીકારે છે; તેમ એ પણ સ્વીકારે છે કે કવિપુરુષ સૂક્ષ્મ સંવેદનશીલતાવાળો હોવો જોઈએ. પરંતુ રમણભાઈ આગળ જઈ ઉમેરે છે કે સાચા કવિમાં ઉત્કટ સ્વગત ઊર્મિ હોવી જોઈએ, ને સાચું કાવ્ય તત્ત્વતઃ ઊર્મિકાવ્ય—રાગધ્વનિકાવ્ય હોય છે. કાવ્યના એક કાર્ય માટે રસ શબ્દ પર્યાપ્ત ગણાય : કૌતુકરાગી ને કથાત્મક એટલે કે પરલક્ષી કાવ્યમાં તથા રાગધ્વનિકાવ્ય એટલે કે સ્વાનુભવરસિક કાવ્યમાં આસ્વાદ પમાય છે તે લક્ષણનું ગ્રહણ રસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દથી થાય છે. પરંતુ સાચું કાવ્ય 'અન્તર્ભાવપ્રેરિત'—કવિના સ્વગત ભાવથી નીપજેલું હોય છે, ને તે દર્શાવવાને 'રસ' કરતાં 'રાગ' શબ્દ વધારે ઉચિત છે. સૌ ઊર્મિજન્ય કવિતા રાગધ્વનિકાવ્ય છે.* અને રાગધ્વનિ કાવ્ય જ ઉત્તમ કવિતાજાતિ છે. આ જ અભિપ્રાય વર્ડ્ઝવર્થ ને શેલી (પણ કોલરિજ નહિ) જેવા ઓગણીસમી સદીના અંગ્રેજ કૌતુકરાગીઓએ દાખવેલો છે, ને પાછળથી ડ્રિંકવોટરે તેજ મતનું પ્રતિપાદન કર્યું છે. ઊપજેલા ભાવનો સ્મૃતિબળે સંગ્રહ તે કાવ્ય એવી વર્ડ્ઝવર્થે કરેલી કવિતાની વ્યાખ્યા રમણભાઈને અભિમત છે. કથનાત્મક કે નાટ્યાત્મક કવિતાનું પણ યથાર્થ મૂલ તો કવિના સ્વકીય સંવેદનમાં છે. પેરેડાઇઝ લોસ્ટ અથવા રામાયણની પ્રારંભિક પ્રેરણા તો કવિભાવમાંથી, કવિવ્યક્તિમાંથી મળેલી છે, ને આપણને દૃષ્ટિગોચર થાય છે તે મહાલયનું શિલ્પ તો પાછળથી કવિની બુદ્ધ તથા કલ્પના (અગર તર્કશક્તિ કે સર્જનશક્તિ) વડે ઘડાયેલું છે. ખરા રાગધ્વનિકાવ્યમાં કારીગરી નહિ જેવી જ હોય છે. પ્રેરણાની પધરામણીઓ જવલ્લે થાય ને અસ્થાયી હોય. તેથી રાગધ્વનિકાવ્ય ટૂંકાં હોય છે. કાવ્યનું હાર્દ —તેનો આત્મા—ભાવોર્મિ શબ્દસ્થ થાય છે તે તો કલામય આવિર્ભાવ અર્થે અનિવાર્ય એવી, સરખામણીએ પ્રસન્ન સ્થિતિ કવિની હોય ત્યારે. કાવ્યનું કલેવર તેના આત્માની તુલ્ય છે. એ છે રાગધ્વનિ કાવ્ય—કવિતાની ઉત્તમ જાતિ.

---

* જેમ લિરિક શબ્દથી સૂચવાય છે તેમ રાગધ્વનિકાવ્ય એ પદથી રમણભાઈ પણ કાવ્યના ગીતમય દેહનું સૂચન કરવા ઇચ્છે છે, એ ધ્યાનમાં રાખવું ઘટે છેઃ

'સંગીતના અર્થની સાથે આ શબ્દ 'હૃદયના ભાવ' એ અર્થનો પણ વાચક છે: Lyricની જ માફક કાંઈક શ્લેષથી અને કાંઇક સ્વભાવથી, વસ્તુસ્થિતિથી 'રાગ' શબ્દમાં 'હૃદય પર અસર' આટલું ગર્ભિત છે માટે જ તેના બે અર્થ થાય છે. તેથી Lyric શબ્દનો અર્થ 'રાગધ્વનિ કાવ્ય' આ શબ્દથી ઘણી સારી રીતે સમજશે.'—"કવિતા અને સાહિત્ય" ભાગ—૧, પૃ. ૨૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કવિનો પૃથક્ સ્વભાવ એ જ કવિતા ઉત્પન્ન કરે છે. કવિના સ્વભાવની છાપ સ્વાનુભવરસિક કવિતામાં વધારે ઊંડી ને વધારે સરળ હોય છે. * * એ માટે સ્વાનુભવરસિક કવિ કવિવર્ગમાં શ્રેષ્ઠ છે. તેની રચનામાં કવિતા સંપૂર્ણ સ્વરૂપે પ્રકાશે છે." *

આ સૌ ચર્ચા દરમિયાન વ્યક્તિમત્તાને અગત્ય આપવી એ હેતુ સ્પષ્ટ જણાય છે. મનુષ્યનું વ્યાવર્તક વ્યક્તિત્વ તેની સમસંવેદનની શક્તિ અને પ્રકાર ઉપર અવલંબે છે. સર્વે વિશદબુદ્ધિ પુરુષોને જગતનું વસ્તુગત સત્ય એકસરખું દેખાય છે. પરંતુ વસ્તુજગત પ્રતિ ઊપજતો ભાવવિકાર મનુષ્યે મનુષ્યે ભિન્ન હોય છે. તેથી જ કવિતા શક્ય બને છે ને વિજ્ઞાનથી વિગુણ રહે છે. " ચિત્તક્ષોભ તો દરેક મનુષ્યને થાય છે અને કલ્પના પણ દરેક મનુષ્યને હોય છે; પણ કવિમાં તે વિશેષ જાતનાં થાય છે. સરસ વાણીમાં તેમનું ઉચ્ચારણ કરવાની કલા એ વિશેષ તો આ ઉપરાંત. "× પ્રકૃતિની કલ્પનાશ્રયી અનુકૃતિ તે કવિતા, પણ યાદ રહેવું જોઈએ કે રમણભાઈ ને કલ્પના શબ્દથી તર્કશક્તિ કે સર્જક શક્તિ અભિપ્રેત છે—નહિ કે વસ્તુતઃ થયેલા વા કલ્પેલા અનુભવનું હાર્દ પોતામાં સંગ્રહનારી શક્તિ. કલ્પના તથા અનુકૃતિ કાવ્યરચનાનાં કરણો છે, સાચા કાવ્યનું મૂળભૂત લક્ષણ જે સ્વયંભૂપણાનો ગુણ તેનો નિર્દેશ કલ્પના અને અનુકૃતિ વડે થતો નથી.+ એ ગુણ તો સૂક્ષ્મતમ લાગણીવશતા

---

* "કવિતા અને સાહિત્ય," ભાગ ૧ લે.—પૃ. ૫૭-૫૮

× "કવિતા અને સાહિત્ય"—ભાગ ૧ લે.—પૃ. ૨૧

+ "કલ્પના અને અનુકરણને અંતઃક્ષોભનાં સાધનભૂત કહ્યાં છે. કારણ, કલ્પના અને અનુકરણ એ કવિતા ઉત્પન્ન કરતાં નથી, પણ કવિતા રચવાની કલાનાં અંગ છે. કલાના વ્યાપાર એ તો મનની ઇચ્છાને આધીન છે; બોલાવેલા આવે છે અને કાઢી મૂકેલા જાય છે. અંતઃક્ષોભ સ્વતંત્ર છે."—"કવિતા અને સાહિત્ય," ભા. ૧—પૃ. ૧૨

" Poetry, as has been said, differs in this respect

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાવતા જ પુરુષના ભાવવિકારમાં શકય છે. ઍરિસ્ટૉટલ—જેવો તેને રમણભાઈ તથા ઘણા યુરોપીય પંડિતો સમજ્યા હતા તેવો ઍરિસ્ટૉટલ અને બેકન આ અર્થે પૂરતા નથી. એ બેનો સમન્વય કરીએ તે પણ પૂરતું નથી. રમણભાઈ ને સંતોષી શકયા માત્ર વર્ડ્ઝવર્થ અને શેલી : "Poetry is emotion recollected in tranquillity (વર્ડ્ઝવર્થ) "Poetry is the record of the best and the happiest moments of the happiest and best minds." (શેલી) શેલીએ કરેલી કવિની આ વ્યાખ્યામાં કવિની મહત્તા જ નહિ, તેની સદ્‌વૃત્તિ પણ ગર્ભિત છે. આ મહત્ત્વ તથા મંગલકારિત્વ રમણભાઈની કાવ્યચર્ચામાં પ્રતિબિમ્બિત છે ને યોગ્ય રીતે વિસ્તારેલાં પણ છે. કાવ્યસર્જનની પ્રેરણા સમયે ઊપજતી માનસ અવસ્થિતિ, શેલી કહે છે તેમ, 'હરકોઇ નીચ કામના સામે યુધ્ધે ચઢેલી' હોય છે. સદ્‌ગુણ, સ્નેહ, સ્વદેશભક્તિ તથા મૈત્રી વિષેનો ઉત્સાહ આવી ભાવસ્થિતિઓ સાથે સંકલિત હોય છે. એ ભાવ પ્રવર્તતા હોય ત્યારે જીવ જેવો છે તેવો દેખાઈ આવે છે—જાણે વિશ્વ આગળ પરમાણુ.'* રમણભાઈની (તેમ જ નરસિંહરાવ દિવેટિયાની) વિવેચનાગત વૃત્તિમાંનું આ તત્ત્વ વિસરાય નહિ એ આવશ્યક છે, કેમકે એમની સાહિત્યકૃતિઓમાં ખરી સુનીતિના પક્ષનું વલણ છે તે એનાથી સમજાય છે. વ્યક્તિમત્તા વિના કાવ્ય સંભવે નહિ. વ્યક્તિમત્તાના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવો અવશ્ય. પરંતુ વ્યક્તિમત્ પ્રકૃતિમાં થતાં ઊર્મિસ્ફુરણો ત્યારે જ સાચું

---

from logic, that it is not subject to the control of the active powers of the mind, and that its birth and recurrence have no necessary connection with the consciousness or will"

—Shelley : "Defence of Poetry"

* Shelley : "Defence of Poetry"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યત્વ ધરાવે જ્યારે તેમનો ઉદ્‌ભવ જીવનની મહાન ભાવનાઓ– સત્ય, ઉદાત્તતા, સૌંદર્ય, ભવ્યતા વગેરેને અનુલક્ષીને થયો હોય.

"કવિતા હૃદયનો સ્પર્શ કરે છે, લાગણીને જગાડી રુચિ ઉત્પન્ન કરે છે, અને એ રીતે આનંદ આપે છે. તત્ત્વજ્ઞાન, ગણિત, પદાર્થવિજ્ઞાન, વગેરે તીવ્ર બુદ્ધિના વિષયોથી કવિતા જુદી જ રીતે મનને ગ્રહણ કરે છે. અર્થાત્ કવિતા વિચાર-વિષયક નહીં પણ વિકારવિષયક છે. વિકાર એટલે મનનું બદલાવું, હૃદયમાં લાગણી થવી. ભાવ ઉત્પન્ન કરાતા નથી પણ હૃદયની કોઈ સ્થિતિને લીધે આપોઆપ ઉદ્‌ભૂત થાય છે. હૃદયને વિકારયોગ્ય સ્થિતિમાં બુદ્ધિ લાવી શકતી નથી, વિકાર માટે ઇચ્છા કર્યાથી વિકાર થતા નથી. આવા વિકાર સત્ય, ઉદારતા, સૌંદર્ય, અદ્‌ભુતતા, ઉચ્ચતા વગેરે ભાવનાવાળા હોય છે ત્યારે તે કવિત્વમય બને છે.' ×

જો કોઈ સાહિત્યકૃતિની અસર સરવાળે અનીતિમય, નીચ કે પ્રાકૃત જણાય તો માત્ર સૌન્દર્યલક્ષી ભૂમિકા પર પણ એ કૃતિ દૂષિત ઠરવાની જ. સત્ય, શૌર્ય, સૌંદર્ય, પ્રેમ, સ્વાર્થત્યાગ, એવાં જીવનનાં સનાતન મંગલોનું ચિંતન કરનાર માનસમાં સંકુચિતતા કે નીચતા ટકી શકે જ નહિ. એ માનસને માફક અવસ્થિતિ તો ઉદાત્તતા ને ઉદારતાની છે. કોઈ કૃતિનું અન્તિમ ફલ નીચ ઇચ્છાનો સંતોષ કે અંધ ઇન્દ્રિયવિકાર હોય તો કૃતિની વિભાવના પોતામાં જ કોઈ દોષપ્રદ તત્ત્વ હોવું જોઈએ. એવો સંતોષ કે વિકાર સાચો આનંદ ન કહેવાય.*

જીવનનાં સનાતન સત્યો તથા મંગલોના ચિંતન સાથે કાવ્ય-સર્જનની ક્રિયા ગાઢપણે સંકલિત છે એ સિદ્ધાંત રમણભાઈની વિવેચનાનું પ્રધાન અંગ છે. એવી એ ભાવનાઓ કોઈ કે જેના

× "કવિતા ને સાહિત્ય," ભા. ૧ લે. પૃ. ૧૩

* "કવિતા સાહિત્ય, ભા. ૧ લે—પૃ. ૩૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવિનાશી પાયા પર આ યુગના સૌ લેખકોએ પોતાનાં દિવાસ્વપ્નો તથા આશાઓની રચના કરી? આ વસ્તુજગતનું અંતર્ગત સત્ય એ ભાવનાઓનું જ બન્યું છે. જેને આપણે જીવન કહીએ છીએ તે આભાસોના અસ્તવ્યસ્ત ઢગલાને ઓથે વાસ્તવિક સત્યના અનન્ત ઓળા પડે છે તે એ ભાવનાઓના જ બનેલા છે. જીવન પાછળ વર્તી રહેલા, જીવનદ્વારા અભિવ્યક્ત થતા, તત્ત્વને જેટલે અંશે પામી શકાએ તેટલે અંશે જીવન ઓળખ્યું ગણાય. એ તત્ત્વ જેટલા પ્રમાણમાં આપણી રગેરગે અનુભવાય અને વ્યક્તિગત, સામાજિક તથા સામૂહિક જીવનમાં એ તત્ત્વને પામવા જેટલા પ્રવૃત્તિમય રહેવાય, તેટલી જ જીવનની મૂલ્યવત્તા ગણાય.

> "પદાર્થો અને બનાવો જે સાધારણ સ્વરૂપે દેખાય છે તે સ્વરૂપના દર્શનથી કવિને લાગણી થતી નથી, પણ તે સ્વરૂપની અંદર રહેલી કંઈક વિશેષતા કવિને દેખાય છે, પદાર્થો ને બનાવોની પાછળ રહેલી ચમત્કારિતા કવિને દેખાય છે, ત્યારે તેને લાગણી થાય છે એ નિઃસંશય છે. એ વિશેષતા અને ચમત્કારિતા બાહ્ય આભાસમાં વસતી નથી પણ ભાવનામાં વસે છે." *

ગુજરાતી સાહિત્ય કૌતુકરાગી બન્યું, કેમકે એણે આ ભાવનાની શોધ આદરી. ગુજરાતી વિવેચના કૌતુકરાગી બની કેમકે સાહિત્યકૃતિમાં પ્રગટ થતી ભાવનાનાં સ્વરૂપ તથા ગુણને અનુલક્ષીને વિવેચનાએ પોતાના અભિપ્રાયો ઘડ્યા. રમણભાઈ એ વિવેચનાના પૂરા પ્રતિનિધિ છે. બને તેટલે બધે દરજ્જે સાહિત્ય આપણા આત્માને આ પાર્થિવ લોકથી પર ચઢાવી ઉન્નત કરવાનું જ, એમ એ માનતા. નીચેની પંક્તિઓના ગાનાર નરસિંહરાવને એમણે મુક્ત કંઠે ઉત્સાહથી સત્કાર્યા એમાં નવાઈ નથી, એમાં એમના હૃદયનો સ્વાભાવિક ઉછાળ છે.

---

* "કવિતા અને સાહિત્ય—" ભા. ૧, પૃ. ૩૧૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું પણ આ જગરાન મહીં ઊભો રહી ઝાંખું,
જીવન કેરું ક્ષિતિજ, દૃષ્ટિ વળી ઊંડી નાંખું,
નાંખી નિરખું જે દૂર સિન્ધુ પડિયો ફેલાઈ,
ને ન ગણું નિજ છાપ પડી જે આ સ્થળ માંહી."*

અને માત્ર નરસિંહરાવને સન્માન્યા એમ નથી. જેમ ભોળાનાથ, ભીમરાવ અને મણિશંકરને તેમ ગોવર્ધનરામ, મણિલાલ, ત્રિભુવન પ્રેમશંકર તથા નાનાલાલને પણ રમણભાઈએ આનંદપૂર્વક વિવેક-બુદ્ધિથી સત્કારેલા. શોભીતી ને જુગતી દલીલબાજી અને ક્વચિત્ ગેરસમજ છતાં પણ સંભવતઃ રમણભાઈ એ યુગના સૌથી સ્વતંત્ર વિવેચક હતા. સાહિત્યરૂપોનો એ ઘણીવાર સમગ્ર તથા ઐતિહાસિક વિચાર કરતા, પણ મૂલભૂત સિદ્ધાંતોની ચર્ચામાં તો એમની ઉત્તમ શક્તિ પ્રકાશતી. સાહિત્યનું લક્ષણ એમણે બાંધ્યું હતું અને સંગતિપૂર્વક ને સમર્થપણે તેને સાહિત્યતુલનામાં નિયોજતા. એ નિષ્પક્ષ ન હતા, પણ સર્વદા સ્પષ્ટમતિ હતા; ને સાચું સાહિત્ય એમના સ્વત્વનાં ઊંડાણોને હલાવી મૂકે એવી વિશાળ એમની સહૃદયતા હતી.

સૌન્દર્યપ્રત્યય નરસિંહરાવ દ્વિવેટિયાને વિશેષ મુગ્ધ કરતો ને એમનો એ વિશે ઉલ્લાસ જણાઈ આવતો. એમનાં વિવેચનાત્મક ગુણદર્શનો બહુધા ઉમળકાથી ભરેલાં અને શબ્દાવિષ્કારમાં કૌતુકરાગી છે. આ યુગના વિશેષતમ કૌતુકરાગી વિવેચક નરસિંહરાવ હતા એનું યથાર્થભાન આપણને થયું લાગતું નથી. એમના કેટલાક અભિપ્રાયો કાલનિકષ પર ટકી શકયા નથી એ ખરું, પણ તેમ તો કેટલાક વિષયોમાં તેમના ગુરુ નવલરામ, કે મણિલાલ, કે રમણભાઈ પણ વધુ ભાગ્યશાળી નીવડ્યા નથી. સર્વત્ર નરસિંહરાવની વ્યક્તિમત્તાની છાપ વર્તાય છે—ઉગ્રવ્રત; ચીવટશીલ; નીતિના આત્યન્તિક સિદ્ધાંતોને પડકાર થયો હોય ત્યારે ભભૂકી ઊઠવા તૈયાર; ઉદારચિત્ત; માર્દવભર્યા

* નરસિંહરાવઃ 'સરોવરમાં ઝીલેલો બગ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉલ્લાસમય પણ ખરા. સાહિત્યોપભોગમાં નિર્બન્ધ આવેગ માટે એમના હૃદયને પ્રેમ હતો, પણ તેમનું માનસ એવું પૃથક્કરણશીલ હતું ને નજીવી બાબત પર પણ એટલી બધી વાર ઠરતું કે અન્વિત એકાકાર પરિશુદ્ધ રૂપને એમનું વક્તવ્ય પામે જ નહિ. તેથી જ જ્યાં—જેમકે પોતાનાં કાવ્યોમાં કે સાક્ષરોનાં રેખાચિત્રોમાં—આત્મ-પ્રેરણા પર આધાર રાખવાની તેમને ફરજ પડે છે ત્યાં એ ઉત્તમતા એ ખીલી ઊઠે છે. નિબન્ધિકાની હદમાં જ કોઈ સમસ્ત ભાવનું અવતરણ કરવાની આવશ્યકતા હોય ત્યારે તેમનો અન્યથા અદમ્ય વિદ્યાનુરાગ સંયમિત રહે છે. અહીં એમનો કૌતુકરાગી પ્રાણ સ્વતંત્ર વિહાર કરી શકે છે ને તેથી એમનાં સાહિત્યિક રેખાચિત્રો સર્જક સાહિત્યનાં લક્ષણો ધરાવે છે. પોતાનાં એ આહ્લાદક સંસ્મરણો લેખસ્થ કરવામાં વિચિત્ર સાધુ અને સાહસશીલ સાહિત્યકાર નારાયણ હેમચન્દ્રથી એમણે આરંભ કર્યો, ને પુત્રપુત્રી વિષે એક દિલ વલોવતો સ્મારક નિબંધ લખીને તેનું સમાપન કર્યું. અંગ્રેજી સાહિત્યમાં કેરેકટર્સ તરીકે ઓળખાય છે એ કોટિનાં આ રેખાચિત્રો પૈકી ઘણાંખરાંને અંતે જે ઉદ્‌ગાર છે તે સ્નેહ, શોક, શ્રદ્ધા આદિ ભાવોથી ભરપૂર છે, તેમ જ પારલૌકિક જીવનમાં મળનાર શાન્તિ અને પરમ સુખની ઊંડી ઝંખના દર્શાવે છે.

પરંતુ "સ્મરણમુકુર"ની આ નિબન્ધિકાઓ જીવનચિત્રો છે, સાહિત્યિક ગુણદર્શનો નથી. સ્પષ્ટ સીધું વિવેચન કહેવાય તેવું તેમાં થોડું છે. નરસિંહરાવ સ્વૈરવિહાર કરે છે એવી અન્ય કૃતિ છે 'વિવર્તલીલા.' તેમનું માનસ જે વડે ઊભરાતું અથવા જેના પ્રભાવ તળે લેખક તત્કાલ હતા એવા વિવિધ વિષયો પર છૂટાછવાયા વિચારો સ્વજન સમક્ષ દિલ ખોલીને બોલાય તેમ દર્શાવનારી આ નાની સુંદર કૃતિ એક પ્રશિષ્ટ આદર્શ રૂપ છે. જેમ સુમંદ દક્ષિણ વાયુ ફરી વળે તેમ આ વિષયોનું હાર્દ પામવાને કર્તા તેમને હુલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતા લડાવતા વિહાર કરે છે; એમ કરતાં કરતાં સત્યની જે ઝાંખી થાય તેને છાતી સરસી ચાંપી સંવર્ધન કરે છે.

" ચિત્રકારની કલાને ચિત્ર જોનારાની મદદ પણ જોઈએ જ; છેતરાવા માટે તૈયાર રહેલા મન ઉપર જ ચિત્રનું પ્રતિબિમ્બ થઈ શકે છે."*

" નટની કલામાં પણ વાણીના શબ્દોચ્ચારણ કરતાં મુખચર્યા-દ્વારા અભિનય વધારે સામર્થ્ય પૂરે છે. આ સામર્થ્યસિદ્ધિમાં એક કારણરૂપ અંશ શ્રવણ કરતાં દર્શનમાં વિશેષ વેગશક્તિ તે જણાય છે."×

"પણ અભિનયની મૂક શક્તિ કરતાં પણ વિશેષ, શતગુણ, સહસ્રગુણ, મૂક શક્તિ સંગીતની નિર્વિવાદ સ્વીકારાશે. અર્થ-યુક્ત વાણીમાં પુરાયેલું સંગીત નહિ, પણ અલિપ્ત સંગીત, નાદના વિલક્ષણ સ્વરૂપ વડે જ સમર્થ અસર કરે છે. × × મને સંગીતની આ અલૌકિક શક્તિ ઉપર બહુ શ્રદ્ધા છે. મલિન સંસારના રાગદ્વેષ, હર્ષશોક,

કલહો કપટો જનમંડળનાં,
વળી દુષ્ટ વિકાર અમંગલતા,
અહીં પાર્થિવ જીવનને વળગ્યાં,
સહુ દુઃખદ જે ન રહે અળગાં;

તેનો અતિ કર્કશ નાદ વિલુપ્ત કરવાનું સામર્થ્ય એ સંગીત-શક્તિમાં છે. શાથી છે તે હું જાણતો નથી, જાણવાને ઇચ્છતો નથી; એ સંગીત આ લોકમાં ઉત્પન્ન થાય છે છતાં પર-જીવનનાં દીમિલર્યાં દર્શન કરાવવાને સમર્થ છે. તેથી લાગે છે કે એનું સ્થૂલ શરીર ભૌતિક છે, પણ સૂક્ષ્મ શરીર કોઈ દિવ્ય

* 'વિવર્તલીલા'—પૃ. ૬
× 'વિવર્તલીલા'—પૃ. ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થનું જ બનેલું હશે. × × હાલના સમયના વિશ્વવ્યાપી મહાવિગ્રહમાં માનવ પ્રજાઓમાં પ્રચંડ વિચ્છેદ થયો છે, તે મટાડવાને દિવ્ય સંગીતની ઘોષણા સ્વર્ગનાં ઊંચાં દ્વારોમાંથી પ્રગટ નહિ થાય ? મને ઘણી વાર કાંઈક ઘેલી ઊર્મિ થઈ આવે છે કે હું આકાશમાં ચઢું ને એવી અલૌકિક ઘોષણા કરી શકું કે સર્વ માનવજાતિ એકાએક શાન્ત સ્તબ્ધ થઈ જાય, શસ્ત્રો પડી જાય, અન્યોન્ય ઐક્ય થઈ જાય;

સુણી જે વશવર્તી બની હરતા
હરણાં સમ અખ્ખિતરંગ બધા."*

સંગીતનું ઉચ્ચતમ સાર્થક્ય હૃદયોનું ઐક્ય સાધવાની તેની શક્તિમાં રહ્યું છે. સંગીત મનુષ્ય મનુષ્ય વચ્ચે સોનેરી સેતુરૂપ છે.

"સંગીતનું પરમ સાફલ્ય આવા સેતુબન્ધ બાંધવામાં હું માનું છું; માત્ર પોતાને જ થતા આનન્દલયમાં નહિ. એવી કોઈ સંગીતશક્તિ બતાવશે ? અપાવશે ? વાણીમાં એ સામર્થ્ય નથી. વાણી વડે દલીલો કરાય, શંકાસમાધાન થાય, શ્રમસાધ્ય, અસ્થાયી સંતોષ મળે, પણ સંગીતથી સાક્ષાત્ દર્શન–હૃદયદર્શન–સત્યદર્શન –દિવ્યદર્શન–સિદ્ધ થાય."×

કાવ્ય કરતાં સંગીતમાં સૌન્દર્યનો વિશેષ સીધો સંપર્ક થાય છે, કેમકે કાવ્યના શબ્દો સૌન્દર્યના સીધા પરામર્શમાં કંઈક વ્યવધાનકર્તા નીવડે છે. સંગીતમાં પણ સ્વરરૂપ જવનિકા અનિવાર્ય છે. તેથી વિવેચક નરસિંહરાવને લાગે છે કે **सत्यं शिवं सुन्दरम्** રૂપી પરમ તત્ત્વનું દર્શન મનુષ્યને અપૂર્ણ જ થવાનું. સૌન્દર્યના આનંદાનુભવની પ્રક્રિયાનું એમણે બારીક સમીક્ષણ કર્યું છે.

---

* 'વિવર્તલીલા'–પૃ. ૧૪–૧૬
× 'વિવર્તલીલા"–પૃ. ૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સૌન્દર્યચમત્કારનું ઊંડું બીજ કુતૂહલ જ છે. સૌન્દર્યના એક અંશનો ઉપભોગ કર્યા પછી એનો એ ફરીથી આનંદ આપી નહિ સકે—એના એ સ્વરૂપમાં નહિ આપી સકે, અને તેથી જ હેનો બીજો અંશ ઉપભોગવિષય થતા પહેલાં હેમાં નવીનતા જોવાની ઉત્સુકતા ઉત્પન્ન થાય છે. અને અર્થાત્ એ બે અંશો વચ્ચે કુતૂહલનો અંકોડો જોડવાને માટે આવે છે. એ કુતૂહલને તૃપ્ત કરનારી નવીનતા ન આવે તો આનંદની શૃંખલામાં સૂક્ષ્મ નહાના નહાના અંકોડા પૂરા પાડે છે. આ પ્રકારની પ્રવૃત્તિને વિશેષ બળ આપનારું કારણ સુન્દર વસ્તુની અર્ધનિગૂઢ સ્થિતિ એ બને છે. ચન્દ્ર વાદળાથી ઢંકાયેલો હોય છે ત્યારે સવિશેષ ચમત્કાર આપે છે; લતામંડપ ઉપર ગુપ્ત રહેલા મોગરાનો સુગન્ધ નાકને લગાડેલા ફૂલ કરતાં વધારે આનંદ આપે છે; —હેનું કારણ ક્ષણે ક્ષણે કુતૂહલ જાગૃત થઈ નવી નવી સુન્દરતાનું દર્શન એ જ. કવિતામાં પણ વ્યંજ્યનો ચમત્કાર અતિ ગૂઢતા પણ નહિ અને અતિ સ્પષ્ટતા પણ નહિ એવી અર્ધગૂઢ સ્થિતિમાં જ મનાયેલો છે:

અર્થો ગિરામપિહિતઃ પિહિતશ્ચ કિઞ્ચિદ્ રમ્યત્વમેતિ ।

એ સુપ્રસિદ્ધ વચનમાં રસનું અમૂલ્ય તત્ત્વ સમાયેલું છે. કુતૂહલથી ઉપર કહ્યું તેમ રસપ્રવાહ ચાલુ રહે છે. એટલું જ નહિ, પણ એ કુતૂહલના ભાવથી ઇષ્ટ વિક્ષેપ આવીને કેવળ પ્રગટ સૌન્દર્યથી થતી સંતૃપ્તિનો સંભવ ટળે છે." ×

જ્યારે ધારીવિચારીને નરસિંહરાવ વિવેચનનું કાર્ય હાથ લે છે, ત્યારે પોતાની વિદ્યાસંપત્તિનાં સઘળાં સબળ શસ્ત્રો સજીને એ વિષય સમક્ષ જાય છે. એમની વૃત્તિ ક્યારે કડક થશે તે કોઈ કળી શકે નહિ. દૂષિત શબ્દપ્રયોગ, અવતરણમાં સ્ખલન, લય વા પ્રાસમાં

× 'મનોમુકુર' ગ્રંથ ૧—પૃ. ૨૬૫, ૨૬૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષતિ, આવાં પાપ માટે એ નાના જ લેખકોને સખત ધિક્કારે છે એમ નહિ, પણ ખબરદાર, નાનાલાલ, અને કેશવલાલ ધ્રુવને પણ (પોતાની દૃષ્ટિએ) તેમના ખોટા ખ્યાલો તથા કલાદૂષણો માટે કહી નાખે છે. સંગીત પ્રત્યે પોતાને પક્ષપાત હોવાને લીધે એ ભૂલભરેલા અભિપ્રાયો બાંધી બેસે છે. રાજકીય સંચલનો પ્રતિ તેમનો અભાવો સહેજે વરતાઈ આવે છે. ભક્તિનાં વિકૃત સ્વરૂપો પ્રતિ તેમને તિરસ્કાર છે. પરંતુ એમના બહોળા વિવેચનકાર્યમાં સઘળે એક સળંગ તંતુ રહેલો છે—સૌન્દર્યનો તથા જીવનની ભાવનાઓનો પ્રેમ. એની સેવામાં સર્વ બૌદ્ધિક પ્રવૃત્તિનું અર્પણ એ જ એમનો પુરુષાર્થ. 'ગુજરાતનો નાથ'નું શિલ્પવત્ નિબન્ધનસૌન્દર્ય એમનામાં સાનન્દાશ્ચર્ય જગાવે છે; 'જયા અને જયન્ત'નું 'અપદ્યાગદ્ય' એમને અભિમત નથી અને તેના પ્રધાન આદર્શોને લગભગ અશક્ય ને તેથી તરંગી ગણે છે, છતાં એ કૃતિના સમગ્રસૌંદર્યની પ્રશંસા કરે છે. આ યુગના આગળ પડતા કાવ્ય 'વિશ્વશાંતિ'ને આવકારે છે—એ સ્વદેશભક્તિપરાયણ છે તેથી નહિ, પણ તેની સ્વદેશભક્તિ રગે રગે માનવપ્રેમથી વ્યાપ્ત છે તેથી. બટુભાઈ ઉમરવાડિયા કૃત 'લોમહર્ષિણી' પર એમની નજર હરે છે— લોમહર્ષિણી દેહધારી બનીને ઉર્વશી, પણ અપ્સરા જેમ અલપઝલપ ઝાંખી કરાવી અલોપ થનારી! આશ્ચર્યમુગ્ધ ભાવે એ બોલી ઊઠે છે : "એ લોમહર્ષિણીને હું છટકવા નહિ દઉં."

---

* "પ્રેમથી જોડાયા છતાં સનાતન બ્રહ્મચર્યની ભાવનાની અંદર અશક્યતાનો અંશ ગૂઢ રહેલો હોવાથી એ ભાવનાના ગુણમાં, આકર્ષણમાં, અને મૂલ્યમાં ઊણાપણું આવે છે. અને તેટલે અંશે નાટકની રચનામાં દોષ જ ગણાય."
'મનોમુકુર' ગ્રંથ ૨—પૃ. ૭૦

"ભાવનામાંથી રસનું પ્રેરક બળ લુપ્ત થતાં વાંત નીચે પડવાનો પ્રસંગ ઉત્પન્ન થયો. આ પ્રયાસ જેટલો પ્રચંડ છે, તેટલી જ એ પ્રયાસની નિષ્ફળતા પણ ભવ્ય છે. એ ભવ્ય નિષ્ફળતા કવિની સમર્થ પ્રતિભાને છાજતી જ છે, નિર્બળતાની નિષ્ફળતા નથી."
'મનોમુકુર' ભાગ ૨—પૃ. ૮૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

આનંદશંકર ધ્રુવ (૧૮૬૯—૧૯૪૨) અને પ્રો. બ. ક. ઠાકોર (જ. ૧૮૬૯) કાલદૃષ્ટિએ તો નરસિંહરાવ અને રમણભાઈના નિકટવર્તી છે. પરંતુ એ બે તેમના યુગની સામાન્ય માનસ–અવસ્થિતિમાંથી થતી પરાવૃત્તિના પ્રતિનિધિ છે. ધ્રુવ સર્વાત્મવાદી ને ભાવનાવાદી હતા અને સાહિત્ય તથા તત્ત્વજ્ઞાન ઉપરાંત એમને ઘણા બૌદ્ધિક રસવિષયો હતા. એમણે વ્યક્તિસ્વાતંત્ર્યનો સિદ્ધાંત મર્યાદિત સ્વરૂપમાં જ સ્વીકારેલો. ઠાકોર (જેઓ સદ્‌ભાગ્યે હજી આપણી વચ્ચે છે) બુદ્ધિનિષ્ઠ, વસ્તુવાદી ને જનહિતવાદી છે. એમને સાહિત્ય વિષે પ્રેમ છે તેવો ઇતિહાસ તથા રાષ્ટ્રતંત્ર (polity) વિષે પણ છે. વિવેચનવિષયક અભિપ્રાયોના સ્વરૂપઘટક બળ લેખે ધ્રુવ હજી પણ જીવંત છે. વિવેચક તરીકે ઠાકોરની અસર હમણાં થોડા સમયથી ખૂબ બલપૂર્વક વર્તાવા માંડી છે. ગાંધીજીએ ઉપદેશેલા ને આચરેલા સાદાઈ સરલતા ને અનલંકૃત સુઘડતાના આદર્શો સાથે ધ્રુવ તથા ઠાકોરનો સૌષ્ઠવપ્રેમ—એટલે કે વ્યવસ્થાશીલ સૌંદર્ય સમુચિતત્વ પ્રસાદ એવા સૌ સ્થિર જીવનદૃષ્ટિના અનુષંગી ગુણોનો પ્રેમ—સમન્વિત થઈ ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં વિચરે છે. આનંદશંકરે કવિતાનો આદર્શ સર્વગ્રાહી બનાવતી વ્યાખ્યા કરી કે કાવ્યમાં ગમે તેટલી સબળ ને નિર્મળ પણ એકલી ઊર્મિઓનું નહિ, પરંતુ મનુષ્યના સમસ્ત આન્તર જીવનનું, તેની અખંડ વ્યક્તિમત્તાનું, બુદ્ધિ ઊર્મિ ને આકાંક્ષાઓનું ઉચ્ચારણ થાય છે. પરલક્ષી કાવ્ય મહાન કવિતા નીવડવાનો વધુ સંભવ છે. કાવ્યદેહ તથા કાવ્યવસ્તુ, શબ્દ તથા અર્થ, એકસરખાં અગત્ય ધરાવે છે. સૌન્દર્યાનુભવ પોતે જ મનુષ્યની નૈતિક અવસ્થિતિની ઉન્નતિ અર્થે એક આત્યન્તિક ધ્યેય છે. પરમ સત્યનું—વર્તમાન વસ્તુ જેનો પડઘો માત્ર છે ને જેના જ્ઞાન દરમિયાન આપણા મનોવિકારો આનંદસમાધિમાં વિલીન થાય છે તે ભાવનાનું—સાહિત્ય એ નિરૂપણ છે. ઠાકો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રને મતે ઊર્મિકાવ્યમાંથી પણ આત્મલક્ષિતા ગાળી કાઢવી જોઈએ : જે માત્ર અંગત છે તેનો બહિષ્કાર કરી ઊર્મિને સર્વસાધારણ સ્વાંગ આપીએ તો સારું કાવ્ય થાય. આનંદશંકરની અપેક્ષાએ હાકેાર આધુનિક જીવનના આંતર તત્ત્વને વધારે અનુવર્તી છે, કેમકે એ સુનિશ્ચિતમાં જ માનનારા છે ને આત્મવાદી વિચારકેાની કહેવાતી ભાવનાઓ વિષે કશો ભ્રમ સેવતો નથી. કાવ્યવિષય, છંદ, કે પદાવલિ સંબંધી એમને કશો દુરાગ્રહ નથી, પણ એટલું તો એ આગ્રહપૂર્વક કહે છે કે કવિતા સંગીત નથી, ને ગેયતા તેનો અપરિહાર્ય ગુણ નથી. કવિતા ભાષાની સ્વતન્ત્ર કલા છેઃ એ અર્થનો પ્રવાહ ને વિકાસ છે જે આનંદપ્રદ નીવડે. લય, અને તેથી છંદ, કવિતાને આવશ્યક છે, પણ તે કેાઈ સંગીતશાસ્ત્રમાં સમાતો લય કે રાગમંડળનો ઘટક નથી. લય તો વિચાર, ઊર્મિ ને તરંગની અગણિત શ્રેણીઓ તથા રંગતરંગનું અનુનેય વેષ્ટન જ છે. એ લયરૂપ વેષ્ટન પારદર્શક છે, ને કશી રીતે વિક્ષેપકર નથી. કાવ્યવસ્તુને એ સ્થિરતા અર્પે છે ને શબ્દને નિત્યવ્યવહારની અપસાધારણતામાંથી ઊંચી કક્ષાએ લઈ જાય છે. સ્થિરગતિ પ્રવાહમાં છવિ અને ધ્વનિની પૂર્ણ શક્તિ સમેત શબ્દોનો ઉપયેાગ કરવાને અવકાશ તથા ઉ-તેજન આપે એવું વાસગૃહ તે કાવ્યલય.

સૌષ્ઠવપરાયણતા તેમ વાસ્તવનિષ્ઠાની દિશામાં વળી વધારે ગતિ કરનારના પ્રતિનિધિ તરીકે વર્તમાન યુગના વિવેચકેામાં રામનારાયણ પાઠક ગણાય. એક અર્થમાં એ છે તો હાકેારવૃત્તિનો વિસ્તાર જ, પણ હવે રસને સ્થાને રહસ્ય વિરાજે છે. કાવ્ય (કે સાહિત્યકૃતિ) સુંદર છે વા સુંદર ગણાવા પાત્ર છે કેમકે એ સર્જનવિષય પ્રત્યયનું અર્થાત્ કૃતિરહસ્યનું સંપૂર્ણપણે વહન કરે છે. અત્રે ઍબરક્રૉમ્બી જેવા વિવેચકેા મારફતે થએલી ક્રોચેની અસર સ્પષ્ટ વરતાય છે. **સરસતા**નો સિદ્ધાંત વિકસાવનાર મુનશીમાં પણ એ વિવેચકેાની અસર ઓળખાય છે. વસ્તુતઃ એ રમણભાઈ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શાવેલી **चमत्कारिता** છે. વિષયોનું ચિંતન કરવાથી કલ્પના ઉત્તેજિત થાય છે, ને સર્વ ધ્યાન કેન્દ્રિત થાય એવો આદર્શરૂપ ખ્યાલ જન્મે છે. આ છે કોઈ વસ્તુની સરસતા. જો લેખક કલાકાર હશે તો વાચકને પરમ રસ પડે તેમ તે ખ્યાલ સંપૂર્ણપણે વાચકમાં સંક્રાન્ત કરી શકશે. પણ માત્ર કલ્પના નહિ, પરંતુ **रसवृत्ति** સર્જક કર્તાનું વ્યાવર્તક લક્ષણ છે. એમ છતાં આ વિચારસરણીમાં અંતર્હિત છે કે સનાતન મંગલો સાથે **सरसता** અવશ્યપણે સંકળાયેલી નથી. **भावनामय अपूर्वता**વાળો ખ્યાલ એટલે નૈતિક દૃષ્ટિએ સંપૂર્ણ ખ્યાલ એમ નહિ. કર્તા લેખે તેમ વિવેચક લેખે મુનશી કૌતુકરાગી છે, પણ વિવેચન એમનું વિશિષ્ટ કાર્યક્ષેત્ર નથી. મુખ્યત્વે એ તો નાટ્યોચિત ને હાસ્યપાત્ર તત્ત્વોને પારખી લેતી અચૂક દૃષ્ટિ ધરાવનાર કૌતુકરાગી કલાકાર છે.

વર્તમાન વિવેચનમાં કૌતુકરાગિતાનું ખરું પુનરુત્થાન તો કર્યું વિજયરાય વૈદ્ય, વિશ્વનાથ ભટ્ટ અને "કૌમુદી"ના અન્ય વિવેચકોએ. ગુજરાતી વિવેચનાને સાહિત્યસ્વરૂપ લેખે આદરપાત્ર સ્થાન એમણે અપાવ્યું છે, પોતાની શૈલીથી, આયોજનકલાથી, ને વિષય પ્રતિ વિશિષ્ટ અભિમુખતાથી. એમને હાથે વિવેચન સર્જનાત્મક નહિ થયું હોય, પણ રુચિર તો થયું એ નિશ્ચય. એઓ શુચિત્વદંભ કે છોછને તથા અપહરણને વખોડે છે ને શુદ્ધ તથા મહાન સાહિત્ય વિષે ઉત્સાહ જન્માવે છે. સાચા સાહિત્ય અર્થે શું તત્ત્વભૂત છે તેનું એમણે પુનઃપ્રતિપાદન કર્યું, અને ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ વિષેના આપણા અભિપ્રાયોની પુનર્ઘટના તથા નિશ્ચલ રચના કરવામાં સહાયરૂપ નીવડ્યા. પરન્તુ એમ તો નહિ કહી શકાય કે વર્તમાન સાહિત્ય ઉપર એઓ બહુ પ્રભાવ પાડી શક્યા છે. વિવેચનને સાહિત્યતત્ત્વમીમાંસા લેખે વિચારતાં પણ તેમણે તેદિશામાં નવીન અપ બહુ કર્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામસૂચિ

અખો ૧૦૩
'અદ્વૈતજીવન' ૧૨૬
'અપદ્યાગદ્ય' (પૂર્તિ) ૩૧
અભિનવગુપ્ત (પૂર્તિ) ૨૦
અમદાવાદ ૫,૧૪,૫૩, ૫૫,૫૮, ૫૯,૬૩,૧૦૩
'અમદાવાદ પ્રાર્થનાસમાજ' ૬૧
અરવિન્દ શ્રી. ૬, (પૂર્તિ) ૬
'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન' ૫૮,૬૦
'અસ્તોદય' ૧૦૭,૧૦૮,૧૦૯,૧૧૦
અંબાલાલ સાકરલાલ ૪૬
'આચાર્ય આનંદશંકરનું ધર્મ-ચિન્તન' ૧૬૭
'આત્મનિમજ્જન' ૧૨૭
આદિ બ્રહ્મસમાજ ૧૯,૨૬
આનંદશંકર ધ્રુવ ૧૬,૨૧,૪૮,૫૭, ૬૯,૭૨,૮૯,૧૧૨,૧૧૩,૧૨૩, ૧૨૪,૧૨૫,૧૩૩,૧૩૪,૧૪૯–૧૬૭, (પૂર્તિ) ૩૨,૩૩
'આપણો ધર્મ' ૧૫૪,૧૫૫,૧૫૭, ૧૫૯,૧૬૨,૧૬૩,૧૬૪,૧૬૫ ૧૬૬
'આપણી દેશજનતા' ૨૫
આર્યસમાજ ૨૮,૩૦,૩૧,૫૩,૬૨, ૯૫,૧૦૨,૧૧૧,૧૧૮
આર્યાવર્ત ૧૧૬
'ઍડિનબરો રિવ્યૂ' ૧૦૫
ઍની બેસન્ટ ૫,૧૧૧ (પૂર્તિ) ૬
ઍરિસ્ટોટલ ૪૩,૪૪ (પૂર્તિ) ૨૦,૨૩
ઍલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ ૬૪
ઍલ્ફિન્સ્ટન કૉલેજ ૧૧૨
ઍાલકૉટ કર્નલ ૧૧૧
ઇન્ડિયન નેશનલ કૉન્ગ્રેસ (પૂર્તિ) ૬
'ઇમિટેશન' ૪૩
ઉમાશંકર (પૂર્તિ) ૩
ઉપનિષદ ૧૫૬,૧૬૩
ઉપેન્દ્રાચાર્ય ૧૪૧
ઋગ્વેદ ૭૩,૯૩
કચ્છ ૧૦૩
કૉન્ફ્યશિયસ ૨૮
'કલાપી' (પૂર્તિ) ૭,૮,૧૨,૧૩
'કરણઘેલો' ૪૫
કરસનદાસ ૧૪,૪૭,૫૮,૧૦૨
'કરસનદાસનું જીવનચરિત્ર' ૬૫
'કવિ નર્મદાશંકરની કવિતા' ૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતા અને સાહિત્ય (પૂર્તિ) ૨૧, ૨૨,૨૪,૨૫
કાઠિયાવાડ ૫,૭, (પૂર્તિ) ૩૧
કાન્ત ૯૭
'કાન્તા' ૪૨
'કાન્તમાલા' ૯૨,૯૩,૯૪,૯૫
કાર્લાઇલ (પૂર્તિ) ૧૪
કાલિદાસ (પૂર્તિ) ૧૪
'કાવ્ય' (પૂર્તિ) ૧૯
'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો' ૪૨
કાશી ૧૧૧
કાશી મહારાજ ૧૧૧
કુરાન ૧૧૬
'કેકારવ' (પૂર્તિ) ૮,૧૨
કેશવચન્દ્ર સેન ૪,૧૯,૨૬,૨૯,૩૦, ૫૪, ૬૧
કેશવલાલ ધ્રુવ (પૂર્તિ) ૧૯,૩૧
કેન્ટ (પૂર્તિ) ૭
કોલરિજ (પૂર્તિ) ૨૧
કૃષ્ણ ૬૩
કૃષ્ણરાવ ૬૩
'કૃષ્ણલીલા' ૭
ક્રાઇસ્ટ ૯૫,૧૧૬
ક્રોચે (પૂર્તિ) ૩૩
'કૌમુદી' (પૂર્તિ) ૩૪
ખબરદાર ૪૬ (પૂર્તિ) ૩૧
ખાપર્ડે ૨૮
ખેડા ૫
ગાંધીજી ૫,૧૫,૪૬ (પૂર્તિ) ૬,૧૪ ૩૩
ગિરનાર ૧૦૪ (પૂર્તિ) ૧૪
'ગીતગોવિન્દ' (પૂર્તિ) ૧૯
ગીતા ૧૨૯,૧૩૧
ગ્રીન ૧૦
ગુજરાત ૫,૬,૭,૮,૧૦,૨૬,૩૧, ૫૫,૫૬,૬૧,૬૩,૧૦૫,૧૧૨, ૧૨૪
ગુજરાત કૉલેજ ૧૪૯
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ૧૪,૧૫,૧૦૪
'ગુજરાતનો નાથ' (પૂર્તિ) ૩૧
'ગુજરાતી' ૧૪૮
ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળી ૫૭
ગુર્જરોદ્ધારક સમાજ ૧૪૦
'ગુલાબસિંહ' (પૂર્તિ) ૧૨
'ગૂઢદર્શન' (પૂર્તિ) ૯
ગોકુલજી ઝાલા ૫૯,૧૦૨–૧૦૬, ૧૦૭
'ગોલ્ડન ટ્રેઝરી' (પૂર્તિ) ૬
ગોલ્ડસ્મિથ (પૂર્તિ) ૪
ગોવર્ધનરામ ઉપો. ૧૫,૬૯,૧૦૯ ૧૧૧,૧૨૩,૧૩૪,૧૪૯, ૧૫૧ (પૂર્તિ) ૫,૮,૯,૧૦,૧૧,૧૩, ૧૫,૧૬,૧૭,૧૮,૨૦,૨૬,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમ બુદ્ધ ૨૮,૧૫૭
ગૌરીશંકર ઓઝા ૧૦૪,૧૦૫
ચૈતન્ય ૧૯
છોટાલાલ જીવનલાલ (માસ્તર સાહેબ) ૧૩૯–૧૪૫
છોટી કાશી ૧૦૩
છોટુજી મહારાજ ૧૦૩
જયંતીદેવી ૧૪૦,૧૪૧
'જયા અને જયન્ત' (પૂર્તિ) ૩૧
જામનગર ૧૦૩
જિન ૧૫૭
જીનીવા ૧૫૧
જીહોવા ૧૨૨
જુવાન પુરુષોની અન્યોન્ય બુદ્ધિવર્ધક સભા ૧૪
જૂનાગઢ ૧૦૩,૧૦૪,૧૦૫,૧૦૭
જ્હોન્સન (પૂર્તિ) ૪
ઝીઅસ ૧૨૨
ઝોરાસ્ટર ૨૮
ટીળક ૫, (પૂર્તિ) ૬
ટાગોર રવીન્દ્રનાથ ૫
ટેલર (રેવરન્ડ) ૫૧
ટોમસ બ્રાઉન સર (પૂર્તિ) ૧૪
ઠાકોર બળવંતરાય ક. ૩, ૧૩૪ (પૂર્તિ) ૧૮, ૩૩
'ડિફેન્સ ઓફ પોએટ્રી' (પૂર્તિ) ૨૩
ડેન્ટી (પૂર્તિ) ૧૧
ડ્રિન્કવોટર (પૂર્તિ) ૨૧
તત્ત્વશોધક સભા ૧૫
ત્રિભુવન (પૂર્તિ) ૨૬.
ત્ર્યંબકનાથ ૧૦૩
થિયૉસૉફી ૪, ૫૩, ૯૫, ૧૦૨, ૧૧૧, ૧૧૬, ૧૧૮, ૧૪૦ ૧૪૯,
'થિયોસૉફિકલ સોસાયટી' ૨૮, ૩૧, ૧૧૧ (પૂર્તિ) ૫
થૉમસન (પૂર્તિ) ૪
દયાનંદ સરસ્વતી ૨૯,૩૨, ૬૨, ૧૧૧, ૧૧૮ (પૂર્તિ) ૫
દયારામ ૭, ૩૫, ૫૦, ૬૨
દલપતરામ ૫૨
દાદાભાઇ નવરોજી (પૂર્તિ) ૬
દાદોબા ૬, ૫૭
'દિગ્દર્શન' ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૬
દિલીપસિંહ ૪
'દિવ્ય આશા' (પૂર્તિ) ૯
દુર્ગારામ મહેતાજી ૩, ૬, ૮–૧૩ ૧૬, ૨૬, ૩૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૬૫, ૬૮, ૬૯,
'દુર્ગારામ ચરિત્ર' ૬, ૮, ૧૦, ૧૧, ૧૨
દેવાનંદ ૫૧
દેવેન્દ્રનાથ ટાગોર ૩, ૪, ૧૯,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬, ૫૩, ૫૪,
'દેશદાઝ' ૮
'દેશી પિંગળ' ૪૩
દ્વારકાપીઠ ૧૪૮
'ધ રિનેસાં ઓફ હિન્દૂઇઝમ' ૨૭, ૨૮
'ધર્મ અને સમાજ' ૭૦-૮૪
'ધર્મવિચાર' ૧૮, ૨૯, ૩૧ ૩૨
'ધર્મપ્રકાશ' ૫૯
ધર્મસભા ૫૬, ૫૯
ધીરો ૫૧
'ધૂમકેતુ' (પૂર્તિ) ૩
નથુરામ શર્મા ૧૪૫-૧૪૮, ૧૫૮
નર્મદાશંકર ૩, ૮, ૧૪-૩૭, ૩૮, ૩૯, ૪૭, ૪૮ ૫૨, ૫૩, ૬૪, ૬૫, ૧૦૮, ૧૧૧ (પૂર્તિ) ૩, ૪
'નર્મદનું મંદિર' ૧૭, ૨૪, ૩૦, ૩૩
'નર્મદશતાબ્દીગ્રંથ ૨૮
'નર્મગદ્ય' ૧૫
નરભેરામ ૬૯
નરસિંહરાવ ૩૮, ૪૮, ૫૭, ૬૪, ૬૯, ૭૦, ૮૫-૯૧, ૯૩, ૯૪, ૧૦૨, (પૂર્તિ) ૮, ૯, ૧૩, ૧૪ ૧૫, ૧૯, ૨૦, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧.
'નવલગ્રંથાવલિ' ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૫૦, ૫૧, (પૂર્તિ) ૪, ૫,
નવલરામ ૩૩, ૩૭-૫૧, ૫૨, ૫૩, ૬૫. ૬૮, ૬૯, ૮૮, ૧૦૮, (પૂર્તિ) ૪, ૫, ૨૬
નંદશંકર ૧૦, ૫૪, ૫૭, ૬૫, ૧૦૮
'નાગરમિત્ર' ૬૫
નાનાલાલ ૧૧૦ (પૂર્તિ) ૧૪, ૧૫, ૨૬, ૩૧
નારાયણ હેમચંદ્ર (પૂર્તિ) ૨૭
નિષ્કુલાનંદ ૫૧
'નૂપુર ઝંકાર' (પૂર્તિ) ૮, ૯
'ન્યૂ ડિસ્પેનસન' ૧૯
'પરિશીલન' ૧૬૭
પશુપતિ ૧૨૨
'પંચીકરણ' ૧૦૩
પંજાબ ૨૯, ૩૧
પાલ્ગ્રેવ (પૂર્તિ) ૬
'પૅરેડાઇઝ લૉસ્ટ' (પૂર્તિ) ૨૧
પ્રાણલાલજી ૧૦૭
પ્રાર્થનામંદિર ૬૬
'પ્રાર્થનામાળા' ૫૫
પ્રાર્થનાસમાજ ૧૧, ૨૬, ૨૯, ૩૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૬૧, ૬૨, ૬૩, ૬૪,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૯, ૭૧, ૭૨, ૭૩, ૭૭, ૮૧, ૯૫, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૨૧, ૧૩૯, ૧૫૮ (પૂર્તિ) ૧૨
'પ્રિયંવદા' ૧૫૦
પ્રીતમદાસ ૧૦૩
'પુનર્વિવાહ' ૨૨
'પુરુષસૂક્ત' ૧૫૫
પુષ્ટિમાર્ગ ૫
પૅન્થીઇઝમ ૯૨
પ્લેટો (પૂર્તિ) ૭
ફિલોસૉફિકલ પરિષદ ૧૬૨
ફૉર્બસ ૩
'ફ્રેન્ચ રેવોલ્યૂશન' (પૂર્તિ) ૧૪
બદરીનાથ શાસ્ત્રી ૧૦૩
બટુભાઇ ઉમરવાડિયા (પૂર્તિ) ૩૧
બર્ક (પૂર્તિ) ૬
બરટ્રાન્ડ રસેલ ૧૬૨
બહાઈ ૪
બંગાળ ૪, ૫, ૩૦, ૬૩, ૧૧૦
બાઇબલ ૧૧
બાણ (પૂર્તિ) ૬, ૭, ૧૪, ૨૦
બાયરન (પૂર્તિ) ૧૩
'બીજી પ્રાંતિક સુધારા પરિષદ' ૮૫
'બુધ્ધિપ્રકાશ' ૬૦, ૫૮
બુધ્ધિવર્ધક સભા ૧૪, ૧૫
બુધ્ધિવર્ધક હિન્દુ સભા ૧૫, ૮૬
બૅકન ૪૪ (પૂર્તિ) ૨૩
'બૉલ્શેવિઝમ' ૧૫૨
'બ્રહ્મતૃષા' ૬૭
બ્રહ્મસમાજ ૩, ૧૧, ૧૯, ૨૬, ૨૭, ૬૧, ૧૧૦, ૧૧૧
બ્રહ્મા ૧૮
બ્રહ્માનંદ ૫૦
બ્રાહ્મધર્મ ૭૧, ૭૨
બ્રાહ્મણ ધર્મ ૧૪૦
બ્રાહ્મણ સમાજ ૭
બ્લાવાટ્સ્કી (મૅડમ) ૨૮, ૩૨, ૬૨, ૧૧૧
બ્લેર ૬૦
'ભક્તિસભા' ૬૦
ભટ્ટ જયકૃષ્ણ વ્યાસ ૧૦૩
ભવભૂતિ (પૂર્તિ) ૬
ભાગવત ધર્મ ૨૭
ભાનુસુખરામ મહેતા ૬૬
ભારત ૪, ૭
ભાવનગર ૧૦૩, ૧૦૪, ૧૦૫
ભીમરાવ (પૂર્તિ) ૨૬
ભોજ્જે ૫૧
ભોળાનાથ ૧૦, ૧૧, ૫૪, ૫૫, ૫૭–૬૫, ૧૦૨ (પૂર્તિ) ૨૬,
'ભોળાનાથનું જીવનચરિત્ર' ૫૪, ૫૮, ૬૧, ૬૪, ૬૫
મણિલાલ નભુભાઇ ૨૧, ૫૪, ૬૯, ૯૭, ૯૮, ૯૯ ૧૧૦–૧૩૯, ૧૪૧, ૧૪૯, ૧૫૦,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૧, ૧૫૫, ૧૫૮, ૧૫૯
(મૂર્તિ) ૫, ૧૨, ૧૩, ૧૮, ૧૯, ૨૦, ૨૬
મણિશંકર રત્નજી ભટ્ટ (ક્રાન્ત) ૯૧–૧૦૧, ૧૦૨, ૧૨૩ (પૂર્તિ) ૭, ૧૨, ૧૩, ૧૫, ૨૬
મદ્રાસ ૧૬૨
મનઃસુખરામ ૧૪, ૫૯, ૬૧, ૧૦૨, ૧૦૩, ૧૦૬–૧૧૦
'મનના વિચારો' ૪૪
'મનુષ્ય અને કુદરત' (પૂર્તિ) ૧૨
'મનોમુકુર' ૭૦, ૮૭, ૮૮, (પૂર્તિ) ૩૦, ૩૧
મનોહરસ્વામી ૧૦૩, ૧૦૪
મમ્મટ (પૂર્તિ) ૧૮, ૨૦
'મરાઠી જ્ઞાનપ્રચારક સભા' ૧૫
મલ્હારરાવ ૩૯.
'મહાકાળ' ૧૪૦
મહારાષ્ટ્ર ૪, ૫, ૭, ૨૭, ૩૧
મહીપતરામ ૬, ૧૦, ૪૭, ૫૪, ૫૫, ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૫–૬૯
'મહીપતરામ ચરિત્ર' ૬૬, ૬૮
માટિનો ૯૨
'માનવધર્મ સભા' ૧૦૪
માયકલ દત્ત ૯૨
મુક્તાનંદ ૫૦
મુનશી (પૂર્તિ) ૩, ૩૩, ૩૪
મુંબઇ ૫, ૧૫, ૨૬, ૨૮, ૨૯, ૫૩, ૫૭, ૬૩, ૧૦૭, ૧૧૧
મેઘાણી (પૂર્તિ) ૩
મેરુ ૧૩૦
મેકૉલે (પૂર્તિ) ૧૪
મોરક્કો ૧૫૨
'મોક્ષવિચાર' ૭૦
યુરોપ (પૂર્તિ) ૩
'યોગિનીકુમાર' ૧૩૯
રણછોડભાઈ ઉ. ૧૪, ૫૪, ૫૯, ૬૧
રણછોડલાલ છો. ૫૮, ૫૯, ૬૦, ૬૨
રણજિતસિંહ ૪
રમણભાઈ નીલકંઠ ૪૮. ૫૭, ૬૪, ૬૯–૮૫, ૮૬, ૮૮, ૮૯, ૯૩, ૯૪, ૧૦૨, ૧૨૧, ૧૨૩ (પૂર્તિ) ૧૪, ૧૯. ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૨, ૩૩
રમણલાલ દેસાઈ ૧૩૯
રમાબાઈ ૯૧
રસ્કિન (પૂર્તિ) ૧૪
રશિયા ૧૫૩
'રાઈનો પર્વત' ૭૮
રામકૃષ્ણ ૧૩૯
રામકૃષ્ણ ભારતી ૧૦૪
રામગુરુ ૧૦૩
રાનડે ૮, ૨૭, ૫૩, ૫૪, ૮૪ (પૂર્તિ) ૫
રામભુવા ૧૦૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનારાયણ પાઠક ૪૮, (પૂર્તિ) ૩૩
રામમોહનરાય ૮, ૧૧
'રામલીલા' ૭
રામાનુજ ૯૬
રામાયણ (પૂર્તિ) ૨૧
'રામારત્નનિરૂપણ' ૩૬
રોમ (પૂર્તિ) ૧૪
'લગ્ન' ૨૩
'લગ્નસ્નેહ' ૯૬, ૯૭
લજ્જપતરાય ૫
લક્ષ્મીનારાયણ ૧૨૨
લીગ ઓવ નેશન્સ ૧૫૨
'લીલાવતી જીવનકલા' (પૂર્તિ) ૧૧
લોમહર્ષિણી (પૂર્તિ) ૩૧
લ્યૂથર ૧૦,૧૧
વર્ડ્ઝવર્થ (પૂર્તિ) ૬, ૧૨, ૧૪, ૨૦, ૨૧, ૨૩
વડોદરા ૧૦૩, ૧૪૦
'વર્ણાશ્રમ ધર્મસભા' ૬૦, ૬૧
વલ્લભ મેવાડો ૭
વલ્લભદાસ ૩૯, ૪૯
વલ્લભસંપ્રદાય ૫૫, ૫૬
વલ્લભાચાર્ય ૫, ૯૬, ૧૫૭, ૧૫૮
'વસન્ત' ૧૫૦ ૧૫૧
'વહેમી' ૫૮
વાડીલાલ ૨૧
વાસુદેવ ટિળક ૬૧
'વિચારરત્નરાશી' ૧૪૫
વિજ્યરાય વૈદ્ય (પૂર્તિ) ૩૪
વિદ્યારણ્ય સ્વામી ૧૦૬, ૧૦૭
'વિધવાનો વકીલ' ૫૦
'વિવર્તલીલા' ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦ (પૂર્તિ) ૨૭, ૨૮, ૨૯
વિવેકાનંદ ૧૨૪, ૧૩૯, (પૂર્તિ) ૫, ૬, ૧૪
વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૧૬૭
વિશ્વનાથ ભટ્ટ (પૂર્તિ) ૩૪
'વિશ્વવંદ્ય-ચરિતદર્શન' ૧૪૦
'વીર નર્મદ' ૧૪
વેદ ૨૯, ૧૧૬
વેદાન્ત ૯૨, ૧૦૦, ૧૩૧, ૧૩૩
'વેદોની પરિભાષા ૧૦૪
વ્રજલાલ કાલિદાસ ૫૯
શંકરાચાર્ય ૧૫૦, ૧૫૭, ૧૫૮, ૧૫૯
શંકરાનંદ ૧૦૬
શામળ ભટ્ટ ૫૦
શાંકર વેદાન્ત ૧૦, ૫૬, ૫૭, ૧૦૩, ૧૦૬, ૧૪૫, ૧૬૫
શાંકર કેવલાદ્વૈત ૧૨૫
'શિકારીને' (પૂર્તિ) ૮
શુકદેવ શાસ્ત્રી ૫૯
શેક્સપિયર (પૂર્તિ) ૬, ૭
શેલી (પૂર્તિ) ૬, ૧૧, ૧૪, ૨૦, ૨૧, ૨૩
શ્રીમન્નૃસિંહાચાર્ય ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૫, ૧૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શ્રી વિશ્વબંધ્ય વિભૂતિવૈભવ' ૧૪૦
શ્રીધરાણી (પૂર્તિ) ૩
સચ્ચિદાનંદ પરમહંસ ૧૦૪
'સત્ય પ્રકાશ' ૧૪
'સરસ્વતીચંદ્ર'–જુઓ ઉપોદ્ઘાત (પૂર્તિ) ૫, ૮, ૧૩, ૧૪
'સરોવરમાં ઊભેલો બગ' (પૂર્તિ) ૨૬
સહજાનંદ ૫, ૭, ૧૫૮
'સંસ્કૃતમય ગુજરાતી' ૫૧
સંહિતા ૨૯
સામળદાસ ૧૦૫
'સાહિત્યવિચાર' ૧૧૨, ૧૧૩, ૧૩૪
'સાક્ષરજીવન' (પૂર્તિ) ૯, ૧૦, ૧૭
'સિધ્ધાન્તકૌમુદી' ૫૯
'સિધ્ધાન્તસાર' ૯૨, ૯૯, ૧૧૫, ૧૨૦, ૧૨૧, ૧૨૨ ૧૨૪, ૧૨૬, ૧૫૦
'સિધ્ધાન્તસારનું અવલોકન' ૯૩, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૧
'સિદ્ધાન્તમુક્તાવલિ' ૧૦૪
'સુદર્શન' ૭૧, ૧૪૦, ૧૫૦, ૧૫૧, ૧૫૯
'સુદર્શન ગદ્યાવલિ' ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૯, (પૂર્તિ) ૧૯
'સુધારાનું ઇતિહાસ રૂપે વિવેચન' ૪૭, ૫૨
'સુબોધચિન્તામણિ' ૩૮, ૪૦, ૪૯
'સુરત ગોકુલજી-ઝાલા તથા વેદાન્ત' ૬૦, ૧૦૩, ૧૦૬, ૧૦૭ ૧૦૮
'સૂર્ય તથા અગ્નિ' ૧૦૭
સૂરત ૫, ૩૦, ૩૩, ૫૭
સુન્દરમ્ (પૂર્તિ) ૩
સેઇન્ટ પૉલ ૬૬
સૌરાષ્ટ્ર ૧૦૫
'સ્ત્રી કેળવણી' ૨૨
સ્મરણમુકુર ૮૬ (પૂર્તિ) ૨૭
સ્વામીનારાયણ સંપ્રદાય ૫, ૫૬
સ્વીડનબૉર્ગ ૯૩, ૯૬, ૯૭, ૯૮, ૯૯, (પૂર્તિ) ૬
હરપાળ ૪૫
હિન્દુસ્તાન ૨૫, ૨૯, ૧૧૧, ૧૧૮,
હિરણ્યગર્ભ ૨૯
હેગલ (પતિ) ૭
હેઝલિટ ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૪૪ (પૂર્તિ) ૪
જ્ઞાનપ્રચારક મંડળી ૧૫
જ્ઞાનેચ્છુ હિન્દુસભા ૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Shree Thakkar Vassanji Madhavji
Lectures

◎

Studies in the History of Gujarat
Prof. M. S. Commissariat
Rs. 2-8-0

◎

Present State of Gujarati Literature
Five Lectures
D. B. K. M. Jhaveri
Rs. 0-12-0

◎

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Tripathi : Booksellers : Bombay 2

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ યુનિવર્સિટી તરફથી અપાયેલા

ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા

લોકસાહિત્યનું સમાલોચન

શ્રી. ઝવેરચંદ મેઘાણી

૨૬૨ પાનાં : રૂા. ૨-૪-૦

ગુજરાતનું ઘડતર

શ્રી. રમણલાલ વ. દેસાઇ

૩૪૦ પાનાં : રૂા. ૩-૦-૦

ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ

પં. બેચરદાસ દોશી

૭૦૦ પાનાં : રૂા. ૩-૦-૦

અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો

પ્રા. રામનારાયણ વિ. પાઠક

૨૪૨ પાનાં : રૂા. ૩-૦-૦

The Early Aryans in Gujarat

શ્રી. કનૈયાલાલ મુનશી

રૂા. ૧-૦-૦

Gujarati Language & Literature

પ્રા. નરસિંહરાવ દીવેટિયા

રૂા. ૧-૦-૦

ત્રિપાઠી : બુકસેલર્સ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar